બે-ઈજાઝત જિનકે ઘર જિબરીલ ભી આતે નહીં
કદ-ર વાલે જાનતે હૈં કદરો શાને અહલે બૈત

શાને અહલે બૈત

ભાગ-૧

# અહલે બૈતની મહાનતા


સંપાદક

સૈયદ એહસાનુલ-હક
'એહસાન'
કાદરી હૂદી હુસૈની
(રૂપાલ)



પ્રકાશક

બઝમે કાદરિયહ
સિંધીવાડ, કસ્બા,
મુ.કડી, જિ.મહેસાણા

પ્રકાશન નં.૧૭ તા.૦૧-૧૧-૨૦૧૬ નકલ : ૧૦૦૦

# કલામે એહસાન કાદરી હૂદી હુસૈની

સિયાદત સૈયદોંકી હે, કયાદત સૈયદોંકી હે
ઝમીંસે આસ્માનોં તક, હુકૂમત સૈયદોંકી હે
મિલા થા ઔર મિલા હૈ ઔર મિલેગા ફૈઝ સૈયદકા
નબુવ્વત ખત્મ હૈ લેકિન વિલાયત સૈયદોંકી હે
શરીઅતમેં, તરીકતમેં કે ઝોહદો ઇલ્મો તકવામેં
હદીસેં ઇસકી શાહિદ હૈં ફઝીલત સૈયદોંકી હે
વિરાસતમેં મિલી હસ્નૈનસે, સૈયદકો યે ને'મત
સિતમ પર મુસ્કુરાના સિર્ફ આદત સૈયદોંકી હૈ
ખુદાકે હુકમસે, આકાને ઉમ્મતસે જો માંગા વોહ
રિસાલતકા અજર તો સિર્ફ ઉલ્ફત સૈયદોંકી હૈ
સિવા સૈયદ, કિસીકો હક નહીં પીરી–મુરીદીકા
ફિર ઉસકો હક હૈ કે જિસકો ઇજાઝત સૈયદોંકી હૈ
નબીને સૈયદુલ જન્નત બનાયા દો નવાસોંકો
તો મુન્કિર કૈસે જાએગા કે જન્નત સૈયદોંકી હૈ
શફાઅત, શા–ફએ મેહશરકી ઉસકો મિલ નહીં સકતી
ઝરાસી જિસકે સીનેમેં અદાવત સૈયદોંકી હૈ
ઇમામે વકતને દસ્તાર ડાલી કદમે સૈયદમેં
સબક હમકો દિયા, સબકો ઝરૂરત સૈયદોંકી હૈ
ઇમામે એહલે સુન્નતકા બળા 'એહસાન' યે ભી હૈ
ઝમાનેકો દિખાયા કયા હકીકત સૈયદોંકી હૈ

બ-ઇસ્મેહિ તઆલા

# શાને અહલે બૈત

(ભાગ-૧)

# અહલે બૈતની મહાનતા


સંપાદક : શહઝા-દએ સુલ્તાન હાજી હૂદ,

શાઇરે ઇસ્લામ, હઝરત અલ્લામા,

**સૈયદ એહસાનુલ-હક**

**'એહસાન' કાદરી હૂદી હુસૈની**

(મો) ૯૮ ૨૪૪ ૫૦ ૧૯૪

(જા-નશીને રઈસુત્તેહરીર હઝરત અલ્લામા

સૈયદ દાદામિયાં બાપુ રૂપાલવાલે)



પ્રકાશક

**બઝમે કાદરિયહ**

સિંધીવાડ, કસ્બા, મુ. કડી, જિ. મહેસાણા.

પ્રકાશકન નં. ૧૭, • પ્રત : ૧૦૦૦ • આવૃત્તિ : પ્રથમ

પ્રિન્ટેડ બાય : MP મદની પ્રિન્ટર્સ

(અહમદાબાદ-૧) (મો) ૯૩ ૨૮ ૭૮૬ ૯૨ ૦




જેમણે દીનની તબ્લીગ માટે, સમરકંદની હુકૂમતનો ત્યાગ કરીને, હિજરી સન ૪૮૫ (ઈસ્વી સન ૧૦૯૨)માં એવા સમયમાં પાટણ (ગુજરાત, ભારત)માં પધાર્યા જ્યારે પાટણની ધરતી પર ખુદા તઆલાનું નામ લેનાર કોઈ ન્હોતું. અર્થાત ઈસ્લામ ધર્મને માનનારા મુસલમાનો ન્હોતા. પરંતુ આપની તબ્લીગથી અસંખ્ય કબીલાઓ ઈમાન અને ઈસ્લામની મૂલ્યવાન દોલતથી માલામાલ થયા.

એવા મારા જદ્દે કરીમ (વડવા) આલે નબી, ઔલાદે અલી, અબૂલ બરકાત, સિરાજુલ હિંદ, કુતુબુલ અકતાબ, તારીકુસ્સલ્તનત, મુબલ્લિગે આઝમ, હઝરત ખ્વાજા સુલ્તાન સૈયદ હાજી હૂદ ચિશ્તી બાકિરી હુસૈની (ખલી-ફએ હઝરત ખ્વાજા અબૂયૂસુફ નાસિરુદ્દીન ચિશ્તી)ને આ કિતાબ ઘણી જ શ્રધ્ધાપૂર્વક અર્પણ કરું છું.

**તેરે કરમકી બાત હૈ, સૈયદ !**
**મેરી ક્યા ઔકાત હૈ, સૈયદ !**

• નઝરે ખાસનો ઇચ્છુક •

**સૈયદ એહસાનુલ-હક**
**'એહસાન' કાદરી હૂદી હુસૈની**

## હઝરત અલ્લામા મુફ્તી અસગરઅલી અશરફી (ખલી-ફએ હઝરત શૈખુલ ઇસ્લામ)નો અભિપ્રાય

અલ્લાહ તઆલા પવિત્ર કુરઆનમાં ફરમાવે છે : (તર્જુમો) હે મહબૂબ! તમે ફરમાવો હું આના બદલે તમારી પાસે કોઈ જ વળતર માંગતો નથી પરંતુ (કરાબતવાળાઓ) સગા સંબંધીઓની મોહબ્બત.

(સૂરહ : શૂરા, આયત : ૨૩)

ઉપરોક્ત આયતની તફસીરમાં હઝરત સદરુલ અફાઝિલ અલ્લામા સૈયદ નઈમુદ્દીન સાહેબ અશરફી મુરાદાબાદી અલયહિર્રહમા ફરમાવે છે :

હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે જયારે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ મદીનાશરીફમાં પધાર્યા અને અન્સાર સહાબાએ જોયું કે આપના શિરે ખર્ચનો ઘણો બોજો છે અને માલ દોલત તદ્દન નથી ત્યારે તેમણે પરસ્પર સલાહ મશ્વરો કર્યો અને હુઝૂરના હક્કો અને એહસાનો યાદ કરીને આપની સેવામાં રજૂ કરવા ઘણો બધો માલ અને દૌલત લાવ્યા અને વિનંતી કરી કે હુઝૂરના જ પ્રતાપે તેમને હિદાયત મળી અને ગુમરાહીમાંથી છૂટયા અને જોઈએ છીએ કે હુઝૂરનો ખર્ચ બહુ મોટો છે તેથી અમે આપના દરબારના ખાદિમોની તરફથી ભેટ રૂપે લાવ્યા છીએ એને સ્વીકારીને અમારી આબરૂ વધારો. ત્યારે આ આયત ઊતરી અને હુઝૂરે તેમની દૌલત તેમને પાછી સોંપી દીધી.

કરાબતવાળાઓ એટલે કે સગાઓમાં કોણ કોણ શામેલ છે તે બાબતે વિવિધ કથનો છે. એક તો એ કે તેઓ હઝરત અલી અને હઝરત ફાતિમા અને હઝરતે ઈમામ હસન અને હઝરતે ઈમામ હુસૈન (રદિયલ્લાહુ અન્હુમ) છે. એક કથન એવું છે કે એમાં આલે અલી, આલે અકીલ, આલે જઅફર અને આલે અબ્બાસનો સમાવેશ થાય છે. એક કથન એવું છે કે એમાં હુઝૂરના તમામ સગાઓ શામેલ છે જેમના માટે ઝકાત હરામ છે અને તેઓ બની હાશિમ અને બની અબ્દુલ મુત્તલિબ છે. એક કથન એવું પણ છે કે હુઝૂરની બીબીઓ અહલે બૈતમાં શામેલ છે. જો કે લેખક સાહેબે આ કથન વિષે સંશોધન કરી, વિસ્તૃત ચર્ચા કરી છે, જે વાંચવા લાયક અને સમજવા યોગ્ય છે.

ભૂતકાળમાં અસંખ્ય આલિમોએ અહલે બૈતની વિશેષતાઓ અને શ્રેષ્ઠતાઓ બાબત પુસ્તકો લખ્યા છે, એમના પૈકી ઈહયાઉ ફઝાઈલે અહલિલ બૈત (હઝરત ઈમામ સુયૂતી અલયહિર્રહમા) ખસાઈસુલ અલી (ઈમામ નિસાઈ) મનાકિબુલ ઈમામ અલી ઈબ્ને અબી તાલિબ (હઝરત ઈમામ શાફેઈ) વગેરે ખૂબ જ પ્રખ્યાત છે.

આપના હાથમાં રહેલું પુસ્તક 'શાને અહલે બૈત' હઝરત અલ્લામા સૈયદ એહસાનુલ-હક કાદરી હૂદી હુસૈની સંપાદિત છે.

લેખકની આ સિવાય પણ કેટલીક કિતાબો છપાઈ ચૂકી છે. આપ એક સારા લેખક, અનુવાદક તથા શાઈરે ઈસ્લામ છે. આપ ફલાહે ઈસ્લામ (મંથલી)ના માનદ સંપાદક પણ છે, અને લેખકના પિતા પીરે તરીકત રઈસુત્તેહરીર, મુહિબ્બે મિલ્લત અલ્લામા હઝરત સૈયદ દાદામિયાં બાપુ 'મુહિબ' સાહેબ પણ કલમના શહેનશાહ છે. આપની પણ અસંખ્ય કિતાબો પ્રકાશિત થઈ ચૂકી છે. ટૂંકમાં આ પરિવારનો ગુજરાતી દીની સાહિત્યમાં ઘણો મોટો ફાળો છે. ખુદા કરે ઝોરે કલમ ઔર ઝિયાદા.....

આમ તો ગુજરાતીમાં ઘણાં પુસ્તકો લખવામાં આવેલ છે, પરંતુ કુરઆનની આયતો અને પવિત્ર હદીસોથી સભર આ પહેલું પુસ્તક છે જેમાં હુઝૂર અલયહિસ્સલામ તથા અહલે બૈતની વિશેષતાઓ તથા શ્રેષ્ઠતાઓ બાબત કુરઆનની આયતો, હદીસોના હવાલા તથા આલિમોના કથનો સહિત રજૂ કરવામાં આવ્યા છે.

ઈન-શા-અલ્લાહ આ પુસ્તક હુઝૂર અલયહિસ્સલામ તથા અહલે બૈત પ્રત્યે મોહબ્બત વધારવાનું નિમિત બનશે.

અલ્લાહ પાક હુઝૂર અલયહિસ્સલામના સદકામાં કિતાબના લેખકને એનો ઉત્તમ બદલો અતા ફરમાવે, તન-મન-ધન-ફનથી સાથ આપનાર મદદગારોની ખિદમત કબૂલ ફરમાવે અને વાંચકોના દિલોમાં અહલે બૈતની મોહબ્બત પૈદા ફરમાવે. આમીન.

**હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ અસગરઅલી અશરફી**
**સદર મુફતી, દારુલ ઉલૂમ શાહેઆલમ, અહમદાબાદ-૧**
**તારીખ : ૨૭-૧૧-૨૦૧૬**

# શાને અહલે બૈત

**ભાગ-૧**

# અહલે બૈતની મહાનતા

**(અહલે બૈતની ખૂબીઓ, તારીફો,**
**વિશિષ્ટતાઓ અને મર્તબાઓનું બયાન)**

**હદીસનું એલાન છે કે :-**

**અહલે બૈત કુર્આનની સાથે છે;**
**અને કુર્આન અહલે બૈતની સાથે,**
**તેથી**
**તેમની આખી જિંદગી કુર્આની રંગમાં રંગાયેલી છે,**
**અને કુર્આની તાલીમનો આયનો (અરીસો) છે.**

કુર્આની સંસ્કાર તથા સુંદર ચારિત્ર્યના ચિહ્નો તથા નિશાનીઓને માણસાઈના ઢાંચામાં જોવા હોય તો સાહિબે કુર્આન, રસૂલે ઝીશાન સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમની પાક-પવિત્ર સીરત અને જીવનચરિત્રની સાથોસાથ, કુદસી (ફરિશ્તા) જેવી સિફતવાળા બુઝુર્ગોની ફઝીલતો તેમજ જીવનચરિત્રોના પુસ્તકો પણ વધારેમાં વધારે પઢતા રહો જેમની અંદર ભવ્યાતિભવ્ય સદ્‌ગુણો અને સર્વશ્રેષ્ઠ ચાલચલનના પ્રકાશો સમાઈ ગયાં છે.

કદાચ આપણા દિલો એ પ્રકાશોને ગ્રહણ કરી લે અને કદાચ એમની ક્ષિતિજથી નવા પ્રભાતના મંડાણ થાય.

# પ્રસ્તાવના

## બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

**અલ્હમ્દો લિલ્લાહે રબ્બિલ આ-લમીન, વસ્સલાતો વસ્સલામો અલા રસૂલેહી સૈયદના મોહમ્મદિંવ વ આલેહી વ અસ્હાબેહી અજ-મઈન.**

ઈસ્લામ વિશ્વવ્યાપી મઝહબ છે જે સમસ્ત દુનિયાને એક ખુદાની પૂજા, પવિત્રતા, મધ્યમ માર્ગ, સદાચારની તાલીમ આપવાની સાથોસાથ ઉચ્ચ કોટિની ઈમાનઅફરોઝ, રૂહાની, સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને દીની પરવરિશ પણ કરે છે. બેહતરીને અમ્બિયા રસૂલે ખુદા સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમના અસંખ્ય ઉચ્ચ ગુણોમાં એક ઉડીને આંખે વળગે એવો ગુણ કિતાબ (કુર્આન) અને હિકમતની તાલીમ છે અને બીજો અદ્ભૂત ગુણ ઉમ્મતીની નફસની સુધારણા તથા ઈમાની પરવરિશ છે.

આપની કિતાબ અને હિકમતની તાલીમનું જ પરિણામ છે જેના લીધે અસંખ્ય જીવોને અલ્લાહ તઆલાની સાચી ઓળખ નસીબ થઈ, જેણે બતાવ્યું કે ઇન્સાન અને ખુદા વચ્ચે શો સંબંધ છે; અલ્લાહ તઆલાની ખરી અને પરિપૂર્ણ બંદગીની સાચી રીત કઈ છે અને જેણે સમજાવ્યું કે સૃષ્ટિના સર્જનમાં માનવીનું સર્જન જ મૂળ હેતુ છે. આકાશી વિશ્વ અને ધરતી પરની સૃષ્ટિ પરનો વહીવટ, સંચાલન તથા તે માટેના કામો અને ચેષ્ટાઓ માણસના જ સર્જન, બંધારણ અને ખૂબીઓના કેન્દ્રબિંદુ ફરતે ચક્કર લગાવે છે, અને માનવી ઉપર ઘણી મોટી જવાબદારી પણ છે. એનું વ્યક્તિગત જીવન હોય કે સામૂહિક, આર્થિક હોય કે સામાજિક, સાંસ્કૃતિક હોય કે સિયાસી, પોતાની જગ્યાએ એક જવાબદારીભર્યું જીવન છે, કે કયાંયે એ આઝાદ કે સ્વતંત્ર નથી, બલ્કે અલ્લાહના આજ્ઞાઓ નહિ માનવા પર એની ભયંકર પૂછપરછ થશે જેના માટે એક ચોક્કસ દિવસ નક્કી છે. એ દિવસે અલ્લાહ તઆલાની અદાલતમાં હાજર થવા પર મજબૂર થશે, જે સજા અને બદલાનો દિવસ છે, સારાઓને નેકીઓનો બદલો અને બુરાઓને બૂરાઈઓની સજા.

જેનું જીવન ખુદાના ડરથી પાક-પવિત્ર છે એને માટે અનમિટ ખુશીઓની ઉમેદ છે અને જેની જિંદગી ખુદાના હુકમોની અવહેલનામાં પસાર થઈ છે એના માટે પીડાદાયી અઝાબ છે.

રસૂલે આઝમ સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમે જે રીતે કિતાબ અને હિકમતની તાલીમ આપીને જેહાલત (અજ્ઞાનતા) ના બધા જ અંધકારો મિટાવી દીધા, એવી જ રીતે દિલો અને નફસો (જીવો)ની સુધારણા, ઈમાની તથા સંસ્કારી પાલનપોષણ ફરમાવીને અસીમિત ખુદાથી ડરનારા, પવિત્રતા રાખનારા અને માણસાઈને શોભાવનારા ઈન્સાનો તૈયાર કરી દીધા જેમની ઓળખ આ છે કે અલ્લાહના ડર અને હિસાબના ભયથી ધ્રુજતા, એમના ઈમાનની સભાનતા ખૂબજ જાગૃત, એમનું અંતર (આંતરિક) ખુદાની મોહબ્બતથી છલોછલ અને પગથી માથા સુધી નમ્રતાની આરસી, એમની રૂહો (આત્માઓ) પર અલ્લાહના જલ્વાઓ અને હુઝૂરીનો સિલસિલો, હંમેશનું જિકર જેમનું કામ, દરેક મામલામાં તેઓ ઘણા જ અમાનતદાર અને દયાનતદાર, એમના દરેક કામમાં નિખાલસતા અને ખુદાની પ્રસન્નતાની ખેવના, બધાનું ભલું ઈચ્છનારા, સંસ્કારી, મહેરબાન, દયાળુ, અલ્લાહ ખાતર સર્વસ્વ લૂંટાવી દેનારા, સચ્ચાઈ અને સત્યના સ્થાપના માટે પગથી માથા સુધી કાર્યરત, એના માટે પોતાના જાનની કુર્બાની આપવા ખડે પગે તૈયાર, ઈન્સાનને શયતાની પંજામાંથી છૂટકારો અપાવવા માટે, હાથમાં માથું લઈને ફરનારા અને ખભે કફન રાખીને જિહાદ (ધર્મયુદ્ધ) કરનારા. (જિહાદ અને આતંકવાદમાં મોટો તફાવત છે.)

જે બુઝુર્ગોએ હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમથી આવી ઉચ્ચ કક્ષાની અને લા-જવાબ તાલીમ તથા શિક્ષણ રૂબરૂ મેળવ્યું, એ છે ખુલ્ફાએ રાશેદિન, અહલે બૈતે અત્હાર, પ્રથમ હરોળના બુઝુર્ગો, માથાથી પગ સુધી હિદાયત અને નસીહત, સહાબાએ કિરામ રિદવાનુલ્લાહે તઆલા અલૈહિમ અજ-મઈન.

નખશીશ રહમત સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમે પવિત્ર અહલેબૈતને પોતાની છત્રછાયા અને આગોશમાં પાલનપોષણ કરીને અને સહાબાએ કિરામને પ્રેમાળ છાંયડામાં લઈને એમની એવી બેમિસાલ પરવરિશ ફરમાવી છે કે દુનિયાની આંખોએ નબીઓ, રસૂલો, પૈગંબરો પછી આવી મહાન હસ્તીઓને કદી જોઈ ન્હોતી.

★ હઝરત અબૂબકર જેવા સચ્ચાઈ અને પવિત્રતાનું દર્પણ અને અણછાજતી હરકતોને હણનાર.

★ હઝરત ઉમર જેવા સચ્ચાઈ અને જૂઠ વચ્ચે તફાવત કરનાર, ખરા-ખોટાની પિછાણ કરનાર-કરાવનાર, ઈસ્લામી વ્યવસ્થાના સંચાલક તથા ન્યાયી હાકેમ.

★ હઝરત ઉસ્માન જેવા શરમ - હયા - લજ્જાના અનુપમ પ્રતિનિધિ અને પોતાના અંગત મામલામાં સુકોમળ, નરમ તથા સખ્તાઈથી દૂર રહેનાર.

★ હઝરત અલી જેવા ડહાપણ અને સમજદારીના મહાસાગર, અને ઈસ્લામી સિયાસતના મહાસંરક્ષક.

★ ઈમામ હસન જેવા સબર અને ધીરજના મુલકના મહારાજા અને ઉમ્મતના સરદાર.

★ ઈમામ હુસૈન જેવા સચ્ચાઈના સ્થાપક, અને (મુસ્લિમો પર) શયતાની કબજા વિરૂધ્ધ હક (સચ્ચાઈ)ના કલેમાના મહાન અલમબરદાર અને સૌથી મહાન મુજાહિદ તથા શહીદે આઝમ.

આ કેટલી ઉચ્ચ અને બેમિસાલ ફરિશ્તાઓ જેવી હસ્તીઓ છે ? અને રહમતના મહાસાગર હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની નવાઈ પમાડે તેવી ઈમાની અને ઈસ્લામી તાલીમો તરબિયત (પાલનપોષણ)ના કેટલા બેહતરીન ફળ અને નખશીશ નમૂના છે !

આ પવિત્ર જીવો અને અનરાધાર અવિરત સિલસિલાઓની શ્રેષ્ઠતમ વિભૂતિઓ છે :

એક સિલસિલાનું નામ છે : **અહલેબૈતે અતહાર.**

બીજાનું નામ છે : **સહાબાએ કિરામ.**

અહલેબૈતથી અમારી મુરાદ છે હઝરત અલી, હઝરત ફાતિમા, ઈમામ હસન, ઈમામ હુસૈન અલૈહિમુસ્સલામ. આ અહલેબૈત પણ છે અને સહાબા પણ છે. એમની પવિત્રતાના ગુણગાન ગાતી આયત એટલે કે આયતે તત્હીરના ઉતરાણ વખતે શફીઉલ મુઝનેબીન સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમની ચમકતી-દમકતી નૂરાની વાણી પ્રમાણે, ખુદ રસૂલે પાક સહિત આ પાંચ પવિત્ર બેહતરીન હસ્તીઓ થઈ. આ જ લોકો પંજતનપાક છે. એમની ઉપર લાખો દુરૂદ અને કરોડો સલામ.

સહાબાએ કિરામનું લિસ્ટ બહુ લાંબું છે. એમાંના પ્રથમ હરોળના સહાબાએ કિરામને કુર્આન તેમજ હદીસે વિશિષ્ટ હોદ્દાઓ તથા શાનદાર સ્થાનો બક્ષ્યાં છે કે તેઓ માટે જ આ અભૂતપૂર્વ ફરમાન ફરમાવવામાં આવ્યું છે કે : અલ્લાહ એમનાથી ખુશ અને આ લોકો અલ્લાહથી ખુશ.

અહલેબૈતની સૌથી મોટી ખૂબી એ છે કે ગુનાહોથી પાક છે; પવિત્ર છે; અલિપ્ત છે; દૂર છે. કુર્આન શરીફ એલાન ફરમાવે છે :-

اِنَّمَا یُرِیْدُ اللّٰهُ لِیُذْهِبَ عَنْكُمُ الرِّجْسَ اَهْلَ الْبَیْتِ وَیُطَهِّرَكُمْ تَطْهِیْرًا۔

**ઇન્નમા યુરીદુલ્લાહો લેયુઝ-હિ-બ અન-કુમુર રિજ-સ અહ-લલ બય-તિ વ યુતહ-હિ-ર-કુમ તત-હીરા** (અહઝાબ, પારો-૨૨, રુકુઅ-૧) અનુવાદ - હે અહલેબૈત ! અલ્લાહ તો બસ આ જ ઈચ્છે છે કે તમારા લોકોથી (ગુનાઓની તથા અન્ય દરેક પ્રકારની) ગંદકીને દૂર રાખે અને તમને ખૂબ જ પાક-પવિત્ર અને સાફસુથરા બનાવી દે.

દિલ અને રૂહ, દિમાગ અને મન, વિચાર અને ખયાલ, ચાલચલગત અને કાર્યપદ્ધતિની પવિત્રતા એમની પ્રકૃતિ છે. આ જ ભાવાર્થ છે અનીસુલ ગરીબીન સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમના એ ફરમાનનો જે આપે ફાતિમા ઝહરાની આલ-ઔલાદ વિષે ફરમાવ્યું છે : خُلِقُوا مِنْ طِيْنَتِي

**"આ લોકો મારી માટી (ખમીર) માંથી પેદા થયા છે."**

અને આજ બુન્યાદ પર "સકલૈન" માત્ર કુર્આનશરીફ અને અહલેબૈત જ છે જેમનાથી પૂરેપૂરી રીતે સંકળાઈ ગયા પછી ભટકી જવાની શક્યતા જ નથી જેવું કે હદીસે સકલૈનમાં છે; આ કિતાબમાં હદીસે સકલૈન પર સવિસ્તાર ચર્ચા ઈન્શાઅલ્લાહ આવશે.

સહાબાએ કિરામમાં એકથી એક ચઢિયાતા છે. એમાં જે સહાબા પ્રથમ હરોળના છે તેમના ગુણોનું રત્ન એ છે કે એમને એક લાંબી મુદ્દત સુધી મિસ્બાહુલ મુકર્રબીન સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની નેક સોબત અને પવિત્ર તરબીયત (પાલનપોષણ)ની મહામૂલી દૌલત હાંસિલ કરવાના મૌકાઓ મળતા રહ્યા, જેના લીધે બીજા સહાબાથી તેઓ ઘણા આગળ છે. સૈયદે અરબ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની લાંબી સોબતનો ફૈઝ ઉપાડવો અને લાંબી મુદ્દત સુધી આપથી ઘણી તરબીયત હાંસિલ કરતા રહેવું મોટી દૌલત છે. જો કે સાહિબે શક્કુલ કમર સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમની પવિત્ર સોબતમાં માત્ર બેત્રણ પળ પસાર કરવી એ પણ ઘણા જ સૌભાગ્યની વાત છે ; ઘણી જ મોટી ને'મત છે. પણ આપની પરિપૂર્ણ ઈમાની તેમજ દીની તાલીમોથી પૂરેપૂરી રીતે ફૈઝ હાંસિલ કરવા માટે લાંબી મુદ્દત સુધી હુઝૂરથી તરબીયત હાંસિલ કરવાની જરૂરત છે. જેના વિના અશક્ય છે કે કોઈ ઈન્સાન ઈસ્લામની બધી જ તાલીમો અને સાહિબે મેઅરાજ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમના પવિત્ર જીવન-ચરિત્રને પૂરેપૂરી રીતે પોતાની અંદર સમાવી અને ઉતારી શકે. જે સહાબાએ કિરામે લાંબા સમય સુધી સાહિબે શફાઅત સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની નેક સોહબત અને ઈમાની, દીની તરબીયત મળી છે; તેઓ હિદાયત અને નસીહતના આયના બની ગયા, કેમકે એમણે વર્ષોના વર્ષો હાદીએ આઝમ સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમની અસીમિત મહેરબાનીઓના પવિત્ર છાંયડામાં એવી રીતે જિંદગી પસાર કરી છે કે પોતાની જાતને પૂરેપૂરી રીતે હુઝૂરના હાથોમાં આપી દીધી, અને હુઝૂરે એમના માંના "હૂંપણાં" ને નેસ્તનાબૂદ ફરમાવી દીધો. ઈસ્લામ

ફેલાવવામાં જે-જે તકલીફો અને જાન જવાના ખતરા સૈયદે આલમ સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમને સ્પર્શતા હતા, આપના સાથીદારોને પણ સ્પર્શતા હતા. પણ તેઓ પોતાની જગ્યાએ અટલ, અવિરત, અચલ, જામેલા રહ્યા. ભૂખ સહન કરી, તરસ સહન કરી, ભાલા અને તલવારોના ઘા સહન કર્યા, બધું થયું પણ તેઓ પોતાના માર્ગથી જરાય વિચલિત ન થયા, અને ઈસ્લામને છાતી સરસો ચાંપેલો રાખ્યો. દરેક હાલતમાં નિખાલસતા અને સંયમ એમના ગુંણો રહ્યા.

અરબસ્તાનની જિહાલત (અજ્ઞાનતા, જિદ્દીપણું) જે દરેક આરબની રગેરગમાં દાખલ થઈ ગઈ હતી, સાહિબે રુશ્દો હુદા સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમની લાંબી મુદ્દતની નેક સોબત અને ઈમાની, દીની તરબીયતે એમના અસ્તિત્વમાંથી શોધી-શોધીને બહાર ફેંકી દીધી અને એની જગ્યાએ ઈસ્લામી સદ્ગુણો ઠાંસીઠાંસીને ભરી દીધા.

અરબસ્તાનના જાહિલોમાં ઘણી જ બદીઓ હતી. બગાવત, બેફામ આઝાદી, સ્વાર્થ, એશઆરામ, મોટાઈ, દુરાચાર, ખરાબ ઈચ્છાઓ, ઘમંડ, બેશરમી, ગુનાઓ, અત્યાચારો, લોકોનો હક પચાવી પાડવો, કબીલાઓની દુશ્મની, પેઢી દર પેઢીના વારસાગત વેરઝેર, ખૂનામરકી, લૂંટફાટ, વ્યભિચાર, બાળકીઓને જીવતી દાટી દેવી, તાકાત મળતાં અસીમિત જુલ્મો સિતમ, શૈતાનિયત, હૈવાનિયત, આતંક, જે સેંકડો વર્ષોથી આરબ કબીલાઓની પ્રકૃતિ બની ગયા હતા. એ બધાને એક ઝાટકે છોડી દેવું સરળ ન્હોતું. અને કુદરતનો કાયદો પણ આ જ છે કે જે નીંદનીય અવગુણો સેંકડો વર્ષોથી કોઈ કૌમમાં પગપેસારો કરી ચૂક્યાં હોય અને રોજબરોજની આદત સમાન બની ગયાં હોય એ લાંબી મુદ્દતની અવિરત તાલીમ અને તરબિયત થકી જ દૂર થઈ શકે છે.

પ્રથમ હરોળના અને લાંબી મુદ્દતની સોહબત મેળવનારા સહાબાએ કિરામનું કેટલું મોટું સદ્ભાગ્ય-સૌભાગ્ય છે કે એમણે એક લાંબા જમાના સુધી હુઝૂર આફતાબે રિસાલત સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમથી ઈમાનવર્ધક, દીની અને સાંસ્કારિક તરબિયત, પરવરિશ, પાલનપોષણ

હાંસિલ કર્યા, જેણે એમનામાંથી વર્ષોથી ઘર કરી ગયેલી નિંદનીય ખરાબીઓ અને બુરાઈઓને કાઢીને ફેંકી દીધી, અને એની જગ્યાએ ઈમાની જઝબો તથા દીની સમઝબૂઝને સ્થાન આપ્યું.

આ જ છે હિદાયતના સિતારા, નસીહતના તારલા, રુશ્દની કેહ-કશાં, ઉપદેશના દરિયા, શિખામણના મહાસાગર.... ઈમામ બગવી અને મોહદ્દિસ રઝીનની રિવાયત છે કે આફતાબે મદીના સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે : **اصحابی کالنجوم با یهم اقدیتم اهتدیتم**

**"મારા સહાબા તારાઓની જેમ છે. એમનામાંથી જેની પણ ઇકતિદા** (પૈરવી, અનુસરણ, પાછળ-પાછળ ચાલવું) **કરશો, હિદાયત પર** (અડગ, જામેલા) **રહેશો."**

આ સહાબાએ કિરામની પાક-પવિત્ર જમાઅતની શાન અમારી બુધ્ધિ અને અક્કલની હદ અને સીમાથી બહાર છે; આગળ છે; ઉપર છે; અને તેઓ ઘણા જ ઇઝઝત-આબરૂ, માન-સન્માન અને આદરસત્કારને યોગ્ય, લાયક, હકદાર છે.

ઉપર લખવામાં આવી ગયું છે કે સૈયદુલ આ-લમીન સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે અહલે બૈતને પોતાની રહમત નીતરતી ગોદમાં, મહેરબાન પડખામાં, હૂંફાળી આગોશમાં પાળ્યા-પોષ્યા છે અને સહાબાએ કિરામને પોતાની મહેરબાનીઓ, રહમો કરમ અને દયા તથા કૃપાના છાંયડામાં લઈને એવી અજોડ, અદ્વિતીય, બેમિસાલ, લાજવાબ પરવરિશ, પાલનપોષણ, તરબિયત ફરમાવી છે કે દુનિયાની આંખોએ આવા મહાન પવિત્ર લોકો કયારેય બીજે કયાંયે જોયા નથી. •

આ પવિત્ર અહલેબૈત અને અસ્હાબે કિરામ ઇન્સાનિયતના બેહતરીન નમૂના છે; માણસાઇના ચમકતા-દમકતા દીપક છે; સજ્જનતાની પારાશીશી છે; શરાફતના આયના છે; સદાકતના દર્પણ છે, અને અમ્બિયાએ કિરામ, નબીઓ, રસૂલો, પૈગંબરો પછી ઇન્સાની વસાહતોના, માનવવસ્તીના, માણસની જિંદગીના સૌથી મોટા, સૌથી ઉંચા, સૌથી શ્રેષ્ઠ દીની, ધાર્મિક, મઝહબી આગેવાન પેશવા, ઈમામ, સરદાર આ જ છે.

પવિત્ર અહલેબૈત કુર્આનશરીફની પવિત્ર, સ્પષ્ટ આયતની રોશની અને પ્રકાશમાં, ગુનાહોથી પાક, અનિષ્ટોથી બરી, અત્યાચારોથી દૂર, અંધકારોથી અળગા, ઝુલ્મતોથી આઝાદ છે. આ જ કારણે, આ જ સબબથી એમનો એ મહાન દરજ્જો, રુત્બો અને મર્તબો છે કે જે એમની સાથે અને કુર્આનશરીફની સાથે રહેશે, એ કદી ગુમરાહ નહીં થાય, કદાપિ બહેકશે નહિ, કયારેય ભટકશે નહિ, રાહ નહીં ભૂલે, માર્ગ નહિ ભૂલે, રસ્તો નહિ ભૂલે.

અને સહાબાએ કિરામ જેઓ મુસ્તફા સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની લાંબા સમયની નેક, પવિત્ર, અઝીમુશ્શાન સોહબત અને તરબિયત પામવાને કારણે પવિત્ર સિફતોવાળા, પાક સંસ્કારોવાળા, પાકીઝા અખ્લાકવાળા, નેક ચરિત્રવાળા, ખૂબીઓવાળા થઈ ગયા છે. એમનો મર્તબો એ છે કે તેઓ હિદાયતના તારા છે; ઉપદેશના અખ્તર છે; નસીહતના નજૂમ છે; શિખામણના સિતારા છે; રુશ્દની કેહ-કશાં છે. રાતના કાળાડિબાંગ અંધકારોમાં ચાલવું પડે તો આ ચમકતા-દમકતા રોશન સિતારાઓની મદદ લેવી, સહાયતા લેવી, સહારો લેવો, આશરો લેવો અત્યંત આવશ્યક, જરૂરી, લાઝમી અને ફરજિયાત છે.

અલ્હમ્દોલિલ્લાહ કે આપણે અહલે સુન્નત વલ જમાઅત સામાન્યતઃ પવિત્ર અહલેબૈત અને પાક સહાબાએ કિરામ બંનેનો બેહદ અદબ, માન-સન્માન, ઈજ્જત કરીએ છીએ, રાખીએ છીએ, જાળવીએ છીએ અને તેમના પગલે પગલે ચાલવાને ઘણા મોટા સૌભાગ્યની વાત ગણીએ છીએ, અને નિઃશંક આ ઘણા જ મોટા સૌભાગ્યની વાત છે.

પરંતુ જયારથી વહાબી, તબ્લીગી જમાઅત વજૂદમાં આવી, તેમના ઝેરીલા લેખન અને ઝેરીલા પ્રવચન અને બીજી તરફ મસ્લકે અહલે સુન્નતને માનવાનો દાવો કરનારા અને પોતાને સુન્ની બરેલ્વી છાતી ઠોકીને કેહનારામાંથી પણ કેટલાક આલિમોની ચાલ-ચલગતની, કેટલાક ગૈર સાદાત પીરોની દોરવણી તથા તાલીમની અને અંદરખાને અહલેબૈત સાદાત-સૈયદથી કીનો-કપટ રાખતા સ્ટેજના મુકર્રિરોની ઝેરીલી તકરીરોની અસર અણસમજૂ

અને દીનથી અજાણ્યા લોકો પર એવી પડી છે કે તેઓ પવિત્ર અહલેબૈત અને ખાસ કરીને હઝરત અલી મુર્તઝા અને હઝરત ઈમામ હુસૈન અલૈહિસ્સલામ અને આપની આલ-ઔલાદની પવિત્ર શાનમાં ઈમાનને નષ્ટ કરનારી ગુસ્તાખીઓ, બેઅદબીઓ કરવા લાગ્યા. હદ તો ત્યારે થઈ કે આ જાલિમો એમને મુજરિમ, કસૂરવાર, ફિત્નાખોર બતાવે છે. અમુક હૈવાનસિફત તો અહીં સુધી આગળ વધી ગયા કે ખુદાની પનાહ, એમણે એમ પણ કહી દીધું કે "હુસૈને યઝીદના મુકાબલામાં બાળસહજ નાદાની કરી, એની સજા આ જ હતી કે એમને કતલ કરી દેવામાં આવે." મઆઝલ્લાહ.

વિચારો તો ખરા, આ કેવી ઈમાનનાશક ગુસ્તાખી છે ? એમાં અને યઝીદ, ઈબ્ને ઝિયાદ તેમજ શિમરની ગુસ્તાખીમાં કોઈ ફરક ખરો કે ? અલ્લાહની પનાહ, નબીના નેત્રમણી જોડે આવી દુશ્મની ? પૈગંબરના લાલ જોડે આવી નાપાક વર્તણુંક ? નબીના જિગરના ટુકડા જોડે આવું અશોભનીય વર્તન ? રસૂલના નવાસા સાથે આવી ભયંકર અપમાનજનક ચેષ્ટા ? કે કહી દીધું કે "એમને કતલ કરી દેવામાં આવે." શું એમને કદી મરવાનું નથી ? શું ખુદા-રસૂલને મોઢું દેખાડવાનું નથી ?

અફસોસ ! હજારો-લાખો વાર અફસોસ ! આવી નાપાક વાતો બોલાતી હશે ? વિચારવાની વાત છે કે આ ઈમાનને નષ્ટ કરનારી વાત નથી ? શું આ ઈમાનનો જનાઝો કાઢનારી વાત નથી ? શું આ ઈમાનનો મૃત્યુઘંટ વગાડી દેનારી ગુસ્તાખી નથી ?

જો કે અત્યારે પણ મોટાભાગના લોકો આ ઝેરીલી અસરથી બાકાત રહ્યા છે, કારણકે એમના ઈમાનની ફિતરત (પ્રકૃતિ) જીવંત હતી. આ ફિતરત અંદરથી પોકાર કરી રહી છે કે ઈમામે હુસૈન અમારા આકા-મૌલા સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના લા'લ છે; નેત્રમણી છે; જિગરના ટુકડા છે; આંખોના નૂર છે; જે એમનો છે એ હુઝૂરનો છે. જે એમનો નથી એનું ક્યાંયે ઠેકાણું નથી. એમની મોહબ્બત ઈમાનની જાન, ઈસ્લામનો પાયો, દીનની

બુનિયાદ અને મઝહબની રૂહ છે. જેને નબીનો પાલવ (દામન) છોડી દેવો હોય અને પોતાના ઈમાનથી હાથ ખંખેરી લેવા હોય એ અહલે બૈતના વિરોધીઓની વાત સાંભળે. ઈમાનવાળા અહલે સુન્નતને તો અહલે બૈતથી એવી મોહબ્બત, અકીદત, પ્રેમ, શ્રધ્ધા, પ્યાર, લગાવ, લૌ, ઉન્સ, ઇશ્ક અને નિસ્બત છે કે જેની બુનિયાદને કારણે તેઓ અહલેબૈતની વિરૂધ્ધમાં એક શબ્દ પણ સાંભળવા તૈયાર નથી, અને તેઓ આવી બધી જ ગુસ્તાખીઓને ઈમાનનો સત્યાનાશ સમજે છે. આજ સુધી મુસલમાનોના દીનદાર વડવા આવા જ અકીદા ધરાવે છે આ ઈમાનની મજબૂતાઈ અને પવિત્ર અહલેબૈતથી અનહદ અકીદત એનો નતીજો, પરિણામ અને ફળ છે જે પહેલાના દિલદાર અને સહૃદયી સાચા ઉલ્માએ રબ્બાનીની ઈમાનવર્ધક તકરીરોએ દિલોમાં અહલે બૈતની મોહબ્બતની એવી રૂહ ફૂંકી છે; એવો પ્રાણ ફૂંક્યો છે કે કાનોમાં સરવરે આલમ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનો આ અવાજ નિરંતર આવી રહ્યો છે કે :

اساس الاسلام حبیّ و حبِ اهل بیتی

**ઇસ્લામનો પાયો મારી મોહબ્બત અને મારા અહલે બૈતની મોહબ્બત છે.**

અને આ તો મુસલમાનોની પ્રકૃતિ છે કે એમના દિલો સરાપા નૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની મોહબ્બતથી તથા આપની પાક-પવિત્ર, પાકીઝા, મુતહ-હર,મોઅત્તર, મુકદ્દસ ઔલાદની મોહબ્બતથી છલોછલ રહે છે. અલ્હમ્દોલિલ્લાહ, મોટાભાગના મુસલમાનોમાં આ પ્રકૃતિ જીવંત છે **જ્યારે ઘણા એવા ઇલ્મના ઠેકેદારો અને તક્વાના દાવેદારો પણ છે જેઓ આવી પાક પ્રકૃતિથી મેહરૂમ છે; વંચિત છે; દૂર છે; અલિપ્ત છે.**

**જિસ ઇલ્મકે સીનેમેં નહીં જોશે મોહબ્બત**
**વો ઇલ્મ નહીં, મૌત હૈ ઈમાનકે હકમેં.**

દિલદાર ઉલ્માએ રબ્બાની જેઓ અહલે બૈતની મોહબ્બતના જોશ અને જઝબાથી છલકાય છે; એમણે પોતાની અસરદાર ઈમાનવર્ધક, ઈમાનપ્રેરક,

ઈમાનઅફરોઝ તકરીરો તેમજ લખાણોથી લોકોના દિલોમાં અહલે બૈતની મોહબ્બત, અદબ, માન-સન્માનને એવા ઠાંસી-ઠાંસીને ભરી દીધાં છે જેનાથી લોકોના દિલ પહાડની જેમ મજબૂત થઈ ગયાં છે અને હાલની મોટાભાગની મુસ્લિમ પેઢીઓમાં આવા જ ઈમાનનો જલ્વો જોવા મળે છે.

પણ અહલેબૈતની શ્રેષ્ઠતાને ઘટાડવા માંગતા અને એમની મોહબ્બતની શમાને બુઝાવવા માંગતા વિઘ્નસંતોષી તત્વો એવી નાપાક કોશિશો કરતા રહે છે જેને જોઈને  કદાચ કાચી અક્કલના અમુક લોકો એમની નાપાક હરકતના શિકાર થઈ જાય અને દિવસે-દિવસે દિલદાર ઉલ્મા ઓછા થતા જાય છે. તેથી અંદેશો છે કે આવી નાપાક પ્રોપેગન્ડાઓથી આવનારી પેઢીઓ ક્યાંક ખારજી વિચારસરણીવાળી અને ગુમરાહ ન બની જાય.

આનો ઈલાજ શો છે ? એ જ કે જે સહાબાએ કિરામ, તાબેઈન, હદીસના હાફિઝોએ લખેલ છે. વિગત એ છે કે બની ઉમૈયા અને ખારજીઓએ જયારે અહલેબૈત વિરૂધ્ધ ઈમાનનાશક પ્રોપેગન્ડાઓ શરૂ કર્યા અને સૈયદના અલી કર્રમલ્લાહો વજ-હહૂને ગાળ આપવી તથા તેમની ઉપર લાનત (ફિટકાર) કરવાનું ષડયંત્ર શરૂ કર્યું તો આ ઈમાનનાશક ફિત્નાને જડમૂળમાંથી ખતમ કરવા માટે સહાબાએ કિરામ, પવિત્ર તાબેઈન તથા હદીસના રાવીઓએ પવિત્ર અહલેબૈત અને ખાસ કરીને સૈયદના મૌલા અલી રદિયલ્લાહો અન્હોની ફઝીલતો, મનાકિબ, પ્રશંસાઓ, વખાણો, તારીફો, વિશેષતાઓ, વિશિષ્ટતાઓ, ખૂબીઓ દર્શાવતી આયતો, હદીસોને વારંવાર સંભળાવી અને ખૂબ-ખૂબ ફેલાવી. અને આ નેક કામ એમણે એટલા બધા ખુલૂસ, મોહબ્બત, જોશ તથા જઝબાથી કર્યું કે અહલેબૈતની ફઝીલતોના વિષયના મોટા-મોટા દળદાર ગ્રંથો તૈયાર થઈ ગયા. આ બુઝુર્ગોની આ પવિત્ર કોશિશ અને નેક પ્રયત્નો એટલા સફળ તથા કામયાબ થયા કે દરેક મુસલમાન પોતે જ આપમેળે જ સમજવા  લાગ્યો કે બની ઉમૈયા અને ખારજીઓ જે કાંઈ બોલે છે એ નરી બકવાસ, ગંદો પ્રોપેગન્ડો

અને સમૂળગી ગુસ્તાખી છે. સરાસર જૂઠાણું છે. નાપાક તોહમત છે. વાહિયાત આક્ષેપ છે. જુઠો આરોપ છે. નર્યું બોહતાન છે.અસહ્ય નિફાક છે. કપટ અને માયાજાળ છે, જે તેઓ પોતાની જીભથી ઓકવા લાગ્યા છે અને આ બધું મુસલમાનોના ઈમાનને લૂંટવાની ચાલ છે. અલ્લાહના મહબૂબ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના અતિશય પ્રિય વ્હાલાઓથી મુસ્લિમોને નફરત કરતા કરી દેવાની શૈતાની ચાલ છે; ઈબ્લીસી ષડયંત્ર છે; યઝીદી ફિત્નો છે; મર્દૂદી કાવત્રું છે.

દરેક મુસ્લિમ દિલ પોકારી ઉઠ્યું, "જાલિમો ! અમે ખૂબ સારી રીતે જાણીએ છીએ તમારી શૈતાની ચાલબાજીને."

અને દરેક મુસલમાનનું અંતર પોકારી-પોકારીને કહેવા લાગ્યું : "ઈમાન જીવથી વધારે મહત્વ ધરાવે છે. પોતાનું ઈમાન બચાવો અહલેબૈતની મોહબ્બતમાં ગળાડૂબ થઈ જાઓ."

પછી થયું પણ એમ જ કે તેઓ પાક-પવિત્ર અહલેબૈતની મોહબ્બતથી છલોછલ થઈ ગયા અને તેઓમાં અતિશય આશિકી અને પ્રેમભાવ પેદા થઈ ગયાં, ત્યાં સુધી કે ઘેર-ઘેર એ મહબૂબોની પ્રશંસા અને ખૂબીઓ બતાવતી હદીસો ફેલાઈ ગઈ, અને સવાર-સાંજ એમની પ્રશસ્તિ(ખ્યાતિ)ના ગીતો ગવાવા લાગ્યાં. આજ ખુશનુમા વાતાવરણમાં એમની નસલ દિન-બ-દિન વધવા લાગી. પછી એ નવી નસલે પણ આવા જ વાતાવરણની રચના કરી, અને આ સિલસિલો, આ પ્રણાલિકા હંમેશ જારી રહી, જેના પરિણામે આજે પણ પાકદામન અહલેબૈતની મોહબ્બત દરેક ઈમાનવાળાના દિલમાં વસી ગઈ છે અને એમની આશિકી તથા પ્રેમ દરેક સાચા મુસ્લિમની પ્રકૃતિ બની ગયાં છે.

કેટલી પવિત્ર અને સાચી છે સહાબાએ કિરામ, પવિત્ર તાબેઈન અને હદીસના હાફિઝોની આ ચળવળ, કે અહલે બૈત વિરૂધ્ધ જે શૈતાની પ્રોપેગન્ડાઓ કરવામાં આવે છે તેમને નિષ્ફળ બનાવવા માટે ખુદાના વ્હાલાઓની ફઝીલતો, પ્રશંસાઓની આયતો, અને હદીસોનો ખૂબ-ખૂબ

પ્રચાર-પ્રસાર અને ફેલાવો કરો. એમણે આ ચળવળ ચલાવીને જાલિમોના ઈમાનનાશક નાપાક ષડયંત્રો અને પ્રોપેગન્ડાઓનો કચ્ચરઘાણ વાળી નાખ્યો, એમના કાવત્રાઓની ઈમારત પડી ભાંગી. આજે પણ એ પાક-પવિત્ર હસ્તીઓ વિરૂધ્ધ જે નાપાક પ્રોપેગન્ડાઓ કરવામાં આવે છે એને નિષ્ફળ અને મૃત-પ્રાય કરવા માટેનો સાચો ઈલાજ આ જ છે કે સહાબાએ કિરામ, મહાન તાબેઈન અને હદીસના હાફિઝોની સુન્નત (રીત, પ્રણાલિ, તૌર, તરીકો) પર અમલ કરવામાં આવે અર્થાત અહલે બૈતની ફઝીલતો, ખૂબીઓ દર્શાવતી આયતો અને હદીસોનો ખૂબ બહોળા પ્રમાણમાં ફેલાવો કરવામાં આવે, આ પવિત્ર કામ અરબી-ઉર્દૂ ભાષામાં ઘણું થયું છે, ગુજરાતીમાં શરૂઆત છે; જો કે અમુક પેશવાઓએ ગુજરાતીમાં પણ આ કામ ઘણા અંશે કર્યું હશે, છતાં જરૂરત છે કે આજે ગુજરાતીમાં આ વિષય પર ઘણું બધું લખવામાં આવે.

મેં (લેખક સાહેબે) આ સૌભાગ્ય પ્રાપ્ત કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે અને આમાં એ જ રિવાયતોને પસંદ કરી છે જે પોતાની અસર, પ્રભાવ, તાસીરના હિસાબે મારા દિલ ઉપર અસરકારક સાબિત થઈ છે. મોટા દિલની વાત કહી છે એક શાઈર બંધુએ :-

**હમને અપને આશિયાનેકે લિયે**
**જો ચુભે દિલમેં, વોહી તિન્કે લિયે**

આ સંબંધે જો કોઈ એવી રિવાયત આવી ગઈ છે જેની ખરાઈ વિષે સવાલો ઊભા કરવામાં આવે તો એને કમજોર અથવા બિનભરોસાપાત્ર ન સમજવામાં આવે કેમકે એના સમર્થનમાં કુર્આનશરીફની આયત અથવા અન્ય કોઈ હદીસ મોજૂદ છે.

આજે પણ અમુક લોકો યઝીદને ઈમામ માને છે અને સૈયદના ઈમામ હુસૈનની પવિત્ર શાનમાં બેઅદબી કરતા ફરે છે. તેઓ રસૂલના આ રાજકુંવર વિષે શબ્દ ઈમામ, અલૈહિસ્સલામ, સૈયદુશ શોહદા જોઈ, સાંભળીને નાખુશ થાય છે. અને બબડાટ કરતા ફરે છે પણ એમનો આ બબડાટ ધીમા સ્વરે

હતો. પણ આ ધીમો સ્વર હંમેશ ધીમો ન રહ્યો. તો અમુક લોકો હવે જોરશોરથી વેટ્સ એપ, ફેશબુક, યુ-ટયુબ, ઈલેકટ્રીક મિડિયા, પ્રિન્ટ મિડિયા દ્વારા આનો પ્રચાર-પ્રસાર કરવા લાગ્યા. માટે હવે જરૂર ઊભી થઈ કે અહલે સુન્નતના અસંખ્ય ઉલ્માએ હક્કાની અને ઔલિયાએ રબ્બાનીનો મસ્લક (વિચારધારા, પ્રણાલિ, રીત) પણ સ્પષ્ટ કરી દેવામાં આવે.

★ ઈમામ હસન અને ઈમામ હુસૈન અલૈહિમુસ્સલામ નિઃશંક ઈમામ છે; એમને ઈમામ કેહવા જાઈઝ, સત્યથી ભરપૂર, સચ્ચાઈથી છલોછલ અને ખરૂં છે અને આ શબ્દનો ખૂબ જ સુંદર, સાચો અને ખરો ઉપયોગ છે.

★ ઈમામ હુસૈન માટે અને બીબી ફાતિમા ઝહરાની બીજી ઔલાદ માટે અલૈહિસ્સલામ શબ્દ વાપરવો જરાયે ખોટું નથી.

★ ઈમામ હુસૈન અલૈહિસ્સલામને સૈયદુશ્શોહદા કહેવું પણ તદ્દન સાચું, ખરૂં, યોગ્ય છે. એમાં જરાયે ખોટું નથી.

આ પુસ્તક માત્ર એવા લોકો માટે લખવામાં આવ્યું છે જેઓ મહાન અહલેબૈતથી પુષ્કળ મોહબ્બત રાખે છે; ઈમામ હસન માટે, ઈમામ હુસૈન માટે અને અન્ય મહાન અહલે બૈત માટે ઈમામ કે અલૈહિસ્સલામ કહેવાને ખરૂં સમજે છે; અને ઈમામ હુસૈન અલૈહિસ્સલામને સૈયદુશ્શોહદા કહેવું પણ ખરૂં સમજે છે. જો કે અમે આની જરૂરત મેહસૂસ કરીએ છીએ કે પોતાના મસ્લકના ખરાઈની દલીલો પણ આ કિતાબ દ્વારા જાણી લેવામાં આવે જેથી તેઓ અને તેમની આવનારી પેઢીઓ આ મસ્લક પર મજબૂતાઈથી જામેલા રહે.

આવી અકીદત અને આવા અકીદા ધરાવનાર લોકો સિવાય કોઈ બીજા લોકોથી સંબોધન નથી, તેથી તેઓ કોઈ જાતના સવાલ-જવાબની તકલીફ ન ઉઠાવે. લકુમ દી-નકુમ વલી યદીન.

ખાદિમે કૌમ

**સૈયદ એહસાનુલહક "એહસાન" કાદરી હૂદી હુસૈની**

જા-નશીને હુઝૂર મુહિબ્બે મિલ્લત અલ્લામા સૈયદ દાદામિયાં બાપુ રૂપાલવાલે

તા. ૧૨-૧૦-૨૦૧૬, બુધવાર, યૌમે આશૂરા (૧૦ મુહર્રમ ૧૪૩૮)

૭૮૬/૯૨

# રસૂલે આઝમ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની મોહબ્બતનું મહત્વ

(મહત્તા, મહાનતા,

આવશ્યકતા, દરજ્જો) અને

# પાક-પવિત્ર અહલે બૈતની ફઝીલતો

(ખૂબીઓ, વિશેષતાઓ,

વિશિષ્ટતાઓ, શ્રેષ્ઠતાઓ)

# એક હદીસશરીફ

હદીસના રાવીઓ ફરમાવે છે કે
સરાપા રહમતો બરકત હઝરત
રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે
વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે કે :

اساس الاسلام حبیّ وحب اهل بیتی

**''ઇસ્લામનો પાયો મારી અને મારા
અહલેબૈતની મોહબ્બત છે.''**

(કન્ઝુલ ઉમ્માલ, ભાગ-૬, પેજ-૨૧૮)

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ
અલ્હમ્દો લિલ્લાહે રબ્બિલ આ-લમીન.
વસ્સલાતો વસ્સલામો અલા રસૂલેહી મોહમ્મદિંવ
વ આલેહી વ અઝવા-જેહી વ અસ્હાબેહી વ
ઝુર-રિય-યાતેહી વ જમીઈસ સાલેહીન.

# રસૂલની મોહબ્બત

**મુહબ્બત ઉનકી હૈ રૂહે ઈમાં, યે દિલમેં કુછ ઇસ અદાસે આઈ**
**કલીકે સીનેમેં જૈસે ખુશ્બૂ, ગુલોંકે દામનમેં જૈસે શબનમ.**

જિંદગી બચાવવા માટે હવા-પાણી અત્યંત જરૂરી છે. પણ ઈમાનની જિંદગી અને ઈમાનને બચાવવા માટે હુઝૂર સરાપા મોઅ્જિઝા સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની મોહબ્બત એના કરતાં પણ વધારે જરૂરી, અતિ આવશ્યક, અનિવાર્ય છે. કેમકે આપની મોહબ્બત ઈમાનની જાન, ઈમાનનો જીવ, ઈમાનની જડ, ઈમાનની રૂહ, ઈમાનની બુનિયાદ અને પાયો છે. જે કોઈને સરાપા, બરકત સલ્લલ્લાહો અલૈહે વસલ્લમથી જેટલી વધારે મોહબ્બત, પ્રેમ, ઇશ્ક હશે એનું ઈમાન એટલું જ વધારે પાકટ, મજબૂત, પુખ્તા, પ્રબળ, સબળ, મુકમ્મલ અને પરિપૂર્ણ હશે અને એની અંદર એટલા જ વધારે પ્રમાણમાં ઈમાની શક્તિ, રૂહાની કુવ્વત, સ્પીરિચ્યુઅલ પાવર, દિવ્ય પ્રકાશ મૌજૂદ હશે. આ જ કારણે ઇસ્લામે આ વાત ઘણા ભારપૂર્વક જણાવી છે કે સરાપા અઝમત સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની મોહબ્બતમાં એવા ગળાડૂબ, ગરકાવ, રચ્યા-પચ્યા થઈ જાઓ કે આ મોહબ્બત બીજી બધી મોહબ્બતો ઉપર હાવી થઈ જાય, ગાલિબ થઈ જાય, છવાઈ જાય, ભારે પડે.

સહીહ બુખારી તથા મુસ્લિમમાં હઝરત અનસ રદિયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત છે કે શફીએ ઉમમ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે

ફરમાવ્યું છે :

لا یومن احد کم حتیٰ اکون احب الیه من والده وولده والناس اجمعین

"તમારા માંથી એક માણસા પણ એ સમય સુધી મોમિન (ઈમાનવાળો) નથી જ્યાં સુધી કે હું (એટલે કે હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ) એના માં-બાપથી, એની ઓલાદથી અને બધા જ લોકોથી વધારે એને વ્હાલો ન થઈ જાઉં"

અશ-શિફા પુસ્તકના (ભાગ-૨, પેજ-૧૫) માં હઝરત ઉમર ફારૂક રદિયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત છે કે એમણે શફીઉલ મુઝનેબીન સલ્લલ્લાહો અલૈહે વસલ્લમથી વિનંતી કરી :

"આપ મને મારા જીવ (જાન, જાત) સિવાય પ્રત્યેક વસ્તુથી અધિક પ્રિય છો."

આ ઉપર આપે ફરમાવ્યું :

لن یومن احد کم حتیٰ اکون احب الیه من نفسه ۔

"તમારામાંથી એક માણસ પણ એ સમય સુધી મોમિન થઈ જ નથી શકતો જ્યાં સુધી હુંએના જીવથી વધારે એને વ્હાલો ન થઈ જાઊં."

આ પવિત્ર કુદદૂસી મો'જિઝાતથી તરબતર શબ્દોની તાત્કાલિક એવી અસર થઈ કે હઝરત ઉમર ફારૂક રદિયલ્લાહો તઆલા અન્હો પોતાના સ્તર (સીમા, સ્થાન, દરજ્જા, હોદ્દા) થી ખૂબ ઊંચા થઈ ગયા. "અશ-શિફા"માં છે કે, હવે હઝરત ઉમર બોલી પડ્યા :

"એના સોગંધ જેણે આપની ઉપર પુસ્તક (કુર્આનશરીફ) ઉતાર્યું છે; હવે તો મને આપ મારા જીવથી પણ વધારે વ્હાલા છો."

આ ઉપર શફીએ આસિયાં સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે ફરમાવ્યું :

الآن یا عمر

"હે ઉમર ! ઈમાન તો હવે થયું."

આ હદીસથી આ બોધપાઠ મળે છે કે હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમને પોતાના જીવથી વધારે વ્હાલા બનાવવા એ સૌથી મોટું ફર્ઝ છે.

આ સંબંધે આ ખુશખબરી પણ શામેલ છે કે હઝરત ઉમર રદિયલ્લાહો તઆલા અન્હો ઈમાનના ઊંચા સ્થાને બિરાજમાન છે.

જેવી રીતે દરેક મોહબ્બતનો તકાદો એ છે કે વ્હાલાની દરેક ચીજથી વ્હાલ કરવામાં આવે, પ્રેમીની પ્રત્યેક વસ્તુથી પ્રેમ કરવામાં આવે. એવીજ રીતે ખુદાના હબીબ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની મોહબ્બતનો પણ તકાદો છે કે આપની દરેક ચીઝથી વ્હાલ કરવામાં આવે, મહબૂબની દરેક શયથી મોહબ્બત કરવામાં આવે. પ્રેમીની પ્રત્યેક વસ્તુથી પ્રેમ કરવામાં આવે. એવીજ રીતે ખુદાના હબીબ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની મોહબ્બતનો પણ તકાદો છે કે આપની દરેક ચીજથી મોહબ્બત કરો, આપની પવિત્ર ઓલાદ, આપની પાકદામન પત્નીઓ, આપના જાંનિસાર સહાબા, આપની પવિત્ર હદીસો, અને આપની દરેક યાદગારથી પ્રેમ કરવામાં આવે. આ મોહબ્બત અત્યંત જરૂરી, અતિશય આવશ્યક, અનિવાર્ય અને લાઝમી છે.

**જેના દિલમાં ખુદાના હબીબ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની સાચી મોહબ્બત છે ; એ આપની પાક-પવિત્ર ઓલાદથી ઊંડી મોહબ્બત રાખે છે.**

આ એક પ્રાકૃતિક સચ્ચાઈ છે કે તમે જેનાથી મોહબ્બત કરશો એની આલઓલાદને પણ પ્રેમ કરશો. આથી દરેક સાફસુથરા દિલવાળો મુસલમાન જે ઈમાનની પ્રકૃતિ ધરાવે છે; એ પોતાના નબીના લાલ સૈયદના ઈમામ હસન અને સૈયદના ઈમામ હુસૈન અલૈહિમુસ્સલામની મોહબ્બતથી રસતરબોળ, તરબતર, રચ્યો પચ્યો, ભર્યો ભર્યો રહે છે. હંમેશ એ વાત ધ્યાનમાં રાખે છે કે આ (હસન-હુસૈન) આકા મૌલા સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના જિગરના ટુકડા છે; અનહદ વ્હાલા છે. જે એમનો વ્હાલો છે અલ્લાહ એનાથી રાજી, રસૂલ એનાથી રાજી, અને જેના દિલમાં એમની મોહબ્બત નથી, એનાથી અલ્લાહ નારાજ, એનાથી રસૂલ નારાજ, પરિણામ ? જહન્નમ.

ઝહરાકી ચશ્મે નમકા હૈ કાજલઃ હસન-હુસૈન
હૈદરકે લા'લ, આ'લા વ અફઝલ : હસન-હુસૈન
ઉસકો જલા ન પાએગી દોઝખકી આગ ભી
જિસકી ઝબાંપે જારી હૈ હર પલઃ હસન-હુસૈન
ક્યા મર્તબા હૈ આપકા, જાનેં ખુદા-રસૂલ !!
ઇન્સાન ક્યા લગાએગા અટકલઃ હસન-હુસૈન
ફિરદૌસકી બહારેં તુમ્હીંસે હૈં દિલનશીં
તુમ બિન હરેક ખુલ્દ હૈ જંગલ : હસન-હુસૈન

આ મોહબ્બતની એ આધ્યાત્મિક, ઈમાનવર્ધક તાલીમ છે જે આપણને હદીસ-કુર્આને આપી છે; અને મુકદસ સહાબાએ હંમેશપર્યંત આની ઉપર અમલ કર્યો છે. આ હસ્તીઓએ રસૂલની આલ-ઓલાદના મામલામાં હંમેશા એ વાતનો ખાસ લિહાજ રાખ્યો છે કે એમના સંબંધમાં હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની મરજી, ખુશી ફરમાનનું ધ્યાન રાખવામાં આવે. હઝરત સૈયદના અબૂબકર સિદીક રદિયલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે:

ارقبوا محمد افی اهل بیته

"અહલે બૈતના સંબંધમાં મોહમ્મદ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનું ખાસ ધ્યાન અને લિહાજ રાખવામાં આવે." (સહીહ બુખારી, ભાગ-૧, પેજ-૫૨૦)

જયારે આપણને એમના મામલામાં હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનું ખાસ ધ્યાન અને લિહાજ રાખવો આવશ્યક અને અનહદ જરૂરી છે તો વિચારો કે સૈયદના ઈમામ હસન તથા સૈયદના ઈમામ હુસૈન અલૈહિમુસ્સલામ અને બીજી આલ ઔલાદ (સાદાત તથા આલે રસૂલ) ના મામલામાં કેટલો અદબ, ઈજ્જત, માન-સન્માન અને પ્રેમભાવ રાખવો જરૂરી છે ?! જો દિલમાં એમની મોહબ્બત, અદબ, માન-સન્માન નથી તો સમજી લો કે હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની પણ મોહબ્બત નથી,

લિહાજ નથી, માનમર્યાદા નથી. એનું વિનાશક પરિણામ શું આવશે ? ખુદાની પનાહ !

આ તો સૈયદના અબૂબકર સિદ્દીક રદિયલ્લાહો તઆલા અન્હોની તાલીમ હતી કે, "અહલેબૈતના મામલામાં હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનું ખાસ ધ્યાન અને લિહાજ રાખો." હવે આપનો અમલ પણ જુઓ કે આપ આ ભવ્યાતિભવ્ય ઈમામોની મોહબ્બતથી કેવા છલોછલ હતા. આપની રગેરગમાં અને નસેનસમાં એમની મોહબ્બતના ઝરણા અવિરત વહેતા હતા. એક વખતનો બનાવ છે કે આપે રસ્તામાં સૈયદના ઈમામ હસન અલૈહિસ્સલામને બાળકો સાથે રમતા જોયા તો પ્રેમાવેશમાં મોહબ્બતના આવેગમાં, ઈશ્કના જોશમાં આપને ઉઠાવીને પોતાના ખભે બેસાડી લીધા. મિશ્કાતશરીફ, ભાગ-૨, પેજ-૨૭૨ ઉપર છે :

صلی ابو بکرالعصر ثم خرج یمشی و معه علی،

فرأی الحسن یلعب مع الصبیان، فحمله علی عاتقه، و قال۔

"અબૂબકર અસરની નમાઝ પઢીને અલી જોડે ચાલ્યા અને હસનને બાળકો જોડે રમતા જોઈને ઉઠાવી લીધા અને ખભા ઉપર સવાર કરાવ્યા અને અરબી શે'ર (શાયરી, પંક્તિ) પઢ્યો

با ابی شبیه بالبنی لیس شبیه بعلی

જેનો અનુવાદ આ છે :

મારા બાપ એમની ઉપર કુર્બાન. આ તો નબીના મુશાબેહ (હમશકલ, આયના, પ્રતિબિંબ, જેવા, બરાબર, સમોવડા, પ્રતિકૃતિ, સમાન, એક સરખા, આરસી, છાયા) છે; અલીના મુશાબેહ નથી."

સૈયદના અબૂબકર રદિયલ્લાહો તઆલા અન્હોનું ઉપરોક્ત કથન (વિધાન, વાક્ય, ફરમાન) અને મોહબ્બતનો આવેગ આવા પ્રકારની હદીસોનું અમલી વિવેચન છે કે :

احبوا اهل بیتی لحبی

"મારાથી મોહબ્બત રાખતા હો તો એના કારણે મારા અહલેબૈતથી પણ મોહબ્બત રાખો."

(તિરમિઝીશરીફ ભાગ-૨, પેજ-૨૨૦)

આ હદીસથી કેટલી સુંદર નસીહત મળે છે; સ્પષ્ટ નિર્દેશ મળે છે; પવિત્ર હિદાયત મળે છે કે જો ખુદાના હબીબથી મોહબ્બત છે તો એમની આલઓલાદથી મોહબ્બત અનહદ આવશ્યક, અત્યંત જરૂરી છે. ખુદા ન કરે, હજાર વાર ખુદા ન કરે કે જો દિલ પાકપવિત્ર અહલે બૈતની મોહબ્બતથી ખાલી છે તો ચોક્કસ હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની મોહબ્બતથી પણ ખાલી જ હશે. પછી એનું પરિણામ શું આવશે? કોણ નથી જાણતું કે હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની મોહબ્બત નથી તો સમૂળગું ઈમાન જ નથી, અને આ તો ખુદ ખુદાના હબીબ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમનો ફેંસલો છે; આપ ફરમાવે છે:

والله لایدخل قتب رجل الایمان حتی یحبهم لله ولقرا بتهم منی

"અલ્લાહના સોગંધ! કોઈ માણસના દિલમાં એ સમય સુધી ઈમાન નથી આવી શકતું જ્યાં સુધી અલ્લાહ તઆલાના વાસ્તે અને મારા સંબંધના કારણે મારા આલ ઔલાદથી મોહબ્બત ન રાખે." (ઈબ્ને માજા, પેજ-૧૩)

આનાથી નિષ્કર્ષ (પરિણામ, નિચોડ, સાર) નિકળે છે કે અહલે બૈતની મોહબ્બત ઈમાન અને ઈસ્લામનો પાયો છે અને ખુદ એક પવિત્ર હદીસે પણ આમ જ ફરમાવ્યું છે; સાંભળો :

اساس الاسلام حُبی وحب اهل بیتی

"ઈસ્લામની બુનિયાદ (પાયો) મારી મોહબ્બત અને મારા અહલેબૈતની મોહબ્બત છે." (કન્ઝુલ ઉમ્માલ તકત્તીએ કલાં, ભાગ-૬, પેજ-૨૨૮)

# કુર્આનશરીફ અને અહલેબૈત

મુસલમાનો માટે મહામૂલી દોલત સાચા રસ્તાની હિદાયત (મળવી) છે.....!!!

یاایھا الناس قد ترکت فیکم ما ان اخذ تم
لن تضلّوا کتاب اللّٰہ و عترتی اھل بیتی

હિદાયત (પામવા) ચાહો છો તો કુર્આનશરીફ અને અહલેબૈતનો દામન (પાલવ, સંબંધ, પૈરવી, અનુકરણ) પકડી રાખો.....!!!

(તિર્મિઝીશરીફની હદીસનો ભાવાર્થ)

# હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની એક વસીયત

"જો કુર્આનશરીફ અને મારી ઓલાદ તેમજ અહલેબૈતનો દામન પકડેલો રાખશો તો ક્યારેય ગુમરાહ (ભટકી ગયેલ, માર્ગ ભૂલેલ, હિદાયતથી વંચિત) નહીં થાવ."

(તિર્મિઝીશરીફની હદીસનો ભાવાનુવાદ)

# હદીસે સકલૈન

આ હદીસ ખરેખર તો હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની એક વસીયત છે કેમકે એના શબ્દો પોતે જ કહી રહ્યાં છે કે આ વસીયતના અણમોલ કથનો છે; જુઓ એમાં આ શબ્દો છે :

"હે લોકો ! હું એક ઈન્સાન (દેખાવમાં માનવ સ્વરૂપે) છું. નજીકના ભવિષ્યમાં જ મારી પાસે મારા પાલનહારનો ફરિશ્તો (વિદાયનો સંદેશો લઈને) આવશે અને હું એને કબૂલ કરીશ."

"સકલૈન" થી મુરાદ (મકસદ, અર્થ) કુર્આનશરીફ અને અહલેબૈત એટલે કે હુઝૂરની આલઓલાદ, સંતાન છે. અહલેબૈત ખાસ કરીને હઝરત અલી, હઝરત ફાતિમા, ઈમામ હસન અને ઈમામ હુસૈન છે જેવું કે ખુદ હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમનું ફરમાન છે કે આ મારા અહલેબૈત છે. અને આલે રસૂલ ફાતિમા ઝહરાની આલ ઔલાદ છે જેવું કે એક હદીસમાં છે. એ હદીસ ઈન્શાઅલ્લાહ આગળ આવશે.

હદીસે સકલૈન આધારભૂત ભરોસાપાત્ર વિશ્વસનીય સહાબાએ કિરામથી રિવાયત થયેલ છે અને હદીસના અસંખ્ય પુસ્તકોમાં છે. અમે સૌપ્રથમ સહીહ મુસ્લિમની રિવાયત રજૂ કરીએ છીએ; એ પછી ઈન્શાઅલ્લાહ બીજા પુસ્તકોની રિવાયતો રજૂ કરીશું. સહીહ મુસ્લિમ, ભાગ-૨, પેજ-૨૬૯માં મહાન પ્રતિભાશાળી સહાબી હઝરત ઝૈદ બિન અરકમ રદિયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત છે કે :

قام رسول الله صلى الله عليه وسلم خطيبا بمَاء يدعى خما بين مكة والمدينة، فحمد الله واثنى عليه ووعظو ذكر، ثم قال : امابعد الا ايهاالناس، فانماانا بشر يوشك ان يا تنى رسول ربى فاجيب، و انا تارك فيكم الثقلين : اولهما كتاب الله، فيه الهدىٰ والنور افخدوا بكتاب الله و استسكو به، فحث على كتاب الله ورغب فيه، ثم قال، واهل بيتى، اذكركم الله فى اهل بيتى، اذكر كم الله فى اهل بيتى، اذكر كم الله فى اهل بيتى-

"મક્કા અને મદીના વચ્ચે પાણીનું એક સ્થાન (સ્થળ, મકામ, જગ્યા) છે જેને ખુમ કહે છે. ત્યાં ખુદાના મહબૂબ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ઊભા-ઊભા ખુત્બો આપ્યો, જેમાં અલ્લાહ તઆલાની હમ્દો સના (તારીફ, વખાણ, પ્રશંસા), તકરીર અને નસીહત (બોધપાઠ) ફરમાવી. ત્યારબાદ ફરમાવ્યું, હમ્દો સના પછી (કહેવાનું તાત્પર્ય આ છે કે) હે લોકો ! હું એક ઈન્સાન છું. ખૂબ નજીકના ભવિષ્યમાં મારી પાસે મારા પાલનહારનો ફરિશ્તો (વિદાયનો સંદેશો લઈને) આવશે અને હું એને કબૂલ કરીશ. અને હું તમારા લોકો પાસે બે ઘણી ભારેખમ ચીજો છોડીને જઈ રહ્યો છું. એમાંની એક તો ખુદાની કિતાબ (કુર્આનશરીફ) છે જેમાં નૂર (પ્રકાશ, રૌશની, તેજ) અને હિદાયત (માર્ગદર્શન) છે. અલ્લાહની કિતાબને પકડો અને દૃઢતાપૂર્વક, (સખ્તાઈથી, મજબૂત રીતે) પકડી રાખો. (અહીં) આપે ખુદાના પુસ્તક વિષે અતિશય ધ્યાન દોર્યું અને અનહદ લગાવ (આકર્ષણ, ઝૌકોશોક, શોખ, લગની પ્રેમ) જગાવ્યો, અને તેની ઉપર અમલ કરવાનો નિર્દેશ કર્યો.

પછી આમ ફરમાવ્યું : (સકલૈનમાં બીજી ચીજ મારા અહલેબૈત છે) હું તમને ચેતવણી આપું છું કે મારા અહલે બૈતના હકમાં અલ્લાહથી ડરો, હું તમને ચેતવણી આપું છું કે મારા અહલે બૈતના હકમાં અલ્લાહથી ડરો, હું તમને ચેતવણી આપું છું કે મારા અહલેબૈતના હકમાં અલ્લાહથી ડરો."

(સહીહ મુસ્લિમ, ભાગ-૨, પેજ-૨૭૯)

આ છેલ્લું વાક્ય જેને આપે ત્રણ વખત ફરમાવ્યું ઘણુંજ મહત્ત્વનું છે. એનો મતલબ એ છે કે અહલેબૈતના મામલામાં અલ્લાહ તઆલાથી પુષ્કળ પ્રમાણમાં ડરતા રહો, એમનાથી અનહદ પ્રેમ અને બેહદ મોહબ્બત કરો, ખૂબજ અદબ અને આદરસન્માન કરતા રહો, એમના હક્કો અદા કરતા રહો, એમના અધિકારો બજાવતા રહો.

ઊંડાણપૂર્વક વિચારો ! હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ આ કોનાથી ખિતાબ (સંબોધન, વાર્તાલાપ) ફરમાવી રહ્યા છે ?

કોને ચેતવી રહ્યા છે ? કે "હું તમને ચેતવણી આપું છું કે મારા અહલેબૈતના હકમાં અલ્લાહ તઆલાથી ડરો."

આ સંબોધન પવિત્ર સહાબાએ કિરામ રદિયલ્લાહો તઆલા અલૈહિમ અજ-મઈનથી છે, અને એમને પવિત્ર અહલેબૈત કિરામ અલૈહિમુસ્સલામ વિષે તકેદારી પર તકેદારી દર્શાવાય છે કે એમના હક્કોનો ખૂબ ખ્યાલ રાખજો, સુસ્તી ન કરશો, આ બાબતમાં અલ્લાહ તઆલાથી ડરતા રહેજો.

જ્યારે પવિત્ર સહાબાએ કિરામ રદિયલ્લાહો તઆલા અન્હુમ અજ-મઈનને અહલેબૈતના હક્કો વિષે આવી તકેદારી જાળવવાનો નિર્દેશ છે તો જરા વિચારો કે પછી આપણે કઈ ગણત્રીમાં છીએ ? અને આપણે એમનો કેટલો બધો અને કેવો અદબ કરવો જોઈએ ? એમનાથી કેટલી મોહબ્બત અને અકીદત (શ્રધ્ધા) રાખવી જોઈએ ? અને એમના હક્કોના બારામાં અલ્લાહ તઆલાથી કેટલું ડરવું જોઈએ ?

## હદીસે સકલૈનમાં અહલેબૈતથી કોણ-કોણ (ક્યા લોકો) મુરાદ છે ?

હુઝૂરે અનવર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે હઝરત અલી, હઝરત ફાતિમા, ઈમામ હસન અને ઈમામ હુસૈન અલૈહિમુસ્સલામને اهل بيتى "અહલેબૈતી" ફરમાવ્યા છે, એટલે કે મારા અહલે બૈત છે. તેથી અહલેબૈત શબ્દથી સામાન્યતઃ આ જ લોકો મુરાદ હોય છે. વળી, આયતે તતહીર (અહલે બૈતની પવિત્રતા દર્શાવતી આયત) ઉતરી તેના નવ (૯) મહીના સુધી આપ દરરોજ સવારે હઝરત ફાતિમાંના દરવાજે જેનું સહેન (આંગણું) મસ્જિદે નબવી છે, પધારી ને આ શબ્દોમાં સલામ કરતા હતાઃ السلام عليك يا اهل بيت "અસ્સલામો અલૈકુમ યા અહલે બૈત !" આવી રીતે મસ્જિદના હાજરજનોએ લગભગ બસો સિત્તેર (૨૭૦) વખત આને સાંભળીને ખૂબ સારી રીતે સમજી લીધું કે અહલેબૈતથી મુરાદ આ જ સાહેબો એટલે કે હઝરત અલી, હઝરત ફાતિમા અને હઝરાતે

હસન-હુસૈન છે. **اهل بيت** અહલેબૈત શબ્દનું આ જ એ અર્થઘટન છે જેને ખુદ હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે પોતાની પવિત્ર જીભમુબારકથી પણ ફરમાવ્યું છે, આપે ફરમાવ્યું : "આ મારા અહલેબૈત છે." આ જ અર્થઘટન આપે લગભગ ૨૭૦ વખત અમલ કરીને પણ બતાવેલ છે. એટલે માટે જ "હદીસે સકલૈન"માં **اهل بيت** "અહલેબૈત"થી મુરાદ આ જ સાહેબો (હઝરત અલી,હઝરત ફાતિમા, ઈમામ હસન અને ઈમામ હુસૈન) છે.

આ વિષયની બીજી હદીસોમાં **اهل بيتى** "અહલેબૈતી" શબ્દ સાથે **عترتى** "ઈત્રતી" નો શબ્દ પણ છે. તેથી આ હદીસમાં પણ બધા જ ઈત્રતે રસૂલ (ઔલાદે ફાતિમા) ને શામેલ સમજવા જોઈએ.

## ઇત્રતે રસૂલ કોણ લોકો છે ?

"મિર્કાત શર્હે મિશ્કાત" (ભાગ-૧, પેજ-૧૫૦)માં છે :

**والعترة : الاقارب القريبة وهم اولاد فاطمة وذراريهم**

"ઈત્રત ખૂબજ નજીકના સગા સંબંધીને કહે છે. અને ઈત્રતે રસૂલ ફાતિમી ઔલાદ અને એ ઔલાદની ઔલાદ છે."

આ અર્થઘટનનું સમર્થન એક હદીસથી પણ થાય છે જે "મુસ્તદરક"માં આવી રીતે રિવાયત થયેલ છે કે:

**ان لكل نبى اب عصبة نيتمون اليها، الاولد فاطمة ، فانا وليهم، وانا عصبتهم، وهم عترتى، خلقوا من طينى، ويل للمكذبين بفضلهم، من احبهم احبه الله، ومن ابغضهم ابغضه الله۔**

"જે માણસ કોઈ બાપનો દીકરો છે એ ચોક્કસ એનો એવો સગો પણ છે જેનાથી એને ઘણી ઘનિષ્ટતા (નજીકપણું, સામીપ્ય, ગાઢ સંબંધ) હોય છે. પણ ફાતિમાની ઓલાદની નિસ્બત (સંબંધ) મારાથી છે. હું છું એમનો વલી (પ્રેરણાસ્ત્રોત, મૂળ, અસલ) અને મારાથી જ છે એમની ઘનિષ્ટતા. અને આ છે મારી ઈત્રત (સંતાન, ઔલાદ), તેઓ મારી માટી (ખમીર)માંથી જન્મ્યા છે. પેદા થયા છે. જે કોઈ એમની મહત્તા, મહાનતાને

નકારે છે; (ઈન્કાર કરે છે; નથી માનતો) એના માટે ભયંકર તબાહી (સર્વનાશ, સત્યાનાશ) છે. જે એમનાથી મોહબ્બત રાખશે, અલ્લાહ એમનાથી મોહબ્બત રાખશે અને જે એમનાથી કપટ રાખશે, અલ્લાહ એમનો દુશ્મન છે." (કન્ઝુલ ઉમ્માલ, તકત્તીએ કલાં, ભાગ-૬, પેજ-૨૧૭)

## કુર્આનશરીફ અને અહલેબૈત જ ખૂબ ભારે ચીજો છે અને હુઝૂરે સહાબાને પણ એમનો દામન પકડવાની હિદાયત ફરમાવી છે; આવું કેમ ?

આનો જવાબ ખુદ પવિત્ર હદીસમાં છે. સુનને તિર્મિઝી, (ભાગ-૨, પેજ-૨૧૯)માં છે કે જો તમે લોકો કુર્આનશરીફ અને મારા અહલેબૈતનો દામન પકડી રાખશો તો ગુમરાહ થઈ જ નથી શકતા. સૂફી લોકોએ આ હકીકતને આરિફાના અંદાજમાં, મઅ્રેફતના રંગમાં, બયાન ફરમાવેલ છે. હઝરત કાઝી સનાઉલ્લાહ પાનીપતી કુદ્દેસ સિર્રહૂ જે ખૂબજ ઉચ્ચ કક્ષાના મુફસ્સિર, મોહદ્દિસ, ફકીહ અને સૂફી છે; પોતાની લાજવાબ કિતાબ તફસીરે મઝહરી (ભાગ-૨, પેજ-૯૯)માં હદીસે સકલૈન અને તેના સમાન વિષયવાળી હદીસો લખીને ફરમાવે છે:

હું કહું છું (આ હદીસોમાં) નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે એની તરફ ઈશારો ફરમાવ્યો છે કે અહલેબૈત વિલાયતોના કુત્બુલ ઈર્શાદ છે (એક મહાન દરજ્જો); પહેલા કુત્બુલ ઈર્શાદ હઝરત અલી અલૈહિસ્સલામ છે; પછી આપની (ફાતિમી) ઓલાદ હસન અસ્કરી સુધી...

[ફુટનોટ : ઈમામ હસન અસ્કરી સુધી અલી મુર્તઝાની ઓલાદ જે વિલાયતના કુત્બુલ ઈર્શાદ થયા છે; જેમના વાસ્તાવસીલા વગર કોઈ માણસ વિલાયતના હોદ્દે પહોંચી નથી શકતો. એ બધાને અહલેબૈતના બાર (૧૨) ઈમામો કહે છે. હઝરત કાઝીસાહેબ કુદ્દેસ સિર્રહૂએ તફસીરે મઝહરી, ભાગ-૨, પેજ-૧૧૪માં એમને "અલ

અઈમ્મતુલ કિરામ" ફરમાવેલ છે. એમના પવિત્ર નામમુબારક આ છેઃ (૧) હઝરત ઈમામ હસન (૨) હઝરત ઈમામ હુસૈન (૩) હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (૪) હઝરત ઈમામ મોહમ્મદ બાકિર (૫) હઝરત ઈમામ જાફર સાદિક (૬) હઝરત ઈમામ મૂસા કાઝિમ (૭) હઝરત ઈમામ અલી રઝા (૮) હઝરત ઈમામ મોહમ્મદ જવ્વાદ (૯) હઝરત ઈમામ અલી હાદી (૧૦) હઝરત ઈમામ હસન અસ્કરી. અલા જદેહિમ વ અલૈહિમુસ સલાતો વસ્સલામ. આ દસ ઈમામ થયા અને પહેલા ઈમામે અહલેબૈત હઝરત અલી છે અને અંતિમ હઝરત ઈમામ મહદી (જે કયામત પહેલા પધારશે.) આ રીતે ૧૨ ઈમામો અહલેબૈતના થયા.]

... કુત્બુલ ઈર્શાદ થયા છે. અને છેલ્લા કુત્બુલ ઈર્શાદ પીરાનેપીર ગૌસુસ સકલૈન (શૈખ) અબ્દુલકાદિર જીલાની છે. રદિયલ્લાહો તઆલા અન્હુમ અજ-મઈન.

આગલા અને પાછલા પૈકી કોઈ એવું નથી જે એમના વાસ્તાવસીલા વગર વિલાયતના હોદા સુધી પહોંચ્યા હોય. મુજદિદ(અલ્ફેસાની) રદિયલ્લાહો તઆલા અન્હોએ પણ આમ જ કહ્યું છે."

હઝરત કાઝીસાહેબ રહમતુલ્લાહે અલૈહેના બયાનથી આ વાતો જાણવા મળે છે :

قلت : اشارالنبی صلی اللّٰہ علیہ وسلم الیٰ اھل البیت اقطاب الارشاد فی الولایَات، اولھم علی علیہ السلام، ثم ابناؤہ الی الحسن العسکری، و آخرھم غوث الثقلین محی الدین عبد القادر جیلی رضی اللّٰہ عنھم اجمعین۔ لا یصل احد من الاولین والآخرین الی درجۃ الولایۃ الابتو سطھم، کذا قال المجدد رضی اللّٰہ عنہ۔

(૧) અહલેબૈત અને ઈત્રતે રસૂલ હઝરત ફાતિમા, હઝરત અલી, ઈમામ હસન, ઈમામ હુસૈન છે અને એમની પવિત્ર આલઓલાદ પણ છે.

(૨) આ નબવી હદીસ (કે કુર્આન અને મારી ઓલાદને ઝાલી રાખો તો ગુમરાહ થઈ જ નથી શકતા.) એની તરફ ઈશારો કરી રહીં છે કે આ અહલેબૈત વિલાયતોના કુત્બુલ ઈર્શાદ છે. (એટલે કે વિલાયતે મલાએકા,

વિલાયતે અમ્બિયા અને વિલાયતે ખાસ્સાના કુત્બુલ ઈર્શાદ છે.) તો આગલી ઉમ્મતો હોય કે ઉમ્મતે મોહમ્મદિયા (અલા સાહેબહુસ સલાતો વસ્સલામ), એમનામાંથી જે પણ વિલાયતના હોદ્દે બિરાજમાન થયો, તે એમના જ (એટલે કે અહલેબૈતના) વાસ્તા-વસીલાથી બિરાજમાન થયો છે અને જે પણ બિરાજમાન થશે, એમના જ વાસ્તા વસીલાથી થશે.

(૩) વિલાયતના પહેલા કુત્બુલ ઈર્શાદ (અહલેબૈતની જાજરમાન વ્યક્તિ) હઝરત અલી અલૈહિસ્સલામ છે.

(૪) પછી આપના પછી આપની ફાતિમી સંતાન ઈમામ હસન અસ્કરી સુધી વિલાયતોના કુત્બુલ ઈર્શાદ થયા. છેલ્લે હઝરત ગૌસુસ સક્લૈન શૈખ અબ્દુલ કાદિર જીલાની કુત્બુલ ઈર્શાદ છે. રદિયલ્લાહો તઆલા અન્હુમ અજ-મઈન.

(૫) આ એ સાચી વાતો છે. જેને મુજદ્દિદ અલ્ફેસાની સરહિંદીએ પણ બયાન ફરમાવેલ છે.

હઝરત કાઝીસાહેબ કુદ્દેસ સિર્રહુ મા'રેફતના આ નુકતાને તફસીરે મઝહરી, ભાગ-૨, પેજ-૧૧૪માં પણ લખેલ છે. શબ્દો આ છે:

વિલાયતના કમાલોના કુત્બુલ ઈર્શાદ અલી અલૈહિસ્સલામ છે. આગલી ઉમ્મતોમાં પણ જે માણસ વિલાયતના હોદ્દે પહોંચ્યા છે; એ આપની જ પવિત્ર રૂહના જરીયે પહોંચ્યો છે. પછી આ હોદ્દા પર અહલેબૈતના ઈમામ હસન અસ્કરી અને હઝરત શૈખ અબ્દુલ કાદિર જીલાની સુધી થયા છે. રદિયલ્લાહો તઆલા અલૈહિમ અજ-મઈન.)

જોયું આપ સાહેબે ? હઝરત કાઝી સનાઉલ્લાહ પાની-પતી કુદ્દેસ સિર્રહૂ તફસીરમાં શાહ વલીયુલ્લાહ કુદ્દેસ સિર્રહૂથી પણ આગળ છે. હદીસમાં એમનો આ હોદ્દો છે કે શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિસ દહેલ્વી એમને 'સમયના બૈ-હકી'' ફરમાવતા હતા અને મા'રેફત તેમજ તસવ્વુફમાં એ સ્થાન છે કે એમના પીરે તરીકત મિર્ઝા જાને જાન મઝહર કુદ્દેસ સિર્રહૂ

એમનો બેહદ અદબ કરતા, જોઈને ઊભા થઈ જતાં. આવા લા-જવાબ મુફસ્સિર, મુહદ્દિસ, ફકીહ અને આરિફે રબ્બાની અહલેબૈતે કિરામ અલૈહિમુસ્સલામની જે શ્રેષ્ઠતા બયાન કરે છે એ કેટલી બુલંદ છે !!

## હદીસે સકલૈન પર વિચાર-વિમર્શની પળો

હદીસે સકલૈન જે ખરેખર હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની એક વસીયત છે કે કુર્આનશરીફ અને મારા અહલેબૈત સકલૈન છે એટલે કે બે બહુ ભારેખમ વસ્તુઓ છે. એ બે ભારેખમ વસ્તુઓને હું તમારી પાસે છોડીને જઇ રહ્યો છું, એમનાથી હંમેશ જોડાયેલા રહેજો, એમનું ખૂબ-ખૂબ ધ્યાન રાખજો.

કેટલા કિંમતી છે નીચેના શબ્દો :

ترکت فیکم الثقلین

**હું આપ લોકો પાસે આ બે ભારેખમ વસ્તુઓ છોડીને જઈ રહ્યો છું.**

પછી આ શબ્દોમાં નબવી વસીયતનો કેટલો દર્દભર્યો ટુકડો છે ? અને કેવી હૃદયસ્પર્શી વસીયત છે ?!

اذکرکم اللّٰہ فی اھل بیتی !

اذکرکم اللّٰہ فی اھل بیتی !

اذکرکم اللّٰہ فی اھل بیتی !

હું આપ લોકોને ખબરદાર કરૂં છું કે મારા અહલેબૈતના હકમાં ખુદાથી ડરજો ! હું આપ લોકોને ખબરદાર કરૂં છું કે મારા અહલેબૈતના હકમાં ખુદાથી ડરજો ! હું આપ લોકોને ખબરદાર કરૂં છું કે મારા અહલેબૈતના હકમાં ખુદાથી ડરજો !

અહલેબૈતના મામલામાં અલ્લાહથી ડરવાની કેવી જોરદાર તાકીદ છે, એક વાર નહીં, ત્રણ-ત્રણવાર ભારપૂર્વક ફરમાવ્યું છે. આ એટલા માટે કે,

એક-એક મુસલમાન સાંભળી લે, અને સાંભળીને ખૂબ સારી રીતે યાદ કરી લે કે આ ખૂબ જ કિંમતી વસીયત છે અને ખૂબ ડરવાની વાત છે.

પછી એ પણ વિચારો કે વસીયત કેટલી મહત્ત્વની હોય છે, અને એ પણ પાછી રસૂલે ખુદા સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની વસીયત ? વિચાર કરો એનું મહત્વ કેટલું વધારે છે ?

આ અસરકારક અંદાજમાં પવિત્ર અહલેબૈતની જોડે સારો વર્તાવ અને માન-સન્માનની વસીયત ફરમાવવા પાછળ એક ખાસ અને વિશિષ્ટ ભેદ એ હતો કે હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમને અલ્લાહ તઆલાએ પહેલાંથી જ એ જાણકારી આપી દીધી હતી કે હુસૈન અલૈહિસ્સલામને જુલમ-સિતમની તલવારથી શહીદ કરવામાં આવશે. (આને આપે ઘણી હદીસોમાં બયાન ફરમાવેલ છે.) આ શહાદતમાં જે-જે લોકોનો હાથ હશે એ બધા ખુદાની લાનત અને ભયંકર અઝાબમાં સપડાશે. (આને પણ આપ ઘણા અવસરે બયાન ફરમાવી ચૂક્યાં છે.)

આ જાણકારીના આધારે ઉમ્મતની ભલાઈના નેક મકસદ હેઠળ વારંવાર આ વસીયત ફરમાવી રહ્યાં છે કે, "મારા અહલેબૈતના હકમાં ખુદાથી ડરજો." જેથી લોકો આ વસીયતને પણ ન ભૂલે, આનો ઘણો ઘણો ખયાલ રાખે, પોતાની આલ-ઓલાદને પણ આ વસીયત મગજમાં ઉતારી લેવા તૈયાર કરે અને આની ઉપર પૂરેપૂરી રીતે અમલ કરે અને કરાવે જેથી લોકો હુસૈનની શહાદતમાં હિસ્સો લેવાથી દૂર રહે જેથી ખુદાની લાનત અને ભયાનક અઝાબથી બચી જાય.

વળી, ઈમામ હુસૈન ઉપરાંત બીજા કોઈ આલે રસૂલ જોડે પણ અત્યાચારી વર્તાવ ન કરે, જેથી ખુદાની લાનત અને ખુદાઈ પ્રકોપથી સુરક્ષિત રહે.

## જો હિદાયત ચાહો છો તો કુર્આન શરીફ અને આલે રસૂલનો પાલવ ઝાલી રાખો

અને જે હદીસે સકલૈન લખવામાં આવી છે તે ખુમ સ્થળે હુઝૂર

સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમનો એક મહત્વનો ખુત્બો છે જેમાં હુઝૂરની આલઓલાદની અજોડ શાન અને મહત્તા દર્શાવવામાં આવી છે.

આ પ્રકારનો એક બીજો પણ મહત્વનો ખુત્બો છે જે રસૂલે આઝમ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે હુજ્જતુલ વિદાઅ વખતે અર્ફાના દિવસે આપ્યો છે એટલે કે ખાસ અરફાતમાં હઝારો સહાબાએ કિરામ રિદવાનુલ્લાહિ અલૈહિમ અજ-મઈનને પોતાની પવિત્ર ઊંટણી કસ્વાની પીઠ ઉપરથી જેની ઉપર બધાની નજરો પડી રહી હતી, આ હિદાયત આપી છે કે :

"મારી આલ-ઔલાદનો પાલવ પકડેલો રાખશો તો ભટકી જ નથી શકતા."

સુનને તિર્મિઝી, ભાગ-૨, પેજ-૨૧૯માં છે કે હઝરત જાબિર રદિયલ્લાહો અન્હો ફરમાવે છે :

رأیت رسول اللہ صلی اللہ علیہ وسلم فی حجتہ یوم
عرفۃ وھو علیٰ فاقتہ قصواء یخطب فسمعتہ یقول یا ایھا الناس
اِنی ترکت فیکم ما ان اَخذ تمبہ لن تضلوا کتاب اللہ وعترتی اھل بیتی-

મેં હુજ્જતુલ વિદાઅમાં અરફાના દિવસે રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમને કસ્વા ઊંટણી પર ખુત્બો આપતા જોયા છે અને મેં (આપની પવિત્ર જીભે) સાંભળ્યું છે કે આપ આમ ફરમાવતા હતા કે :

હે લોકો ! હું તમારી પાસે બે ચીજો મૂકી જાઊં છું કે જો એમને ઝાલી રાખશો તો ભટકી જ નથી શકતા. આ ચીજો છે: (૧) ખુદાની કિતાબ, અને (૨) મારી આલઔલાદ એટલે કે મારા અહલેબૈત.

અહીં સૌથી મહાન ઉપદેશક સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે પોતે જ ફરમાવી દીધું કે જે માણસોનો પાલવ પકડીને તમે લોકો

ભટકી નથી શકતા એ મારી આલઔલાદ-અહલેબૈત છે.

વિચારો કે આ કોને ફરમાવવામાં આવી રહ્યું છે ? પવિત્ર સહાબીઓને ! આનાથી અંદાજો લગાવો તે રસૂલની આલઓલાદનો હોદ્દો કેટલો ઊંચો છે ?! અને પવિત્ર સહાબીઓ (રદિયલ્લાહો અન્હુમ)ને પવિત્ર અહલેબૈતનો પાલવ ઝાલવાનો ઉપદેશ આપવામાં આવી રહ્યા છે. તો બીજા લોકોને હિદાયત પામવા માટે આલે રસૂલનો પાલવ ઝાલવો કેટલો બધો આવશ્યક અને ફરજિયાત છે ?!!

## આલે રસૂલથી જોડાયેલા રહેવાની વધુ એક હદીસ

સક્લૈનની પહેલી હદીસમાં વારંવાર તાકીદ હતી કે : "હું આપ લોકોને ખબરદાર કરૂં છું કે મારા અહલેબૈતના હકમાં ખુદાથી ડરજો."

એક હદીસમાં આની પણ શિખામણ છે કે મારી આલઓલાદને મારી જગ્યાએ સમજો. આમાં ઈશારો છે કે મારી ઓલાદ જોડે જે પણ વર્તાવ કરશો સમજી લો કે એ વર્તાવ મારી જોડે કરી રહ્યા છો. મુસ્તદે અહમદ અને મોઅજમે કબીર તિબરાનીની રિવાયત છે કે હઝરત ઝૈદ બિન સાબિત રદિયલ્લાહો અન્હો ફરમાવે છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે :

انی تارک فیکم خلیفتین کتاب اللّٰہ عزوجل حبل ممدود بین السماء والارض وعترتی اهل بیتی و انهما لن یتفرقا حتی یردا علی الحوض۔

નિ:શંક હું આપ લોકો પાસે બે નાયબ-ઉત્તરાધિકારી છોડીને જઈ રહ્યો છું. એક તો અલ્લાહની કિતાબ છે જે આકાશો અને ધરતી વચ્ચે જોડાયેલ એક નૂરાની દોરડું છે અને બીજો નાયબ-ઉત્તરાધિકારી મારી આલ-ઓલાદ છે જે મારા અહલેબૈત છે. આ બંને એકબીજાથી કદી વિખૂટા નહીં પડે ત્યાં સુધી કે કૌસરના દરિયાકાંઠે બંને એક સાથે મળીને મારી પાસે આવશે.

જામેઅ સગીરના કર્તા હઝરત ઈમામ સુયૂતીએ આ હદીસને સહીહ

ઠેરવી છે અને હદીસે સકલૈનની જેમ આ પણ બિલ્કુલ સ્પષ્ટ સાફ-સુથરી હદીસ છે. આને મુફસ્સિર આલોસીએ પણ પોતાની તફસીર રૂહુલ-મઆની, ભાગ-૪, પેજ-૧૮માં લખી છે અને કોઈ વિવેચના નથી કરી.

[નોટ : આ હદીસમાં સ્પષ્ટતા છે કે આલે રસૂલ ખલીફા (નાયબ-ઉત્તરાધિકારી) છે. એટલે કે હકના ખલીફા, રસૂલના ખલીફા, આ ખિલાફતથી કઇ ખિલાફતની મુરાદ છે ?]

આનાથી એ ખિલાફત મુરાદ નથી જેનો એક અર્થ સત્તા અને સલ્તનત પણ છે કેમકે આ ખિલાફત તો માત્ર ત્રીસ વરસ સુધી જ રહેશે, જેવું કે હદીસમાં છે કે : الخلافة امتی ثلا ثون سنة મારી ઉમ્મતમાં ત્રીસ વરસ સુધી ખિલાફત રહેશે. (તિર્મિઝી, ભાગ-૨, પેજ-૪૮)

[ફૂટનોટ : ખિલાફતના આ હોદ્દા પર હઝરત અબૂબક્ર સિદ્દીક, હઝરત ઉમર ફારૂક, હઝરત ઉસ્માને ગની, હઝરત અલી અને હઝરત ઈમામ હસન રદિયલ્લાહો અન્હુમ, ક્રમવાર બિરાજમાન થયા છે. હઝરત અબૂબક્ર સિદ્દીકનો ખિલાફતકાળ ૨ વર્ષ ૩ મહીના, ૯ દિવસ છે. હઝરત ઉમરનો ૧૦ વરસ, ૬ માસ, ૫ દિવસ છે. હઝરત ઉમરનો ૧૦ વરસ, ૬ માસ, ૫ દિવસ, હઝરત ઉસ્માનનો ૧૨ વરસમાં ૧૨ દિવસ ઓછા. હઝરત અલીનો ૪ વરસ, ૯ માસ અને હઝરત ઈમામ હસનનો છ માસ, ૩ દિવસ. આ હિસાબે ખિલાફતે રાશેદા હઝરત અબૂબક્ર સિદ્દીક રદિયલ્લાહો અન્હોથી શરૂ થઈને ઈમામ હસન રદિયલ્લાહો અન્હોની છ માસની ખિલાફત પર પૂરી થાય છે. ખિલાફતની આ પૂરી મુદત ત્રીસ વરસ છે.]

અને અહલેબૈતની ખિલાફત જેનો જિકર આ વિષય હેઠળની હદીસમાં છે એ વખત સુધી છે જ્યાં સુધી દુનિયામાં કુર્આન શરીફ રહેશે કેમકે હદીસ જણાવે છે કે અહલેબૈતના આ ખલીફાઓ અને કુર્આનશરીફ કદી અલગ નહીં થાય.

જ્યારે સત્તા અને સલ્તનત આ ખિલાફતનો હિસ્સો નથી તો પછી આ ખિલાફતનું મૂળ શુ છે ?

આનું મૂળ એ છે કે આ બધા જ આધ્યાત્મિક, રૂહાની, આંતરિક કામોનું ઉદ્ભવસ્થાન, કેન્દ્રીય સ્થાન, સેન્ટર અને મૂળ-સ્રોત છે. અર્થાત હદીસમાં

અહલેબૈતને જે ખલીફા ફરમાવવામાં આવ્યા છે તે ખલીફાથી મુરાદ એ છે કે આ લોકો આંતરિક આધ્યાત્મિક રૂહાની કાર્યોના એટલે કે બીજા શબ્દોમાં કહીએ તો વિલાયતના કેન્દ્રબિંદુ (સેન્ટર, મર્કઝ) છે. એટલે કે રૂહાની પ્રગતિ અને વિલાયતની બધી જ વ્યવસ્થા એમનાથી જ સંબંધિત છે. આ હકીકતને અમુક બુઝુર્ગોએ દા.ત. હઝરત મુજદ્દિદ અલ્ફસાની સરહિંદી અને હઝરત કાઝી સનાઉલ્લાહ પાનીપતી વગેરેએ વિતગવાર બયાન ફરમાવેલ છે. તફસીરે મઝહરીમાં છે :

હદીસે સકલૈનમાં રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે એ હકીકત તરફ ઈશારો ફરમાવ્યો છે કે પવિત્ર અહલેબૈત વિલાયતના કુત્બુલ ઈર્શાદ છે. પહેલા કુત્બુલ ઈર્શાદ અલી અલૈહિસ્સલામ છે. પછી આપની ફાતિમી ઔલાદ હસન અસ્કરી સુધી કુત્બુલ ઈર્શાદ થયા છે. છેલ્લે હઝરત ગૌસુલ સકલૈન શૈખ અબ્દુલ કાદિર જીલાની રદિયલ્લાહો અન્હુમ કુત્બુલ ઈર્શાદ થયા છે. ન આગળનાઓમાં કોઈ આવો થયો ન આ ઉમ્મતમાં, જે આ કુત્બુલ ઈર્શાદના વસીલા વિના વિલાયતના હોદ્દે પહોંચ્યો હોય. હઝરત મુજદ્દિદ અલ્ફસાની રદિયલ્લાહો અન્હોએ આવું જ કહ્યું છે.

આ વિષય, તફસીરે મઝહરી ભાગ-૨માં બે સ્થળે છે. પેજ-૯૯માં પણ છે અને પેજ-૧૧૪માં પણ. બંને સ્થળોની વાતોને અહીં ભેગી કરી દીધી છે.

[નોટ : અહલે બૈતના ઈમામોમાં હઝરત અલી મુર્તઝા અને હઝરત ઈમામ હસન રદિયલ્લાહો અન્હુમા પાસે એ ખિલાફત પણ છે જેનો એક હિસ્સો સત્તા અને સલ્તનત છે. અંતિમ કાળમાં હઝરત ઈમામ મહદી અલૈહિસ્સલામ ખિલાફતના આ હોદ્દે પણ બિરાજમાન થશે.]

## શું અહલેબૈતનો દરેક જણ (વ્યક્તિ) ખલીફા છે?

ના, બલ્કે એ લોકો જ ખલીફા છે જેઓ રૂહાની અને આંતરિક કાર્યોના સેન્ટર છે જેનાથી વિલાયતની વ્યવસ્થા સંબંધ ધરાવે છે. જેઓ હંમેશ કુર્આનની સાથે રહે છે. અને આ હકીકતને હદીસે પોતે બતાવી છે. શબ્દો

જુઓ :

كتاب الله عزوجل حبل ممدود بين السماء والارض،

وعترتی اهل بیتی، وانهما لن یتفرقا حتیٰ یردا علی الحوض۔

નિઃશંક હું આપ લોકો પાસે બે નાયબ-ઉત્તરાધિકારી છોડીને જાઊં છું. એક તો અલ્લાહની કિતાબ છે જે આકાશો અને ધરતી વચ્ચે જોડાયેલ એક નૂરાની દોરડું છે અને બીજો નાયબ-ઉત્તરાધિકારી મારી આલઓલાદ છે જે મારી અહલેબૈત છે. આ બંને એકબીજાથી કદી અલગ નહીં થાય ત્યાં સુધી કે કૌસરના દરિયાકાંઠે બંને એક સાથે મળીને મારી પાસે આવશે.

આ હદીસ કેટલું સાફ-સાફ બતાવે છે કે અહલેબૈત જે નાયબ અને ખલીફા છે એ હંમેશ કુરાનની સાથે રહે છે. દુનિયા તો દુનિયા, આખેરતમાં પણ આ કુર્આનની સાથે રહેશે. અને કુર્આનની સાથે જ કૌસરના દરિયાકાંઠે જશે.

આ રીતે કુર્આનની સાથે રહેવાનો આવશ્યક અર્થ આ છે કે એમની જિંદગી કુર્આન શરીફના રૂપરંગમાં ઢળેલી છે. આ પ્રકાશમાં સ્પષ્ટ દેખાય છે કે એ જ અહલેબૈત રૂહાની અને આંતરિક બાબતોમાં હકના ખલીફા છે અને એમનાથી વિલાયતનું વ્યવસ્થાતંત્ર સંબંધિત છે જેમની જિંદગી કુર્આનશરીફના જ રૂપરંગમાં રંગાયેલી, ઢળેલી છે.

જેઓ આવા ઈમાન-નવાઝ, આવા મહાન સદ્‌ગુણી, આવા પવિત્ર જીવવાળા, ઉચ્ચ પવિત્ર આધ્યાત્મિક હોદાવાળા, આવા પ્રકાશના કેન્દ્ર અને આવા મહાન ઔલિયા છે; એમને હકના ખલીફા અને રસૂલના નાયબ હોવામાં કોણ ઈન્કાર કરશે ?

બધા જ અહલેબૈતમાં આવા મહાન સદ્‌ગુણો મોટે ભાગે અહલેબૈતના ઈમામોમાં હોવાને કારણે જોવા મળે છે. આ રીતે આ સાહેબો હકના ખલીફા અને રસૂલના નાયબ છે. આ જ ધોરણે ઉમ્મતના બુઝુર્ગ પેશવાઓ હઝરત મુજદ્દિદ અલ્ફસાની સરહિંદી વગેરેએ ફરમાવ્યું છે કે આગલી ઉમ્મતોમાં

અને આ ઉમ્મતમાં પણ જે વિલાયતના હોદ્દે બિરાજમાન થયેલ છે; આ જ સાહેબોના વસીલાથી બિરાજમાન થયા છે.

આ સાહેબો હદીસશરીફના પ્રકાશમાં હકના ખલીફા અને રસૂલના નાયબ છે અને સાચા ખલીફાને ઈમામ કહેવું તદ્દન ખરૂં છે. તેથી એમને ઈમામ કહેવું એક સાફ-સુથરી, સ્પષ્ટ હકીકત છે. અને ખરેખર એ ઈમામ છે. તેથી એહલે સુન્નતના પેશવાઓ એમને ઈમામ કહે છે. એમને ઈમામ કહેવાનો ભાવાર્થ એ છે કે આ સાહેબો હકના ખલીફા છે; રસૂલના નાયબ છે; વિલાયતની સઘળી વ્યવસ્થા એમનાથી જ સંબંધિત છે. એમને ઈમામ કહેવું એ શીઆ સંપ્રદાયનું અનુકરણ કદાપિ નથી; બલ્કે નબવી હદીસનું અનુકરણ છે. તેથી જ અહલે સુન્નતના એ પેશવાઓ પણ એમને ઈમામ કહે છે જેમણે શીઆ સંપ્રદાયના વિરોધમાં પુસ્તકો લખ્યાં છે અને શીઅતની અસરથી બચાવવા માટે કલમ વડે પુષ્કળ જદો જેહત કરી છે. દા.ત. મુજદ્દિદ સરહિંદી, શાહ વલીયુલ્લાહ સાહેબ મુહદ્દિસે દહેલ્વી, શાહ અબ્દુલ અઝીઝ સાહેબ મુહદ્દિસે દહેલ્વી વગેરે...

જે લોકો પોતાને "તબ્લીગી, દેવબંદી, વહાબી" લખે છે અને અહલેબૈતના આમ (જાહેર) ઈમામોને જ નહીં, બલ્કે સૈયદના ઈમામ હુસૈન અલૈહિસ્સલામને પણ ઈમામ કહેવાના તરફદાર નથી બલ્કે આને ખૂબ ખરાબ સમજે છે. એ લોકો આને યાદ રાખે તો સારૂં છે કે એમના મોટા (વહાબી) પેશવા, ફાઝિલ, અશરફ અલી થાનવીએ પણ એ બુઝુર્ગોને અહલેબૈતના ઈમામ લખેલ છે. એ પોતાના ફત્વામાં લખે છે :

ائمہ اہل بیت علیہم السلام کا اکثر اہتمام افادات باطنی میں زائد رہا۔

"અહલેબૈતના ઈમામો અલૈહિમુસ્સલામનો આંતરિક ફૈઝના મામલામાં ફાળો ઘણો મોટો રહ્યો." (ફતાવા અશરફીયા, ભાગ-૪ પેજ, ૧૩૪)

## આલે રસૂલથી જોડાયેલા રહેવાની હજી વધુ એક હદીસ

સામાન્ય રીતે મોટી હસ્તીઓના અકીદતમંદો એમની જિંદગીમાં એમની આલ-ઓલાદને ઘણા માને છે પરંતુ એમનો પડદો ફરમાવ્યા પછી કેટલાક લોકોની નજરો બદલાઈ જાય છે. જો એ ખરો જા-નશીન છે તો એને ગણત્રીમાં ન લેવો એ ઘણો મોટો અપકાર અને ગદારી છે. આ તો આમ પેશવાઓની આલઓલાદનો મામલો છે અને સર્વશ્રેષ્ઠ, સૌથી મહાન ઉપદેશક સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની આલઓલાદ કે જે હિદાયતના સૂરજનો પ્રકાશપૂંજ છે; ત્યાં સુધી કે જે માણસ એમનાથી અને કુર્આનશરીફથી જોડાયેલ છે એ કદી ભટકી શકતો જ નથી. જો એમને કોઈ ગણત્રીમાં જ લેવામાં ન આવે તો એ હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમથી કેટલી મોટી ગદારી ગણાશે ? અને ઉપદેશ, શિખામણ, બોધપાઠ, દર્સો ઈબ્રત, રુશ્દો હિદાયતથી કેટલી મોટી દૂરી અલગતા, મેહરૂમી છે ?

કાશ ! યઝીદ અને યઝીદીઓ આને સમજતા કે છેવટે નબીએ અકરમ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ કેમ વારંવાર આની હિદાયત ફરમાવે છે કે લોકો ! કુર્આન શરીફ અને મારી આલઔલાદથી જોડાયેલા રહો, જેથી ભટકી ન શકો.

એક હદીસમાં આ પણ છે કે લોકો ! આની ઉપર પણ નજર રાખો કે મારા પછી કુર્આન શરીફ અને મારી ઓલાદ જોડે કેવો વર્તાવ કરવો જોઈએ ? હદીસના શબ્દો આ છે:

انی تارك فیکم ما ان تمسکتم به لن تضلّوا بعدی احدهما

اعظم من الآخر، کتاب الله حبل ممدود من السماء الی الارض وعترتی اهل بیتی،

ولن یتفرقا حتیٰ یردا علی الحوض، فانظروا کیف تخلفوا فی فیهما۔

હું આપ લોકો પાસે એવી બે ચીજો છોડી જઈ રહ્યો છું કે જો એમને પકડી રાખશો તો ગુમરાહ થઈ જ નથી શકતા. એમનામાં એક વધારે

શાનદાર છે; એ છે ખુદાઈ કિતાબ જે આકાશોથી ધરતી સુધી (નૂરનું) એક લટકતું દોરડું છે. અને બીજી વસ્તુ મારી ઓલાદ છે જે મારા ખાસ અહલેબૈત છે. આ બંને હંમેશા સાથે રહેશે. ત્યાં સુધી કે બંને એકી સાથે કૌસરના દરિયાકાંઠે મારી પાસે આવશે. માટે આની ઉપર નજર રાખો કે મારી જગ્યાએ જ્યારે તમને કુર્આન અને મારી ઓલાદ જોડે વર્તાવ કરવો હોય તો કેવો વર્તાવ કરશો ?

અર્થાત્ કુર્આન મજીદ અને મારી આલઓલાદનું ખાસ ધ્યાન રાખજો નહિતર હિદાયતથી વંચિત રહેશો. ઈસ્લામે તો પવિત્ર આલે રસૂલને એટલું મહત્ત્વ આપ્યું છે કે એની આગળ કાંઈ કહી નથી શકાતું અને બતાવ્યું કે ગુમરાહીથી બચવા માંગો છો તો કુર્આન અને અહલે બૈતથી જોડાયેલા રહો. વળી, એમનાથી મોહબ્બત કરવી અને એમના હક્કો અદા કરવા ઉપર ખૂબ ભાર આપ્યો છે. અને એમનો અદબ અને માન-સન્માન જાળવવાની તાકીદો ઉપર તાકીદો ફરમાવી છે. હવે જુઓ, તમે એમની સાથે કેવો વર્તાવ કરો છો ?

## આલે રસૂલના હક્કો શું છે ?

એમનો અદબ અને વિવેક કરો, એમનાથી હિદાયત મેળવતા રહો, એમના પાલવથી જોડાયેલા રહો, એમની પેરવી અને અનુકરણ કરતા રહો, એમને કોઈ જાતની તકલીફ ન આપો, એમની જોડે સારામાં સારો વર્તાવ કરો, જે માણસ એમની સાથે ખરાબ અને જુલ્મી વર્તાવ કરશે, હદીસનું એલાન છે કે એની ઉપર અલ્લાહની અને રસૂલની લાનત છે.

## હદીસનું એલાન કે આલે રસૂલ જોડે ખરાબ વર્તાવ કરનારો મલઊન છે

ઈમામ તહાવી શક્લુલ આસારમાં અને તસ્રીહે મિશ્કાતમાં, ઈમામ બૈ-હકી મુદખલમાં અને મુહદ્દિસ રઝીન પોતાની કિતાબ તજરીદુલ સિહાહમાં ઉમ્મુલ મુઅ્મિનીન આઈશા સિદ્દીકા રદિયલ્લાહુ તઆલા

અન્હાથી રિવાયત છે કે ખુદાના રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે :

ستة لعنتهم و لعنتهم الله وكل بنى مجاهد الزآئد فى كتاب الله والمكذب بقدوالله والمسلط با لجبروت لبعر من اذله الله ويذل من اعزه الله و المستحل لحرم الله و المستحل من عترتى ما حرم الله و المتارك لسنتى

છ જાતના લોકો એવા છે જેમની ઉપર મેં લાનત મોકલી છે અને અલ્લાહે પણ લાનત કરી છે અને દરેક નબીની દુઆ અને બદદુઆ કબૂલ છે. એ લોકો આ છે:

(૧) અલ્લાહની કિતાબમાં કંઈક વધારો-ઉમેરો કરનાર (૨) નસીબનો ઈન્કાર કરનાર (૩) એ માણસ જેણે (લોકોને) દબાવીને કબજો મેળવ્યો છે, એનું પરિણામ એ આવશે કે જે લોકોને અલ્લાહે (એમના કુફ્રના કે ફિસ્કના કારણે) ઝિલ્લતના દરજ્જામાં રાખ્યા છે એમને એ ઝલીલ કરશે. (૪) અને એ માણસ જે ખુદાના હરમ (કાબાશરીફ)નું અપમાન કરે. (૫) અને એ માણસ જે મારી ઓલાદ જોડે એવો વર્તાવ કરે જેને અલ્લાહે હરામ ઠેરવેલ છે. (૬) અને મારી સુન્નતને છોડી દેનાર.

આ હદીસમાં એલાન છે કે જે માણસ આલે રસૂલ જોડે ખરાબ વર્તણુંક કરશે, એની ઉપર અલ્લાહ અને રસૂલનો ફિટકાર (લાનત) છે. આ પ્રકારની ઘણી બધી દલીલોના આધારે ઘણા બધા ઉલ્માએ રબ્બાનીએ સાફ શબ્દોમાં યઝીદ પર લાનત મોકલી છે.

## આલે રસૂલ જોડે ખરાબ વર્તાવ કઈ-કઈ વાતો છે ?

આવી અસંખ્ય વાતો છે અને બધી હરામ છે. દા.ત. (૧) એમને ઈજા પહોંચાડવી હરામ (૨) એમનો અદબ અને માન-સન્માન ન જાળવવો હરામ (૩) એમના હક્કોની અદાયેગીમાં સુસ્તી કરવી હરામ. વિગતવાર નીચે પ્રમાણે છે.

# આલે રસૂલને ઇજા પહોંચાડવી હરામ છે

કેમકે એમને ઈજા પહોંચાડવી એ ખુદ રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમને ઈજા પહોંચાડવા બરાબર છે. વિગત જુઓ :

(૧) મુસ્નદે અહમદ, તારીખે કબીર ઈમામ બુખારી, અને મુસ્તદરક હાકિમમાં હદીસ છે કે રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે : **من آذیٰ علیًّا فقد آذانی** જેણે અલીને ઈજા પહોંચાડી એણે મને ઈજા પહોંચાડી. (૨) હઝરત ઈમામ હસન અલૈહિસ્સલામની ફઝીલતમાં પૈ-કરે નૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમનું ફરમાન છે. **من آذیٰ هذا فقد آذانی** જેણે આમને (હસનને) ઈજા પહોંચાડી એણે મને ઈજા આપી, **ومن آذانی فقد آذیٰ اللّٰه** અને જેણે મને ઈજા આપી એણે અલ્લાહને ઈજા પહોંચાડી. કન્ઝુલ ઉમ્માલ તકતીએ કલાં (ભાગ-૬, પેજ-૨૨૨, હવાલો : તિબરાની, રાવી અનસ)(૩) ઈમામ હુસૈન અલૈહિસ્સલામની ઈજાથી નૂરે મુજસ્સલમ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમને કેટલી ઈજા પહોંચી છે એનો અંદાજો નીચેની હદીસોથી લગાવો :

(એ) મુસ્નદ અહમદ, મુસન્નફે અબ્દુર્રઝઝાક, તબ્કાત ઈબ્ને સઅદ, મુઅ્જમે કબીર તિબરાનીમાં હઝરત અલીથી મરવી છે, વળી મુઅ્જમે કબીર તિબરાનીમાં હઝરત અબૂ અમામા અને હઝરત અનસથી મરવી છે અને તબ્કાતમાં ઈબ્ને સઅદ અને મુઅ્જમે કબીર તિબરાનીમાં ઉમ્મુલ મુઅ્-મિનીન હઝરત આઈશાથી રિવાયત છે, ઈબ્ને અસાકિરમાં ઉમ્મુલ મુઅ્મિનીન હઝરત ઉમ્મે સલ્મહથી, મુસન્નફે અબ્દુર્રઝઝાકમાં ઉમ્મુલ મુઅ્મિનીન હઝરત ઝૈનબથી, ઈબ્ને અસાકિરમાં ઉમ્મુલ ફઝ-લ વાલિદાએ માજિદહ હઝરત ઈબ્ને અબ્બાસથી, કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે :

قام عندی جبریل من قبل فحدثنی ان الحسین یقتل
بشط الفرات، وقال هل لك ان اشمك من تربته ؟ قلت نعم
فمدیده فقبض قبضة من تراب فاعطابیها فلم املك عینی ان فاضتا۔

જિબ્રઈલે મારી પાસે ઉભા થઈને કહ્યું કે હુસૈનને ફુરાત નદીના કિનારે કતલ કરવામાં આવશે. અને એમ પણ કહ્યું કે આપ ત્યાંની માટી સૂંઘવા માંગો છો ? આપે ફરમાવ્યું, હા, તો જિબ્રઈલે હાથ લાંબો કરી એક મુઠ્ઠીભર માટી ઉઠાવી અને મને આપી. તો હું એટલો બેચેન થઈ ગયો કે આંખો પર કાબૂ ન રહ્યો. છેવટે આંખોથી આંસુ વરસવા લાગ્યા.

(બી) તબ્કાત ઈબ્ને સઅદમાં ઉમ્મુલ મુઅ્-મિનીન હઝરત આઈશા તૈયબા રદિયલ્લાહુ અન્હાથી મરવી છે કે રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે :

ان جبریل ارانی التربة التی یقتل علیها الحسین، فاشتد غضب
اللّٰه علیٰ من یسفك دمه، فیا عائشة و الّذی نفسی بیده انه
لیحزننی فمن هذا من امتی یقتل حسینا من بعدی۔

જે માટીની ઉપર હુસૈનને શહીદ કરવામાં આવશે એ મને જિબ્રઈલે દેખાડી દીધી છે. જે માણસ હુસૈનનું લોહી વહાવશે એની ઉપર અલ્લાહનો ભયંકર અઝાબ થશે. હે આઈશા ! એના સોગંધ જેના કબજામાં મારો જીવ છે કે હુસૈનની શહાદતથી મને ઘણો જ ગમ અને દુઃખ થશે, મારી ઉમ્મતમાં એ માણસ કોણ હશે જે મારા પછી હુસૈનને કતલ કરશે.

(કન્ઝુલ ઉમ્માલ, તકતીએ કલાં, ભાગ-૬, પેજ ૨૨૨)

(સી) મિશ્કાતશરીફ પેજ-૫૭૨માં દલાઈલુન નબુવ્વત, બૈ-હકીના હવાલાથી છે કે : હઝરત ઉમ્મુલ ફઝ-લ રદિયલ્લાહુ અન્હા (જેઓ હઝરત અબ્બાસ રદિયલ્લાહો અન્હોના પત્ની છે) રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા

અલૈહે વઆલેહી વસલ્લમ પાસે હાજર થઈ કહે છે : હે અલ્લાહના રસૂલ ! મેં રાત્રે ઘણો જ દર્દનાક ખ્વાબ (સપનું) જોયો છે. આપે ફરમાવ્યું : એ શું ? એ કહે છે : ઘણો જ દર્દનાક. આપે ફરમાવ્યું : એ છે શું ? એમણે કહ્યું કે મેં એવું જોયું છે કે આપના શરીરનો એક ટુકડો કાપીને મારી ગોદમાં રાખી દેવામાં આવ્યો. આપે ફરમાવ્યું : તમે ઘણો જ સારો ખ્વાબ જોયો છે. ઈન્શાઅલ્લાહ ફાતિમાને પુત્ર પેદા થશે અને તમારી ગોદમાં મૂકવામાં આવશે.

(હઝરત ઉમ્મે ફઝ્-લનું બયાન છે કે) પછી હુસૈન પેદા થયા અને મારી ગોદમાં એમને મૂકવામાં આવ્યા જેવું કે રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું હતું. (એક દિવસની વાત છે કે) હું રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ પાસે આવી અને આપની ગોદમાં હુસૈનને આપી દીધા. પછી આપને જોયા તો આપની આંખોમાંથી આંસુ વહી રહ્યા હતા. મેં અરજ કરી, હે અલ્લાહના રસૂલ ! આપ પર મારા માંબાપ કુર્બાન, આપને શું દુઃખ પહોંચ્યું છે ?

આપે ફરમાવ્યું : મારી પાસે જિબ્રઈલ અલૈહિસ્સલામ આવ્યા, અને આ સમાચાર આપ્યા કે મારા આ બેટાને મારી ઉમ્મત કતલ કરશે. હઝરત ઉમ્મે ફઝ-લએ, હઝરત હુસૈન ભણી ઈશારો કરી પૂછ્યું, આને ? આપે ફરમાવ્યું, હા, અને જિબ્રઈલે, હુસૈન (ની કતલગાહ)ની લાલ માટી પણ મને આપી છે.

[નોટ : આ હદીસથી નીચેની બાબતો જાણવા મળે છે]

(૧) ગૈબી આલમમાં દેખાડવામાં આવ્યું કે ઈમામ હુસૈન અલૈહિસ્સલામ હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમના પવિત્ર શરીરનો એક ટુકડો છે. આ ઈમામ હુસૈન અલૈહિસ્સલામની કેટલી મોટી ફઝીલત છે ? અને જ્યારે હઝરત ઈમામ હુસૈન, હુઝૂરના શરીરનો એક ટુકડો છે તો સાફ પરિણામ નીકળે છે કે આપને ઈજા આપવી એ હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમને ઈઝા પહોંચાડવા

બરાબર છે; જે કાંઈ આપની જોડે કરવામાં આવ્યું એ હુઝૂરની જોડે જ કરવામાં આવ્યું.

**કત્લે હુસૈન અસ્લમેં કત્લે રસૂલ હૈ**
**ક્યૂં કિ હુસૈન પા-રએ જિસ્મે રસૂલ હૈ**

(૨) હઝરત ઈમામ હુસૈનની શહાદતની ખબર સાંભળતાં જ આપને એટલું દુઃખ પહોંચ્યુ કે આંખોના ઘડા આંસુઓથી છલકાઈ ગયા. પછી કર્બલાના મેદાનમાં જે દર્દનાક દાસ્તાનો થઈ એનાથી આપના નાજુક ફૂલ-સમા દિલ ઉપર શું શું વીત્યું હશે? કેટલા દુઃખ-દર્દો અને અસહ્ય યાતનાઓ, વેદનાઓ થઈ હશે? શું કોઇ આનો અંદાજો પણ લગાવી શકે છે?

(૩) ઈમામ હુસૈન અલૈહિસ્સલામને નબીએ રહમત સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે પોતાનો બેટો ફરમાવ્યો છે. આપને રસૂલના ફરઝન્દ કહેવા એ આ હદીસ પર અને આના જેવી ઘણી બધી હદીસો પર અમલ છે, અને હદીસ પર અમલ એ ઘણા મોટા અજર તથા સવાબનું કામ છે.

★ મિશ્કાતશરીફમાં પેજ-૫૭૨માં મુસ્નદે અહમદ અને દલાઈલુન નબુવ્વત બૈ-હકીના હવાલાથી છે કે :

عن ابن عباس انه قال : رأيت النبی صلی الله علیه وسلم
فیما یریٰ النائم ذات یوم بنصف النهار شعث اغبر، بیده قارورة فیهادم فقلت
بابی انت وامی ما هذا ؟ یا رسول الله ـ فقال : هذا دم الحسین و اصحابه، ولمازل
التقطه منذالیوم۔ فاحصی ذالك الوقت، فاجد قتل ذالك الوقت ـ

હઝરત ઈબ્ને અબ્બાસ ફરમાવે છે; મેં એક વાર બપોરે સપનામાં હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમને એ હાલતમાં જોયા કે વાળ વિખરાયેલા છે; પવિત્ર વજૂદ પર ધૂળ ખરડાયેલી છે અને આપના પવિત્ર કરકમળ રૂપી હાથ મુબારકમાં એક કાચની શીશી છે જેમાં લોહી છે. મેં અરજ કરી, હે અલ્લાહના રસૂલ! આપ પર મારા માંબાપ કુર્બાન,

આ શું છે ?

આપે ફરમાવ્યું, "આ હુસૈન અને એમના સાથીદારોનું લોહી છે જેને આજે હું અત્યાર સુધી ઉઠાવતો રહ્યો."

હઝરત ઈબ્ને અબ્બાસનું બયાન છે કે, મેં એ સમય (અને તારીખ) ને યાદ કરી લીધો. પછી (વખત જતાં) ખબર પડી કે એ જ સમયે (અને એ જ તારીખે) હુસૈનને શહીદ કરવામાં આવ્યા હતા.

[નોટ : આ રિવાયતથી અંદાજો લગાવો કે જાલિમોએ હુસૈનને શહીદ કર્યા તેનાથી હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમને કેટલી તકલીફ પહોંચી છે ? અને કેટલું ભયંકર દુઃખ અને અસહ્ય દર્દ આપને થયું છે ?]

★ ઉપર એક હદીસ આ વિષયની આવી ગઈ છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યુ છે :

જેણે અલીને તકલીફ આપી એણે મને તકલીફ આપી. ★ એક હદીસ આ વિષયની પણ આવી ગઈ છે, જેણે ઈમામ હસનને ઈજા પહોંચાડી એણે મને ઈજા આપી. ★ અને ત્રણ હદીસો આ વિષયની રજૂ કરવામાં આવી છે કે : "ઈમામ હુસૈનને ઈજા પહોંચાડવા તથા શહીદ કરવાના કારણે હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમને અનહદ તકલીફ પહોંચી છે."

હવે સમજવાની વાત આ છે કે જ્યારે હઝરત અલી, ઈમામ હસન અને ઈમામ હુસૈન અલૈહિમુસ્સલામને ઈજા પહોંચાડવી ખુદ હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમને ઈજા આપવા બરાબર છે તો એનો અંજામ શુ થશે ?

દરેક જાણકાર મુસલમાન જાણે છે કે હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમને ઈજા આપવી સો લાનતની એક લાનત છે. કુર્આને મજીદ સાફ શબ્દોમાં બયાન ફરમાવે છે :

إِنَّ الَّذِيْنَ يُؤْذُوْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ لَعَنَهُمُ اللّٰهُ فِي
الدُّنْيَا وَالْاٰخِرَةِ وَاَعَدَّ لَهُمْ عَذَابًا

"જે લોકો અલ્લાહ અને રસૂલને ઈજા આપે છે ખરેખર અલ્લાહે એમની ઉપર દુનિયામાં લાનત કરી છે અને આખેરતમાં પણ, અને એમને માટે દર્દનાક અઝાબ તૈયાર કરી રાખ્યો છે."

(અહઝાબ, પારો-૨૨, રુકૂઅ-૨૩)

આ આ ભવ્યાતિભવ્ય આયત શરીફે ફેંસલો ફરમાવી દીધો કે : જે લોકોએ ખુદાના હબીબ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમને ઈજા પહોંચાડી છે એમની ઉપર ● દુનિયામાં પણ લાનત ● આખેરતમાં પણ લાનત ● અને એમના માટે દર્દનાક અઝાબ છે.

આ આયતશરીફના પ્રકાશમાં, જે જાલિમોએ ઈમામ હુસૈન અલૈહિસ્સલામને કતલ કર્યા અથવા કરાવ્યા જેમકે શિમ્ર, ઈબ્ને સનાન, ખોલી, ઈબ્ને સઅદ, ઈબ્ને ઝિયાદ અને યઝીદ ● એમની ઉપર દુનિયામાં પણ લાનત ● આખેરતમાં પણ લાનત ● અને એમના માટે દર્દનાક અઝાબ છે

આ જ કારણે અસંખ્ય આલિમો તથા ઔલિયાઅલ્લાહે એ બધા (યઝીદ અને તેના સાથીદારો)પર લાનત કરી છે.

## આલે રસૂલનો અદબ અને માન-સન્માન વાજિબ છે અને અદબ અને માન-સન્માન ન કરવું હરામ

ઉપર આ વિષયની હદીસ પસાર થઈ ચુકી છે કે આલે રસૂલ જોડે ખરાબ વર્તાવ કરવો હરામ છે અને ઉપર અલ્લાહની અને રસૂલની લાનત છે અને ત્યાં આ પણ બતાવી દેવામાં આવ્યું કે એમની જોડે ખરાબ વર્તન આ પ્રકારની બાબતો છે:-

(૧) એમને ઈજા આપવી

(૨) એમનો અદબ અને આદર-સત્કાર ન જાળવવા
(૩) એમના હક્કોની અદાયેગીમાં સુસ્તી કરવી

જે માણસ આ પૈકી કાંઈ પણ કરશે એ મલઊન છે. પાછલા પાનાઓમાં આની વિગત હતી કેઃ આલે રસૂલને ઈજા આપવી હરામ છે. આ વિભાગમાં એનું બયાન છે કે આલે રસૂલનો અદબ અને વિવેક જાળવવો વાજિબ છે અને એમનો અદબ અને માન ન જાળવવું હરામ છે.

ઉપર સહીહ મુસ્લિમની રિવાયત છે જે હદીસે સક્લૈન લખવામાં આવી ગઈ છે. એના છેવટમાં છે :

اذکرکم اللّٰه فی اهل بیتی
اذکرکم اللّٰه فی اهل بیتی
اذکرکم اللّٰه فی اهل بیتی

"હું તમને ખબરદાર કરૂં છું કે મારા અહલેબૈતના હકમાં અલ્લાહથી ડરો. હું તમને ખબરદાર કરૂં છું. કે મારા અહલેબૈતના હકમાં અલ્લાહથી ડરો. હું તમને ખબરદાર કરૂં છું કે મારા અહલેબૈતના હકમાં અલ્લાહથી ડરો."

તાકીદ ઉપર તાકીદ છે, અને ત્રણ વાર ખબરદાર કરવામાં આવ્યા છે; "મારા અહલેબૈતના હકમાં અલ્લાહથી ડરો."

તાલીમમાં ઘણી જ આમ વિશાળતા છે. આમાં આ બધી વાતો આવી જાય છે કે : (૧) મારા અહલેબૈતથી મોહબ્બત રાખો, દુશ્મની-અદાવત અને કીનો-કપટ, નફરત ન કરશો, એમાં પણ અલ્લાહથી ડરો કે અઝાબમાં ન પડી જાવ. (૨) એમને તકલીફ ન આપો, એમાં પણ અલ્લાહથી ડરો, નહિતર અઝાબમાં સપડાશો. (૩) એમનો અદબ અને આદર કરો, અપમાન અને તિરસ્કાર ન કરશો, એમાં પણ અલ્લાહથી ડરો, નહિતર અઝાબ છે. (૪) એમના બીજા બધા જ હક્કોની અદાયેગી અને અધિકારોની

જાળવણીનું ખાસ ધ્યાન રાખો, એમને અદા કરવામાં પાછી પાની ના કરતા, એમાં પણ અલ્લાહથી ડરો, નહિતર ખુદાઈ પ્રકોપમાં ફસડાઈ પડશો.

આની તરફેણમાં અસંખ્ય હદીસો છે; મુઅ્જમે કબીર તિબરાનીમાં હઝરત ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે ખૂદાના રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે અહલે બૈત વિષે ફરમાવ્યું છે :

انهم عترتی ، خلقوا من طینتی، ورزقو افهمی
وعلمی، فویل للمکذبین بفضلهم من اُمتی
القاطعین فیهم صلتی ، لا انا ل اللّٰہ شفاعتهم-

"આ લોકો મારી સંતાન છે, તેઓ મારી તીનત (ખમીર, માટી) માંથી પેદા થયા છે; એમને મારી સમજ-બૂજ અને મારા ઈલ્મમાંથી હિસ્સો મળ્યો છે. મારા એ ઉમ્મતી માટે વેલ (જહન્નમંના અઝાબનો કૂવો) અને બરબાદી છે જે એમની ફઝીલતનો ઈન્કાર કરે છે અને મારાથી એમનો જે સંબંધ (નિકટતા) છે એને એ કાપવા માંગે છે. અલ્લાહ તઆલા આવા (નિષ્ઠુર) લોકોને (કાલે કયામતમાં) મારી શફાઅત અતા નહીં ફરમાવે."

(કન્ઝુલ ઉમ્માલ, ભાગ-૬, પેજ-૨૧૮)

આ હદીસથી નીચે પ્રમાણે બાબતો જાણવા મળી :

(૧) પવિત્ર અહલેબૈત હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની તીનત (માટી) અને ખમીરમાંથી પેદા થાય છે. આ વિષયની બીજી એક હદીસ આગળ લખવામાં આવી ચુકી છે.

(૨) પવિત્ર અહલેબૈતને હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની સમજબૂજમાંથી હિસ્સો મળ્યો છે. જેને ફહમ કહેવામાં આવે છે. આ એ ફહમ છે જે ખુદાદાદ પવિત્ર અક્કલશરીફથી છલોછલ છે. એટલે કે હિકમતો દાનાઈનો અપાર મહાસાગર છે. આ અક્કલમાં ખરાબ વિચારો, ગંદા ખયાલો, પોકળ કલ્પનાઓની લેશમાત્ર ગુંજાઈશ નથી. આ અક્કલશરીફ આવા બધા અનિષ્ટોથી લાખો-કરોડો માઈલ દૂર, પાક,

પવિત્ર, પરે અને અલિપ્ત છે. આ અક્કલશરીફ પર શહૂદે ઈલાહીનો કાબૂ છે; ખુદાના જલ્વાઓનું નિરંતર નુઝૂલ છે; અનવારો તજલ્લિયાતના પ્રકાશ પૂંજો છે. આ ફહમ ખોરાકની ખૂબીથી નહીં પણ ખુદાના નૂરથી પૈદા થાય છે. એ જેને મળે છે એ ઉચ્ચ કોટિના, ઊંચા દરજ્જાના સિદ્દીકો છે જેમને મુફહિમીન કહેવામાં આવે છે. એમની અક્કલશરીફ સમૂળગી નૂરુન અલા નૂર હોય છે. અને ફરાસત કરતાંયે વધુ આગળ હોય છે. જો કે ફરાસત પણ નૂરથી જ પેદા થાય છે.જેના લીધે બાહ્ય નજરથી આંતરનું ઈલ્મ પ્રાપ્ત થઈ જાય છે. હદીસમાં છે. :

اتقوافراسة المومن فانه ينظر بنور الله۔

"મોમિનની ફરાસતથી ડરો કેમ કે,એ અલ્લાહના નૂરથી જુએ છે."

(અલ જામેઉસ સગીર, પેજ-૭)

ફરાસત વસ્તુને જોવાથી પેદા થાય છે અને ફહમે નૂરાની આની ઉપર આધારિત નથી, બલ્કે વસ્તુને જોયા વિના પણ હોય છે. નૂરાની ફહમમાં ઈલ્હામ (ગેબી આદેશ) અને ઈદરાક (ખુદાદાદ અક્કલશરીફ)નું સંયોજન હોય છે.

મુફહિમીનના સ્રોત અમીરુલ મુઅ-મિનીન સૈયદના અલી મુર્તઝા કર્રમલ્લાહુ વજ-હહુલ કરીમ છે. આ જ કારણે મોટા-મોટા સહાબીઓ ખુદાઈ ભેદ-ભરમો, અલૌકિક રહસ્યોના વિભાગમાં આપની તરફ જ દૃષ્ટિપાત કરે છે. આપે અમુક અવસરોએ આને જાહેર પણ ફરમાવ્યું છે કે અલ્લાહે એમને એ ફહમથી નવાઝ્યા છે. સહાબી હઝરત અબૂ હુઝૈફાએ એક દિવસે હઝરત અલીથી પૂછ્યું, શું આપની પાસે કોઈ કિતાબ છે? આપે ફરમાવ્યું, لا الا كتاب الله اوفهم اعطيه رجل مسلم اومافى هذه الصحيفة ના, પણ અલ્બત્ત કુર્આનશરીફ છે અને એ ફહમ (હિકમત) પણ છે જે કોઈ (ખાસુલ ખાસ) મુસ્લિમને આપવામાં આવી હોય, અને સહીફામાં જે કાંઈ છે એ જ (મારી પાસે છે.) (સહીહ બુખારી, ભાગ-૧, પેજ-૨૧)

આ ફહમનું વિવેચન મિર્કાત શર્હે મિશ્કાતમાં આ રીતે કરવામાં આવ્યું છે :

**المراد منه ما يستنبط به المعانى و يدرك به الاشارات، والعلوم الخفية**

"એનાથી એ સમજબૂજ મુરાદ છે જેના લીધે ખુદાઈ ભેદ-ભરમોનું રહસ્યોદ્‌ઘાટન, ઈશારાઓ અને છુપા ઈલ્મોની જાણકારી પ્રાપ્ત થાય છે.

(હાશિયા મિશ્કાત, પેજ-૩૦૦)

હઝરત શૈખ અબ્દુલ હક મુહદ્દિસ દહેલ્વીની વિવેચના વધારે વિગતવાર છે; આપના શબ્દો આ છે :

استنباط کند بداں معنی ، وادراک کند بداں اشارات و علوم
پنہانی، واسرار باطنہ راکہ ظاہر می گردد، علمائے
راسخین را، ومنکشف می گردد مر عارفاں ارباب یقین را

આ એ સમજબૂજ છે જેનાથી ખુદાના અલૌકિક રહસ્યો ખુલે છે અને એ ઈશારાઓ અને છુપા ઈલ્મો અને આંતરિક ભેદ-ભરમોની જાણકારી પ્રાપ્ત થાય છે જે માત્ર સાચા ઉલ્માએ રાસેખીન (આલિમે રબ્બાની) ઉપર જ જાહેર થાય છે અને યકીનની મંઝિલ પર બિરાજમાન, ખુદાને ઓળખનારા-આરિફો ઉપર જ એમનું રહસ્યોદ્‌ઘાટન થાય છે. (અશ્અતુલ લમઆત્‌ ભાગ-૩, પેજ-૨૨૯)

[ફૂટનોટ : ઉલ્માએ રાસેખીન એ ઉલ્મા છે જેમના ઈલ્મમાં ઘણી પાયેદારી (બુનિયાદી મજબૂતાઈ) છે. હઝરત કાઝી સનાઉલ્લાહ પાનીપતી તફસીરે મઝહરી ભાગ-૨, પેજ-૧૪માં લખે છે :

સૂફી બુઝુર્ગોનું ફરમાન છે કે ઉલ્માએ રાસેખીન એ ઉલ્મા છે. જેઓ કલ્બ (હૃદય), નફસ (જીવ) અને મૂળભૂત તત્ત્વોને ફનાના દરજ્જે પહોંચાડવાના કારણે નફસની ઈચ્છાઓની પકડમાંથી નિકળીને ખુદાની ઝાતની તજલ્લીઓની હમાહમીમાં આગળને આગળ છે. એમને કોઈ શંકા-કુશંકા નથી થતી, એમની જીભે આ તરાનો

(ગીત) હોય છે :

لو كشف الغطاء لما ازددت يقينا

જો પડદો ઊંચકી લેવામાં આવે તો પણ મારા યકીનમાં વધારો નહીં થાય.

દર અસલ ઉપરોક્ત ફરમાન હઝરત અલી કર્રમલ્લાહૂ વજ-હહુલ કરીમનો છે. હદીસમાં છે કે ઇલ્મમાં રાસેખીનની વિગત આ છે :

من برت يمينه ، وصدق لسانه و استقام قلبه ،

ومن عف بطنه و فرجه فذالك من الراسخين فى العلم

જેના સોગંધ પૂરા થઈને રહે છે અને એનું હૃદય સીધું છે અને જેનું પેટ અને અવયવો હરામ ખોરાકથી પાક-પવિત્ર, પર છે એ જ ઇલ્મમાં રાસિખ છે.]

(૩) આ વિભાગના આરંભમાં પવિત્ર આલ-ઓલાદના ફઝાઈલની જે હદીસ લખવામાં આવી છે એના બે ફાયદા આપે પઢી લીધા. આ ઉપરાંત એ હદીસમાં આ વિગત પણ છે કે આલે રસૂલને હૂઝૂર દાનાએ ગોયૂબ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમના ઈલ્મનો પણ હિસ્સો મળ્યો છે. તો ફરમાન છે: رزقوا فهمی و علمی "એમને મારી અક્કલ શરીફ અને મારો ઈલ્મ મળ્યો છે." "અર્થાત્ એ લોકો મુહમ્મદી ઈલ્મના વારસદારો છે; નબવી ઈલ્મોના ઉત્તરાધિકારી છે; પૈગંબરી જ્ઞાનના નાયબો છે. મુહમ્મદી ઈલ્મ એક અફાટ, અપાર, અમાપ, અનહદ સમુદ્ર છે જેની વિશાળતા, જેની ખૂબીઓ, વિશિષ્ટતાઓ માણસ જાતની કાબેલિયતની પરાકાષ્ટાઓની બધી જ હદોથી આગળ છે; સીમાઓથી પર છે. આ ઈલ્મ કુર્આન અને હદીસના જાહેર ઈલ્મો ઉપરાંત એમના આંતરિક છુપા ગાઢ ઈલ્મોનો પણ મજમૂઓ છે; સંગ્રહ છે; સ્રોત છે. અને એમની કૈફિયતો, ઈરશાદાત, ફરમાનો, એમના છુપા પડદાઓ ઉપર પડદાઓ પાછળના ભેદો, રહસ્યો, રાઝો રુમૂઝ, ખુદાઈ હકાઈક, નુકતાઓ, ઈશારાઓનો પણ મજમૂઓ છે, સંગ્રહ છે, સ્રોત છે. હદીસના બયાનના વારસદારો છે. આનાથી એમના ઈલ્મોની વિશાળતા, ઉંડાણ, અગાધતાનો કાંઈક અંદાજો લાગે છે. આ ઈલ્મોના અમુક પ્રકારોનું બયાન ફૂટનોટમાં દર્શાવેલ છે :

[ફૂટનોટ : (૧) ઈલ્મે મુન્કર્ઝઃ આજ્ઞાઓ અને મનાઈઓનું ઈલ્મ, આમાં પુરેપૂરો ઈલ્મ, અકીદાઓ અને ફિકહ તથા શરઈ મસાઈલ છે. પણ ફિકહના ઘણા બધા મસ્અલાઓ એવા છે જેમનો ઈલ્મ દરેક વ્યક્તિ માટે આવશ્યક નથી.

(૨) **ઇલ્મે વિરાસત** : આ ઈલ્મે વિરાસત પર અમલ કરવાનું ફળ છે. ઈલ્મે વિરાસત એ ઈલ્મ છે જે પાઠ પઢવા અને તાલીમ લેવાથી હાંસિલ થાય છે. અને માણસ જયારે એની ઉપર અમલ કરે છે અને અમલમાં સાચો થઈ જાય છે તો એ ઈલ્મ ખુલવા લાગે છે જે પાઠ પઢવા અને તાલીમ લેવાથી હાંસિલ નથી થતું,એનું જ નામ ઈલ્મે વિરાસત છે. આ નામ આ હદીસથી સંબંધિત છે:

من عمل بما علم ورثه الله علم مالم يعلم

"જે માણસ એ વાતો પર અમલ કરશે જેનો ઈલ્મ એને (હાંસિલ) થઈ ગયો છે; અલ્લાહ એને એ ઈલ્મનો વારસદાર બનાવશે જેનો ઈલ્મ એને ન્હોતો."

(૩) **ઇલ્મે કયામ** : અથવા મુરાકિબાનો ઈલ્મ, આનો મતલબ એ છે કે પોતાની બધી જ જાહેરી અને આંતરિક પ્રવૃત્તિઓ, કામગીરીઓ, ચેષ્ટાઓ ઉપર અલ્લાહ તઆલાને હંમેશ નજર કરનાર, નિગેહબાન, નિરિક્ષક, નિગરાં જાણતા રહો. આ વ્યાખ્યા આ આયતથી સંબંધિત છે:

اَفَمَنْ هُوَ قَآئِمٌ عَلٰى كُلِّ نَفْسٍ ، بِمَا كَسَبَتْ

"જે (ખુદાએ બરહક) દરેક જીવના કાર્યો પર નજર રાખે છે એ મૂર્તિઓથી અજાણ અને બેખબર હોઈ શકે છે?" (સૂ-રએ રઅદ, પારો-૧૦, રુકૂઅ-૧૧)

આ ઈલ્મ હાંસિલ થવાની નિશાની એ છે કે પોતાના જાહેર અને આંતરિકને ખુદા તેમજ રસૂલની પેરવીથી હંમેશ શણગારેલ રાખો. અને હંમેશ એમ સમજતા રહો કે ખુદા તઆલા અમારા દરેક જાહેર, આંતરિકના કાર્યો, અમલો, વર્તણુંકો ઉપર નજર રાખેલ છે. એની નિગરાનીના ચક્ષુથી કોઈ વસ્તુ છુપી નથી.

જે માણસમાં આ ખૂબી પેદા થઈ ગઈ એને તસવ્વુફ (સૂફીવાદ), એહસાનના બધા જ હોદ્દાઓ તેમજ અહેવાલો હાંસિલ થઈ જશે, અને અલ્લાહ તઆલાની નિગરાનીનો આ ખયાલ, આ તસવ્વુર, આ કલ્પના અને અલ્લાહ તઆલાની અઝમત, રૂઆબ તેમજ દબદબાના જલાલનો શઊર (હોશ) એની તમામ હાલતો અને પ્રસંગોમાં એનો માર્ગદર્શક અને અદબપ્રેરક રહેશે. હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમનું ફરમાન છે:

## ادبنی ربی فاحسن تادیبی

"મારો પાલનહાર મારો અદબપ્રેરક છે અને એણે મારી અદબની પ્રેરણા શ્રેષ્ઠ રીતે ફરમાવી છે." (અલ જામેઉસ સગીર, ભાગ-૧, પેજ-૧૨ સહીહ)

આમાં ખુદાની એ જ નિગરાની અને હંમેશ જોતા રહેવાની સિફતના જરીયાથી ખુદાઈ તાલીમો તરબીયતનું બયાન છે.

હઝરત સુહેલ બિન અબ્દુલ્લાહ તસ્તરી અલૈહિર્રહમા પોતાના મુરીદોને આ બોધપાઠ આપતા રહેતા હતા કેઃ

"ચાર વસ્તુઓથી ખાલી (અલિપ્ત) ન રહેજો. (૧) ઈલ્મે કયામ એટલે કે દરેક હાલતમાં અલ્લાહને પોતાનો ખબરગીર અને નિરિક્ષક, જાણકાર જાણતા રહેવું. (૨) દવામે ઉબૂદીયત, એટલે કે હંમેશા અલ્લાહની ઉબૂદીયત (માબૂદ હોવાના, ખયાલ)માં રચ્યા-પચ્યા રહેવું, (૩) આ બે બાબતોની તૌફીક (પ્રેરણા) માટે અલ્લાહ તઆલાથી હંમેશા દુઆ માંગતા, રહેવું (૪) આ ત્રણે બાબતો પર જીવનના અંતિમ શ્વાસ સુધી જામેલા રહેવું."

આપનું જ ફરમાન છે; "જ્યાં સુધી ભૌતિકતા અને સંબંધોની સાંકળોમાં દિલ કેદી છે; અને જ્યાં સુધી નફસની મનોકામનાઓ પૂરી કરતા રહેશો અને જ્યાં સુધી અન્યોની સોબતમાં ફસાયેલા રહેશો ત્યાં સુધી ઈલ્મે કયામ હાંસિલ નથી થઈ શકતો."

(૪) **ઇલ્મે હાલ : આનાથી મુરાદ એ છે કે કલ્બ (દિલ) અને સિર :**

કલ્બનું એક મુખ શરીર અને અંગો તરફ આકર્ષિત છે; અને એક મોઢું એકાંતવાસ ભણી આકર્ષિત છે. પ્રથમને કલ્બ કહે છે અને દ્વિતીયને રૂહ. એવી જ રીતે અક્કલનું એક મુખ શરીર અને લાગણીઓ ભણી આકર્ષિત છે જેને અક્કલ કહે છે અને બીજું મુખ એકાંતવાસ ભણી આકર્ષિત છે જેને સિર કહે છે. કલ્બના ગુણ તળપતી ખેવના અને વજ્દ (કૈફિયત) છે. રૂહનો ગુણ મુહબ્બત અને જઝબ (ગ્રહણ કરવું) છે, અક્કલનો ગુણ આ બાબતોનો વિશ્વ કરવો છે જેનો આધાર ઈલ્મે આદિયાની સમીપ છે દા.ત. અદૃશ્યો પર ઈમાન અને અફઆલી તૌહીદ (શુધ્ધ એકેશ્વરવાદ) અને સિરનો ગુણ આ બાબતોનું નિરિક્ષણ કરવું (જોવું) છે જે ઈલ્મ આદિયાથી અલગ અને પર છે. (હુજ્જતુલ્લાહિલ બાલિગહ, ભાગ-૨, પેજ-૯૦)

તો ઈલ્મે હાલથી મુરાદ કલ્બ અને સિરનું દરેક સમયે નિરિક્ષણ અને અવલોકન (દેખરેખ) કરતા રહેવું, કે એ સમયે અલ્લાહ અને બંદાની વચ્ચેથી કઈ હાલતની પરિસ્થિતિ છે ? અને જે હાલત પ્રવર્તે છે એ જાતની પરિસ્થિતિના દૃષ્ટિકોણના ઘટતા

ક્રમમાં છે કે વધતા પ્રમાણમાં છે ? વળી, અશક્ત છે કે શક્તિશાળી ? જેથી એના આધારે એવું કામ કરવામાં આવે જેનાથી ખુદાની રઝા (મરજી, ખુશી, પ્રસન્નતા) હાંસિલ થાય. દરેક હાલતની આવશ્યકતાઓ અને કાર્યો તથા નિયમો અલગ છે. દા.ત. ખુદાના ફેંસલા પર રઝાની હાલત તારી થાય તો એની આવશ્યકતા અને નિયમો આ છે કે દિલ શાંત અને સુકૂનવાળું રહે, કોઈ જાતની વ્યગ્રતા પેદા ન કરે.

روئے کشادہ بایدو پیشانی فراخ آنجاکہ لطفہائے ید اللہ می زند

**રૂએ કુશાદા બાયદ વ પેશાની ફરાખ**
**આં જા કે લુત્મહાએ યદુલ્લાહમી ઝનન્દ**

અને જ્યારે આ શાંતિ અને ઈત્મીનાનમાં વધારો થાય તો ખુદાનો આભાર માને જેથી વધારે પ્રગતિ થાય અને નફસમાં અભિમાન અને લાપરવાહી ન આવી જાય અને જ્યારે આ હાલતમાં કમી અને ઓછાપણું હોય તો અલ્લાહથી મદદ માંગો, અને લાપરવાહી ન કરો. જો આ હાલત પર રઝા (ખુદાની મરજી પર રાજી) રહે, જે અલ્લાહની નજીક ઉત્તમ છે તો એના નિયમો આ છે; રઝા પર રાજી રહો. અને જો આ હાલત પર રઝા હોય જે અલ્લાહની નજીક ઉત્તમ નથી તો એના નિયમો આ છે; કે રઝા ઉપર રંજ-ગમ હોવા જોઈએ અને અલ્લાહથી તૌબા કરવી જોઈએ, વિનવણીઓ કરવી જોઈએ.

મતલબ કે આવા પ્રકારના કાર્યોના ઈલ્મોને ઈલ્મે હાલ કહેવામાં છે. જે માણસ આનાથી ગાફેલ છે એ શયતાનની પ્રપંચજાળથી બચી નથી શકતો.

સૌથી શ્રેષ્ઠ અવસ્થા આ છે કે રઝા અને તસ્લીમ (સ્વીકાર)ના રૂપમાં રંગાઈ જાઓ અને આ આયતની ધુરા પર આખી જિંદગી ગોળ-ગોળ ફરતી રહે.:

**وَاُفَوِّضُ اَمْرِیْ اِلَی اللّٰهِ اِنَّ اللّٰهَ بَصِیْرٌۢ بِالْعِبَادِ۔**

"હું મારૂં કામ અને મામલો અલ્લાહને સુપ્રત કરૂં છું; ખરેખર અલ્લાહ પોતાના બંદાઓને જોઈ રહ્યો છે." (સૂર-એ અલ મુઅ્-મિન, પારા-૨૪, રુકૂઅ-૧૦)

તસ્લીમો રઝા એ છે કે અલ્લાહની કુદરત જે કાંઈ કરે એની સમક્ષ માથું નમાવી દો અને ખુશ રહો.

(૫) **ઇલ્મે ઝરૂરત** : આનાથી મુરાદ આ છે કે એની ઉપર નજર રાખો કે ક્યા-ક્યા કાર્યો, અમલો, હરકતો, કથનો નફસ માટે જરૂરી છે; આવશ્યક છે અને એના હક્કોમાં એના અધિકારોમાં શામેલ છે. નફસને એનાથી રોકવો ન જોઇએ. અને જે એના હક્કોમાં શામેલ નથી, એનાથી રોકવો જોઈએ.

નફસના અધિકારો એ કાર્યો છે જેમનાથી નફસને દૂર કરવામાં આવે તો દીની અથવા દુન્યાવી ખલેલ પેદા થાય અર્થાત દિમાગનું સંતુલન બગડવું, સ્વભાવમાં અતડાપણું, અક્કલમાં ઘટાડો અને ઈબાદતમાં ઢીલાપણું વગેરે...

(૬) **ઇલ્મે તૌસીઅ** : નફસ જયારે શાંત અને સંતૃષ્ટ તેમજ સાચા અર્થમાં સુકૂન પર સ્થાયી થઈ જાય છે એટલે કે વાસનાઓ પાછળ ચાલવાને બદલે અલ્લાહ અને રસૂલની પેરવી એના અમલનું ચક્ર બની જાય છે અને એ જ ચક્ર પર જિંદગીના બધા જ કામો પ્રદક્ષિણા કરવા લાગી જાય છે અને ખુદાની આજ્ઞાઓ બજાવી લાવવામાંજ જિંદગીની પળો પસાર થવા લાગે છે તો નફસની અમુક લઝીઝ માંગણીઓ (એટલે કે લુત્ફ અને સ્વાદ અને રાહત અને આરામ) નફસના અધિકારો, હક્કો બની જાય છે. જેના હાંસિલ કરવામાં નફસને હવે કોઈ નુકસાન નહીં પહોંચે. માટે એમને હાંસિલ કરવા અને એમનાથી લાભ મેળવવાનું જે વર્તુળ પહેલાં તદન નાનું હતું, હવે એમાં વિશાળતા આપવામાં આવે છે. ધ્યાન રહે કે આ હોદ્દો કલ્બના ફના થવા, અને નફસના ફના થવા પછી જ નસીબ થાય છે. આ હોદ્દાને જાણવાને ઈલ્મે તૌસીઅ કહેવામાં છે.

આ ઈલ્મ ઘણો જ ગૂંચવણભર્યો છે. અને આ હોદ્દો ઘણો નાજુક છે. આ રસ્તે દરેક માણસ પગ મૂકી શકતો નથી કેમકે લપસી પડવાનો અને ગબડી પડવાનો અંદેશો ઘણો જ મોટો છે. તરીકતના હજારો મુસાફરો આ માર્ગમાં લપસીને ગબડી પડ્યાં છે કેમકે તેઓ તૌસીઅના હોદ્દાને લાયક ન્હોતા અને પોતાને લાયક સમજી બેઠા, અને નફસની લઝીઝ માંગણીઓને પોતાના માટે નફસના અધિકારો માની બેઠા, તો એમણે પોતાના નફસની માંગણીઓના વર્તુળને વિશાળ કરી બેઠા અને એનાથી જિંદગીની મોજમઝા ઉઠાવવા લાગ્યા અને અહીં આવીને શયતાનના શિકાર બની ગયા. પછી એ હાલત થઈ ગઈ કે જ્યારે તેઓ તકવાના માર્ગમાં ન્હોતા, એ વખત કરતાંયે નીચે આવી ગયા. ત્યાં સુધી કે એમની એ પુરાણી અવસ્થા, હાલની અવસ્થા કરતાં સેંકડો ગણી સારી હતી. આ પ્રકારની ગુલાંટ (ગબડવા)થી બચવા માટે હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની આ દુઆ પઢતા રહો:

اعوذ بالله من الحور بعدالكور

"બની ગયા પછી બગડી જવાથી અલ્લાહની પનાહ માંગું છું." તૌસીઅના હોદ્દે બિરાજમાન થયાનો અધિકાર માત્ર એને છે જે ફાની-ફિલ્લાહ અને બાકી-બિલ્લાહ છે કેમકે એવો માણસ પોતાની ઈચ્છા અને ઈરાદાથી આ મંઝિલમાં નથી

આવતો. તેથી જ ખુદાના (કરમરૂપી) છાંયડાના રક્ષણમાં રહે છે. અને ખુદ અલ્લાહ તઆલા પોતે એને ગબડી પડવાથી બચાવે છે. આવાજ લોકોને મેહફૂઝીન (બચી જનારા, બચી ગયેલા, સુરક્ષિત, આરક્ષિત) કહેવામાં આવે છે. બુઝુર્ગોનું ફરમાન છેઃ નબીઓ માસૂમ છે અને વલીઓ મેહફૂઝ. એનાથી મુરાદ ફાની-ફિલ્લાહ અને બાકી-બિલ્લાહ વ્યક્તિઓ છે.

(૭) **ઇલ્મે યકીન** : ઈમાનમાં જ્યારે એવી મજબૂતાઈ, પાકટતા, સ્થિરતા આવી જાય કે ક્યાંયે ડામાડોળ ન થાય તો એને યકીન કહે છે. યકીનના ત્રણ દરજ્જા (હોદ્દા પ્રકાર) છે. (૧) ઈલ્મુલ યકીન, (૨) ઐનુલ યકીન, (૩) હક્કુલ યકીન.

**ઇલ્મુલ યકીન** : આ છે કે દલીલ હાજર હોય અને એનાથી યકીન પેદા થાય. દા.ત. મોતનો યકીન જે દરેક સમજદાર ધરાવે છે.

**ઐનુલ યકીન** : આ છે કે દર્શન (જોવું) થઈ જાય અને એનાથી યકીન પેદા થાય.

**હક્કુલ યકીન** : આ છે કે મામલો માત્ર જોવા સુધી સીમિત નથી. બલ્કે પોતાની ઉપર જ એ હાલત તારી થઈ છે, એનાથી જે યકીન પેદા થાય છે એ સૌથી ઊંચા પ્રકારનું યકીન છે. આનું જ નામ હક્કુલ યકીન છે. (દા.ત. જોયા વગર વિમાન વિષે જાણવું ઈલ્મુલ યકીન, વિમાનને જોઈ લેવું ઐનુલ યકીન અને વિમાનમાં મુસાફરી કરવી હક્કુલ યકીન છે.)

નોટ : યકીનથી મુરાદ ગેબી હકીકતોનું યકીન છે, (ગેબી-અદૃશ્ય હકીકતોથી મુરાદ ખુદાના ભેદભરમો છે; ખુદાની ઝાતની વહદત, સિફાતની અજોડતા, ખુદાના પવિત્ર નામોની હકીકતો છે. વળી, ગેબી હકીકતોમાં ફરિશ્તાજગત, બરઝખની દુનિયા અર્થાત્ ઈલ્લીયીન અને સિજ્જીલીન પણ છે અને કયામતની હાલતો, જન્નત અને દોઝખ પણ.)

આ ગૈબી હકીકતો પર યકીન અસલ-મૂળ છે, જેની ઉપર દીનદારીનો આખો પાયો ઉભેલો છે. માનવજીવનની સૌથી મહામૂલી દોલત પણ આ જ છે. પણ આ દોલત ફલસફીયાની વિચારધારાઓથી નથી મળતી કેમકે ગેબી હકીકતો વિષે ફિલસૂફી (ઇલ્મે હિકમત, દાનાઈ) કાંઈ જાણતી જ નથી. અને જાણી પણ નથી શકતી. ફલસફાની ઉડાન (ઉડ્ડયન) દૃષ્ટિજગત અને ભૌતિકતા સુધી જઈને ખતમ થઈ જાય છે. એની ઉપર શું છે ? નિરાધાર ફલસફીયાને ખબર જ નથી. આ ગેબી હકીકતો એની સમજબૂજથી પર અને એની સીમિત અક્કલથી દૂર છે.

એની સમજૂતી અને જ્ઞાન શાનદાર નબીઓના પવિત્ર ફરમાનો અને માર્ગદર્શન માત્રથી મળે છે, કેમકે એ જ છે ગેબી હકીકતોના રહસ્યોના જાણભેદુ, કેમકે બધી જ હકીકતો એમના મુશાહેદા (દર્શન)ની નજર સામે પર્દાવિહીન છે; બે પર્દા છે; જાહેર છે; ખુલ્લી છે. માટે ગેબી હકીકતો વિષે નબવી તાલીમને બદલે ફલસફાની તરકીબો અજમાવવી એ નરી બેવકૂફી, મૂર્ખામી અને જિંદગીના અમૂલ્ય સમયને વેડફવું છે.

આ ગેબી હકીકતોનો ઈલ્મુલ યકીન આ વાતોથી થાય છેઃ (૧) નબીની બધી જ વાતો પર ઈમાન રાખો, (૨) અલ્લાહથી લો (દિલ, તન્મયતા, પ્રેમ) લગાવો. (૩) એની મુહબ્બતના શરબતથી જિંદગીના પ્યાલાને છલોછલ છલકાવી દો, (૪) એની યાદમાં ડૂબેલા રહો (૫) નફસની ઈચ્છાઓ, ખ્વાહિશો, મનોકામનાઓમાં ન પડો (૬) મુબાહ (જેની છૂટ છે) લજ્જતો અને જાઈઝ એશ-આરામથી પણ મોટે ભાગે બચતા રહો. આ નિયમો ઉપર જ્યારે પૂરેપૂરા અમલ કરતા થઈ જશો તો ગેબી હકીકતોનું એ યકીન પેદા થશે. જેમાં ડામાડોળી અવસ્થાની કોઈ શક્યતા-ગુંજાઈશ નથી. આ જ છે ગેબી હકીકતોનું ઈલ્મુલ યકીન.

આ ઈલ્મુલ યકીન પછી જ્યારે ખુદાની મોહબ્બત અને અલ્લાહની યાદમાં હજી વધારે ઉત્કંઠા પેદા થઈ જાય છે, અલ્લાહ રસૂલની પેરવી હજી વધારે વધી જાય છે, નફસની ઈચ્છાઓથી ખૂબજ દૂરી થઈ જાય છે, વળી છૂટ અપાયેલી લજ્જતો અને એશ-આરામથી ખૂબ વધારે અલગતા થઈ જાય છે તો માણસ ઈલ્મુલ યકીનની મંઝિલથી આગળ નીકળી જાય છે, જ્યાં મારેફત ખુલે છે, તજલ્લીઓ દેખાય છે, હકીકતો જાહેર થાય છે, જ્યાં ગેબી મામલાઓ અને ખુદાઈ ભેદભરમો પ્રત્યક્ષ જોવા મળે છે. આ જોવાથી યકીનમાં જે વધારે પ્રગતિ થાય છે એ જ છે ઐનુલયકીન.

પણ આ જોવું અને આ ઐનુલ યકીન ઈલ્મુલ યકીન વિના હાસિલ નથી થતું, અને ઈલ્મુલ યકીન ત્યાં સુધી હાંસિલ નથી થતું જ્યાં સુધી લોભ-લાલચ અને વાસનાઓની પેરવીથી ન બચો, અને ઘણી બધી છૂટછાટોથી પણ અળગા ન થઈ જાવ.

**ઇલ્મુલ યકીનની નિશાની :** અલ્લાહથી સાચી લગન, ખુદાની મોહબ્બતનું અપાર હોવું, અલ્લાહને પુષ્કળ પ્રમાણમાં યાદ (ઝિક્ર) કરવો, ખુદાનો ડર (તકવો) અને સંયમ.

**ઐનુલયકીનની નિશાની :** ઉપરોક્ત બાબતોમાં વધારે પ્રગતિ અને સ્થિરતા, તૌબા-ઈસ્તિગફારની પુષ્કળતા, ખુદાની બારગાહમાં અનહદ આજિઝી અને પુષ્કળ

નમ્રતા, રૂદન, આક્રંદ, રાત્રિ જાગરણ (બંદગી માં), પરોઢની દુઆઓ, દુનિયાથી દિલનું ઉઠી જવું અને દિલમાં ઈશ્કે ઈલાહીની જ્વાળાઓ અને અગ્નિ, ત્યાં સુધી કે દિલની સખ્તાઈ અને ફુતૂર તાત્કાલિક ધોરણે ખતમ થઈ જવા.

ઐનુલ યકીન હાંસિલ થવાની ઘણી મોટી શરત આ છે કે છાતી નૂરથી છલકાઈ જાય, કેમકે એના વિના ન તો ખુદાઈ હકીકતોના દર્શન થશે ન તો ઐનુલ યકીનનો હોદ્દો હાંસિલ થશે. જેની છાતી નૂરથી ઝળાંહળાં છે એ જ રોશનઝમીર (ત્રિકાળજ્ઞાની, નૂરે બાતિનથી જોનાર, મોમિને કામિલ) છે. છાતી ક્યારે નૂરથી ચમકે છે ? અને એની નિશાનીઓ કઈ છે ? હદીસનું બયાન સાંભળો (વાંચો) !!!

ان النوراادخل الصدر یا رسول اللّٰہ ؟ قال : نعم،
التجافی عن دار الغرور، والانابۃ الی دارِ
الخلود، والاستعداد للموت قبل نزولہ۔

"નૂર જ્યારે છાતી (સીના)માં આવી જાય છે તો એમાં વિશાળતા પેદા થઈ જાય છે. સહાબાએ અરજ કરી, હે અલ્લાહના રસૂલ ! એની કોઈ નિશાની પણ છે ? ફરમાવ્યું, હા દુનિયાની ધોકાબાજીઓથી દિલ ઉચાટ (વ્યગ્ર, દૂર, અલગ) થઈ જવું અને હંમેશના ઘર (આખેરત)ની લગન લાગી જવી અને મોતના આવ્યા પહેલાં જ મોત માટે તૈયાર થઈ જવું. (આ નિશાનીઓ છે.)" (બયહકી)

યકીનનું સ્થાન સામાન્ય ઈમાનથી ઉંચુ છે. અને આ જ છે ઈમાનની સૌથી ઊંચી શાખા, એનાથી મુરાદ છે **લા-ઇલા-હ ઇલ્લલ્લાહુ**નું યકીન. બાકીની ઈમાની હકીકતો આ શાખાના પાંદડાં અને ફળો છે. કુર્આન મજીદમાં યકીનને સકીના પણ ફરમાવવામાં આવેલ છે. સૂ-ર-એ ફત્હ, આયત-૪, પારા-૨૬માં છે.

هُوَالَّذِیۡۤ اَنۡزَلَ السَّکِیۡنَۃَ فِیۡ قُلُوۡبِ الۡمُؤۡمِنِیۡنَ لِیَزۡدَادُوۡۤا اِیۡمَانًا مَّعَ اِیۡمَانِهِمۡ۔

"એ જ અલ્લાહ તો છે જેણે ઈમાનવાળાઓના દિલોમાં સકીના (સુકૂનની અકલ્પ્ય દૌલત) નાઝિલ ફરમાવ્યું જેથી (પોતાના) પ્રથમના ઈમાનની સાથે એમનું ઈમાન હજી વધારે થઈ જાય."

સકીનાનો અર્થ છે દિલની શાંતિ, હૃદયની સાંત્વના, ઈત્મીનાન, સુકૂન અને દિલમાં જમાવ, સ્થિરતા અર્થાત્ દિલમાં કોઈ જાતની શંકા-કુશંકા અને વ્હેમ, ખોટો ગુમાન નથી બલ્કે દિલની વિશાળતા છે જેમાં નૂર (પ્રકાશ) પણ છે; તાકત (શક્તિ)

પણ અને એનું જ નામ છે મઝહબી હકીકતો, ધાર્મિક સચ્ચાઈઓ, દીની આવશ્યકતાઓ પર અટલ વિશ્વાસ, અપાર યકીન. તફસીરે રૂહુલ-મઆનીમાં આ આયતની વિવેચનાના સંબંધે સકીનાની જે વ્યાખ્યા કરવામાં આવી છે એનું તાત્પર્ય, નીચોડ એ છે કે તફસીરકર્તાઓનું કથન છે કે સકીના એક એવી વસ્તુ છે જે નૂર, શક્તિ તથા રૂહનું સંયોજન છે અને એનાથી દિલની શાંતિ અને વિશાળતા પેદા થાય છે; દિલ ખુલે છે; છુપી વાતો જાહેર થાય છે.

આ આયત આપણને નવી રોશની અર્પે છે કે સકીના આગલા ઈમાનની સાથે એક વધારાના ઈમાનની પ્રગતિ બક્ષે છે; એટલેકે રૂહુલ-મઆનીના શબ્દોમાં, "દલીલ-પૂર્ણ ઈમાનની સાથે ઈમાને અયાની (હકીકી ઈમાન) પણ નસીબ થઇ જાય છે."

આજ ઈમાને અયાનીનું નામ છે ઐનુલ યકીન.

**(૮) ઇલ્મે લદુન્ની :** આ એ ઈલ્મ છે જે ખુદાનો કુર્બ ધરાવનારાઓને ખુદાઈ તાલીમ અને રબ્બાની સમઝબૂઝથી હાંસિલ થાય છે. અક્કલની દલીલો અને લેખિત ગવાહીઓથી નહીં. આ નામ સૂ-રએ કહફ, પારા-૧૫, રુકૂઅ-૨ની નીચેની આયતમાંથી લેવામાં આવેલ છે જે હઝરત ખિઝર વિષે છે :

وَعَلَّمْنَاهُ مِنْ لَدُنَّا عِلْمًا

"અને અમે અમારી પાસેથી એને ઇલ્મે લદુન્ની (એક ખાસ ઈલ્મ) આપ્યો હતો."

ઈલ્મે લદુન્ની સીધેસીધું અલ્લાહ તઆલા તરફથી અતા થાય છે. આમાં ભૌતિક સબબો, બાહ્ય સાધનો, કસબ, મહેનતની દખલગીરી નથી. આના પ્રખ્યાત પ્રકારો પાંચ છે. વહી, ઈલ્હામ (ગૈબી સ્ફૂરણા), ફરાસત (મોમિનની બાતિની નજર), કશ્ફ (રૂહાની નજર) અને મુશાહિદા (દીદાર, દર્શન, જોવું, જલ્વો). એમનું વિવરણ નીચે પ્રમાણે છે :

**વહી :** આનો સૌથી બેહતરીન પ્રકાર કુર્આનશરીફ છે. જેનું ઉતરાણ હઝરત જિબ્રઈલ અલૈહિસ્સલામ દ્વારા થયું.

નબવી હદીસ પણ ખુદાની વહી છે. મોટા ભાગના બુઝુર્ગોનું ફરમાન આ જ છે. અમુક હદીસો ઈજતિહાદે નબવી છે પણ ખરેખર એ પણ ખુદાઈ વહી છે કેમકે હઝરત જિબ્રઈલ અલૈહિસ્સલામે ફરિશ્તા સ્વરૂપમાં રહ્યે-રહ્યે આપના પવિત્ર દિલમાં નાખી દીધી છે. હદીસમાં જે نفث روح الامين فى روعى "ન-ફ-સ રૂહુલ અમી-

ન ફી રવ-ઈ'' આવે છે એનાથી વહીનું આ જ સ્વરૂપ મુરાદ છે.

વહીનો એક પ્રકાર એ હદીસો છે જેમને હઝરત જિબ્રઈલ અલૈહિસ્સલામ માનવરૂપમાં આવીને હુઝૂરે અકરમ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમને આપી ગયા છે.

એક પ્રકાર એ પણ છે જે હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ પર શહૂદના ખાસ મકામમાં (ખુદાની નિકટતાની સર્વોપરિતાના સ્થાને) ઉતરે છે. સૂ-રએ અન્નજ્-મ, પારા-૨૭, રુકૂઅ-૧ની નીચેની આયતમાં એ જ હકીકત ભણી ઈશારો છે :

فَاَوۡحٰۤى اِلٰى عَبۡدِهٖ مَاۤ اَوۡحٰى

"પછી અલ્લાહે પોતાના બંદા પર વહી નાઝિલ કરી જે કાંઈ નાઝિલ કરી.''

એક પ્રકાર હદીસે કુદસી છે જેમાં સ્પષ્ટતા છે કે આ અલ્લાહનું ફરમાન છે.

**ઇલ્હામ :** એ ઈલ્મે લદુન્ની છે જે પવિત્ર વલીઓને અઝીમુશ્શાન નબીઓની સંપૂર્ણ પેરવી અને અનુકરણ કરવાના લીધે હાંસિલ થાય છે.

**ફરાસત :** ફરાસત પણ એ ઈલ્મે લદુન્ની છે જે પાક-પવિત્ર મહાન અવલિયાઅલ્લાહને માસૂમ નબીઓની પૂરેપૂરી પૈરવી કરવાના સબબે મળે છે. ઈલ્હામ અને ફરાસતમાં ફરક એ છે કે ફરાસતમાં સ્વરૂપ જોવાથી અદૃશ્ય વસ્તુઓ (કાર્યો)ના ભેદો ખુલે છે જ્યારે ઈલ્હામમાં સ્વરૂપ જોવાની આવશ્યકતા નથી. શબ્દકોષમાં ફરાસતનો અર્થ છે બાહ્ય આંખથી આંતરિક હાલતો જાણી લેવી.

એ ધ્યાન રહે કે ફરાસત ધારણા નથી, કેમકે ધારણા માત્ર કયાસ કરવાને કહે છે જે માત્ર વિચાર અને ખયાલ આધારિત અંદાજો છે. પરંતુ ફરાસત એ છે કે આંતરચક્ષુના નૂરના પ્રકાશમાં બાહ્ય નજરથી આંતરિક હાલતની જાણ થઈ જાય છે. એને નૂરી ફરાસત કહેવામાં આવે તો બેહતર છે કેમકે આ હદીસ એને નૂર કહે છે :

اتقوا فراسة المومن فانه ينظر بنور الله

"મોમિનની ફરાસતથી ડરો કેમકે એ અલ્લાહના નૂરથી જુએ છે. (તિર્મિઝી)

**કશ્ફ :** કશ્ફ આ છે કે છુપી હકીકત આંતરચક્ષુ સામે તદ્દન ખુલી જાય. આ ખુદાવાળાઓનો હોદ્દો છે. જેમના બધા જ કામોમાં તકવો સર્વોપરિ હોય છે. અને એમને જ ખવાસ કહેવામાં આવે છે. એનાથી મોટો દરજ્જો, અ-ખ-સુલ અખવાસ છે. આ અહેવાલવાળા લોકો (અહલુલ્લાહ) છે, જેમની અંદર ખુદાની મોહબ્બતનો

જોશ અને જઝબો અનહદ પ્રમાણમાં હોય છે, એમનો કશ્ફ ઘણો જ સાફ હોય છે.

**મુશાહિદો :** મુશાહિદો એટલે ખૂબજ નજીકથી અદૃશ્ય વસ્તુઓ (કાર્યો, કામો, બાબતો)ને અને ખુદાઈ હકીકતોને જોવું. આ અ-ખ-સુલ ખવાસનો હોદ્દો છે.]

(૪) હદીસે ઈતરતમાં આની પણ છણાવટ છે કે જે માણસ એમની શ્રેષ્ઠતાને નકારશે એના માટે વૈલ છે. વૈલ એટલે બરબાદી. વૈલ દોઝખની એક ખીણ છે; એ એટલી ઊંડી છે કે જ્યારે કાફિરને એમાં નાખવામાં આવશે તો એ ૪૦ વર્ષ સુધી નીચે ઊંડાણમાં ગબડતો જશે, તો પણ એની ઊંડાણના તળિયે નહિં પહોંચે, જેવું કે સુ-ન-ને તિર્મિઝીમાં છે. અને મોઅ્-જમે કબીર તિબરાનીની એક હદીસથી જાહેર છે કે એમાં માત્ર કાફિર જ નહીં, બલ્કે મુનાફિકોને પણ નાંખવામાં આવશે. આનાથી જાણવા મળે છે કે પવિત્ર આલે રસૂલની ફઝીલતના મુન્કરો માટે વૈલ છે. તો એ જો કાફિર નથી પણ મુનાફિક તો છે જ કેમકે વૈલ એમના જ માટે છે જે કાંતો કાફિર છે કાં મુનાફિક. આ હકીકતને એમ પણ સમજી શકાય છે કે જ્યારે હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમે અસંખ્ય હદીસોમાં પવિત્ર આલે રસૂલની શ્રેષ્ઠતાઓનું વર્ણન કર્યું છે તો ઈમાનવાળો દિલોજાનથી માનશે અને જે ન માને શું એ હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વસલ્લમનો મુન્કર નથી? આવો માણસ મુનાફિક (ડોગલો, ડબલ ઢોલકી, ઈસ્લામનો ઢોંગ આચરનાર) નથી તો શું છે ?

## અહલેબૈતનો અદબ અને ઇજ્જત કરનાર, માટે અલ્લાહ તરફથી સન્માન :

અહલેબૈતનો અદબ અને માન-સન્માન જાળવનારાઓને અલ્લાહ તઆલા ખૂબ સન્માને છે. મોઅ-જમે કબીર તિબરાનીમાં છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલૈહિ વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે :

"હે અલ્લાહ ! જે અલીનો અદબ કરે તું એને (પણ) સંમાનનીય (અદબ કરવા લાયક) બનાવી દે." (કુનૂઝે મુનાદી, ૫૫/૧)

આ વિષય પર કાઝી અયાઝની શિફાશરીફ ભાગ-૨, પેજ-૩૭-૩૮)માં એક હદીસ છે જે ઘણી જ મહત્ત્વપુર્ણ છે; શબ્દો આ છે:

معرفة آل محمد صلى الله عليه وسلم برأة من النار،
وحب آل محمد جواز على الصراط، والولاية
لآل محمد امان من العذاب

"મોહમ્મદ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની આલ-ઔલાદ (ના હોદ્દા) ની ઓળખ હાંસિલ કરવી (એ) દોઝખથી છુટકારો છે અને મોહમ્મદ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની આલ-ઔલાદથી મુહબ્બત રાખવી(એ) પુલસિરાતથી પાર થઈ જવું છે અને મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમની આલ-ઔલાદની મદદ અને તરફદારી કરવી (એ) અઝાબથી રક્ષણ મેળવવું છે."

શિફામાં આ હદીસની જે વિવેચના અમુક આલિમોએ લખેલ છે એ ઘણી જ અગત્યની છે; અમૂલ્ય છે. એ સજ્જનો ફરમાવે છે:

معر فتهم هى معر فة مكافهم من النبى صلى الله عليه
وسلم و اذا عرفهم بذالك عرف وجوب حقهم و حرمتهم بسبه۔

"આલે રસૂલની ઓળખ હાંસિલ કરવી આ છે કે એમને જાણો અને પિછાણો કે એમને નબી સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમથી કેવી નિકટતા અને ખાસ સંબંધ (નિસ્બત) છે. માણસ જ્યારે આ બાબતને જાણશે તો એના સબબથી એને જાણવા મળશે કે એમના હક્કોનો લિહાજ રાખવો, એમના અધિકારોનું ધ્યાન રાખવું અને અદબ (માન, સન્માન, આદર-સત્કાર) કરવું વાજિબ છે."

ઉમ્મતના નેક લોકોએ આલે રસૂલના અદબ અને આદર-સત્કારને હંમેશ નજર સમક્ષ રાખ્યાં છે. સૈયદના ઈમામ હુસૈન અલૈહિસ્સલામના એક પૌત્ર હઝરત અબ્દુલ્લાહ બિન હસન બિન હુસૈન, એ સમયના ખલીફા

હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝને ત્યાં કોઈ જરૂરત કાજે તશરીફ લઈ ગયા. તો હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝને ભારે સદમો પહોંચ્યો કે આલે રસૂલને અહીં આવવું પડ્યું !! ખૂબ આજીજીપૂર્વક અરજ કરી:

اذا كان ذالك حاجة فارسل الىّ اواكتب ،

فانى استحيى من الله ان يراك على بابى

"જો આપને કોઈ જરૂરત હોય તો કોઈને મારી પાસે મોકલી દીધા કરશો અથવા તો પત્ર લખી દેશો કેમકે મને અલ્લાહથી શરમ આવે છે કે અલ્લાહ તઆલા આ જુએ કે આપને મારા દરવાજે આવવું પડ્યું !"

(શિફા, ભાગ-૨, પેજ-૩૯)

હઝરત ઝૈદ બિન સાબિત રદિયલ્લાહો અન્હો એવા જાજરમાન સહાબીઓ પૈકી છે જેઓ પોતાના ઇલ્મને કારણે વિશિષ્ટ હોદ્દે બિરાજમાન છે. એક અવસરે પોતાની સવારી પર સવાર થવા માંગતા હતા કે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસે સવારીની સરળતા માટે રકાબ (સવારીની લગામ) પકડી લીધી. હઝરત ઝૈદ બિન સાબિતે કહ્યુ, "હે રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમના કાકાના સાહબઝાદા ! રકાબ છોડી દેશો." હઝરત ઈબ્ને અબ્બાસે કહ્યું, "અમે લોકો આલિમો જોડે આવો જ અદબ કરીએ છીએ." તો હઝરત ઝૈદે હઝરત ઈબ્ને અબ્બાસના હાથ ચૂમી લીધા અને કહ્યું, "અમને આ હુકમ આપવામાં આવ્યો છે કે અમે લોકો નબીના ખાનદાનવાળાઓ જોડે આવો જ મામલો કરીએ."

(શિફા, ૩૯/૨)

આ ફરમાનમાં આ શબ્દો કે هكذا امرنا "અમને આ હુકમ આપવામાં આવ્યો છે" ખૂબ ધ્યાન આપવા લાયક છે.

સહાબી જ્યારે એમ કહે છે કે, "અમને આ હુકમ આપવામાં આવ્યો છે" તો હદીસના બધા જ ઈમામોનું કથન છે કે આ હુકમ 'મર્ફૂઅ' છે એટલે કે નબી સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમનું ફરમાન છે.

(તકરીબે નૌદી મઅદરીબ પેજ-૧૧૨ અને મુકદમા ઈબ્ને સલાહ પેજ-૨૪માં છે કે સાચી વાત આ છે કે આ હુકમ મર્ફૂઅ છે.)

આ વિગતના કારણે હઝરત ઝૈદ બિન સાબિત રદિયલ્લાહો અન્હોનો, હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હોના હાથ ચૂમવાનો અમલ અને આમ કહેવું કે "અમને આવો જ હુકમ આપવામાં આવ્યો છે" આનો અર્થ બધા જ મોહદ્દિસોની નજરમાં એ છે કે અમને ખુદ રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમે પોતે આ હુકમ આપ્યો છે. આનાથી અંદાજો લગાવો કે અહલેબૈતે નબવી કેટલા બધા અદબ અને આદરના હકદાર અને અધિકારી છે. અને એમનો કેટલો બધો આદર કરવો જોઈએ, માન-સન્માન જાળવવા જોઈએ. એમના હાથ ચૂમવાનો હુકમ થઈ ગયો છે. હઝરત ઝૈદ બિન સાબિત ઈલ્મના અગાધ સમુદ્ર જેવા સહાબીએ આની સ્પષ્ટતા કરી છે, અને હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હોમાના હાથ ચૂમીને દેખાડી દીધું છે. જ્યારે ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હોમાના હાથ ચૂમવા એ આટલું બધું અગત્યનું છે તો વિચાર વિમર્શ કરો કે હઝરત અલી, ઈમામ હસન અને ઈમામ હુસૈનના હાથ ચૂમવા એ કેટલું બધું અગત્યનું અને મહત્વનું છે, કેમ કે આ ત્રણ સાહેબો તો નબવી ખાનદાનની ખાસુલ ખાસ હસ્તીઓ છે. હઝરત અલી કર્રમલ્લાહુ વજ-હહુલ કરીમ એમનામાં શ્રેષ્ઠતરીન હસ્તી છે અને હસનૈન કરીમૈન હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમના બેટાઓ અને જિગરના ટુકડા છે. માટે વિચાર કરો કે એમનો કેટલો અદબ, આદર-સત્કાર, માન-સન્માન, વિવેક, શિષ્ટાચાર કરવો જોઈએ. હઝરત ઝૈદ બિન સાબિતની રિવાયતે સાફ જાહેર કરી દીધું અને વિગતવાર દર્શાવી દીધું કે :

અહલે બૈતનો ખૂબ-ખૂબ અદબ અને આદર કરો, કેમકે ઉમ્મતને આ અદબ અને આદરનો હુકમ છે અને હુઝૂર સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમનો હુકમ બજાવી લાવવામાં જ સફળતા અને નેકબખ્તી (સૌભાગ્ય) છે!

## પવિત્ર આલ-ઔલાદના આદર-સત્કાર પર શફાઅતનો વાયદો :

રસૂલે પાક સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની પવિત્ર આલ-ઔલાદની ઈજ્જત અને અદબ, એમની જરૂરત પૂરી કરવી અને એમની મોહબ્બત એટલી મોટી નેકબખ્તી (ખુશનસીબી) છે કે હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ ફરમાવે છે

اربعة انا لهم شفيع يوم القيامة المكرم لذريتى ،

والقاضى لهم حوائجهم، واساعى لهم فى

امور هم عند ما اضطر واليه، والمحب بهم بقلبه ولسانه

"ચાર જાતના લોકોની શફાઅત હું કરીશ :

(૧) જે મારી આલ-ઔલાદનો અદબ અને આદર કરે,

(૨) જે એમની જરૂરત પૂરી કરે,

(૩) જે એમના એવા કામમાં કોશિશ કરે, જેની એમને જરૂર છે,

(૪) જે પોતાના દિલોજાન અને જીભથી એમનો આશિક છે."

(કન્ઝુલ ઉમ્માલ, ૨૧૭/૬)

એ સાહેબોના અદબ અને આદર-સતકારમાં મોહબ્બતનું ખમીર જરૂરી છે; નહિતર બેજાન અદબ છે; નિર્જીવ આદર છે; મૃત માન-સન્માન છે; કેમકે એમની મોહબ્બત વિના ઈમાન જ નથી. હાફિઝ અબૂ શૈખની રિવાયત છે કે એક દિવસે નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ ખૂબ નારાજગીની હાલતમાં મિમ્બરશરીફ પર તશરીફ લાવ્યા અને ખુદાની હમ્દો-સના પછી ઈર્શાદ ફરમાવ્યો.

مابال رجال يوذو ننى فى اهل

بيتى، والذى نفسى بيده لا يومن عبد

حتىٰ يحبنى ، ولا يحبنى حتىٰ يحب لذريتى-

"એ લોકોનો શો મામલો છે જે મારા અહલેબૈતના મામલામાં મને તકલીફ પહોંચાડે છે, એ જાતના સોગંધ જેના હાથમાં મારો જીવ છે કે કોઈ બંદો એ સમય સુધી મોમિન નથી થઈ શકતો જ્યાં સુધી મારાથી મોહબ્બત ન રાખે અને એ સમય સુધી મારાથી મોહબ્બત નથી રાખી શકતો જ્યાં સુધી કે મારી આલ-ઔલાદથી મોહબ્બત ન રાખે."

## પવિત્ર આલ-ઔલાદની મોહબ્બત, જરૂરત પૂરી કરવી, અને યુધ્ધમાં એમનો સહકાર આપવો મુસલમાનો માટે અતિ આવશ્યક છે

મુસલમાનો પર મોહસિને આઝમ સૈયદના મોહમ્મદ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમનો અહેસાન એટલે મોટો છે કે પોતાની જાન (જીવ) પણ કુર્બાન કરી દે તો પણ અહેસાનના કારણે દરેક મુસલમાની ફરજ છે કે આપની અહલેબૈત અને પવિત્ર આલ-ઔલાદની દરેક રીતે સેવા-ચાકરી કરે, એમના અદબ અને આદરમાં કદી પાછી પાની ન કરે.પોતાના જીવ કરતાંયે વધારે એમને માને, અને એમની મોહબ્બતથી છલોછલ રહે. જો એમની મોહબ્બત છે તો ખુદ હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની સાચી મોહબ્બત છે; નહિતર દાવો જુઠ્ઠો છે.

કિતાબની શરૂઆતમાં આ હદીસ આવી ગઈ છેઃ

والله لايدخل قتب رجل الايمان حتى يحبهم لله ولقرا بتهم منى

"અલ્લાહના સોગંધ, કોઈ માણસના દિલમાં ત્યાં સુધી ઈમાન આવી નથી શકતું જ્યાં સુધી મારા અહલેબૈતથી અલ્લાહ માટે અને મારા સગપણને કારણે મોહબ્બત ન રાખે." (સુનન ઈબ્ને માજા, પેજ-૩)

અને આ હદીસ પણ આવી ગઈ છે :

اساس الاسلام حبى وحب اهل بيتى

"ઈસ્લામનો પાયો મારી મોહબ્બત અને મારા અહલેબૈતની મોહબ્બત છે."

(કન્ઝુલ ઉમ્માલ, ભાગ-૬, પેજ-૨૧૮, તકતીએ કલાં)

અને ખુદ કુર્આનશરીફનું પોતાનું ફરમાન છે

" આપ ફરમાવી દો (મેં તમને જે ઈસ્લામની દોલત આપી છે અને તમારી ઈમાની તરબીયત (તાલીમ) કરૂં છું આની ઉપર તમારાથી કોઈ બદલો નથી માંગતો, અલ્બત (સિવાય કે) જે મોહબ્બત મારા સગા સંબંધીઓ વિષે સાબિત થઈ ચુકી છે, બસ એજ (જોઈએ.)

(શૂરા, પારા-૨૫, રુકૂઅ-૪)

[ફૂટનોટ : આના વિષે અલ્લામા ઝન્હશરી લખે છે

قُلْ لَا اَسْئَلُكُمْ عَلَيْهِ اَجْراً اِلَّا الْمَوَدَّ ةَ فِى الْقُرْبٰى-

જેનો ભાવાર્થ આ છે કે મારા સગાસ્નેહીઓ ઈમાનવાળાઓ માટે મોહબ્બતને પાત્ર છે અર્થાત્ એમની મોહબ્બત અત્યંત જરૂરી છે અને જ્યારે એમની મોહબ્બત જરૂરી છે તો એમનાથી મોહબ્બત કરવી ફર્ઝ છે.]

આ આયતે કરીમા સમસ્ત ઉમ્મતને હિદાયત આપે છે કે પવિત્ર અહલેબૈત અને પવિત્ર આલે રસૂલની મોહબ્બત ફર્ઝ છે.

ઈમામ ઈબ્ને મન્દર, ઈમામ ઈબ્ને અબી હાતિમ, ઈમામ ઈબ્ને જરીર, ઈમામ તિબરાની, હાફિઝ મરદુયા વગેરે હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હુમાથી રિવાયત કરે છે:

لما نزلت هذه الآية : قل لا اسئلكم عليه
اجراً اِلا المودة فى القربىٰ قَالو ! يَا رسول من قراتبك
هولاء الذين وجبت مودتهم ؟ قال : على وفاطمة و ولداهما-

"જ્યારે આ આયત નાઝિલ થઈ : કુલ લા અસ્અલુ-કુમ અલય-હિ અજ-રન ઈલ્લલ મવદ-દ-ત ફીલ કુર-બા, તો સહાબાએ વિનવણી કરી :

હે અલ્લાહના રસૂલ ! આપના એ ક્યા સગા સંબંધીઓ છે જેમની મોહબ્બત વાજિબ છે ? આપે ફરમાવ્યું : એ છે : અલી, અને ફાતિમહ, અને એમના બંને સાહબઝાદા (હસન અને હુસૈન.)

(અદ-દુર્રુલ-મન્સૂર- ભાગ-૫, પેજ-૭)

આ રિવાયત તફસીરે મઆલિમુલ તન્ઝીલ ઈમામ બગવી, તફસીરે મદારિક ઈમામ નસ્ફી, તફસીરે બૈઝાવી, તફસીરે ખાઝિન અને જમલ વગેરે અને બીજી ઘણી તફસીરોમાં છે.

આ આયતની ઘણી બધી તફસીરો કરવામાં આવી છે, અને આ શબ્દ: "કુર્બા"ના સંદર્ભમાં છે. તફસીરકર્તાઓએ આના ત્રણ અર્થ લખ્યા છે : (૧) સગાસંબંધી એટલે કે હઝરત અલી, હઝરત ફાતિમહ અને હસનૈન કરીમૈન, જેવું કે હદીસે સ્પષ્ટતા કરી દીધી છે. (૨) સગપણ (૩) ખુદાની નજદીકી.

[ફૂટનોટ : સામાન્યત : ઘણી આયતોની સંખ્યા બધ્ધ તફસીરો હોય છે, જેમાંથી અમુક લોકો માત્ર કોઈ એકને લે છે; બાકી બધીને છોડી દે છે, પણ આ રીત સારી નથી; સારી રીત એ છે કે શક્ય હોય ત્યાં સુધી બુઝુર્ગોની તફસીરોને છોડવામાં ન આવે, બલ્કે બધીને લઈ લેવામાં આવે અને આ દ્દષ્ટિકોણને નિયમ બનાવવામાં આવે કે આ આયતમાં આ બધા અર્થો ઘડવામાં આવ્યા છે; કોઈ મુફસ્સિરે કોઈ (અર્થ) બયાન કર્યો, કોઈએ બીજો. કોઈ બુઝુર્ગની તફસીરનો અર્થ એમ નથી કે બસ માત્ર આ જ અર્થ મુરાદ છે; બાકી કોઈ અર્થ મુરાદ નથી. આ નિયમને હઝરત આલૂસી રૂહુલ-મઆનીમાં વારંવાર બયાન કરે છે. સામાન્યત આ અર્થઘટન આ ટૂંકી પણ મહત્ત્વની ઈબારત (વાક્ય, વાત)માં કરે છે: هذا تمثيل لا تخصيص હાઝા તમ્સીલ લા તખ્સીસ." આયતશરીફના "કુર્બા" શબ્દના જે ત્રણ અર્થો બયાન કરવામાં આવ્યા અને એમની જે ત્રણ તફસીરો કરવામાં આવી છે એ બધી જ સાચી છે. એ ત્રણે તફસીરો નીચે મુજબ છે:

(૧) કુર્બાથી મુરાદ છે સગાંસંબંધીઓ મતલબ કે હઝરત અલી, હઝરત ફાતિમહ, હઝરાત હસનૈન અલૈહિસ્સલામ, જેવું કે હદીસે સ્પષ્ટતા કરી દીધી છે.

(૨) કુર્બાથી મુરાદ છે સગપણ, મતલબ કે રસૂલને તમારાથી જે સગપણ છે

એનો ખાસ ખયાલ રાખો.

(૩) કુર્બાથી મુરાદ છે ખુદાથી નજદીકી, અલ્લાહનો કુર્બ, ખાલિકનું સામીપ્ય. મતલબ કે ખુદાની નજદીકીથી લગન લગાવો, એની જ ધૂનમાં રહો.]

લેખક મહોદયની નજરમાં ત્રણે અર્થો સાચા છે, અને આયતે કરીમામાં ત્રણ અર્થો મુરાદ છે પણ પહેલો અર્થ સર્વોપરિ છે.

હઝરત કાઝી સનાઉલ્લાહ પાનીપતી કુદે-સ સિર્રહૂ જેઓ તફસીર, હદીસ, ફિકહ અને તસવ્વુફના ઈલ્મોના સંગ્રહ છે; આ આયતની તફસીરમાં લખે છે:

لا اسئلكم اجرا الا ان تودوا اقر بائى ، و اهل بيتى، و عترتى و ذالك لانه صلى الله عليه وسلم كان خاتم النبيّن لا نبى بعده ، و انما انتصب للد عو ه الى الله بعد ه صلى الله عليه وسلم علماء امته من اهل الظاهر والباطن، و لذالك امر الله تعالىٰ نبيه صلى الله عليه وسلم ان يا مر امته بمو دة اهل بيته لان عليا رضى الله عنه و الائمة من اولاده كانوا اقطابا بالكمالات الولاية، ومن اجل ذالك قال رسول الله صلى الله عليه وسلم انا مدينة العلم وعلى بابها، وراه البزار، والطبرانى عن جابر وله شواهد من حديث ابن عمر و ابن عباس و على و اخيه، و صحيحه الحاكم، ومن اجل ذالك ترىٰ كثيرا من سلاسل المشائخ تنتهى الى ائمة اهل البيت ، و مضى كثير من الا ولياء فى السادات العظام، منهم ، غوث الثقلين محى الدين عبد القادر جيلى الحسنى الحسينى وبهاء الدين النقشبند و السيد السند مودودالچشتى والسيد معين الدين الچشتى ، و ابو الحسن الشاذلى وغيرهم - ولاجل ذالك قال رسول الله صلى الله عليه وسلم انى تارك فيكم الثقلين كتاب الله وعترتى-

સારૂં એ છે કે આ આયતની તફસીરમાં આમ કહેવામાં આવે કે (મતલબ આ છે કે) હું આપ લોકોથી કોઇ બદલો નથી માંગતો, બસ એટલું કરો કે મારા સગાં-સંબંધી-સ્નેહીજનો, મારા અહલેબૈત અને મારી

આલ-ઔલાદથી મોહબ્બત (પ્રેમ, ઈશ્ક, સ્નેહ, લગાવ) રાખો. કેમકે હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ અંતિમ નબી છે. આપના પછી કોઈ નબી નથી. આપના પછી સચ્ચાઈના આમંત્રણ માટે ઉમ્મતના જાહેરના આલિમો અને બાતિન (આંતરિક)ના આલિમો ઊભા થયા. (એટલે કે આપની નબુવ્વતની છત્રછાયા હેઠળ જ હિદાયતની સુવ્યવસ્થા છે.) એટલા માટે જ અલ્લાહ તઆલાએ નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમને હુકમ આપ્યો કે આપ આપની ઉમ્મતને હુકમ આપી દો કે એ લોકો આપના અહલેબૈત જોડે મોહબ્બત રાખે, કેમકે હઝરત અલી અને આપની ઔલાદમાં જે ઈમામો છે એ વિલાયતના કમાલાતના કુતુબ છે, અને એટલા માટે જ હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે: **"હું ઇલ્મનો શહેર છું અને અલી એનો દરવાજો છે."** આ હદીસ બઝાઝ તેમજ તિબરાનીએ હઝરત જાબિરથી રિવાયત કરી છે, આના ગવાહો પણ છે જે ઈબ્ને ઉમર, ઈબ્ને અબ્બાસ, અલી અને એમના ભાઈથી મરવી છે, હાકિમે આ હદીસને સહીહ ઠેરવેલ છે. અને એટલા માટે જ તમે જોશો કે તસવ્વુફના ઘણા બધા પીરોના સિલસિલાઓ અહલેબૈતના ઈમામો ઉપર જઈ મળે છે, અને મોટા ભાગના ઔલિયા સાદાતે કિરામમાં થયા છે જેમનામાં ગૌસુસ સકલૈન મોહયુદ્દીન અબ્દુલકાદિર જીલાની હસની હુસૈની અને બહાઉદ્દીન નક્શબંદ અને સૈયદુલ સનદ મૌદૂદ ચિશ્તી અને સૈયદ (ખ્વાજા) મોઈનુદ્દીન ચિશ્તી (અજમેરી) અને અબૂલ હસન શાઝલી વગેરે... વગેરે છે.

અને એટલા માટે જ રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે :

"હું આપ લોકોમાં બે બહુ વજનદાર ચીજો છોડી જઈ રહ્યો છું; એમનામાંથી એક ખુદાની કિતાબ છે અને એક મારી આલઔલાદ છે."

(તફસીરે મઝહરી, ભાગ-૮, પેજ-૩૨૦)

તાત્પર્ય આ છે કે આ આયાતે કરીમાએ બતાવ્યું કે અલી, ફાતિમહ, હસન અને હુસૈન (અલૈહિમુસ્સલામ)ની મોહબ્બત ફર્ઝ છે. સહાબાએ કિરામે આ આયતથી મોહબ્બત ફર્ઝ હોવી પણ સમજી છે, અને હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે પણ આને સાચું ઠેરવેલ છે. હદીસ આવી ગઈ છે કે જ્યારે આ આયત ઉતરી તો સહાબાએ વિનંતી કરી : હે રસૂલલ્લાહ ! આપના એ ક્યા સગાં સંબંધીઓ છે જેમની મોહબ્બત વાજિબ છે ? આપે ફરમાવ્યું "અલી અને ફાતિમહ અને એમના બંને સાહબઝાદાઓ છે." આ માટે જ ઈમામ શાફઈ ફરમાવે છે:

يا اهل بيت رسول الله حبكم فرض من الله فى القرآن انزله
يكفيكم من عظيم الفخر انكم من لم يصل عليكم لا صلاة له

"હે રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમના અહલે બૈત ! આપ લોકોની મોહબ્બત ફર્ઝ છે. આ ફર્ઝ હોવું અલ્લાહે કુર્આનમાં નાઝિલ ફરમાવેલ છે. આપ લોકો માટે આ સૌથી મોટા ફખ્રની વાત કાફી (પૂરતી) છે કે જેણે આપની ઉપર દુરૂદ નથી મોકલ્યું એની નમાઝ જ નથી થઈ."

જેવી રીતે અહલેબૈતની મોહબ્બત જરૂરી છે; એવી જ રીતે એમની જરૂરતો પૂરી કરવી, મુશ્કેલીમાં (કે લડાઈમાં) એમનો સાથ-સહકાર આપવો પણ ફર્ઝ છે. જે માણસ આવું કરશે, હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમનો વાયદો છે કે આપ એની શફાઅત ફરમાવશે. આ મતલબની હદીસ અગાઉ પસાર થઈ ચુકી છે.

اربعة انا لهم شفيع يوم القيامة المكرم لذريتى،
والقاضى لهم حوائجهم والساعى لهم فى
امور هم عند ما اضطر و اليه ، والمحب بهم بقلبه و لسانه۔

"ચાર પ્રકારના લોકોની હું શફાઅત કરીશ:

(૧) એ જે મારી ઔલાદની ઈજ્જત-આબરૂ અને માન-સન્માન કરે,

(૨) એ જે એમની જરૂરતો પૂરી કરે,

(૩) એ જે એમના એવા કામોમાં પ્રયત્ન કરે જેની એમને જરૂર હોય,

(૪) એ જે એમનો જીભ અને દિલોજાનથી આશિક હોય.

**ઇસ્લામની તાલીમ છે કે આલે રસૂલને તકલીફ આપવી હરામ છે અને આવું કરનારા પર ખુદાની લાનત છે; તેમ છતાં યઝીદની ફિરઔની હુકૂમતે સૈયદના ઇમામ હુસૈન અલૈહિસ્સલામ પર એ જુલ્મો કર્યા છે કે ઇસ્લામી ઇતિહાસમાં (એની) જોડ નથી.**

યઝીદની ફિરઔની હુકૂમતે સૈયદના ઈમામ હુસૈન અલૈહિસ્સલામને મદીનાશરીફ છોડવા મજબૂર કર્યા. મદીના મુનવ્વરાથી મક્કાશરીફ પધાર્યા. અહીં તવાફની હાલતમાં જ આપને શહીદ કરવાનો મન્સૂબો બનાવ્યો. આપ મક્કાશરીફની હુર્મત (ઈજ્જત, માન-મર્યાદા) બચાવવા માટે મક્કાશરીફ છોડવા મજબૂર થઈ ગયા. મક્કાશરીફમાં બધાને અમાન (કત્લથી આઝાદી) છે પણ જાલિમોએ આપને અહીં પણ ચેનથી રહેવા ન દીધા.

આપ મક્કાશરીફથી કર્બલા પધાર્યા. કર્બલાના મેદાનમાં આપને, આપના સાહબઝાદાઓને, વ્હાલાઓને, મદદગારો અને જાંનિસારોને ત્રણ દિવસ સુધી તરસ્યા રાખીને, એવી રીતે શહીદ કરવામાં આવ્યા કે ઈસ્લામી-જગત આજ સુધી આંસુ સારે છે. શહીદ કર્યા પછી આપની લાશ-મુબારક પર અને આપના સાહબઝાદાઓ, વ્હાલાઓ, મદદગારો અને જાંનિસારોની બે-કસૂર લાશો પર ઘોડા દોડાવી-દોડાવીને રોંદી નાખ્યા અને એ પવિત્ર હસ્તીઓના મુબારક માથાઓને ભાલાઓ ઉપર ચઢાવીને કર્બલાથી કૂફા

અને કૂફાથી સીરિયા સુધી શહેર-શહેર અને ગલી-ગલી ફેરવ્યા અને નબીઝાદીઓને, સૈયદાણીઓને, એમની વહુ-દીકરીઓને અને ઈમામ ઝૈનુલ આબેદીનને કેદ (સાંકળો)માં જકડીને સીરિયા સુધી કર્બલાના શહીદોના પવિત્ર માથાઓ સાથે લજ્જિત કરતા-કરતા લઈ ગયા.

શું આ જાલિમો મુસલમાન છે ? હદીસ તો આ એલાન કરે છે: **من البغضنا اهل البيت فهو منافق** "જે માણસ અહલેબૈતથી કપટ રાખે એ મુનાફિક છે." (દુર્રેમન્સૂર ભાગ-૫, પેજ-૭) અને આ તો દિલના કપટ ઉપરાંત જીવલેણ દુશ્મની કરતાંયે આગળ છે.

શું કોઈ મુસલમાન આલે રસૂલ જોડે આવો સુલૂક કરી શકે છે ?

શું કોઈ મુસલમાન રસૂલે પાક સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ ને તકલીફ પહોંચાડી શકે છે ?

એ બધા જુલ્મો જે કર્બલાના શહીદો અને કર્બલાના (મઝલૂમ) કેદીઓ (ખુદાની પનાહ) પર કરવામાં આવ્યા, એનાથી હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમને કેટલી સખત તકલીફ પહોંચી હશે ? શું રસૂલને આવી ભયાનક તકલીફો પહોંચાડનારાઓ મુસલમાન (હોઈ શકે) છે ?

ફિટકાર થાય એ જાલિમો પર ! કુર્આનશરીફ ફરમાવે છે:

اِنَّ الَّذِيْنَ يُؤْذُوْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ لَعَنَهُمُ اللّٰهُ فِى الدُّنْيَا وَالْاٰخِرَةِ وَاَعَدَّ لَهُمْ عَذَابًا مُّهِيْنًا۔

"જે લોકો અલ્લાહ અને એના રસૂલને તકલીફ આપે છે; ખરેખર અલ્લાહે એમની ઉપર દુનિયામાં પણ લાનત (ફિટકાર) કરી છે અને આખેરતમાં પણ (કરશે.) અને એમના માટે દર્દનાક અઝાબ તૈયાર કરી રાખેલ છે." (અહઝાબ, પારા-૨૨, રુકૂઅ-૨૩)

કર્બલાના શહીદો અને કર્બલાના (મઝલૂમ) કેદીઓ પર યઝીદી હુકૂમતે જે કાળજું કંપાવનાર જુલ્મો સિતમ કર્યા છે એનાથી મક્કાશરીફ, મદીનાશરીફ અને સમસ્ત ઈસ્લામી-જગત થથરી ગયું. આ હૃદયદ્રાવક ઘટના મુસલમાનો માટે કયામતનુમા બની ગઈ. આંખોથી લગાતાર

અશ્રુધારાઓ વહેતી રહી અને દિલ લોહીના આંસુ સારતા રહ્યા. દરેક મોમિનના ઘરે કયામત છવાઈ ગઈ. કેમકે (આંધળી) હુકૂમત અને એના (લાલચુ) મદદગારો તથા (દુનિયાવાંચ્છુ) સાથીદારો સિવાય બધાના ઈમાની ઝમીર જીવતા હતા.

પરિણામ એ આવ્યું કે બધા સામાન્યજનોએ યઝીદી સલ્તનતને ઈસ્લામદુશ્મન ઠેરવી અને એની વિરૂધ્ધ દરેક બાજુએ ફિટકાર અને નફરતની ભાવનાઓ ઉદ્‌ભવી અને સાચા-પાકા મુસ્લિમો હુકૂમતનો તખ્તો પલટી નાખવા ઊભા થઈ ગયા.

મદીના મુનવ્વરા કે જે ઈસ્લામનું મર્કઝ છે, યઝીદી હુકૂમત વિરૂદ્ધ હથિયાર ઉપાડી મેદાનમાં આવી ગયું. આ ધાર્મિક યુધ્ધમાં, દીની જિહાદમાં, મઝહબી લડાઈમાં બધા જ બુઝુર્ગો શામેલ થઈ ગયા જેમનામાં તકવો, પવિત્રતા, પાકદામની, ખુદાનો ડર, ઈમાની જઝબો અને અમલી-ઇલ્મી શ્રેષ્ઠતાઓ એવી ઠાંસી-ઠાંસીને ભરેલી હતી જેની ઉપર ખુદ ઈસ્લામને ગર્વ છે. એમનામાં એવા સેંકડો સહાબાએ કિરામ પણ હતા જેઓ કાફિરોના ભયાનક આક્રમણ વખતે યુધ્ધમાં હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની આજુબાજુ એવી રીતે છાતી તાણીને ઊભા થઈ ગયા હતા કે હુઝૂર પર અને ઈસ્લામ પર જે તીરો-તલવારો અને ખંજરો ચાલી રહ્યા હતા એમની પોતાની છાતીઓ પર રોક્યા હતા. એમની શ્રેષ્ઠતા અને વફાદારીનો તઝકેરો ખુદ અલ્લાહ તઆલાએ ઘણી બધી આયતોમાં ફરમાવ્યો છે. અને હજારો એ તાબેઇનો પણ આ જિહાદમાં શામેલ હતા જેઓ ઈમાનની દૃઢતા અને તકવાની ખૂબીમાં સહાબાએ કિરામના ઉત્તરાધિકારી હતાં. આ જિહાદમાં એટલા સહાબા અને તાબેઈનો યઝીદી હેવાનોના હાથે શહીદ થયા કે હુદૈબિયાના સહાબીઓ જેઓ આ ધરતી કાજે મહાન બરકતરૂપ હતાં, એમનામાંથી કોઈ પણ બાકી ન બચ્યું. આ લડાઈમાં યઝીદી શયતાનોએ મસ્જિદે નબવી શરીફનું સખત અપમાન કર્યું અને એ હેવાનોએ મદીનાશરીફની સેંકડો કુંવારી કન્યાઓનું શીયળ

પણ લૂંટ્યું.

મક્કા મોઅઝ્‌-ઝમામાં પણ યઝીદ અને તેની હુકૂમત વિરૂધ્ધ નફરત અને દુશ્મનીનો અગ્નિ પ્રજવલી ઉઠ્યો હતો. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈરે મક્કાવાસીઓને સાથે લઈ યઝીદ જોડે લડાઈ માટેનો બધો જ સરસામાન તૈયાર કરી લીધો. હુમલાના પેહલાં જ ખુદ યઝીદે જ મક્કાશરીફ પર ખૂનરેજી અને કત્લેઆમ કરવા માટે લશ્કર મોકલ્યું, જેણે મક્કા શહેર અને કાબાના હરમની પવિત્ર ધરતીને મુસલમાનોના લોહીથી રંગીનાખી અને અમનના શહેર તથા ખુદાના હરમનું બેહદ અપમાન કર્યું.

જોકે યઝીદી હુકૂમતે પોતાના ફિરઔની જોર-જુલમ, ભયાનક અત્યાચાર, નિર્દયી હત્યાકાંડ, પાશવી સિતમ અને શયતાની આક્રમણોથી મુજાહિદોને મોતને ઘાટ ઉતારી દીધા, બાકી બચેલાઓને કચડી નાંખ્યા અને પોતાની વિરૂધ્ધ અવાજ ઉઠાવનાર પ્રજાજનોનો અવાજ રૂંધી નાંખ્યો, મૃતઃપ્રાય બનાવી દીધા. પણ જુલમની વિરૂધ્ધ માથું ઊંચકનાર ઈન્કલાબને દાબી શકાય છે; મિટાવી શકાતો નથી. આને દરેક ફિરઔની હુકૂમત પણ સારી રીતે જાણે છે. પણ બધા જ ફિરઔનીએ એનો ઈલાજ વધારે જુલ્મો સિતમ અને વધારે અત્યાચારોને જ સમજ્યો છે, અને એમણે હંમેશ આ જ ગંદી રવિશ અપનાવી છે. યઝીદ આણી કંપનીએ પણ આ જ કર્યું કે અહલે બૈતના આશિકો અને પોતાની ઉમવી હુકૂમતથી નફરત કરનારા ઉમ્મતના નેક લોકો ઉપર જુલ્મો સિતમના પહાડ નાખી દીધા. આમ જનતાને કચડી નાખી. બધાને જીભે તાળા વાસી દીધા. નાની-અમથી વાત પર માથા વાઢી નાંખ્યા. મુસલમાનો પર બે-રોકટોક તલવારો વીંઝાવા લાગી. આટલું બધું કર્યા છતાં પણ ઉમવી હુકૂમતના દિલમાંથી ખતરો ટળતો ન્હોતો કે શહાદતે હુસૈન એવો હૃદયદ્રાવક બનાવ છે કે ખુદ ઈસ્લામના દિલ અને જિગર પર ઊંડો ઘા પડી ગયો છે. દરેક મુસ્લિમનું હૃદય ચીરે ચીરા છે. સમસ્ત ઈસ્લામી-વિશ્વ લોહીના આંસૂ સારી રહેલ છે. આ જીવલેણ ઘટનાથી મુસલમાનો પર એવી ગંભીર અસર પડી છે કે ઘરડા, યુવાન, બાળકો,

સ્ત્રીઓ, બધા ને બધા ઉમવી હુકૂમતથી સખત અસંતૃષ્ટ છે અને ઘણી જ નફરત કરવા લાગ્યા છે. મહાન ઈન્કલાબ (ક્રાંતિ) માટે મોકો શોધી રહ્યાં છે. અવસરનો ઈન્તેઝાર કરી રહ્યા છે. જો આવી જ હાલત રહી તો ઈન્કલાબ આવીને રહેશે જે ઉમવી હુકૂમતને હંમેશ માટે નેસ્ત-નાબૂદ કરી નાંખશે.

**દિયે જલેં કે બુઝેં, આફતાબ આએગા**
**યકીં કરો, ન કરો, ઇન્કિલાબ આએગા**

**• બની ઉમૈયા માટે સૌથી મોટો ખતરો :**

બની ઉમૈયાની ફિરઔની હુકૂમત માટે સૌથી મોટો ખતરો આજ ઈન્કલાબ આવવાનો ડર હતો. જેનાથી બચવા માટે હુકૂમતે જાતજાતના અખતરા કર્યા, છેવટે જાલિમોએ સૌથી વધારે જરૂરી વાત આ જ ઠેરવી કે, "આલે મોહમ્મદની મોહબ્બત દિલોમાંથી મિટાવી દો, નહિતર પોતે મટી જશો. અને દિલોમાંથી એમનો અદબ અને મોભ્ભો કાઢી નાંખો, નહિતર તમારી હુકૂમત નષ્ટ થઈ જશે.'' આ મન્સૂબો પાર પાડવા જાતજાતની ચાલો ચાલી.

[ફૂટનોટ : આજે પણ કેટલાક પોતાની દુકાન ચલાવવા માટે આ મન્સૂબા ઉપર અમલ કરી રહ્યા છે. બેહદ અફસોસ છે.]

**• કર્બલાના બનાવો ઉપરાંત પવિત્ર અહલેબૈત પર બની ઉમૈયાના બીજા પણ નાપાક જુલ્મો :**

આ સંબંધમાં ઉમવી વિચારશરણીએ પવિત્ર અહલે બૈત વિરૂધ્ધ આ ઝેરીલા અને નાપાક પ્રોપ્રેગન્ડાઓ (કૂપ્રચાર)નું વીષ પ્રસરાવ્યું દા.ત.

(૧) જે આયતો અને હદીસોમાં હઝરત અલી, ઈમામ હસન અને ઈમામ હુસૈનની ફઝીલતોનું બયાન છે અને જેનાથી એ પવિત્ર હસ્તીઓના અદબ, ઈજ્જત, આદર, શ્રેષ્ઠતા, અને માન-મર્તબો દિલોમાં ઉદ્દભવે છે, પ્રોપેગન્ડો કર્યો કે એ આયતો અને હદીસોમાં આ લોકો મુરાદ નથી. આ પ્રોપેગન્ડાની અસરો આજે પણ ઘણી કિતાબોમાં મોજૂદ છે. મિન્હાજુલ સુન્નહ ઈબ્ને તૈમીયામાં તો આ હસ્તીઓની ફઝીલતની ઘણી બધી હદીસોને,

ખાસ કરીને હઝરત અલીની તારીફો દર્શાવતી હદીસોને ખોટી પાડવાની પણ નાપાક ચેષ્ટા કરવામાં આવી છે.

[ફૂટનોટ : દા.ત. મુઆખાતની આ હદીસને જેમાં હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે હઝરત અલીને પોતાના ભાઈ ફરમાવ્યા છે. વિગત ઈન્શાઅલ્લાહ આગળ આવશે.

કેમકે અનવારુલ બારીના લેખક મહોદયના કથનાનુસાર, એમનો દષ્ટિકોણ ખારજી વિચારશરણીની હેઠળ છે. અનવારુલ બારી, ભાગ-૬, પેજ-૨૧]

(૨) જો કે હઝરત અલી, ઈમામ હસન અને ઈમામ હુસૈન અહલે બૈત છે. અને અહલેબૈત હોવાને કારણે બધા આમ મુસલમાનો એમનો બેહદ અદબ અને આદર કરે છે. અને અહલે બૈતના અદબ અને આદરને દીનની નિશાની સમજે છે. (ખરેખર આ દીનની નિશાની જ છે.) આથી બની ઉમૈયાની નાપાક સિયાસત મૂંઝવણમાં પડી ગઈ કે લોકોના દિલોમાંથી એમના આદર-સત્કારની ભાવનાને કેમ કરી બહાર કાઢવી ?! તો દીનના આ શત્રુઓએ હવે એ ગંદી ચાલ અમલમાં મૂકી કે પ્રોપેગન્ડો શરૂ કરી દીધો કે આ લોકો અહલેબૈત જ નથી.

(૩) ઈમામ હસન અને ઈમામ હુસૈન આલે મોહમ્મદ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ છે. બની ઉમૈયાએ જોયું કે આમ જનતા એમને આલે મોહમ્મદ માને છે. અને નમાઝમાં આલે મોહમ્મદ પર દૂરૂદ છે : اَللّٰهُمَّ صَلِّ علی محمد و علی آل محمد અલ્લાહુમ-મ સલ્લિ અલા મુહમ્મદ વ અલા આલિ મુહમ્મદ (એટલે કે હે અલ્લાહ ! મુહમ્મદ અને આલે મુહમ્મદ પર દુરૂદ મોકલ.) આનાથી પણ ઉમવી ષડયંત્રોને ફટકો પડ્યો કે હુસૈન આલે મોહમ્મદ હોવાના કારણે એ ઊંચો મકામ ધરાવે છે કે નમાઝમાં એમની ઉપર દુરૂદ મોકલવામાં આવે છે. આજ એક કારણ છે જેના લીધે હસ્નૈન કરીમૈન મુસલમાનોના દિલોમાં બિરાજમાન છે. અને એમની મોહબ્બત, અઝમત, ઈજ્જત અને અદબ મુસલમાનોનું ઈમાન બની ગયેલ છે. જેનું પરિણામ એ છે કે પંજતનના દુશ્મનો અને

હુસૈનના કાતિલો તથા વિરોધીઓથી મુસલમાનોના દિલોમાં એવી સખત નફરત અને ધૃણા પેદા થઈ ગયાં છે કે એમને દિલમાંથી કાઢી જ નથી શકતા.

બની ઉમૈયાની સિયાસતે જોયું કે મામલો ઘણો નાજુક છે. જ્યાં સુધી હુસૈનને મોહમ્મદની ઔલાદ માનવામાં આવશે અને જ્યાં સુધી મુસલમાનો નમાઝમાં મોહમ્મદની ઔલાદ પર દુરૂદ મોકલતા રહેશે, હુસૈનની મહત્તા વધતી જ જશે અને જ્યાં સુધી એમનું મહત્વ જળવાઈ રહેશે, ઉમવી હુકૂમત ખતરામાંથી બહાર નીકળી નહિ શકે. તો હવે એમણે પોતાનું ઈમાન બરબાદ કરીને આવો પ્રોપેગન્ડો ચાલુ કર્યો કે હુસૈન રસૂલની ઔલાદ નથી.

આ વાક્યોનું તાત્પર્ય એ છે કે :

બની ઉમૈયાએ ઈમાન વેચીને અને કુર્આન-હદીસને પીઠ પછવાડે નાખીને પવિત્ર અહલેબૈત વિષે સૌથી ખરાબમાં ખરાબ નાપાક પ્રોપેગન્ડાઓ શરૂ કર્યા જેથી મુસલમાનો એમનાથી સંબંધવિહોણા થઈ જાય. અને એમની હમદર્દી તથા તરફેણમાં બની ઉમૈયાની ફિરઔની હુકૂમતનો તખ્તો પલટાવી દેવાની કોશિશ ન કરે. એમના ઘણા બધા પ્રોપેગન્ડાઓ પૈકી અમુક પ્રોપેગન્ડાઓ આ જાતના છે :

(૧)આયતો અને હદીસોમાં બયાન કરેલી જે શ્રેષ્ઠતાઓ સૌ હઝરત અલી અને હસનૈન કરીમૈન માટે માને છે, બની ઉમૈયાએ પ્રોપેગન્ડો કર્યો કે એ આયતો અને હદીસોએ બયાન કરેલી ફઝીલતો એ લોકોની નથી અને એ આયતો અને હદીસોમાં આ લોકો મુરાદ નથી. આ પ્રોપેગન્ડાથી કુર્આન-હદીસના ભાવાર્થોનો વિચ્છેદ કરવામાં આવ્યો.

(૨) એમણે આવો ગંદો પ્રોપેગન્ડો પણ કર્યો કે અલી, હસન અને હુસૈન અહલેબૈત નથી. આ પ્રોપેગન્ડાથી અહલેબૈતના ભાવાર્થનું ખૂન કરવામાં આવ્યું.

(૩) આ પ્રોપેગન્ડો પણ કરવામાં આવ્યો કે હસન અને હુસૈન રસૂલની

ઔલાદ અને સંતાન નથી. (ખુદાની પનાહ !!) આ પ્રોપેગન્ડાએ માણસાઈને ટૂંપો દઈ દીધો !! આ પ્રોપેગન્ડાને એટલા જોરજોરથી ફેલાવવામાં આવ્યો કે જે માણસ હસનૈન કરીમૈનને રસૂલની ઔલાદ અથવા સંતાન માનશે એની શાન ઠેકાણે લાવવામાં આવશે. હુજ્જાજના જમાનામાં એનો એવો જુલમ હતો કે મોટા-મોટા ઈલ્મવાળા, તકવાવાળા અને સચ્ચાઈ તથા પ્રામાણિકતાના મોભીઓ જેઓ પાક-પવિત્ર ઈમામો (અલૈહિમુસ્સલામ)ને રસૂલની સંતાન કહેતા, તેમને હુજ્જાજ બોલાવીને કડક રીતે ધમકાવતો કે, "એમને રસૂલની ઔલાદ ન કહો, નહિતર તમારી ખૈર નથી." એ જ ઈલ્મ તથા તકવાના મોભીઓમાં એક અતિશય ઉચ્ચ દરજ્જાના તાબેઈ હઝરત યહ્યા બિન યા'મિર છે જેઓ કુર્આનના ઈલ્મ, હદીસ તથા ફિકહના મહાસંગ્રહ અને તેમનો એ મહાન ઉપકાર કયામત સુધી મુસલમાનોની ગરદનો પર રહેશે કે એમણે કુર્આન શરીફ ઉપર નુકતાઓ લગાડયા છે; એમની પહેલા કુર્આનશરીફના અક્ષરો ઉપર નુકતાઓ લખવામાં ન્હોતા આવતા, કેમકે એ જમાનાની લખવાની રીત જ એવી હતી. હુજ્જાજે આ મહાન અને મોભાદાર તાબેઈને કહ્યું કે, "હસન-હુસૈનને રસૂલની ઔલાદ ન કહો, આ તો અલીની ઔલાદ છે." આપે જવાબમાં આ આયતો પઢી:

وَمِنْ ذُرِّيَّتِهٖ دَاوٗدَ وَسُلَيْمَانَ وَاَيُّوْبَ

وَيُوْسُفَ وَمُوْسٰى وَهٰرُوْنَ - وَكَذٰلِكَ نَجْزِى الْمُحْسِنِيْنَ -

وَزَكَرِيَّا وَيَحْيٰا وَعِيْسٰى وَاِلْيَاسَ كُلٌّ مِّنَ الصّٰلِحِيْنَ -

વમિન ઝુર-રિય-યતિહી દા-વૂ-દ વ સુલયમા-ન વ અય્યૂ-બ વ યૂ-સુ-ફ વ મૂસા વ હારૂન. વ કઝાલિક નજ-ઝિલ મુહ-સિનીન. વ ઝ-ક-રિય્યા વ યહ-યા વ ઈસા વ ઇલ-યાસ કુલ્લુમ મિનસ સાલેહીન. (અલઅન્આમ, પારા-૭, રુકૂઅ-૬, આયત નં. ૮૪, ૮૫)

અને એમની (એટલે ઇબ્રાહીમની) ઓલાદમાં અમે દાવૂદને

**હિદાયત બક્ષી અને સુલૈમાન અને ઐયૂબ અને યૂસુફ અને મૂસા અને હારૂનને પણ, અને અમે સારા કામ કરનારાઓને આવો જ બદલો આપીએ છીએ. અને ઝકરિયા અને યહ્‌યા અને ઈસા અને ઇલ્યાસને પણ, આ બધાને બધા, સદાચારી લોકોમાંથી હતા.**

હઝરત યહ્યા બિન યા'મિરે આ આયતો પઢીને ફરમાવ્યું કે :

"ઈસા અને ઈબ્રાહીમની વચ્ચે એનાથી ઓછો સંબંધ છે જેટલો હસન-હુસૈન અને મોહમ્મદ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ વચ્ચે છે."

આપે આ જવાબમાં એ હકીકત બતાવી કે જ્યારે ઈસા અલૈહિસ્સલામ સેંકડો વર્ષોના વ્હાણા વહી ગયા પછીના જમાના છતાં હઝરત ઈબ્રાહીમ અલૈહિસ્સલામના નવાસા થયા, અને તેથી જ અલ્લાહે એમને ઈબ્રાહીમની ઔલાદ કહ્યા છે તો હઝરત હસન-હુસૈન તો હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમના નવાસા છે જ, પછી એમનું રસૂલની ઔલાદ હોવામાં કોણ જીભાજોડી કરી શકે છે ?

આ જડબાતોડ જવાબ સાંભળીને હુજ્જાજની બોલતી બંધ થઈ ગઈ.

(શુઝરાતુઝ-ઝહબ, ભાગ-૧, પેજ-૧૭૬)

## બની ઉમૈયાની એક સૌથી ખરાબ નાપાક વર્તણુંક હઝરત અલી પર ફિટકાર અને ગાળ છે.

આપે પાછલી લીટીઓમાં બની ઉમૈયાના અમુક નાપાક પ્રોપેગન્ડાઓ વિષે વાંચ્યું, જેમાં એમની ખંધી ચાલ હતી. આ ઉપરાંત, એમની નાપાક ચાલબાજીએ હઝત અલી અને રસૂલની ઔલાદની મોહબ્બત ખતમ કરવા એમની ઊંચી શાન તેમજ જાહોજલાલીને ઘટાડવા માટે એક ખૂબજ ખરાબ ચાલ એ પણ ચાલી કે (ખુદાની પનાહ !!) હઝરત અલી અને એમની ઔલાદ પર લાનત મોકલવી (ફિટકાર વરસાવવો) અને એમને ગાળ આપવાની (અપશબ્દો બોલવાની) ગંદી રસમ ચાલુ કરી, અને હુકૂમતે જબરદસ્તી

કરી લોકોને પણ લાનત મોકલવા અને ગાળ આપવા મજબૂર કર્યા. ત્યાં સુધી કે મોભાદાર, ઈજ્જતદાર, પ્રતિષ્ઠાવાન સજ્જનોને બોલાવી બોલાવીને તેમને આનો શાહી હુકમ આપવામાં આવ્યો. સહીહ બુખારી અને મુસ્લિમમાં છે કે મદીનાના એક મરવાની હાકેમે એક પવિત્ર, મહાન સહાબી હઝરત સહલ બિન સઅ્દ રદિયલ્લાહો અન્હોને બોલાવીને કહ્યું, "અલીને ગાળ આપો." એમણે ઈન્કાર કર્યો તો કહ્યું, "ગાળ નથી આપતા તો લાનત મોકલો." પણ એ પવિત્ર હસ્તીએ આ અવસરે એક રસ્તો કાઢીને, હઝરત અલીની શ્રેષ્ઠતા દર્શાવતી હદીસ સંભળાવી અને પોતાની ફરજ પૂરી કરી.

ગાળ તો ગાળ, બની ઉમૈયાએ ખુદાના આ વ્હાલાઓ ઉપર લાનત (ફિટકાર) મોકલવાની કઢંગી રીત-રસમ પણ ચાલુ કરી દીધી. કેટલો મોટો જુલમ છે ? કે અલ્લાહ અને રસૂલના એ અનહદ વ્હાલાઓ અને પ્યારાઓ પર મસ્જિદોમાં અને મિમ્બરો પર લાનત કહેવામાં આવતી હતી અને બની ઉમૈયાએ આને પોતાનો દસ્તૂર બનાવી લીધો હતો. હુજ્જતુલ મોહદ્દિસીન હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની, ફત્હુલ બારી (ભાગ-૮, પેજ-૫૧), પ્રિન્ટેડએટ : ખૈરિયા, મિસ્ર)માં લખે છે :

واتخذ و العنه على المنابر سنة۔

"એ લોકોએ હઝરત અલીને મિમ્બરો પર ગાળ આપવાને પોતાનો દસ્તૂર બનાવી લીધો."

આ છે બની ઉમૈયાની સૌથી ખરાબમાં ખરાબ નીચતા અને ફિરઔની ખંધી ચાલ !!

આ કાવાદાવા એટલા માટે કરવામાં આવતા હતા કે જો એમને આવી જ રીતે ગાળો ભાંડવામાં આવશે અને ફિટકાર વરસાવવામાં આવશે અને એ પણ મસ્જિદોમાં અને મિમ્બરો ઉપર, અને જો કોઈ ચૂં-ચાં કરશે તો તેની શાન ઠેકાણે લાવવામાં આવશે તો બધી પબ્લિક એમની ઉપર ગાળો અને લાનત સાંભળવાથી ટેવાઈ જશે અને લોકો કહેવા માંડશે : મોટા-મોટા મુત્તકી અને પરહેઝગારો મસ્જિદોમાં બેસીને એમની ઉપર લાનત

અને અપશબ્દો સાંભળે છે અને કોઈ કાંઈ બોલતું નથી, તો આનાથી લોકોના દિલ એમની તરફથી દૂર હટી જશે, બલ્કે એમના દિલોમાં ગાળો અને લાનતની કંઈક-કંઈક અસર પણ વર્તાવા લાગશે. આનાથી લોકો એમનાથી આપમેળે દૂર થતા જશે. વિચારો બદલાઈ જશે. દષ્ટિકોણોમાં પરિવર્તન આવશે. આજે લોકોની જીભે એમની પ્રશંસાના પુષ્પો છે, કાલે એની જગ્યાએ લોકોની જીભે એમની નિંદાના કાંટા અને નફરતના શૂળ આવી જશે. આજે લોકોના દિલોમાં એમના પરત્વે માન-સન્માનની ભાવના છે, કાલે આ જ ભાવના તિરસ્કારમાં અને ગૌણ સમજવાના દષ્ટિકોણમાં ફેરવાઈ જશે. આવા વાતાવરણમાં જે નવી પેઢીઓ શ્વાસ લેશે, તેઓ તો એમને આવા જ (!!) સમજશે જેવા કે એમને મસ્જિદોમાં, મિમ્બરો ઉપર ચિતરવામાં આવે છે. આ તરકીબથી અહલે બૈતની ઈજ્જત, માન-સન્માન, મોભો, મર્તબો, મોહબ્બત, અદબ બધું હંમેશ માટે ખતમ થઈ જશે. પછી ઈસ્લામી જગતમાં બની ઉમૈયા જ બની ઉમૈયા રહેશે. અને ઉમવી સત્તાધીશોએ હુસૈન અને બીજા આલે રસૂલ પર જે ભયંકર, સખત જુલ્મો ગુજાર્યા છે, કાં તો એમને મહત્વ જ આપવામાં નહિ આવે અને કહેવામાં આવશે કે હુસૈને ઈસ્લામી ખલીફા વિરૂધ્ધ બગાવત કરી અને બગાવતની સજા કતલ છે...

[ફૂટનોટ : અફસોસ કે આજે પણ અમુક લોકો આવી તિરસ્કૃત વાત પોતાની જીભે લાવે છે અને પોતાની આખેરત બગાડે છે. નબીએ અકરમ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ વસીયત ફરમાવી ગયા હતા કે, "હું આપ લોકો પાસે બે અત્યંત ભારેખમ વસ્તુઓ છોડી જઈ રહ્યો છે, એક છે કુર્આને કરીમ અને એક છે મારી આલ-ઔલાદ, જ્યાં સુધી આપ લોકો એને ઝાલી રાખશો, ભટકી જ નથી શકતા." મનન કરો, આ લોકો રસૂલની વસીયતને કઈ રીતે માટીમાં ભેળવી રહ્યા છે ?!! અને પોતાનું ઈમાન યઝીદ અને યઝીદીઓની તરફેણમાં કેવી રીતે ખરાબ કરી રહ્યા છે ? હે લોકો ! તમારી આખેરતની ચિંતા કરો, તમે લોકો ત્યારે જ હિદાયત પર રહેશો, જ્યાં સુધી કુર્આન મજીદ અને રસૂલની આલઔલાદનો પાલવ પકડેલો રાખશો. કુર્આને હકીમ અને હુઝૂરની સંતાન જોડે જેનો સંબંધ અશક્ત અને તૂટું-તૂટું

થયો, એ હિદાયત થી વંચિત થઈ ગયો. ]

.... અથવા હુસૈનની મહત્તા ઘટી જશે.

આ છે બની ઉમૈયાની નાપાક સિયાસત ! કે

● આલે રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમને અત્યંત ક્રૂરતાપૂર્વક કતલ પણ કરી નાંખ્યા.

● અને એ મજલૂમો (ત્રાસિતો, પીડીતો) અને ખુદાના વ્હાલાઓને બાગી (બંડખોર) ઠેરવીને (ખુદાની પનાહ !) એમને જ કસૂરવાર પણ ઠેરવ્યા.

● મસ્જિદોમાં એમની ઉપર ગાળો અને ફિટકાર વરસાવવાની કુચેષ્ઠાઓનો પણ આરંભ કર્યો. (ખુદાની પનાહ !) લા હવ-લ વલા કુવ્વત-ત ઈલ્લા બિલ્લાહ.

● કેટલો જુલમ છે પવિત્ર અહલે બૈત ઉપર અને રસૂલની આલઔલાદ પર ?!

અહલે બૈતના શત્રુઓએ અહલે બૈત પર ફિટકાર વરસાવ્યો, પણ અલ્લાહવાળાઓએ અલ્લાહના એ વ્હાલાઓ ઉપર દુરૂદોના ફૂલો અને સલામોના હાર મોકલ્યા, અને ઈન્શાઅલ્લાહ કયામત સુધી દુરૂદો સલામોનો આ પવિત્ર સિલસિલો ચાલુ રહેશે. એ નાપાક ફિટકારનો ઉચિત જવાબ આ પવિત્ર સિલસિલો ચાલુ રહેશે. એ નાપાક ફિટકારનો ઉચિત જવાબ આ પવિત્ર સલામ છે.

દુશ્મનોએ અહલેબૈત પર લાનત મોકલી અને અપશબ્દો ઉચ્ચાર્યા, ગાળો બોલવાના જતન કર્યા પણ એનું પરિણામ શું નીકળ્યું ?

આ લાનત કરનારા અને ગાળો બકનારા પોતે જ સૌથી હલ્કટમાં હલ્કટ માનવી ગણાયા. અને જેવા હતા તેવા જ માનવામાં આવ્યા. જ્યારે આ અત્યાચારીઓ ખુદાના પ્યારાઓને ગાળો ભાંડતા હતા, ત્યારે સહાબાએ કિરામ, તાબેઈને ઈઝઝામ અને ઉમ્મતના નેક લોકોના કાનોમાં હુઝૂરે

અનવર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહીનો આ અવાજ ગૂંજી રહ્યો હતો :

سباب المسلم فسوق وقتاله كفر

"મુસલમાનોને ગાળ આપવી ઘણો જ મોટો ગુનો છે અને મુસલમાન પર તલવાર ઉગામવી કુફ્ર છે."

[આ હદીસ મુસ્નદે અહમદ, સહીહ બુખારી, સહીહ મુસ્લિમ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ અને મોઅ્-જમે કબીર તિબ્રાનીમાં છે.]

અને દિલોના વાતાવરણમાં હુઝૂરે અકરમ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમનો આ પવિત્ર સાદ પણ ગૂંજી રહ્યો હતો :

من سب عليا فقد سبني ومن سبني فقد سب الله

"જેણે અલીને ગાળ આપી, એણે મને ગાળ આપી, અને જેણે મને ગાળ આપી, એણે ખુદાને ગાળ આપી.

[જામેઅ સગીર, ભાગ-૨, પેજ-૧૫૭, હવાલો :મુસ્નદે અહમદ, મુસ્તદરક, રાવી ઉમ્મે સલ્મહ, મિશ્કાત, પેજ-૫૬૫]

આ પ્રકારની હદીસોથી ઉમ્મતના આ પેશવાઓ ઘણા જ પ્રભાવિત હતા.

## પવિત્ર અહલેબૈત પર ફિટકાર-વર્ષા અને ગાળોની રમઝટના જમાનામાં ઉમ્મતની ફરજ

એ જમાનામાં કે જ્યારે હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમના અહલેબૈત પર ફિટકાર-વર્ષા અને ગાળોની રમઝટ બોલાવવામાં આવતી હતી, મુસલમાનો પર ઘણી મોટી જવાબદારી હતી કે જો સત્તા ઉપર કાબૂ ન હોય તો આમ મુસ્લિમ, જનતાને આ ગુનાથી બચાવવાનો પ્રયત્ન કરે. સહાબાએ કિરામ, પવિત્ર તાબેઈન, ઉમ્મતના નેક લોકો અને હદીસના મુહાફિઝોએ પોતાની આ જવાબદારીનો પૂરેપૂરો અહેસાસ ફરમાવ્યો. અને ફિટકાર તથા ગાળી-ગાલોચના જવાબમાં હઝરત

અલી, ઈમામ હસન, ઈમામ હુસૈન અલૈહિસ્સલામની ફઝીલતો દર્શાવતી આયતો ઉતરાણના બયાન સાથે, તફસીર અને એમની પ્રશંસાઓના પુષ્પો વેરતી હદીસો અને નિશાનીઓના પ્રચાર-પ્રસારનો જોરજોરથી ફેલાવો કર્યો, જેની એ અસરો વર્તાઈ કે એ બુઝુર્ગોના મહાન માન-મર્તબાઓ, એમના ઉચ્ચ સ્થાનો, એમની શ્રેષ્ઠતાઓ અને અદબ તથા માન-સન્માન, એમનું અજોડ વ્હાલસોયાપણું અને અલ્લાહ તઆલાના દરબારમાં એમની સર્વશ્રેષ્ઠ ઈજ્જત તેમજ દબદબાનો ઈલ્મ આમ મુસ્લિમ જનતાને નિરંતર અને લગાતાર મળતો રહ્યો અને આમ જનતાને ગાઢ અંધકારમાં રાખવાની બધી જ ગંદી કુચેષ્ટાઓ, નિષ્ફળતાની ગર્તામાં, ધકેલાઈ ગઈ, આ રીતે બધાને સાફ-સાફ દેખાવા લાગ્યું કે બની ઉમૈયાએ અલ્લાહના એ મહબૂબોના દબદબા અને મોભાને ઘટાડવા માટે જે નાપાક પ્રોપેગન્ડાઓ, ફેલાવી રાખ્યા છે, એ બધાને બધા, મઝહબનો નાશ કરવા માટેની ગંદી કુચેષ્ટાઓ છે અને એમની ફિટકાર અને ગાળ-ગલોચ ઈમાનને ફૂંકી મારનાર જહન્નમની જવાળાઓ છે.

**દુશ્મન બળ્હા દે જબ ભી ફિત્નાગિરીકી ગરમી**
**તુમ ભી બળ્હા દો શાને આ'લે નબીકી ગરમી**

સહાબાએ કિરામ, મોભાદાર તાબેઈન અને હદીસના મહાસુરક્ષકોએ હઝરત અલી, હઝરત ફાતિમહ, ઈમામ હસન અને ઈમામ હુસૈન અલૈહિમુસ્સલામની ફઝીલત દર્શાવતી આયતો અને હદીસોનો પુષ્કળ પ્રચાર-પ્રસાર અને ફેલાવો કરીને મુસલમાનો (ના ઈમાન)માં એવી રૂહ ફૂંકી, એવી ચેતનાનો સંચાર કર્યો, કે અહલેબૈતની મોહબ્બતને ઈમાનની જડ અને ઈસ્લામની બુનિયાદ માનવામાં આવી.

**اساس الاسلام حبی و حب اهل بیتی**

"ઈસ્લામની બુનિયાદ મારી મોહબ્બત અને મારા અહલે બૈતની મોહબ્બત છે." (કન્ઝુલ ઉમ્માલ ભાગ-૬, પેજ-૨૧૮)

આ અમલ અને ઈમાનવર્ધક પ્રયત્નોથી અહલે બૈતની ફઝીલતો

દર્શાવતી હદીસોનો એટલો વધારે પ્રચાર-પ્રસાર થયો કે ઘણો મોટો સંગ્રહ ભેગો થઈ ગયો અને હઝરત ઈમામ અહમદ બિન હમ્બલ (હિ. ૨૪૧)એ (જેઓ હદીસવિદ્યામાં ઈમામ બુખારીથી પણ આગળ છે અને હદીસનો સમગ્ર જથ્થો એમની નજરોની સામે છે) આ એલાન ફરમાવ્યું :

ما ورد لاحد من اصحاب رسول الله

صلى الله عليه وسلم من الفضائل ما ورد لعلى۔

"રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમના કોઈ સહાબીની એટલી ફઝીલતો આવી નથી જેટલી (હઝરત) અલીની આવી છે."

(તારીખુલ ખુલ્ફા, પેજ-૧૧૮)

આવું કથન હદીસના બીજા ઈમામોનું પણ છે. હાફિઝ ઈબ્ને હજર ફત્હુલ બારી શર્હે સહીહુલ બુખારી (ભાગ-૭, પેજ-૫૧)માં લખે છે:

قال احمد، واسماعيل القاضى، والنسائى، وابو على النيشابورى لم يرد فى حق احد من الصحابة بالا سانيد الجياد ماجاء فى حق على۔

"(ઈમામ) અહમદ, કાઝી ઈસ્માઈલ (ઈમામ નિસાઈ) (હાફિઝ) અબૂઅલી નીશાપૂરીએ કહ્યું છે કે (હઝરત) અલીની ફઝીલતમાં શ્રેષ્ઠ સનદો સાથે જેટલા પ્રમાણમાં હદીસો આવી છે એટલી હદીસો (બીજા) કોઈ સહાબીના વિષે નથી આવી."

હાફિઝ ઈબ્ને હજરે આનું જે કારણ બતાવ્યું છે એનો ભાવાર્થ એ છે કે:

હઝરત અલી જ્યારે ખલીફા થયા અને લોકોએ એમની વિરૂધ્ધ ખુરૂજ (બગાવત, બંડ) કર્યું તથા વિરોધ કર્યો, વળી એક એવી ટોળકી પણ જાહેર થઈ જેણે આપથી લડાઈ તો કરી જ હતી, એના પછી એટલી સખ્તાઈ પણ વર્તી કે આપની ઉપર દોષારોપણ કર્યું, અને મિમ્બરો પર ચઢીને આપની

ઉપર લા'નત કરવાને પોતાનો દસ્તૂર બનાવી લીધો. અને ખારજીઓ (બગાવતખોરો, બંડખોરો) પણ અલીથી કીના-કપટમાં એમના ભાગીદાર બન્યા, બલ્કે આપને કાફિર ઠેરવ્યા. અને હઝરતે ઉસ્માનને પણ કાફિર ઠેરવ્યા. તો આ કારણોથી અહલે સુન્નતને આની જરૂર પડી કે આપની પ્રશંસા અને ફઝીલતોનો જોરશોરથી ખૂબ-ખૂબ પ્રચાર-પ્રસાર કરે છે.

આ હાફિઝ ઈબ્ને હજરનો દૃષ્ટિકોણ છે અને આટલા વિપુલ પ્રમાણમાં અલીની ફઝીલતો બયાન કરવાનું આ કારણ પોતાની જગ્યાએ સાચું છે પણ આની સાથોસાથ કંઈક વધારે વાત પણ છે જેને અલ્લામા સૈયદ સમ્હૂદીએ જવાહિરુલ ઉકદૈનમાં લખેલ છે; આપ ફરમાવે છે:

આનું કારણ એ છે કે અલ્લાહ તઆલાએ રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમને ઈલ્મ અતા ફરમાવ્યો કે અલી જ્યારે ખલીફા થશે તો લોકોના વિરોધને લીધે એમની ઉપર મોટી મુશ્કેલી આવી પડશે. તેથી આપે ઉમ્મતની ભલાઈના આશયથી હઝરત અલીની આ ફઝીલતો બયાન ફરમાવી જેથી જે એમને ધ્યાનમાં રાખે તો તે એ ફિત્નાથી (અલીના વિરોધના ખતરાથી) બચી જાય.

પછી જ્યારે આપ ખલીફા થયા અને આપનો વિરોધ કરવામાં આવ્યો તો જે સહાબાએ કિરામે એ ફઝીલતો સાંભળી હતી, એમણે ઉમ્મતના લાભાર્થે એ ફઝીલતો દર્શાવતી હદીસોનો મોટા પાયે પુનરાવર્તન કરી ખૂબ પ્રચાર કર્યો.

પછી જ્યારે બની ઉમૈયા હઝરત અલીની શાન ઘટાડવા અને એમને હલ્કા ચીતરવામાં લાગી ગયા અને મિમ્બરો પર આપને ગાળો ભાંડવા લાગ્યા અને ખારજીઓ પણ તેમાં જોડાઈ ગયા બલ્કે એમણે તો આપને કાફિર સુધ્ધાં કહી દીધા તો એહલે સુન્નતના હદીસના હાફિઝો અને રિવાયતો એકઠી કરનારાઓએ ઉમ્મતની ભલાઈ કાજે અને એમની ગુમરાહીથી બચાવવા ખાતર હઝરત અલીની ફઝીલતો દર્શાવતી હદીસોનો ખૂબ ફેલાવો કર્યો અને આને જ પોતાની રૂચિ બનાવી લીધી.

આ છે સૈયદના હઝરત અલી મુર્તઝા કર્રમલ્લાહુ વજ-હહુલ કરીમની વિપુલ ફઝીલતોના કારણો અને એમના વિષેની હદીસોની આટલી પુષ્કળતા, અને એમના આટલા બધા પ્રચાર-પ્રસારના કારણો, અને સૈયદના ઈમામ હસન અને સૈયદના ઈમામ હુસૈન અલૈહિમુસ્સલામની ફઝીલતોની પુષ્કળતાના કારણો પણ આ જ છે.

## પવિત્ર અહલે બૈતને હલ્કા ચીતરવાના દૌરમાં સહાબાએ કિરામ, મોભાદાર તાબેઈન અને હદીસના હાફિઝોની સુંદર ચાલ-ચલગતની પેરવી

સહાબાએ કિરામ, પવિત્ર તાબેઈન, હદીસના હાફિઝો અને પવિત્ર નિશાનીઓના મહાસુરક્ષકોએ પોતપોતાના સમયમાં સૈયદના હઝરત અલી મુર્તઝા, સૌયદના ઈમામ હસન અને સૌયદના ઈમામ હુસૈન અલૈહિમુસ્સલામની ફઝીલતો દર્શાવતી હદીસોના પ્રચાર-પ્રસાર ના વિપુલ ફેલાવો, કરીને એક તરફ પોતાની અમાનતનો હક અદા કર્યો કે જે હદીસોના તેઓ અમીન (સુરક્ષક) હતા એને ઉમ્મત સુધી પહોંચાડી દીધી. અને બીજી તરફ બની ઉમૈયાના ગંદા પ્રોપેગન્ડાઓની અસરોથી (જે એમણે પવિત્ર અહલેબૈત અને આલે રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની ઊંચી શાનને ઘટાડવા માટે શરૂ કર્યા હતા) અને એ જ રીતે ખારજીઓના પણ ઈમાન શક પ્રોપેગન્ડાઓની અસરોથી ઉમ્મતને બચાવવાના પૂરેપૂરા પ્રયત્નો કર્યા.

આનાથી આપણને બોધપાઠ મળ્યો કે જ્યારે પણ પવિત્ર અહલેબૈત અને આલે રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની શાન તથા શ્રેષ્ઠતાને ઘટાડવાની કુચેષ્ટાઓ કરવામાં આવે ત્યારે કુર્આન-હદીસના આલિમોની ફરજ છે કે ખુદાના એ વ્હાલાઓની ફઝીલતો દર્શાવતી આયતો હદીસો અને તફસીરોનો ખૂબ-ખૂબ ફેલાવો કરે. આ જ એ શ્રેષ્ઠ માર્ગ છે જેનાથી આ પ્રકારના ફિત્નાઓનું પુરૂં ખંડન કરી શકાય છે અને આ જ છે

સહાબાએ કિરામ, મોભાદાર તાબેઈન, હદીસના હાફિઝો અને હદીસના મહાસુરક્ષકોનું આવા અવસરે સૌમ્ય અને સુશીલ ચારિત્ર્ય જેનાથી ઉમ્મતને પવિત્ર અહલે બૈતની મોહબ્બતમાં સાચા અને પાકટ બનાવી શકાય છે અને એમની શાન ઘટાડવાના મહા પાપથી બચાવી શકાય છે.

આ જ કાર્યશૈલીએ ઉમ્મતમાં અહલે બૈતની મોહબ્બતની એ રૂહ ફૂંકી છે કે જ્યારે પણ ખુદાના એ વ્હાલાઓની ઉચ્ચ પ્રતિષ્ઠા વિરૂધ્ધ કોઈ નાપાક વર્તણુંક કરવામાં આવી તો અવામો-ખ્વાસ સૌની જાગૃત રૂહ તડપી ગઈ કે આ તો અમારા ઈમાનને અલ્ટીમેટમ આપવા સમાન છે અને મહાન આલિમોએ આ નાપાક વર્તણુંકને માટીમાં ભેળવી દેવા માટે ખૂબ જદ્દો જેહત કરી.

આજના સમયમાં પણ આ જરૂરી બની ગયુ છે કે, અહલે બૈત, આલે રસૂલની વિરૂધ્ધ ઝેરીલી બકવાસ, નાપાક પ્રોપેગન્ડાઓ અને જુઠ્ઠી તોહમતો, ગંદા બોહતાનો, અક્ષમ્ય આક્ષેપો, અમાનવીય ઈલ્ઝામો, ખોટી બયાનબાઝીઓ અને ઈમાનવિનાશક અપમાનો કરનારને પૂરેપૂરી રીતે ખુલ્લા પાડવામાં આવે અને સાફ, સ્પષ્ટ કરવામાં આવે કે આ ગુમરાહ કરનાર છે, ભટકાવી દેનાર છે, બહેકાવનાર છે જેનાથી સખત નફરત અને સંબંધવિચ્છેદ જાહેર કરવામાં આવે.

આ કામ અત્યંત આવશ્યક અને જરૂરી છે. એવી જ રીતે એ પણ અતિશય જરૂરી છે. કે અહલે બૈતના, સાદાત-સૈયદોના દુશ્મોનોના વિરોધમાં, અહલેબૈત અને પવિત્ર આલે પૈગંબરની ફઝીલતો અને ખૂબીઓ દર્શાવતી જે અમુક હદીસો અને આયતો રજૂ કરવામાં આવી તેને વિશાળતા બક્ષવામાં આવે અને પવિત્ર અહલેબૈત તેમજ સંમાનનીય ઔલાદે પૈગંબરની શાન દર્શાવતી આયતો અને હદીસો વધારેમાં વધારે પ્રમાણમાં કૌમ અને મિલ્લતની સામે રજૂ કરવામાં આવે અને આ વિષય ઉપર જબરદસ્ત ઈલ્મી અને ઠોસ સાહિત્ય પીરસવામાં આવે, જ્ઞાનવર્ધક પુસ્તકોનું પ્રકાશન ખૂબ વધારે કરવામાં આવે અને આ પ્રકારનું શુધ્ધ, સાત્વિક, સચોટ

અને સમયની જરૂરતને લક્ષીને સાદી તથા લોકભાષામાં અનેરૂં સાહિત્ય લોકોની સેવામાં મૂકવામાં આવે જેથી તમામ જનતા ઔલાદે પૈગંબરની પ્રતિષ્ઠા પીછાણે. અને આનું મટીરીયલ સાચા, સુશીલ, પ્રતિભાશાળી, તકવાવાળા આલિમોની રિવાયતો અનુસાર હોય. બીજા શબ્દોમાં, સહાબાએ કિરામ, પવિત્ર તાબેઈન, હદીસના હાફિઝો અને બુઝુર્ગોની નિશાનીઓના મહાસુરક્ષકોએ જે હદીસો તેમજ આયતો દ્વારા પવિત્ર અહલે બૈત અને પવિત્ર ઔલાદે નબી વિરૂધ્ધ કરાતા પ્રોપેગન્ડાઓ અને અપમાનજનક ટિપ્પણીઓના નાપાક પ્રયત્નોને નાકામ બનાવ્યા છે એમનાથી જ ઉપરાંત એવા જ વિષયો સંબંધિત આયતો અને એની તફસીરોથી આ લિટરેચર (સાહિત્ય) તૈયાર કરવામાં આવે.

ગુજરાતી તથા ઉર્દૂમાં પણમાં આવા પ્રકારના સાહિત્યની તાતી જરૂર છે કે થોડા-થોડા સમયાંતરે પવિત્ર અહલેબૈત અને મોભાદાર આલે રસૂલ વિરૂધ્ધ ઝેર ઓકતા મુનાફિકોને જનતા ઓળખી લે. તેમની હરકતોને ધ્યાન દોરવા યોગ્ય ન સમજે. અને તેમની સાથે સંબંધ રાખવા તો શું ? એમના ચેહરા જોવા ને પણ જનતા અપરાધ સમજવા લાગે.

આવા ઈમાનવર્ધક સાહિત્યની સાથોસાથ સહાબાની ફઝીલતો દર્શાવતું આવુંજ પ્રતિભાશાળી, જ્ઞાનવર્ધક, દલીલસભર અને બુધ્ધિપૂર્વકનું સાહિત્ય સાદી લોકભાષામાં અને સરળ શૈલીમાં વધુમાં વધુ પ્રમાણમાં છાપીને પ્રચાર-પ્રસાર કરવાની તાતી જરૂર છે. ખરેખર તો આ બંને પ્રકારના સાહિત્યો ઈમાનરૂપી સાંકળની બે અતિ મૂલ્યવાન નૂરાની કડીઓ છે.

આલે રસૂલ, અહલેબૈત વિરૂધ્ધ જે ગંદા પ્રોપેગન્ડાઓ કરવામાં આવે છે એને જડમૂળથી ઉખેડી ફેંકવા માટે ખુદાના એ વ્હાલાઓની ફઝીલતો અને ખૂબીઓ બયાન કરવાથી વધીને કોઈ વસ્તુ સફળ અને અસરકારક નથી અને હાલ એની જ તાતી જરૂર અને અતિશય આવશ્યકતા છે. તેથી જ આ લાઈનો આલેખનારે (પ્રતિષ્ઠિત લેખક મહોદયે) આ વિષય ઉપર પેન ઉપાડેલ છે.

# પવિત્ર અહલેબૈત ભણી સૌના દિલ આટલા બધા કેમ આકર્ષાય છે ?

બની ઉમૈયાની હુકૂમતે પૂરેપૂરા પ્રયત્નો આદર્યા કે સૌના દિલ પવિત્ર અહલેબૈત તરફથી દૂર થઈ જાય, ફરી જાય અને આ નાપાક મનોકામના બર લાવવા માટે એમની ઉપર ફિટકાર વરસાવવા અને ગાળો ભાંડવાનું પણ ચાલુ કરી દીધું તે ત્યાં સુધી કે હુજ્જાજના જમાનામાં તો જે માનવી પ્રેમપૂર્વક અને શ્રધ્ધાપૂર્વક હઝરત અલીનું નામ લેતો એની ઉપર તો મુશ્કેલીઓના પહાડો તૂટી પડતા. પરંતુ આવા નાપાક ષડયંત્રો છતાં હુકૂમતની પૂરેપૂરી શક્તિ સૌના દિલોમાંથી અહલેબૈતની મોહબ્બતની ભાવનાને દૂર ન કરી શકી.

[ફૂટનોટ : હદ થઈ ગઈ કે જે દીનના ઈમામોનો લોક માનસ પર ઘણો મોટો પ્રભાવ હતો દા.ત. ઈમામ હસન બસરી, એમની ઉપર પણ એ બળજબરી અને દબાણ હતું કે અલીની જીભે જે હદીસ સાંભળી છે એને અલીના હવાલાથી બયાન ન કરતા. બિચારા વિવશ હતા કે શું કરતા ?! ઈમામ સુયૂતી પોતાના પુસ્તકમાં અને અલ્લામા અહમદ કશાશી જેઓ શાહ વલીઉલ્લાહ સાહેબના, હદીસ-તસવ્વુફના ઉપરના મશાઈખ પૈકી છે તેઓ અસ્સમતુલ મજીદ પેજ-૮૭માં લખે છે કે એક દિવસ ઈમામ હસન બસરીના એક વિદ્યાર્થી મૂસા ઈબ્ને ઉબૈદે એમને કહ્યું, “આપ અમુક હદીસોની રિવાયતમાં જે આમ કહો છો કે રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફર્માવ્યું છે અને રાવીનું નામ નથી લેતા, છેવટે આનું કારણ શું છે ? તમે પોતે તો રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમથી હદીસ સાંભળી નથી અને એમનો જમાનો મેળવ્યો (જોયો) નથી.” ઈમામ હસન બસરી આના જવાબમાં ફરમાવે છે, “મને આ વાત માત્ર તમે પૂછી છે, જો તમારાથી મારો ખાસ સંબંધ ન હોત તો હું આનું કારણ ન બતાવતો, હું જે જમાનામાં છું એ તમે જોઈ રહ્યા છો. આ જમાનામાં બધું હુજ્જાજના હાથમાં છે. તેથી જ્યારે હું રાવીનું નામ લીધા વગર કહૂં-“કા-લ રસૂલલ્લાહે સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ” તો સાંભળી લો કે મેં આ હદીસ હઝરત અલીથી સાંભળી છે. આપનું નામ નહિ લેવાનું કારણ એ છે કે આ નામ લેવા દેવામાં આવતું નથી.”

આ બનાવ "અલ્કૌકબુદ-દરી" ભાગ-૧, પેજ-૧૦૦માં પણ છે, એમાં ઈમામ હસન બશરીથી પૂછનારનું નામ મૂસા બિન ઉબૈદને બદલે યૂનુસ ઇબ્ને ઉબૈદ છે.]

એનું કારણ એ છે કે આ લોકો અલ્લાહ-રસૂલના ઘણા જ વ્હાલા છે. તેઓમાં રસૂલનું લોહી વહે છે. ઈમાન એમના ઘરેથી મળ્યું. વળી, અસંખ્ય હદીસોએ એમની મોહબ્બત સૌના દિલોમાં જમાવી દીધી છે. અમુક હદીસો આ છે :

(૧) હાફિઝ ઇબ્ને અસાકિરની રિવાયત છે કે રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું :

اساس الاسلام حبی وحب اهل بیتی

"ઈસ્લામની બુનિયાદ (જડ, પાયો, મૂળ, અસલ) મારી મોહબ્બત અને મારા અહલેબૈતની મોહબ્બત છે." (કન્ઝુલ ઉમ્માલ, ભાગ-૬, પેજ-૨૧૮)

(૨) હઝરત અબ્બાસ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે:

واللّٰه لا يدخل قالب امرأالايمان حتى يحبهم للّٰه والقرابتى

"ખુદાના સોગંધ ! કોઈના દિલમાં ત્યાં સુધી ઈમાન આવી નથી શકતું, જ્યાં સુધી મારા અહલેબૈતથી અલ્લાહ માટે અને મારા સગપણને કારણે મોહબ્બત ન રાખે." (ઇબ્ને માજા, પેજ-૧૩)

(૩) હઝરત અલી કર્રમલ્લાહો વજ-હહુલ કરીમથી રિવાયત છે કે રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે:

من احبنى و احب هذين و اباهما و امهما
كان معى فى درجتى يوم القيامة۔

"જે માણસ મારાથી મોહબ્બત કરશે અને આ બંને (હસન તથા હુસૈન) થી અને એમના પિતાથી અને એમની માંથી, એ કયામતના દિવસે મારી સાથે રહેશે." (અહમદ, તિર્મિઝી)

(૪) હઝરત અબૂઝર ગફફારી રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે:

ان مثل اهل بيتی فيكم مثل صفينة
نوح من ركبها نجاومن تخلف عنها غرق۔

"તમે લોકોમાં મારા અહલે બૈત એવા છે જેમકે (દરિયાઈ તોફાનથી બચવા માટે) નૂહનું વહાણ. જે એ વહાણ પર સવાર થયો, એણે ડૂબવાથી છુટકારો મેળવ્યો, અને જે એમના (વહાણ) થી અલગ રહ્યો, એ ડૂબી ગયો."

(મુસ્તદરક, કન્ઝુલ ઉમ્માલના હવાલાથી, ભાગ-૬, પેજ-૨૧૫)

(૫) હઝરત સલ્મહ ઈબ્ને ઉકૂઅ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે, સૈયદે આલમ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે :

النجوم امان لا هل اسماء و اهل بيتی امان لا متی

"તારાઓ આકાશવાળાઓ માટે અમ્નો-સલામતીરૂપ છે અને મારા અહલેબૈત મારી ઉમ્મત માટે અમ્નો-સલામતીરૂપ છે (એટલે કે એમની બરકતથી અમન અને શાંતિ છે.)

(મુસ્નદે અબૂ લઅ્લા, કન્ઝુલ ઉમ્માલના હવાલાથી, ભાગ-૬, પેજ-૨૧૬)

(૬) હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હુમાથી રિવાયત છે કે નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે:

احبو الله لمايغذو كم به من نعمه واحبونی
لحب الله و احبوا اهل بيتی لحبی

"અલ્લાહથી મોહબ્બત રાખો કેમ કે એ પોતાની ને'મતની રોઝી આપે છે, અને અલ્લાહથી મોહબ્બતની બુનિયાદ પર મારાથી મોહબ્બત રાખો, અને મારી મોહબ્બતની બુનિયાદ પર મારા અહલેબૈતથી મોહબ્બત રાખો."

(તિર્મિઝી, મુસ્તદરક, કન્ઝુલ ઉમ્માલ, ૬/૨૧૬)

(૭) હઝરત અબૂ મૂસાથી રિવાયત છે કે નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે :

انا و علی و فاطمة والحسن والحسین
یوم القیامة فی قبة تحت العرش۔

હું અને અલી તથા ફાતિમા તેમજ હસન ઉપરાંત હુસૈન કયામતના દિવસે એક કુબ્બા (મકાન, ઈમારત) માં રહીશું જે અર્શ તળે હશે. (અર્થાત્ અર્શ એની છત હશે.)

(મોઅજમે કબીર, તિબ્રાની, કન્ઝુલ ઉમ્માલ ૬/૨૧૫)

(૮) હઝરત ઈબ્ને ઉમર રદિયલ્લાહો અન્હુથી રિવાયત છે કે નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું :

ان من اشفع له یوم القیامة من امتی اهل بیتی، ثم الاقرب
فا لا قرب من قریش، ثم الانصار، ثم من آمن بی وا تبعنی من الیمن،
ثم من سائر العرب ،ثم الاعاجم و من اشفع له اولاافضل۔

"કયામતના દિવસે હું મારી ઉમ્મતમાં સૌ પ્રથમ મારા અહલેબૈતની શફાઅત કરીશ, પછી કુરૈશમાં એ લોકોની જે મારાથી સૌથી વધુ નજીક છે. આવી જ રીતે સગા સંબંધીઓની, પછી યમનવાળાઓમાંથી એ લોકોની જેઓ મારી ઉપર ઈમાન રાખતા હશે અને મારી પેરવી કરતા હશે. પછી સમસ્ત અરબસ્તાનની, પછી અજમવાળાઓની (અર્થાત્ આરબો સિવાયના બીજા બધા લોકોની), અને જેમની શફાઅત હું પહેલાં કરીશ એ સૌથી શ્રેષ્ઠ છે."

(મોઅ્જમે કબીર, તિબ્રાની, કન્ઝુલ ઉમ્માલ, ભાગ-૬, પેજ-૨૧૫)

(૯) હઝરત અનસ રદિયલ્લાહો અન્હોથી રિવાયત છે કે નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે :

نحن ولد عبد المطلب سادة اهل الجنة ، انا
وحمزة و علی و جعفر والحسن والحسین و المهدی۔

"અમે અબ્દુલ મુત્તલિબની સંતાનો, જન્નતવાસીઓના સરદાર છીએ અર્થાત્ હું અને હમ્ઝહ અને અલી અને જા'ફર અને હસન અને હુસૈન અને મહદી."

(ઈબ્ને માજા, મુસ્તદરક, કન્ઝુલ ઉમ્માલ, ૬/૨૧૬)

(૧૦) હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હોમાંથી રિવાયત છે કે નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે :

من سره ان یحییٰ حیاتی ویمیت مماتی ولیسکن جنة عدن
غرسها ربی فلیوال علیامن بعدی، ولیوال ولیه، ولیقتد باهل بیتی
من بعدی فانهم عترتی خلقوا من طینتی، ورزقوا فهمی و علمی، فویل
للمکذبین بفضلهم من امتی القاطعین فیهم صلتی، لا انا لهم الله شفاعتی۔

"જેને એ સારૂં લાગતું હોય કે મારી રીતે જિંદગી પસાર કરે અને મારી જેમ દુનિયાથી ઉઠે અને અદન જન્નતમાં રહે જેમાં અલ્લાહ તઆલાએ વિશેષ બંદોબસ્ત ફર્માવ્યો છે તો એણે એવું કરવું જોઇએ કે મારા પછી પણ અલીથી સ્નેહ અને પ્રેમભાવ રાખે અને એમના વારસદારોથી પણ. અને મારા પછી મારા અહલેબૈતની પૈરવી કરે કેમકે આ લોકો મારા જ ખમીર અને માટીમાંથી પેદા થયા છે અને એમને મારી સમજણ અને મારા ઈલ્મનો હિસ્સો મળેલ છે. મારા એ ઉમ્મતી માટે (દોઝખની) વૈલ અને બરબાદી છે જે એમની ફઝીલતનો મુન્કર છે અને મારી જોડે એમનો જે સંબંધ છે એને કાપવા માંગે છે. અલ્લાહ તઆલા આવા લોકોને મારી શફાઅતથી વંચિત રાખશે."

(તિબ્રાની, વર્રાફઈ, કન્ઝુલ ઉમ્માલ, ભાગ-૬, પેજ-૨૧૮)

(૧૧) હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હોમા ફર્માવે છે કે આ આયતશરીફ હઝરત અલી વિષે ઉતરી છે કે :

اِنَّ الَّذِيْنَ آمَنُوْ وَ عَمِلُوْ الصّٰلِحٰتِ سَيَجْعَلُ لَهُمُ الرَّحْمٰنُ وُدًّا ـ

"આ હકીકત છે કે જે લોકો ઈમાન લાવ્યા અને સારા અમલો કર્યા અલ્લાહ તઆલા બહુ જ જલ્દી એમની મોહબ્બત (મોમિનોના દિલોમાં) પેદા ફર્માવી દેશે." (આ વિધાન હઝરત ઈબ્ને અબ્બાસની તફસીરમાં છે.)

(અદ્-દુર્રુલ-મન્સૂર, ભાગ-૪, પેજ-૨૮૭)

તફસીરે મઝહરી (ભાગ-૬, પેજ-૧૨૨)માં આ શાને નુઝૂલ (આયત ઉતરવાની પૂરી માહિતી) લખ્યા પછી હદીસના પુસ્તકોના હવાલાથી લખે છે કે રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે :

من كنت مولاه فعلى مولاه

● જેનો હું મૌલા (આકા, માલિક, સ્વામી, તારણહાર) અલી તેના મૌલા. (અહમદ, ઈબ્ને માજા, નિસાઈ, તિર્મિઝી)

ذكر على عبادة

● અલીનો ઝિક્ર(ચર્ચા, વાત, યાદ,બયાન) ઈબાદત છે. (મુસ્નદ-અલ-ફિરદૌસ)

حب على عبادة

● અલીની મોહબ્બત ઈબાદત છે (મુસ્નદ-અલ-ફિરદૌસ)

# કુર્આનની રોશનીમાં અહલેબૈત

## અહલેબૈત ગુનાહોથી પાક (પર, આઝાદ, સુરક્ષિત) છે. કુર્આનશરીફનું ફરમાન

اِنَّمَا يُرِيْدُ اللّٰهُ لِيُذْهِبَ عَنْكُمُ الرِّجسَ
اَهلَ البَيْتِ وَ يُطَهِّرَ كُمْ تَطْهِيراً۔

"હે અહલેબૈત ! અલ્લાહ તો બસ આ જ ઇચ્છે છે કે તમારા લોકોથી (અટલે કે અહલેબૈતમાંથી ગુનાઓની) ગંદકી દૂર રાખે અને તમને ખૂબજ પાક-પવિત્ર અને પાકીઝા (સાફ-સુથરા) બનાવી દે."

## આયએ તત્હીર : હઝરત અલી, હઝરત ફાતિમા, ઇમામ હસન અને ઇમામ હુસૈનની મહાન પવિત્રતા અને પાકીઝાપણું (તહારત, પાકી, સફાઈ, સુથરાપણું, દોષમુક્ત હોવું, અવગુણ-વિહોણા હોવું) :

આ પવિત્ર ખમીરવાળી અને સાફ-સુથરા ગુણો તેમજ નિર્દોષ વ્યક્તિત્વ ધરાવતી હસ્તીઓની એક વિશિષ્ટ ખૂબી આ છે કે અલ્લાહ તઆલા એમની ભવ્યાતિભવ્ય પ્રતિભાશાળી શાનમાં ફરમાવે છે:

اِنَّمَا يُرِيْدُ اللّٰهُ لِيُذْهِبَ عَنْكُمُ الرِّجْسَ

اَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيْرًا۔

"હે અહલેબૈત! અલ્લાહ તો બસ આ જ ઈચ્છે છે કે તમારા લોકોથી (એટલે કે અહલેબૈતમાંથી) ગુનાઓની ગંદકી દૂર રાખે અને તમને ખૂબજ પાક-પવિત્ર અને પાકીઝા (સાફ-સુથરા) બનાવી દે."

(અહઝાબ, પારા-૨૨, રુકૂઅ-૧)

આ આયતમાં અહલેબૈતથી મુરાદ કોણ લોકો છે ?

હુઝૂર સરવરે આલમ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે પોતે જ આ આયત ઉતરી ત્યારે ફરમાવી દીધું કે :

"અહલેબૈત આ લોકો છે: અલી, ફાતિમા, હસન તેમજ હુસૈન."

(તિર્મિઝી બાબુત્તફસીર, ભાગ-૨, પેજ-૧૫૨ અને બીજી ઘણી બધી હદીસ-તફસીરની કિતાબો)

હવે આના પછી કોઈને મોં ઉઘાડવાનો અવકાશ જ રહેતો નથી. વિસ્તૃત વિવેચના ઈન્શાઅલ્લાહ આગળ આવશે.

આ આયતના અનુસંધાને આ લોકો ગુનાઓથી પર અને પાક-પવિત્ર છે. હાફિઝ તિબ્રાની, ઈમામ અબૂ નઈમ અસ્ફહાની, ઈમામ બે-હકી, હકીમ તિર્મિઝી, હાફિઝ ઈબ્ને મરદૂયા, હઝરત ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો

અન્હોમા રિવાયત લખે છે જે લાંબી છે અને હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની હદીસ છે; એનું છેલ્લુ વાક્ય આ છે :

فانا و اهل بيتى مطهرون من الذنوب

"હું અને મારા અહલેબૈત ગુનાઓથી પાક-સાફ છીએ,"

પ્રખ્યાત તાબેઈ મુફસ્સિર હઝરત ઝહ્‌-હાક બિન મઝાહિમની રિવાયત છે કે : નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ ફરમાવતા રહેતા હતા કે :

نحن اهل بيت طهر هم الله من شجرة النبوة،

وموضع الرسالة و مخلف الملائكة ، وبيت الرحمة ومعدن العلم۔

"અમે લોકો અહલેબૈત છીએ જેમને અલ્લાહે સાફસુથરા અને પાક-પવિત્ર બનાવ્યા છે. અમે લોકો નબુવ્વતનું વૃક્ષ, રિસાલતનું નિવાસ-સ્થાન, ફરિશ્તાઓનું ઉતરાણ-સ્થળ, રહમતનો આવાસ અને ઈલ્મની ખાણ છીએ."

(અદ્દ-દુર્રુલ્મન્સૂર, ભાગ-૫, પેજ-૧૯૯)

## આયએ તત્હીર ઉતરવાનું કારણ :

પ્રખ્યાત સહાબી હઝરત અબૂ સઈદ ખુદરી રદિયલ્લાહો અન્હોનું બયાન છે કે નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે :

نزلت هذه الاية فى خمسة : فى وفى

على و فاطمة و حسن و حسين انما يريد الله ليذ

هب عنكم الرجس اهل البيت و يطهركم تطهيرا۔

"આ આયત (અમે) પાંચ જણા વિષે ઉતરી છે: મારા વિષે અને અલી અને ફાતિમા અને હસન અને હુસૈનના વિષે.(અદ-દુર્રુલ્મન્સૂર,

ભાગ-૫, પેજ-૧૯૮, ઈબ્ને જરીર અને ઈબ્ને અબી હાતિમના હવાલાથી નૂરુલ અબ્સારમાં મુસ્નદે અહમદનો પણ હવાલો છે.)"

આ રિવાયતની પુષ્ટી હઝરત સૈયદા ઉમ્મે સલ્મા રદિયલ્લાહો અન્હાના કથનથી પણ થાય છે; આપ ફરમાવે છે :

نزلت هذه الآية في رسول الله صلى الله عليه
وسلم وعلى وفاطمة وحسن وحسين عليهم السلام۔

"આ આયત રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ અને અલી તેમજ ફાતિમા તથા હસન ઉપરાતં હુસૈન અલૈહિમુસ્સલામ વિષે ઉતરી છે." (મુશ્કિલુલ્આસાર, ભાગ-૧, પેજ-૩૩૨, પ્રિન્ટેડઃ દાઈરાતુલ મઆરિફ, હૈદ્રાબાદ, દકન, હિજરી ૧૩૩૩ )

## આ આયત ઉતરવા વિષેનું વિગતવાર બયાન :

ઈમામ તિર્મિઝી, ઈમામ તહાવી, ઈમામ ઈબ્ને જરીર, ઈમામ ઈબ્ને મુન્ઝર, ઈમામ બૈ-હકી, ઈમામ તિબ્રાની વગેરેની રિવાયત છે કે ઉમ્મુલ મોમેનીન ઉમ્મે સલમા રદિયલ્લાહો તઆલા અન્હા ફરમાવે છે :

فی بیتی نزلت انما یرید الله لیذهب عنکم الرجس
اهل البیت ویطهر کم تطهیرا وفی البیت علی، وفاطمة
وحسن وحسین فجللهم رسول الله صلی الله علیه
وسلم ثم قال: اللّٰهُمَّ هولاء اهل بیتی،
فاذهب علیهم الرجس وطهرهم تطهیرا۔

"આ આયત : ઈન્નમા યુરીદુલ્લાહુ લિયુઝ-હિ-બ અન્કુમુર રિજ-સ અહ-લલ-બય-તિ વ યુતહ-હિ-ર-કુમ તત-હીરા, મારા ઘરમાં ઉતરી છે. એ સમયે મારા ઘરમાં અલી, ફાતિમા, હસન તેમજ હુસૈન હતા. આપે એ

લોકોને પોતાની કમલી ઓઢાડી, જે આપના શરીરે હતી. પછી આમ કહ્યું : હે અલ્લાહ ! આ લોકો મારા અહલેબૈત છે. એમનાથી (ગુનાઓની) ગંદગી દૂર રાખ અને એમને ખૂબજ સાફ-સુથરા અને પાક-પવિત્ર બનાવી દે.'' (અદ-દુર્રુલ્મન્સૂર, ભાગ-૫, પેજ-૧૯૮, આમાં તહાવીનો હવાલો નથી, પરંતુ મુશ્કિલુલઆસાર, ભાગ-૧, પેજ-૩૩૩માં આ વિષયની હદીસ મૌજૂદ છે.)

## આ શાને નુઝૂલ નિરંતર રિવાયત થયેલ છે જેમાં કોઈ શંકા-કુશંકાને લગીરે સ્થાન નથી.

આયતે તત્હીર વિષે આ રિવાયત કે આ આયત હઝરત ઉમ્મે સલ્મા રદિયલ્લાહો અન્હાના ઘરમાં ઉતરી અને તેના ઉતરવાના અવસરે રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે હઝરત અલી, હઝરત ફાતિમા અને હસન-હુસૈન અલૈહિમુસ્સલામ વિષે ફરમાવ્યું છે : "આ લોકો મારા અહલેબૈત છે'' ખૂબજ ભરોસાપાત્ર રિવાયત છે. આમાં કોઈ શંકા-કુશંકાને લગીરે સ્થાન નથી, કેમકે આ વારંવાર રિવાયત થયેલ છે; તબક્કાવાર છે; જેના ભરોસાપાત્ર હોવામાં કોઈને વાંધો નથી અને આના વિરૂધ્ધમાં જે વાત કહેવામાં આવશે એ વિશ્વાપાત્ર વર્તુળોથી ખાલી છે.

[ફૂટનોટ : પછી એ ઉર્વહની વાત હોય અથવા અકરમાની અથવા કોઈ બીજાની.]

શાને નુઝૂલની આ રિવાયત અસંખ્ય સહાબી સ્ત્રીઓ તેમજ સહાબીઓથી અનુબંધિત છે. દા.ત. ઉમ્મુલ મોમેનીન ઉમ્મે સલ્મા, ઉમ્મુલ મોમેમીન હઝરત આઈશા, હઝરત સઅદ બિન અબી વકાસ, હઝરત અબૂ સઈદ ખુદરી, હઝરત વાસિલા બિન અસ્કઅ, હઝરત અનસ, હઝરત મુઅકલ બિન યસાર, હઝરત અબૂલ હમરા રદિયલ્લાહો અન્હુમ અજ-મઈન.

## પંજતન-પાક

સહાબાના જમાના ઉપરાંત બીજા સમયગાળામાં પણ આના રાવીઓ એટલી પુષ્કળ સંખ્યામાં છે કે આ રિવાયત નિરંતર તબક્કાવાર થઈ ગઈ

છે. આયતે તત્હીરની શાને નૂઝૂલની અસંખ્ય રિવાયતોએ પૂરેપૂરી સ્પષ્ટતા સહિત બતાવ્યું કે આ પવિત્ર આયત પાંચ સર્વશ્રેષ્ઠ મહાન હસ્તીઓ વિષે નાઝિલ થઈ છે : (૧) રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ, (૨) હઝરત અલી, (૩) હઝરત ફાતિમા (૪) ઈમામ હસન, (૫) ઈમામ હુસૈન અલૈહિસ્સલામ

(એમાંથી બે રિવાયતો આગળ લખાઈ ચૂકી છે.)

આનાથી સાફ જાહેર થાય છે કે કુર્આન-હદીસ અનુસાર, આ પાંચેય મહાન સર્વશ્રેષ્ઠ વિભૂતીઓ ગુનાહોથી પાક છે; પવિત્ર છે ; દૂર છે; અલિપ્ત છે તેથી જ તો તેમને "પંજતન-પાક" કહેવામાં છે. મગજમાં આ વાત વસાવી લો કે પંજતન-પાક આ પાંચ હસ્તીઓ છે : (૧) રસૂલે ખુદા સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ (૨) હઝરત અલી, (૩) હઝરત ફાતિમા (૪) ઈમામ હસન (૫) ઈમામ હુસૈન અલૈહિમુસ્સલામ.

## આયતે તત્હીરમાં "અહલેબૈત"નો શબ્દ કોના માટે છે ?

આ વિભાગની શરૂઆતમાં લખવામાં આવ્યું છે કે : ખુદ હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે પોતે જ આ આયત ઉતરી ત્યારે ફરમાવ્યું કે અહલેબૈત આ લોકો છે : "અલી, ફાતિમા, હસન અને હુસૈન."

હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમના આ વિવરણ પછી બીજા કોઈ વિવરણની જરૂર રહેતી નથી. આની વિરૂધ્ધ જે કાંઈ કહેવામાં આવ્યુ એ બધું અયોગ્ય; કેમકે નસ્સે કતઈ (કુઆર્ન તથા હદીસ)ના મુકાબલે કોઈ વાતમાં તથ્ય નથી.

રસૂલે પાક સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમના આ સ્પષ્ટીકરણ અને ઘણા બધા સહાબીઓના બયાન પછી આ કે આયત અલી, ફાતિમા, હસન-હુસૈન વિષે ઉતરી છે; દરેક જણ ઉપર ફરજિયાત હતું કે

કોઈ જાતના વાંધા-વચકા વિના આ વાત માની લેતા અને કોઈ જાતની ધારણાઓ ન ઘડતા, પણ અમુક વિઘ્નસંતોષીઓ કહી દે છે કે :

"કુર્આન અનુસાર આયતે તત્હીરમાં "અહલેબૈત" એટલે માત્ર નબીની પત્નીઓ છે; અને અલી, ફાતિમા, હસન-હુસૈન (ખુદાની પનાહ) કુર્આન પ્રમાણે અહલેબૈત નથી. હા, હદીસ અનુસાર એમને પણ અહલેબૈત કહી લો."

અહો આશ્ચર્ય અને અચંબો !! કે આ આયતની તફસીરમાં રસૂલે પાક સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ પોતે તો "અહલેબૈત" શબ્દ વિષે ખુલ્લેખુલ્લા શબ્દોમાં હઝરત અલી, હઝરત ફાતિમા, ઈમામ હસન અને ઈમામ હુસૈન અલૈહિમુસ્સલામને આ આયત ઉતરી ત્યારે "હુલા-અ અહલિ બૈતી" (આ મારા અહલેબૈત છે) ફરમાવીને સ્પષ્ટીકરણ કરી દે કે "આ છે અહલેબૈત" જેના પછી કોઈને મોઢું ખોલવાની મજાલ નથી, તેમ છતાં એ લોકો પોતાની રીતે તફસીર રજૂ કરવાની ચેષ્ટા કરી રહ્યા છે, અને વધારે નીડરતા આ કે પોતાની યથાર્થતા માટે અમુક તફસીરવેત્તાઓ જેમકે ઈમામ લુગવી, ઈમામ રાઝી અને મુફસ્સિર ઈબ્ને કસીર વગેરેના પુસ્તકોથી હવાલાઓ રજૂ કરવાનો વ્યર્થ પ્રયત્ન પણ કરે છે; જો કે આ તફસીરવેત્તાઓએ કહ્યું છે કે, "આ આયતમાં અહલેબૈત શબ્દથી મુરાદ રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની પત્નીઓ પણ છે અને હઝરત અલી, હઝરત ફાતિમા અને હસનૈન કરીમૈન પણ છે." જો કે આ વાત પણ ઈમામ તહાવી જેવા ધુરંધર સંશોધકની નજરે ખરી નથી, બલ્કે આ આયતમાં "અહલેબૈત" શબ્દથી મુરાદ માત્ર હઝરત અલી, હઝરત ફાતિમા, ઈમામ હસન અને ઈમામ હુસૈન અલૈહિસ્સલામ છે. વિગતવાર જુઓ :

જે તફસીરવેત્તાઓએ લખેલ છે કે આયતે તત્હીરમાં "અહલેબૈત" શબ્દથી મુરાદ હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની

પત્નીઓ પણ છે એમનું આ કથન માત્ર ધારણા આધારિત છે અને તે આ છે કે આયતે તત્હીરના પહેલાં પણ નબીએ કરીમ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની પુનિત પત્નીઓનો જિકર છે અને એના પછી પણ એમનો જ જિકર છે; તેથી આયતે તત્હીરમાં "અહલેબૈત"થી એમને મુરાદ લેવા જોઈએ; નહિતર વાત બિનતબક્કાવાર ગણાશે.

પણ આ વાતમાં કાંઈ તથ્ય નથી; તેથી જ તો ઈમામ તહાવી જેવા ધુરંધર અને સિધ્ધહસ્ત વિદ્વાન, કુર્આન-હદીસના પ્રખર, અદ્વિતીય મહારથી અને જાણકારે આને સખત શબ્દોમાં રદબાતલ ઠેરવી છે જેનું બયાન ઈન્શાઅલ્લાહ આગળ એક યોગ્ય વિભાગમાં આવશે.

આ ખરી ન હોવાની એક બાબત આ પણ છે કે વાતની તબક્કાવાર ગોઠવણનો આધાર આની ઉપર નથી કે "અહલેબૈત"થી મુરાદ નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની પત્નીઓ જ લેવામાં આવે (નહિતર વાત બિન-તબક્કાવાર ગણાશે.)

## તબક્કાવાર (પરસ્પર સંબંધિત) કુર્આનનો એક મહત્ત્વનો નિયમ

આનાથી પણ વાતનો પારસ્પરિક સંબંધ ઉઘડી જાય છે કે જે કલામ બિન- તબક્કાવાર જણાય છે એને જુમ્લએ મુસ્તાનેફહ સમજો.

[ફૂટનોટ : જુમ્લએ મુસ્તાનેફહની વિગત આગળ આવી રહી છે.]

જો અહીં જુમ્લએ મુસ્તાનેફહ માનીએ તો વાતના સ્વરૂપમાં અનહદ પારદર્શિતા નજર આવવા લાગે છે અને લાભાલાભ વધી જાય છે; કુર્આનશરીફમાં મુસ્તાનેફહના ઉદાહરણો અસંખ્ય છે; કશ્શાફ, બૈઝાવી, તફસીરે કબીર, તફસીરે અબી સઊદ, અલ્બેહરૂલ મુહીત, રૂહુલ્મઆની, જલાલૈન અને જમલ વગેરેમાં ઠેકઠેકાણે મોજૂદ છે કે આ કુર્આની જુમ્લએ મુસ્તાનેફહ છે.

જુમ્લએ મુસ્તાનેફહ રજૂ કરવું અરબી સાહિત્યનો અત્યંત ખૂબસૂરત

અને પાકટ સ્વરૂપ છે; એનાથી વાતમાં ઘણી જ પારદર્શિતા, સૌંદર્ય અને ખૂબસૂરતી આવે છે અને વાત એટલી દલીલસભર થઈ જાય છે કે હવે કોઈને સવાલ ઉઠાવવાનો અવકાશ જ રહેતો નથી. જુમ્લા મુસ્તાનેફહનો અર્થ આ છે કે :

કથનની વચમાં જો કોઈને કાંક પૂછવાનો અવસર હોય તો એના પૂછ્યા વિના જ જવાબ આપી દો, એનાથી વાતચીતમાં ઘણું મોટું આકર્ષણ પેદા થઈ જાય છે. પછી જવાબ આપ્યા પછી એ વાતચીતનો સિલસિલો આગળ વધારો જે પહેલાથી ચાલુ હતો. અરબીમાં આ પ્રકારના વાક્ચાતુર્યને "ઈસ્તીનાફ" કહેવાય છે, અને આની રજૂઆત કરનાર વાક્યને "જુમ્લએ મુસ્તાનેફ઼હ" કહેવાય છે. આના વિષે આ હકીકત હંમેશ ધ્યાનમાં રાખો કે આ વાક્ય એક છુપા સવાલને પૂરો કરે છે; જેના પછી કોઈ સવાલ કે પ્રશ્નની જગ્યા જ નથી, શક્યતા જ નથી રહેતી, આવશ્યકતા જ નથી રહેતી. દરેક ભાષાના સાહિત્યો ઉચ્ચ છે અને અદ્‌ભૂત શૈલી ધરાવતા સાહિત્યકારો અને શાયરોની રચનાઓમાં આના અસંખ્ય ઉદાહરણો જોવા મળે છે, જે વાક્યચાતુર્ય,વાકછટા, વાણીની મધુરતા અને અલંકારિક સુંદરતા ધરાવતા રત્નો અને માણેકો માનવામાં આવે છે; અને કુર્આનશરીફના મુસ્તાનેફહ વાક્યો અને મહાવરાઓ તો પુખ્તતા, પાકટતા,મધુરસ, સૌંદર્યરસની ખાણો છે જે દિલો (હૃદયો,અંતર)ની એ વાતો (અને પ્રશ્નો)ને પણ પૂરેપૂરી સંતોષકારક રીતે સુલઝાવે (હલ કરે) છે જે વાતો જીભના ટેરવે પણ નથી આવી અને આના અનુસંધાનમાં મોટા મોટા રહસ્યો, ભેદ-ભરમો, હિકમતો તથા આંતરિક જ્ઞાનનું બયાન કરે છે.

## આયતે તત્હીર જુમ્લએ મુસ્તાનેફ઼હ છે

ઈમામ અલ્લામા કાઝી અબુલ મુહાસિન યૂસુફ બિન મૂસા (વફાત હિ. ૪૭૪) જે ખૂબજ ઉચ્ચ કોટિના હન્ફી સંશોધક અને ઈમામ તહાવી (વફાત હિ. ૩૨૧) ના ઈલ્મોના વારસદાર છે; પોતાની લા-જવાબ કિતાબ

"અલ્મુઅ્તસિર," ભાગ-૨, પેજ-૨૬૭માં લખે છે :

હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની પુનિત પત્નીઓને إِنْ كُنْتُنَّ تُرِدْنَ (ઈન કુન્તુન-ન તુ રિદ-ન થી) જે સંબોધન હતું એ اَقِمْنَ الصَّلٰوةَ وَاٰتِيْنَ الزَّكٰوةَ "અકિમ-નસ્સલા-ત વઆતી-નઝ-ઝકાત" ઉપર પૂર્ણ થઈ ગયું (આના પછી) આ ખુદાઈ ફરમાન : انما يريد الله ليذهب عنكم الرجس اهل البيت "ઈન્નમા યુરીદુલ્લાહુ લિયુઝ-હિ-બ અન્કુમુર રિજ-સ અહ-લલ બય-તિ" જુમ્લએ મુસ્તાનેફહ છે, અહલેબૈતની ઈજ્જત અને ઊંચી શાન માટે આવેલ છે. વિચારો (પુનિત પત્નીઓને સ્ત્રીવાચક સંજ્ઞાથી સંબોધન છે અને) અહલેબૈતને પુરૂષવાચક સંજ્ઞાથી સંબોધન છે. આ જ કારણે "લિયુઝ-હિ-બ અન્કુમ" ફરમાવ્યું છે; "અન-કિન્ન" નથી ફરમાવ્યું, આ રીતે પૈગંબરની પુનિત પત્નીઓને આ આયતમાં શામેલ કરવાની કોઈની પાસે કોઈ દલીલ જ નથી. એક દલીલ આ પણ છે કે (આ આયત ઉતર્યા પછી) હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ સવારે હઝરત ફાતિમાના દરવાજે પધારી આમ કહેતાઃ

السلام عليكم اهل البيت انما يريد الله
ليذهب عنكم الرجس اهل البيت و يطهركم تطهيرا

"અસ્સલામુ અલૈકુમ અહલલ બયતિ ઈન્નમા યુરીદુલ્લાહુ લિયુઝ-હિ-બ અન્કુમુર રિજ-સ અહ-લલ બયતિ વયુતહ-હિ-ર-કુમ તત્હીરા."

આના સમજૂતી માટે આયતે તત્હીરની પહેલાંની આયતો પઢો જેમાં પૈગંબસલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની પુનિત પત્નીઓને સંબોધન કરવામાં આવ્યું છે, અને પહેલાના દૃશ્ય પર દૃષ્ટિપાત કરો, પ્રથમ દૃશ્ય આ છે :

હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની સંમાનનીય પત્નીઓએ આપથી વધારાના ઘરખર્ચની માંગણી કરી અને આપની ઉપર

વધુ બોજ નાંખવા ઇચ્છ્યું, જો કે હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ દુનિયાદારીના તકાઝાઓ અને નાઝ-નખરાઓથી અલિપ્ત હતા, આ માંગણી આપની પવિત્ર તબીયત પર ભારે પડી, આથી આ આયતો ઉતરી જેમાં આપને ખુદાઈ આજ્ઞા છે કે આપ આપની પત્નીઓને આ શિખામણો અને આ આજ્ઞાઓ સંભળાવી દો, આયતોમાં ઘણી બધી નસીહતો અને ચેતવણીઓ છે; એમને ધ્યાનથી વાંચો :

يٰاَيُّهَا النَّبِىُّ قُلْ لِّاَزْوَاجِكَ اِنْ كُنْتُنَّ تُرِدْنَ الْحَيٰوةَ الدُّنْيَا وَزِيْنَتَهَا فَتَعَالَيْنَ اُمَتِّعْكُنَّ وَاُسَرِّحْكُنَّ سَرَاحًا جَمِيْلًا ۝ وَاِنْ كُنْتُنَّ تُرِدْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ وَالدَّارَ الْاٰخِرَةَ فَاِنَّ اللّٰهَ اَعَدَّ لِلْمُحْسِنٰتِ مِنْكُنَّ اَجْرًا عَظِيْمًا ۝ يٰنِسَآءَ النَّبِىِّ مَنْ يَّاْتِ مِنْكُنَّ بِفَاحِشَةٍ مُّبَيِّنَةٍ يُّضٰعَفْ لَهَا الْعَذَابُ ضِعْفَيْنِ ؕ وَكَانَ ذٰلِكَ عَلَى اللّٰهِ يَسِيْرًا ۝

وَمَنْ يَّقْنُتْ مِنْكُنَّ لِلّٰهِ وَرَسُوْلِهٖ وَتَعْمَلْ صَالِحًا نُّؤْتِهَآ اَجْرَهَا مَرَّتَيْنِ ۙ وَاَعْتَدْنَا لَهَا رِزْقًا كَرِيْمًا ۝ يٰنِسَآءَ النَّبِىِّ لَسْتُنَّ كَاَحَدٍ مِّنَ النِّسَآءِ اِنِ اتَّقَيْتُنَّ فَلَا تَخْضَعْنَ بِالْقَوْلِ فَيَطْمَعَ الَّذِىْ فِىْ قَلْبِهٖ مَرَضٌ وَّ قُلْنَ قَوْلًا مَّعْرُوْفًا ۝ وَقَرْنَ فِىْ بُيُوْتِكُنَّ وَلَا تَبَرَّجْنَ تَبَرُّجَ الْجَاهِلِيَّةِ الْاُوْلٰى وَاَقِمْنَ الصَّلٰوةَ وَاٰتِيْنَ الزَّكٰوةَ وَاَطِعْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ ؕ

"હે પેગંબર ! આપની પત્નીઓને કહી દો : જો તમે દુનિયાની જિંદગી અને દુનિયાના એશ-આરામ ઈચ્છો છો તો આવો હું તમને છૂટાછેડાનો સામાન આપીને સન્માનપૂર્વક છોડી દઊં, અને જો તમે અલ્લાહ અને રસૂલ અને આખેરતનું ઘર ઈચ્છો છો, તો અલ્લાહે તમારામાંથી સારા અમલ કરનારીઓ માટે અઢળક સવાબ તૈયાર કરી રાખ્યો છે.

હે પૈગંબરની પત્નીઓ ! તમારામાંથી જે સ્ત્રી ખુલ્લેખુલ્લી બેશરમીનું કામ કરશે એને બેગણું (ડબલ) અઝાબ અપાશે. અને આ કામ અલ્લાહ માટે ઘણુંજ સહેલું છે.

અને તમારામાંથી જે સ્ત્રી અલ્લાહ અને રસૂલના હુકમો માનતી રહેશે અને સારા-સારા કામો કરતી રહેશે એને અમો બે-ગણું (ડબલ) સવાબ આપીશું અને એને માટે સંમાનનીય રોઝી તૈયાર કરી આપીશું.

હે પૈગંબરની પત્નીઓ ! તમે બીજી સ્ત્રીઓની જેમ નથી, એ શરતે કે તકવા સાથે રહો, પછી (આ પણ સાંભળી લો કે)જીભ પર લલચામણી વાત ન લાવતી, કે જેના લીધે જેના દિલમાં બીમારી છે એને ખોટી લાલચ પેદા થાય અને ઘણા જ સુસંસ્કારના બોલ બોલજો, અને પોતાના મકાનોમાં રોકાઈ રહેજો, અને પુરાણી અજ્ઞાનતાની જેમ ઘરોથી નીકળીને પોતાને તમાશો ન બનાવતી.

અને નમાઝ પઢતી રહેજો, ઝકાત આપતી રહેજો, અને અલ્લાહ તેમજ રસૂલનું આજ્ઞાપાલન કરતી રહેજો."

અહીં સુધી કે હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની પત્નીઓને અલ્લાહ તરફથી ઘણા જ અગત્યના ઉપદેશો અને ચેતવણીઓ છે જે ઘણી જ અસરકારક છે અને એટલા માટે આપવામાં આવી છે કે એમની વાતોથી હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમને તકલીફ પહોંચી હતી. હવે અહીં એ સવાલ ઉદ્ભવી શકે છે ખાસ કરીને હઝરત ફાતિમા ઝહરા અને હઝરત અલી મુર્તઝા રદિયલ્લાહો અન્હુમાને કે પુનિત પત્નીઓની વાત રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા

અલૈહે વઆલેહી વસલ્લમની પવિત્ર તબીયત પર ભારે પડી તો એમને આટલી ચેતવણી આપવામાં આવી, આપ જોડે અમારા સંબંધો તો હજી વધારે નિકટવર્તી છે, જેના કારણે જાત-જાતની મહત્ત્વની વાતો ઉદ્ભવી શકે છે; જો ખુદા ન કરે ને અમારી વાતો આપની પવિત્ર તબીયત પર ભારેખમ લાગે તો ન જાણે અમારા વિષે પણ કેવી-કેવી ચેતવણીઓ ઉતરશે ? અને શું થશે ?

આ એક પ્રાકૃતિક (સ્વભાવિક) પ્રશ્ન છે જેમાં ઘણો જ ડર છે. કુર્આનશરીફમાં કે જવાબમાં કુર્આનશરીફ જે ફરમાવે છે તેનું તાત્પર્ય આ છે કે તમારા લોકોથી આ ભૂલ નહિ થાય, તમારા વિષે તો અલ્લાહ તઆલાની ઈચ્છા આ જ છે કે તમને ગુનાઓથી દૂર રાખશે, પાક-પવિત્ર રાખશે, શબ્દો આ છે :

اِنَّمَا يُرِيْدُ اللّٰهُ لِيُذْهِبَ عَنْكُمُ الرِّجْسَ
اَهْلَ الْبَيْتِ وَيُطَهِّرَكُمْ تَطْهِيْرًا ۝

"હે અહલેબૈત ! તમારા લોકોના સંબંધમાં તો અલ્લાહ આ જ ઈચ્છે છે કે તમારાથી (ગુનાઓની) ગંદકી દૂર રાખે અને તમને ખૂબજ સાફ-સુથરા અને પાક-પવિત્ર બનાવી દે."

જોયું આપે ? આયતે તત્હીરને જુમ્લએ મુસ્તાનેફહ ઠેરવો તો આ રહસ્યો, ભેદ-ભરમો, સચ્ચાઈઓ અને હિકમતો સામે આવશે. હકીકતમાં આ જુમ્લએ મુસ્તાનેફહ હઝરત અલી, હઝરત ફાતિમા, ઈમામ હસન અને ઈમામ હુસૈનના માન-મોભા અને ઉચ્ચ હોદ્દા તથા ઊંચી શાનને દેખાડે છે. આથી જ અલ્લામા કાઝી અબૂલ મુહાસિને અલ્મુઅ્તસિરમાં લખેલ છે:

આ આયતે તત્હીર જુમ્લએ મુસ્તાનેફહ છે જે અહલેબૈતની ઈજ્જત-આબરૂ અને માન-મર્તબા (દર્શાવવા) માટે આવેલ છે.

આ રીતે આયતે તત્હીર જુમ્લએ મુસ્તાનેફહ છે એટલે કે એક સ્વભાવિક પ્રશ્નનો ઉત્તર છે અને આ પ્રશ્ન ખુદાના કલામની આગળ દર્શાવેલ નસીહતો અને ચેતવણીઓથી કુદરતી રીતે જ ઉદ્દભવ્યો હતો, તેથી જવાબ આપ્યા પછી કલામની વાત પરિપૂર્ણ થઈ જાય છે અને પહેલાના કલામનો સિલસિલો પાછો ચાલુ થઈ જાય છે અને ફરી પૈગંબરસલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની પુનિત પત્નીઓને શિખામણો શરૂ કરી દેવામાં આવે છે. આ રીતે જુઓ તો કલામ શરૂથી અંત સુધી ક્રમબધ્ધ છે; ક્યાંયે શૂન્યાવકાશ અને વિચ્છેદ નથી. વચ્ચે જે એક વાક્ય આવી ગયું હતું કે આ જ સિલસિલાના એક કુદરતી પ્રશ્નનો જવાબ હતો જેનાથી કલામના બીજા પાસાઓ પણ સામે આવ્યા અને લાભાલાભ વધી ગયા. આવા વાક્યો ઉચ્ચ કક્ષાના શ્રેષ્ઠ કલામોમાં જ જોવા મળે છે અને કલામના લાભાલાભ વધારી દે છે.

આયતે તત્હીર પછી નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ પાકદામન પત્નીઓને જે ઉપદેશો આપવામાં આવ્યા છે તે આ છે :

وَاذْكُرْنَ مَا يُتْلٰى فِىْ بُيُوْتِكُنَّ مِنْ اٰيَاتِ

اللّٰهِ وَالْحِكْمَةِ ۔ اِنَّ اللّٰهَ كَانَ لَطِيْفاً خَبِيْرًا ۔

"અને તમારા મકાનોમાં અલ્લાહની જે આયતો અને હિકમતની વાતો પઢવામાં આવે છે એમને યાદ કરો અને યાદ રાખો, નિઃસંદેહ અલ્લાહ સુક્ષ્મમાં સુક્ષ્મ વસ્તુઓને પણ જુએ છે અને બાહ્ય તથા અંતર બધાથી વાકેફ છે.

## ઇમામ તહાવીનું સંશોધન કે આયતે તત્હીરમાં અહલેબૈત એટલે હઝરત અલી, હઝરત ફાતિમા, ઇમામ હસન અને ઇમામ હુસૈન છે; પૈગંબરની પત્નીઓ નથી.

પુરાણા તફસીરવેત્તાઓમાં અકરમાનો ઘણો આગ્રહ છે કે આયતે

તત્હીર નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની પવિત્ર પત્નીઓ વિષે ઉતરી છે અને તમે લોકો જેના વિષે સમજો છો એમના વિષે નથી ઉતરી, શબ્દો આ છે :

من شاء باهلته انها نزلت فی شان نساء النبی صلی اللّٰه علیه وسلم

"તમે લોકો જે તરફ જઈ રહ્યા છો એ વાત નથી, આ આયત જેમના વિષે ઉતરી છે એ તો માત્ર નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની પાકીઝા પત્નીઓ જ છે."

(અદદુર્રુલ મન્સૂર, ભાગ-૫, પેજ-૧૯૮)

અકરમા આ વાક્યમાં પોતાના જમાનાના એ લોકોની વાત કાપતા હતા જેમનું કથન છે કે આ આયત હઝરત અલી, હઝરત ફાતિમા અને હસનૈન કરીમૈન વિષે ઉતરી છે. અકરમા પોતાના અભિપ્રાયમાં એટલા ઉગ્ર હતા કે બજારોમાં ઘાંટા પાડી-પાડીને કહેતા હતા કે : આ આયત ખાસ કરીને નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની પવિત્ર પત્નીઓ વિષે જ ઉતરી છે.

(ઇબ્ને હરીર, ભાગ-૨૨, પેજ-૮, પ્રિન્ટેડ બાય મુસ્તફા અલ બાબી, મિસર)

અને આ ઉગ્રતા એટલી બધી વધી ગઈ હતી કે તેઓ જગજાહેર પોકારતા હતા : આ આયત નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની પુનિત પત્નીઓ વિષે ઉતરી છે. આ વિષયમાં જે ચાહે એનાથી હું મુબાહેલો (દીની મુકાબલો) કરવા તૈયાર છું.

આ સહાબા અને તાબેઈનનો જમાનો હતો. અકરમાની આ ઉગ્રતા અને મુબાહેલાની તૈયારી બતાવી રહી છે કે ત્યારે લોકો અકરમાની વિરૂધ્ધ, આમ કહેતા હતા કે આ આયત અલી, ફાતિમા, હસન અને હુસૈન વિષે ઉતરી છે. અને આ માત્ર ધારણા જ નથી, બલ્કે રિવાયતથી પણ સાબિત છે કે અસંખ્ય સહાબા તથા તાબેઈનનું કથન છે કે આ આયત અલી, ફાતિમા, હસન અને હુસૈન વિષે ઉતરી છે. પછી એમના કથન આગળ અકરમાની

વાતનું શું વજૂદ ? વધુ એ કે જ્યારે આ હકીકત સામે આવી જાય છે કે ખુદ એમના જમાનામાં જ આ વાત પ્રખ્યાત થઈ ગઈ હતી કે અકરમા ખારજી વિચારશરણીના માણસ છે તો એમની વાત વધારે તથ્યહીન થઈ જાય છે. એમની ખારજીયતવાળી વાત (અભિપ્રાય, રાય)ની ફરિયાદ માત્ર જાહેર જનતાને જ નથી, બલ્કે મોટા-મોટા ઈમામોને પણ છે, જેમાં ઈમામ યહ્યા બિન સઈદ અન્સારી અને ઈમામ માલિક પણ છે, ઈમામ હાફિઝ ઈબ્ને અબી હાતિમ

[ફૂટનોટ : આ બુઝુર્ગ હઝરત ઈમામ અબી હાતિમ હમદોશ ઈમામ અહમદ હંબલના સુપુત્ર છે; પૂરૂં નામ અબ્દુર્રહમાન બિન અબી હાતિમ છે. હિ. ૩૨૭માં ઈન્તકાલ થયો. ફન્ને રિજાલ (એક પ્રકારનું ધાર્મિક જ્ઞાન) માં ઈમામ બુખારીનાં સમકક્ષ (બરોબરીના, સમોવડીયા) છે.]

અલ્જર્હ વત્તઅ્દીલ (પ્રકાર બીજો, ભાગ-૩, પેજ-૮) અકરમાના જિકરમાં પોતાના જાજરમાન પિતા ઈમામ કબીર હાફિઝ અબી હાતિમનું કથન લખે છે કે :

والذی انکر علیه یحی بن سعید الانصاری و مالك فلبسبه رایه

યહયા બિન સઈદ અન્સારી અને (ઈમામ) માલિકે, અકરમાને જે ખરાબ સમજ્યો છે એનું કારણ અકરમાનો (ખારજી) અભિપ્રાય છે.

જો કે અકરમા પોતાના ખારજી દૃષ્ટિકોણ હોવા છતાં અન્ય ધાર્મિક બાબતોમાં મોટા યશસ્વી આદમી અને હઝરત અબ્બાસના એક મોટા શિષ્ય હતા, આ ઉપરાંત હઝરત આઈશા, હઝરત ઈબ્ને ઉમર, હઝરત અબૂ હુરૈરા અને હઝરત અબૂ સઈદ ખુદરી વગેરે જેવા સહાબાના પણ પ્રખ્યાત શિષ્ય છે અને મદીના મુનવ્વરા, મક્કા મોઅઝ-ઝમા, બસરા વગેરે મહત્ત્વના ઈસ્લામી મુલકોમાં એમના શિષ્યોની ઘણી મોટી સંખ્યા હતી જેની અનુક્રમણિકા કિતાબ અલ્જર્હ વત્તઅ્દીલ-ઈમામ ઈબ્ને અબી હાતિમ અને રિજાલના અન્ય પુસ્તકોમાં છે. તેથી આયતે તત્હીર વિષે એમનો અભિપ્રાય ઈસ્લામી જગતમાં ઘણો ફેલાયો. અને ઘણા બધા તફસીરવેત્તાઓ એનાથી

ઓછા-વત્તા પ્રમાણમાં પ્રભાવિત થયા. તફસીરના જૂના પુસ્તકો પણ એનાથી અલિપ્ત નથી.

જ્યારે મોટા મોટા ઈલ્મવાળાઓ કોઈ વાત બોલવા લાગે છે તો અન્ય વિદ્વાનોના પુસ્તકોમાંથી પણ એમના અવાજનો પડઘો સંભળાવવા લાગે છે. અને એવા લોકો ઘણા ઓછા હોય છે જેમની ઉપર આની કોઈ અસરો વર્તાતી નથી, જેઓ ઉચ્ચ કક્ષાના વિદ્વાન અને ઈલ્મ તથા સંશોધનના સરદાર કે મુજદ્દિદ હોય છે, એમનામાંથી જ ઈમામ તહાવી છે. પુરૂં નામ અટક સાથે આ છે : ઈમામ અબૂ જાફર અહમદ બિન મુહમ્મદ બિન સલામા અઝદી મિસરી, હિ. ૩૩૧માં આપનો ઈન્તકાલ થયો. જન્મનું વર્ષ હિ. ૨૨૯ છે. આપ ઈમામ બુખારીના સમકાલીન છે. ઈમામ બુખારીના ઈન્તકાલ સમયે આપની આયુ ૨૭ વર્ષની હતી.

[ફૂટનોટ : કેમકે આપનો જન્મ હિ. ૨૨૯માં થયો અને ઈન્તકાલ હિ. ૩૩૧માં અને ઈમામ બુખારીનો ઈન્તકાલ હિ. ૨૫૬માં થયો છે.]

આપની હદીસવિદ્યામાં નિપૂણતા અને તફસીરવિદ્યામાં અજોડતાને ઉમ્મતનો દરેક વર્ગ સ્વીકારે છે. આપના પુસ્તક શર્હે મઆનીયુલ આસાર વિષે સંશોધકોનું કથન છે કે આ પુસ્તક સુનને અબી દાઊદની સમકક્ષ છે. અને આપના પુસ્તક મુશ્કિલુલ આસાર વિષે એમ ફરમાવવામાં આવ્યું છે કે હદીસની સૌથી મુશ્કેલ વિદ્યા "તાવીલે મુખ્તલિફુલ હદીસ"માં આ કક્ષાનું કોઈ પણ પુસ્તક નથી. આ પુસ્તકથી ઘટિત થાય છે કે કુર્આન-હદીસના અર્થોની સમજૂતી અને એમની મુશ્કેલીઓના નિરાકરણમાં આપનો હોદ્દો ઈમામ બુખારીથી પણ વધીને છે.

આપ દીની ઈલ્મોની સમજૂતી અને નવીનીકરણમાં ત્રીજી સદીના મુજદ્દિદ છે.

અને હન્ફી ફિકહશાસ્ત્રના આપ એટલા મોટા ઈમામ છે કે હઝરત મૌલાના અબ્દુલ હઈ સાહેબ ફિરંગીમહેલી અત્તઅ્લીકાત અસ-સુન્નિયા (પેજ-૨૫)માં આપના વિષે લખે છે :

و با لجملة فهوفى طبقة ابى يوسف و محمد ،
لا ينحط عن مرتبتهما على القول المسدد

અર્થાત્ કે આપ (ઈમામ) અબૂ યૂસુફ અને (ઈમામ) મુહમ્મદના વર્ગમાં છે અને સાચું કથન આ છે કે આપનો હોદ્દો (ઈમામ) યૂસુફ અને (ઈમામ) મોહમ્મદથી ઓછો નથી.

આપની ઈલ્મી નિપૂણતાનો અંદાજો આની ઉપરથી લગાવો કે હજ્જે કિરાન પર આપે મોટી સાઈઝના ૧૦૦૦ પાનાઓ લખ્યાં છે.

[ફૂટનોટ : ઉમ્દતુલ કારી શર્હે બુખારી (ભાગ-૪ પેજ-૫૩૯)માં હજ્જે કિરાન વિષે કાઝી અયાઝનું કથન લખેલ છે કે આ મસ્અલામાં અમુક આલિમોએ ટૂંકાણથી કામ ચલાવ્યું છે; અમુક વચલો માર્ગ અપનાવ્યો છે અને અમુકે પુષ્કળ લખ્યુ છે.]

એમના પછીના ફકીહો, મોહદ્દિસો અને તફસીરવેત્તાઓમાં કોઈ આપની સમકક્ષ નથી અને તફસીરવેત્તાઓમાં ઈમામ બગવી, ઈમામ રાઝી અને મુફસ્સિર ઈબ્ને કસીર વગેરે આપની સામે શિષ્યો જેવા છે.

હવે જુઓ કે ઈમામ તહાવી આયએ તત્હીરના શબ્દ અહલલ બયતિ વિષે શું સંશોધન ફરમાવે છે ? આપે મુશ્કિલુલ આસાર ભાગ-૧માં આની ઉપર ખૂબજ વિવરણ અને ખુલાસાઓ સહિત પૃથક્કરણ કર્યું છે જેનો સિલસિલો ૩૩૨થી ૩૩૮ સુધી ફેલાયેલ છે, એનું તાત્પર્ય આ છે :

(૧) આ આયતમાં અહલેબૈતથી મુરાદ રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ ઉપરાંત આ ચાર હસ્તીઓ છે: અલી, ફાતિમા, હસન અને હુસૈન; અને આને ખુદ હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવી દીધું છે, સબૂતમાં ઈમામ સાહેબ રિવાયત આલેખે છે જેમાંથી અમુક રિવાયતો આ પ્રમાણએ છે:

★ હઝરત સઅદ બિન અબી વકાસ રદિયલ્લાહો અન્હો રાવી છે કે:

لما نزلت هذه الآية دعا رسول الله صلى الله
عليه وسلم عليا و فاطمة و حسنا و حسينا ، و
قال : اَللّٰهُم هولاء اهل بيتى۔

જ્યારે આ આયત (આયતે તત્હીર) ઉતરી તો રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે અલી, ફાતિમા, હસન અને હુસૈનને બોલાવીને ફરમાવ્યું : હે અલ્લાહ ! આ મારા અહલેબૈત છે.

ઈમામસાહેબ આ હદીસ લખીને ફરમાવે છે : "આ હદીસ સબૂત છે કે આ આયતમાં અહલેબૈતથી મુરાદ હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ, અલી, ફાતિમા, હસન અને હુસૈન છે."

★ હઝરત ઉમ્મે સલ્મા રદિયલ્લાહો અન્હોનું બયાન વાંચો જેમના ઘરમાં આ આયત ઉતરી છે અને જેમણે પોતાની સગી આંખોથી જોયું છે કે રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે હઝરત અલી, હઝરત ફાતિમા અને હસનૈન કરીમૈનને પોતાની કમલી (કામળી, ચાદર)માં લઈને ફરમાવ્યું છે કે, "હે અલ્લાહ ! આ મારા અહલેબૈત છે."

આના અનુસંધાનમાં ઉમ્મે સલ્મા અરજ કરે છે : "હે અલ્લાહના રસૂલ ! શુ હું પણ અહલેબૈત છું ?" અહીં મહત્વની વાત એ છે કે જવાબમાં આપે આ નથી ફરમાવ્યું કે તમે પણ અહલેબૈત છો, બલ્કે આ જવાબ આપે છે:

انت من ازواج النبى و انت على خير

"તમે નબીની પત્નીઓમાંથી છો અને તમે ભલાઇ (ની રીત) ઉપર છો." (મુશ્કિલુલ આસાર, ભાગ-૧, પેજ-૩૩૫)

અમુક રિવાયતોમાં છે કે આપે હઝરત ઉમ્મે સલ્મા રદિયલ્લાહો અન્હાને આ જવાબ આપ્યો.

انت من اهلى

"અન્તે મિન અહલી" આનો પણ અર્થ આ જ છે કે તમે મારી પત્ની છો. ઈમામ તહાવીએ દલીલોથી સાબિત કર્યું કે આનો આ જ અર્થ છે. (અને પોતાની પત્નીને اهلی "અહલી" કહેવું મુહાવરો છે. આ રીતે આ હદીસ અને પાછલી હદીસ બંને એકજ વાતનું બયાન કરી રહી છે અને બંનેમાં બયાનનો કોઈ વિરોધાભાસ નથી. આનાથી હટીને અન્ય વાત કહેવી એ હદીસમાં ઉપાર્જન (મનઘડત વધારો) પેદા કરવું છે જે સખત નીંદનીય છે.)

ઈમામ તહાવી આને લખીને કે, "અન્તે અહલી"નો અર્થ છે કે તમે મારા પત્ની છો, આ નિષ્કર્ષ કાઢે છે કે આપે હઝરત ઉમ્મે સલ્માને આમ ન ફરમાવ્યું કે તમે મારા અહલેબૈત છો, બલ્કે આમ ફરમાવ્યું કે તમે મારા પત્ની છો.

(૨) આ તબક્કામાં એક ખાસ મોટી વાત આ છે કે એક રિવાયતમાં હઝરત ઉમ્મે સલ્મા રદિયલ્લાહો અન્હાનું આ વિગતવાર બયાન આવે છે કે જ્યારે એમણે અરજ કર્યું કે, "હે અલ્લાહના રસૂલ! શું હું પણ અહલેબૈત છું?" તો હુઝૂરે ફરમાવ્યું, "તમારા માટે અલ્લાહને ત્યાં ભલાઈ છે." આ જવાબથી ઉમ્મે સલ્માની આ ઈચ્છા બાકી રહી ગઈ કે કાશ! આપ આમ ફરમાવી દેતા કે હા, તમે પણ અહલેબૈતમાં છો. આ ઈચ્છાને હઝરત ઉમ્મે સલ્માએ આ શબ્દોમાં વર્ણવી છે :

فوددت انه قال نعم فكان احب
الی مماتطلع عليه الشمس و تغرب

"મારા દિલની લગન આ હતી કે આપ જવાબમાં "હા" ફરમાવી દેતા. જો ક્યાંક આવું થઈ જાત તો મને આ જવાબ એ બધી જ વસ્તુઓથી વધારે પસંદ આવત જેમની ઉપર સૂરજ ઊગે અને આથમે છે."

(મુશ્કિલુલ આસાર, ભાગ-૧, પેજ-૩૩૬)

આ રિવાયત એ હકીકતને અત્યંત સ્પષ્ટતાપૂર્વક વર્ણન કરે છે કે હુઝૂર

સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે હઝરત ઉમ્મે સલ્માને અહલેબૈતમાં ગણ્યા નહીં, અને એમને આ ઈચ્છા (અધૂરી) રહી ગઈ.

(૩) આ વિષયનો એક મહત્ત્વનો પાસો આ છે કે આયતે તત્હીર ઉતર્યા પછી હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ, હઝરત અલી, હઝરત ફાતિમા અને હસ્નૈન કરીમૈનને જ અહલેબૈત ફરમાવતા રહેતા હતા.

હઝરત અબૂલ હમરા રદિયલ્લાહો અન્હો એક સહાબી છે જેમને હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની ગુલામીનું સૌભાગ્ય સાંપડ્યું છે, એમનું બયાન છે કે :

صحبت رسول الله صلى الله عليه وآله وسلم تسعة مشهر،
كان اذا اصبح اتىٰ باب فاطمة فقال : السلام عليكم اهل البيت،
انما يريد الله ليذهب عنكم الرجس و يطهركم تطهيراً۔

"હું નવ મહીના રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની સોહબતમાં રહ્યો છું. સવાર પડતી તો આપ ફાતિમાના દરવાજે પધારીને આમ ફરમાવતા : અસ્સલામુ અલૈકુમ યા અહલલ બયત, ઈન્નમા યુરીદુલ્લાહુ લિયુઝ-હિ-બ અન્કુમુર રિજ-સ અહલિલ બયતિ વયુ-તહ-હિર-કુમ તત્હીરા.

(મુશ્કિલુલ આસાર, ભાગ-૧, પેજ-૩૩૮-૩૩૯)

ઈમામ તહાવી આ રિવાયત દર્શાવ્યા પછી લખે છે :

فى هذا ايضاً دليل علىٰ ان هذه الآية فيهم

આ રિવાયતમાં પણ સબૂત છે કે આ આયત આ જ લોકો વિષે ઉતરી છે.

## ઇમામ તહાવીએ આયતે તત્હીરના સંબંધમાં હદીસો અને રિવાયતોને સામે રાખીને જે સંશોધન ફરમાવ્યું છે એનો ખુલાસો

આયતે તત્હીરમાં اهل البيت "અહલે બયત" થી મુરાદ હઝરત અલી, હઝરત ફાતિમા અને હસ્નૈન કરીમૈન છે અને નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની પત્નીઓ મુરાદ નથી - કેમ કે... (૧) આ આયત ઉતર્યાના અવસરે ખુદ રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે શબ્દ اهل البيت અહલલ બયતિની આ શબ્દોમાં તફસીર (વિગત) ફરમાવી દીધી કે هولاء اهل بيتى "હૂલા-અ અહલિ બયતી" એટલે કે આ અલી, ફાતિમા, હસન અને હુસૈન મારા અહલેબૈત છે અને ઉમ્મુલ મોમેનીન હઝરત ઉમ્મે સલ્માએ હુઝૂરના ફરમાન પર જ્યારે આ સવાલ કર્યો કે, "હે અલ્લાહના રસૂલ ! શું હું પણ અહલેબૈતમાં છું ? તો આપે આ ન ફરમાવ્યું કે "હા, તમે પણ અહલેબૈત છો" બલ્કે આમ ફરમાવ્યુંઃ " તમે મારા પત્ની છો." (૨) હઝરત ઉમ્મે સલ્મા રદિયલ્લાહો અન્હા પણ આનો અર્થ એમજ સમજે છે કે આપે મને અહલેબૈતમાં નથી ગણી અને એમની એ ઈચ્છા અધૂરી જ રહી ગઈ કે કાશ ! ખુદાના રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ મને અહલેબૈતમાં ગણી લેતા અને આમ ફરમાવી દેતા કે, "હા, તમે પણ અહલેબૈતમાં છો." હઝરત ઉમ્મે સલ્મા આ મનોકામનાને જે શબ્દોમાં અદા ફરમાવે છે એનું હાર્દ આ છે :

"મેં જ્યારે આ સવાલ કર્યો હતો : હે અલ્લાહના રસૂલ ! શું હું પણ અહલેબૈતમાં છું ? તો મારા દિલની તીવ્ર ઈચ્છા અને લગન હતી કે આપ આમ પ્રત્યુત્તર આપતા : હા, તમે પણ અહલેબૈતમાં છો. પણ આપે આમ ન ફરમાવ્યું. જો ફરમાવી દેતા તો મને આ જવાબ એ બધી જ વસ્તુઓથી વધુ પ્રિય લાગત, જેમની ઉપર સૂર્ય ઉગે છે અને ડૂબે છે."

કેવી મનેચ્છાનું પ્રગટીકરણ છે કે કાશ ! રસૂલે ખુદા સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ મને અહલેબૈતમાં ગણી લેતા. આ ઘણો મોટો સબૂત છે કે આયએ તત્હીરમાં અહલેબૈતનો જે શબ્દ આવ્યો છે એમાં નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની પત્નીઓ

શામેલ નથી.

(૩) નબીએ કરીમ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે આયતે તત્હીર ઉતર્યા પછી પવિત્ર જીભથી પણ ફરમાવી દીધું કે, "અહલેબૈત અલી, ફાતિમા, હસન અને હુસૈન છે અને પોતાના અમલથી પણ લોકોને સમજાવી દીધા કે અહલેબૈત આ છે. ૯ મહીના સુધી દરરોજ સવારે હઝરત ફાતિમાના બારણે પધારીને એમને આ રીતે સલામ કરતા:

السلام عليكم يا اهل بيت، انما يريد الله يذهب
عنكم الرجس اهل البيت و يطهر كم تطهيرا۔

અસ્સલામુ અલૈકુમ યા અહલલ બયત, ઈન્નમા યુરીદુલ્લાહુ લિયુઝ-હિ-બ અન્કુમુર રિજ-સ અહ-લલ બય-તિ વયુતહ-હિર-કુમ તત્હીરા.

સહાબાએ કિરામ જેઓ પવિત્ર મસ્જિદમાં હાજર થતા રહેતા હતા, ખાસ કરીને અસ્હાબે સુફ્ફા જે હઝરત ફાતિમાના મકાન શરીફની નજીકમાં જ એક ચબૂતરા અથવા દાલાનમાં રહ્યા કરતા હતા, તેઓ ૯ મહીના સુધી એટલે કે લગભગ ૨૭૦ દિવસો સુધી દરરોજ હુઝૂરે અનવર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની મધમીઠી જીભમુબારકથી સાંભળ્યા કરતા હતા કે હુઝૂરે પાક હઝરત અલી, હઝરત ફાતિમા અને હઝરાત હસનૈન કરીમૈનને જ اهل البيت અહલેબૈત ફરમાવે છે અને એમને اهل البيت અહલેબૈતના હુલામણા ખિતાબથી સંબોધન ફરમાવીને સલામ કરે છે, પછી આયતે તત્હીર પઢે છે.

આ અહલેબૈત શબ્દની એ અમલી તફસીર છે જે આપે ૯ મહીના સુધી દરરોજ અદા ફરમાવી છે એટલે કે લગભગ ૨૭૦ દિવસ સુધી, હઝરત અલી, હઝરત ફાતિમા અને હઝરાતે હસ્નૈન કરીમૈનને આ રીતે સલામ કરીને સહાબાને દેખાડી દીધું કે اهل البيت અહલેબૈત આ છે. અને આયતે તત્હીરમાં જે اهل البيت અહલેબૈત શબ્દ આવ્યો છે એનાથી મુરાદ આ જ લોકો છે.

કોઈ શબ્દની આવી નબવી તફસીર, જે કથની પણ હોય, અમલી પણ હોય અને અમલી પણ એવી કે ૯ મહીના સુધી હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે અમલ કરીને ભાવાર્થ સ્પષ્ટ કરી દીધો હોય, કેટલું મહત્ત્વપૂર્ણ છે ? શું આની વિરૂધ્ધમાં કોઈની વાત માનવામાં આવશે ? હકીકત તો આ છે કે આયતે તત્હીરના શબ્દ અહલેબૈત સિવાય કોઈ પણ કુર્આની શબ્દની આવી નબવી તફસીરનું અસ્તિત્વ જ નથી. આનાથી આ તફસીરની અગત્યતા કેટલી વધી જાય છે ? પણ આશ્ચર્ય છે કે અમુક લોકો હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની આવી પવિત્ર તફસીરથી આંખ મિંચામણા કરી રહ્યાં છે અને નબવી તફસીરના મુકાબલામાં પોતાની તફસીર રજૂ કરવાની કુચેષ્ટા કરી રહ્યા છે !! ઈમામ તહાવી મુબારકબાદને કાબેલ છે, એમણે અત્યંત વિવરણ અને સમજૂતી સાથે ચર્ચા કરીને અને અસંખ્ય હદીસોના હવાલાઓ આપીને મૂળ હકીકત સ્પષ્ટ ફરમાવી કે :

"અહલેબૈતનો જે શબ્દ આયતે તત્હીરમાં આવ્યો છે એનાથી મુરાદ હઝરત અલી, હઝરત ફાતિમા અને હસનૈન કરીમૈન છે અને નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની પત્નીઓ મુરાદ નથી."

અને હન્ફી સંશોધક અલ્લામા કાઝી અબૂલ મુહાસિન પણ મુબારકબાદને કાબેલ છે, એમણે પણ નબવી તફસીરની પૂરેપુરી આમન્યા જાળવી અને પોતાના પુસ્તક અલ્મુઅ્તસિર (ભાગ-૧, પેજ-૨૬૭)માં હુઝૂરે અનવર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની પવિત્ર તફસીર આલેખીને સાફ શબ્દોમાં લખી દીધું:

لا حجة لا حد فی ادخال الازواج فی هذه الآية۔

કોઈને માટે પણ કોઈ દલીલ જ નથી કે નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની પત્નીઓને આ આયતમાં શામેલ કરી શકે.

એમણે આ મામલો પણ સાફ કરી દીધો કે આટલી મહાન નબવી તફસીર ઉપલબ્ધ હોવા છતાં પણ જે લોકો એમ કહે છે કે "જો નબી

સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની પુનિત પત્નીઓને અહલેબૈતમાં શામેલ ન કરવામાં આવે તો આયતે તત્હીર, પહેલાની આયતોથી વિસંગત થઈ જાય છે" એ કોઈ ખરી વાત નથી, એમણે એવા લોકોને પ્રત્યુત્તર પાઠવ્યો કે, "વિસંગત કેવી રીતે થશે ? આયતે તત્હીર જુમ્લએ મુસ્તાનેફહ છે (એટલે કે શું જુમ્લએ મુસ્તાનેફહ આવવાથી કલામનો સંબંધ વિચ્છેદ થઈ જાય છે ? અને શું કુર્આન શરીફમાં અસંખ્ય મુસ્તાનેફહ જુમ્લા નથી ?) આપના શબ્દો આ છે :

قوله تعالیٰ : انما یریدالله لیذ هب عنکم الرجس
اهل البیت ( ویطهر کم تطهیراً) استیناف
تشریفا لا هل البیت و ترفیعا لمقدارهم۔

અલ્લાહ તઆલાનું આ ફરમાન : ઈન્નમા યુરીદુલ્લાહુ લિયુઝ-હિ-બ અન્કુમુર રિજ-સ અહ-લલ બય-તિ વયુતહ-હિ-ર-કુમ તત્હીરા. જુમ્લએ મુસ્તાનેફહ છે જે અહલેબૈતની ઈજ્જત તથા શાન-શૌકત દેખાડવા માટે આવેલ છે.

જુમ્લએ મુસ્તાનેફહ પર વિસ્તૃત ચર્ચા અને આ આયતનું જુમ્લએ મુસ્તાનેફહ હોવાની બુનિયાદ પર ભાવાર્થની સ્પષ્ટતા એક સુદૃઢ વિભાગ માં જેનું શીર્ષક છેઃ "આયતે તત્હીર જુમ્લએ મુસ્તાનેફહ છે"માં આવી ગયેલ છે અને એનાથી જરાક પહેલાં પણ કાંઈક વર્ણન આવી ગયેલ છે.

## પાક-પવિત્ર અહલેબૈત આયએ તત્હીરના ધોરણે માસૂમીયતની લગોલગ છે.

અહલે સુન્નતના દૃષ્ટિકોણથી ફરિશ્તાઓ અને નબીઓ સિવાય કોઈ માસૂમ (બેગુનાહ, ભૂલોથી પાક, ખતાઓથી દૂર) નથી. નબીઓના માસૂમ હોવા અંગેની સૌથી હૃદયસ્પર્શી સ્પષ્ટતા અને વિવરણ એ છે જે કુર્આન, હદીસ અને તસવ્વુફ (સૂફીવાદ, દુર્વેશી) ના ઈલ્મોના મહાસંગ્રહ એવા

બુઝુર્ગોએ લખેલ છે અને ખરેખર આ વિવરણ એ જ બુઝુર્ગોનું કામ છે કેમકે આવા બુઝુર્ગોના નફસો (જીવો) અત્યંત પવિત્ર અને દિલો અતિશય સાફ-સુથરા છે અને આ જ લોકો છે હકીકતના રહસ્યોના જાણભેદૂ.

[ફૂટનોટ : હકીકત શરીઅતની અસલિયત (મૂળ, તત્વ) છે. (અલ્લામા શામી) અને હકીકતવાળાઓની વ્યાખ્યા આ છે : هم الجامعون بين الشريعة والطريقة તેઓ તરીકત અને શરીઅતના સંગ્રહસ્થાન હોય છે.]

અને આજ છે શરીઅત અને તરીકતના સંગ્રહસ્થાન. આ બુઝુર્ગોના નખશીશ આરસી સમાન અને શરીઅત-તરીકતના ઈલ્મોના લા-જવાબ સંગ્રહસ્થાન ઈમામ અબ્દુલ વહ્હાબ શેઅ્રાની રહમતુલ્લાહે અલૈહે અલ્યવાકિયત વલ જવાહિર (ભાગ-૨)ના બિલ્કુલ આરંભમાં ફરમાવે છે:

(المبحث الحادى و الثلا ثون) فى بيان عصمة الانبياء عليهم الصلوٰة والسلام من كل حركة او سكون او قول او فعل ينقص مقامهم الاكمل ، وذالك لدوام عكوفهم فى حضرة اللّٰه تعالىٰ الخاصة ، فتارة يشهد ونه سبحانه و تعالى وتارة يشهدون انه يراهم و لا يرونه، ولا يخرجون ابل اعن شهود هذين الامرين، ومن كان مقامه كذالك لا يتصور فى حقه مخالفة قط حقيقة، و انما هى مخالفة صورية كماياتى بيانه ان شاء اللّٰه تعالىٰ، و تسمٰى هذه حضرة الاحسان، ومنها عصم الانبياء و حقط الاولياء، فلا ولياء يد خلون و يخرجون، والانبياء مقيمون فيها، ومن اقام فيها من الاولياء كسهل بن عبد اللّٰه التسترى، وسيدى ابراهيم المبتولى فانما ذالك نجكم الارث والتبعية للانبياء استد ادامن مقامهم لا نحكم الاستقلال.

"અમ્બિયા અલૈહિસ્સલાતુ વસ્સલામ એ બધી જ હરકતો, ચેષ્ટાઓ અને એ બધી જ કથનો તથા કૃત્યોથી માસૂમ (પાક, પવિત્ર, દૂર અલિપ્ત, છેટા) છે જેમનાથી એમના ઉચ્ચ હોદ્દામાં કાંઈપણ કમી વર્તાય કેમકે તેઓ

હરહંમેશ અલ્લાહની બારગાહમાં હાજર રહ્યા કરતા હતા, ક્યારેક અલ્લાહ સુબ્હાનહૂના દીદાર (દર્શન, મુશાહેદો) ના શરબતનું પાન કરતા હતા, ક્યારેક એ દૃશ્ય જોતા હતા કે અલ્લાહ એમને નિરખી રહ્યો છે. આ દીદારબાઝીઓમાંથી કદી તેઓ બહાર આવતા જ નથી, જેનો આ આલમ (હાલત, સ્થિતી) હોય, એ અશક્ય છે કે અલ્લાહ તઆલાના ફરમાનનો વિરોધ કરે અને ખરેખર વિરોધ જેનું નામ છે એમના વિષે એ (વિરોધ)ની કલ્પના પણ કરી નથી શકાતી... દીદારબાઝીના આ બંને હોદ્દાઓને મકામે એહસાન કહે છે. આ જ મકામે એહસાનના ધોરણે નબીઓ માસૂમ (કદાપી ગુનો ન કરનાર) છે અને ઔલિયા મેહફૂઝ (સુરક્ષિત, બચેલા). કેમકે વલીઓ આ હોદ્દા (સ્થાન)માં આવે પણ છે અને જાય પણ છે. જ્યારે નબીઓ તો હંમેશ માટે આ હોદ્દે બિરાજમાન છે. અહીંથી ક્યારેય બહાર નીકળતા જ નથી. અને જે ઔલિયાઅલ્લાહને અહીં કાયમી ધોરણે વસવત કરવાનું અહોભાગ્ય સાંપડ્યું છે. દા.ત. હઝરત સહલ બિન અબ્દુલ્લાહ તસ્તરી અને સૈયદી ઈબ્રાહીમ મતબૂલી ખરેખર તો કાયમી ધોરણે એમને આ સ્થાન નથી મળ્યું પણ અમ્બિયા અલૈહિસ્સલામનો વારસો (નિયાબત, પ્રતિનિધિત્વ, ખિલાફત, નાયબ હોવું, ઉત્તારાધિકારી હોવું) અને એમની પાછળ-પાછળ (વળગી) રહેવામાં આ હોદ્દો મળ્યો છે."

જ્યાં સુધી (લેખક મહોદયનો) ઈલ્મ છે, હઝરત ઈમામ શેઅ્રાનીના આ બયાન ઉપર આજપર્યંત કોઈએ જીભ નથી ખોલી. આ રીતે આ હકીકત બિલ્કુલ સાફસુથરી અને પ્રબળ સચ્ચાઈ છે. આના પ્રકાશમાં ઘણી બધી બીનાઓ સ્પષ્ટ થઈ જાય છે. દા.ત. શાહ વલીયુલ્લાહ સાહેબ મોહદ્દિસ દહેલ્વી અને કાઝી સનાઉલ્લાહ સાહેબ પાનીપતીની અમુક એ ઈબારતો (લખાણો) જે મસ્લકે એહલે સુન્નતથી ખારિજ જણાય છે અને એમના શ્રધ્ધાળુઓ માટે ઘણી જ મોટી મૂંઝવણમાં મૂકનાર કોયડો (રહસ્ય) બનેલ છે; હઝરત ઈમામ શેઅ્રાનીના આ કથનને સામે મૂકો તો ગૂંચવાડાની બધી જ ગાંઠો આપમેળે ખુલી જાય છે.

શાહ વલીયુલ્લાહ સાહેબ તફહીમાતે ઈલાહિયા (ભાગ-૨, પેજ-૧૪)માં લખે છે :

فوارثه الذين اخذو الحكمة ولعصمة
و التطبة الباطنية هم اهل بيته، و خاصته

હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમના એ વારસદારો, જેમણે આપથી હિકમત, માસૂમીયત, કુત્બીયત મેળવી છે તેઓ આપના અહલેબૈત છે અને ખાસુલ ખાસ સગા-વ્હાલા છે.

પેજ-૨૨ માં લખે છે :

واذ اتمت العصمة اكانت افاعيلها كلها حقة، لا اقول :
انها مطابق الحق، بل هى الحق بعينها، بل الحق امر ينعكس من
تلك الافاعيل كالضوء من الشمس، واليه اشار رسول الله
صلى الله عليه وسلم حيث دعا الله تعالىٰ لعلى : اللّٰهم ادر الحق
حيث دارولم يقل : ادره حيث دار الحق۔

અસ્મત (માસૂમીયત) જ્યારે સંપૂર્ણ થઈ જાય છે તો એના તમામ કાર્યો હક થઈ જાય છે. હું એમ નથી કહેતો કે હક પ્રમાણે થઈ જાય છે બલ્કે તે તે પ્રમાણે હક છે. બલ્કે હક તેજ કાર્યો થી જાહેર થાય છે. જેવું કે રોશની (પ્રકાશ) સૂરજથી, અને તેજ તરફ રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમે ઈશારો ફરમાવ્યો, જ્યારે આપે અલ્લાહ તઆલાથી હઝરત અલી માટે દુઆ ફરમાવી; હે અલ્લાહ ! હકને એ તરફ ઘુમાવી (ફેરવી) દે જે તરફ તે (અલી) ફરે. આપે એમ નથી ફરમાવ્યું કે, જે તરફ હક ફરે તે તરફ અલીને ફેરવી દે.

શાહ સાહેબના આ લખાણોથી આ મૂંઝવણ ઉભી થાય છે કે શાહસાહેબ અહલેબૈત વિષે લખી રહ્યાં છે કેમકે આ લોકો હુઝૂર સલ્લલ્લાહો

તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની અસ્મત (માસૂમીયત)ના વારસદાર છે; જો કે એહલે સુન્નતના દૃષ્ટિકોણથી તો ફરિશ્તાઓ અને અમ્બિયાએ કિરામ અલૈહિમુસ્સલામ સિવાય કોઈ "માસૂમ" નથી.

હઝરત ઈમામ શેઅ્રાનીના ઉપરોક્ત વર્ણનના પ્રકાશમાં આનો ઉકેલ આ છે કે શાહસાહેબ અહલેબૈતમાં એ નરી માસૂમીયતના તો સમર્થક નથી જે ફરિશ્તાઓ અને નબીઓની વિશિષ્ટતા છે; બલ્કે વારસાગત અને પ્રકૃતિના ધોરણે માસૂમીયતના સમર્થક છે જેના માટે એમનો પોતાનો શબ્દ فوارثه "ફવારિસહૂ" સબૂત છે, અને આ અસ્મત (માસૂમીયત) નબીઓની અસ્મતથી અલગ છે. તેઓ નર્યા માસૂમ અને અહલેબૈત વારસાગત તેમજ પ્રકૃતિના ધોરણે.

શાહ સાહેબે પોતાના બીજા લખાણમાં આ દેખાડ્યું છે કે હઝરત અલીમાં અસ્મત પ્રાકૃતિક ધોરણે છે જેના કારણે આપના બધા જ કાર્યો નર્યા હક છે; બલ્કે જ્યાં-જ્યાં આપ જાય છે ત્યાં-ત્યાં હક પણ જાય છે. અલીની આ અસ્મતથી શાહસાહેબની મુરાદ એ જ વારસાગત અને પ્રાકૃતિક અસ્મત છે જે આપની અંદર પૂરી શાન સાથે મોજૂદ છે પણ નરી અસ્મત (માસૂમીયત) કદાપિ નથી કેમકે એ તો અમ્બિયાએ કિરામ અલૈહિમુસ્સલામ જોડે ખાસ છે.

શાહ વલીયુલ્લાહ સાહેબ ઉપરાંત બીજા પણ ઉમ્મતના અગ્રેસર બુઝુર્ગોએ પાક-દામન અહલેબૈતમાં વારસાગત અને પ્રાકૃતિક અસ્મતને બયાન ફરમાવી છે. એમનામાં જ કાઝી સનાઉલ્લાહ સાહેબ પાનીપતી પણ છે જેઓ તફસીર, હદીસ, ફિકહ અને તસવ્વુફના ઈલ્મોના અજોડ સંગ્રહસ્થાન છે; અપાર સમુદ્ર છે. આપે પોતાના અદ્વિતીય પુસ્તક તફસીરે મઝહરી (ભાગ-૨, પેજ-૪૨)માં આને લખેલ છે. નીચેની આયતે કરીમા હઝરત મરયમના વાલેદા (માં)ની એક દુઆ છે જે એમણે હઝરત મરયમને એમના જન્મ પછી આપી હતીઃ

وَإِنِّىٓ أُعِيذُهَا بِكَ وَذُرِّيَّتَهَا مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ۔

**"વ ઇન્ની ઉઇઝુહા-બિ-ક વ ઝુર-રિય-ય-ત-હા મિનશ શયતાનિર રજીમ."**

અનુવાદ : અને હું આ સાહબઝાદી (બીબી મરયમ)ને અને એની ઓલાદને, ફિટકાર પામેલ શયતાનથી સુરક્ષિત રાખવા માટે તારા રક્ષણ (પનાહ)માં આપું છું.

આ દુઆ એ જ છે જે હઝરત મરયમના અમ્માસાહેબાએ હઝરત મરયમ અને એમની ઓલાદ માટે માંગી હતી.

હઝરત ફાતિમાને દુઆ અતા ફરમાવ્યા પછી આ જ દુઆ આપે હઝરત અલીને પણ આપી.

કાઝી સાહેબ આ હદીસ-આલેખન પછી લખે છે : "નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની આ દુઆ

اَللّٰهُمَّ اِنِّىٓ اُعِيذُهَا بِكَ وَذُرِّيَّتَهَا مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ۔

(જે આપે હઝરત ફાતિમા અને એમની આલ-ઔલાદ અને હઝરત અલી માટે માંગી હતી) હઝરત ઈમરાનના પત્ની મહોદયા (એટલે કે હઝરત મરયમના અમ્માસાહેબા)ની દુઆથી ખૂબજ વધારે સ્વીકારપાત્ર છે; તેથી મને હઝરત ફાતિમા અને એમની આલ-ઓલાદની અસ્મત (માસૂમીયત)ની (અટલ) ઉમેદ છે."

હઝરત કાઝી સાહેબ કુદ્દે-સ સિર્રહૂએ કુર્આન અને હદીસના પ્રકાશમાં હઝરત ફાતિમા (તથા હઝરત અલી પણ) અને એમની પાક-પવિત્ર પાક-દામન પાકીઝા આલ-ઔલાદ માટે અસ્મત (માસૂમીયત)નો જે ઈઝહાર (જાહેર પ્રગટીકરણ, એલાન) ફરમાવ્યો છે તેનાથી પણ એ જ અસ્મત મુરાદ (આશય) છે જે વારસાગત અને પ્રાકૃતિક ધોરણે છે; નરી માસૂમીયતનો આસય નથી, કેમકે નરી માસૂમીયત તો ફરિશ્તાઓ અને અમ્બિયાએ કિરામ અલૈહિમુસ્સલામ માટે ખાસ છે અને પ્રાકૃતિક અસ્મત

અમ્બિયાએ કિરામની અસ્મત નથી, આ જ એ અસ્મત છે જેના વિષે શાહ વલીયુલ્લાહ સાહેબે ફરમાવ્યું છે:

"રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમના એ વારસદારો જેમણે આપથી હિકમત, અસ્મત અને બાતેની કુત્બીયત મેળવી છે, એ આપના અહલેબૈત અને આપના ખાસ સગા-વ્હાલા છે."

**આ અસ્મત અમ્બિાયે કિરામની અસ્મતની લગોલગ છે, એટલે કે ઔલિયાઅલ્લાહની મહફૂઝિયત (અર્થાત ગુનાહોથી સુરક્ષિત રહેવા)થી ઉપર છે અને અમ્બિયાએ કિરામની માસૂમીયત (એટલે કે ગુનાહોથી તદ્દન પાક હોવા)થી નીચે છે.** અને આ એ જ વસ્તુ છે જેની બીના પર અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે :

**انما یرید اللّٰہلیذھب عنکم الرجس اھل البیت ویطھر کم تطھیرا۔**

"ઈન્નમા યુરીદુલ્લાહુ લિયુઝ-હિ-બ અન્કુમુર રિજ-સ અહ-લલ બયતિ વયુ-તહ-હિરુકુમ તત્હીરા"

"હે અહલેબૈત ! અલ્લાહ તો બસ આ જ ઈચ્છે છે કે તમારા લોકોથી (ગુનાઓની તથા દરેક પ્રકારની) ગંદકી દૂર રાખે અને તમને ખૂબજ પાક-પવિત્ર અને સાફ-સુથરા બનાવી દે."

આજ કારણે હઝરત અલી અને હસનૈન કરીમૈન નફસોને પાક-પવિત્ર બનાવનારાઓના ઈમામ છે. આ માટે જ નફસના શુધ્ધિકરણ કરનારા બધા જ સિલસિલાઓ હઝરત અલીની પવિત્ર જાતથી સંબંધિત છે, કેમકે જે પાક-પવિત્ર છે એ જ નફસોને પાક-પવિત્ર બનાવી શકે છે અને જે લોકોની પવિત્રતાને ખુદ અલ્લાહ તઆલા પોતે જ બયાન ફરમાવે છે એ જ નફસોને પાક-પવિત્ર બનાવનારાઓના ઈમામ, પેશવા, રહબર અને અગ્રેસર છે તેમજ એ જ લોકો ગુનાઓથી પાક-પવિત્ર છે. જોકે આ લોકો અમ્બિયાએ કિરામ અલૈહિમુસ્સલામની જેમ સદંતર માસૂમ નથી પરંતુ એમની માસૂમીયતની લગોલગ છે. આ વિભાગના વિષયનો ભાવાર્થ કે "અહલેબૈત

માસૂમીયતની લગોલગ છે'' એટલે કે વલીઓની મહફૂઝીયત (ગુનાઓથી સુરક્ષિત હોવા)થી ઉપર છે અને અમ્બિયાએ કિરામની માસૂમીયતની નીચે છે (અર્થાત માસૂમીયત અને મહફૂઝિયતની વચ્ચેનો મર્તબો છે.) એમની માસૂમીયતના કારણો નીચે પ્રમાણે છે.

(૧) એમના વિષે અલ્લાહની મરજી આ જ છે કે એમને પાક-પવિત્ર અને સાફ-સુથરા રાખે, અને ગુનાઓની ગંદકી એમનાથી દૂર રહે, જેવું કે આયતે તત્હીરમાં છે.

(૨) હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમના ખમીર અને તીનત (જેમાંથી આપને બનાવવામાં આવ્યા) થી એમનું સર્જન થયું છે જેની વિશિષ્ટતા ગુનાઓની ગંદકી અને અપરાધોની મલીનતાથી સદંતર પાક-પવિત્ર અને દૂર-અળગા રહેવું છે. એમના આ સર્જનનું વર્ણન ઘણી હદીસોમાં આવેલ છે દા.ત. ઈમામ હાકિમ અને હાફિઝ ઈબ્ને અસાકિર હઝરત જાબિર રદિયલ્લાહો અન્હોથી સનદ સહિત રિવાયત લખે છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે :

"જે માણસ કોઈ બાપનો દીકરો છે, એનો એવો સગો પણ છે જેનાથી એને ઘણી શક્તિ મળે છે અને એની તરફ નિસ્બત, એની (પેઢી સંબંધિત સગપણ) હોય છે પણ ફાતિમાની ઓલાદની નિસ્બત (પેઢી સંબંધિત સગપણ) મારાથી છે, હું એમનો વાલી છું. અને મારાથી છે એમની મજબૂતાઈ (શક્તિ), આ છે મારા સંતાનો, આ મારા ખમીરમાંથી પેદા થયા છે. જે એમની શ્રેષ્ઠતાને નકારે છે એના માટે સર્વનાશ છે અને જે એમનાથી પ્રેમભાવ રાખશે, અલ્લાહ એમનાથી પ્રેમભાવ રાખશે અને જે એમનાથી કપટ રાખશે, અલ્લાહ એમનો દુશ્મન !

(કન્ઝુલ ઉમ્માલ, ભાગ-૬, પેજ-૨૧૬)

ઈમામ હાફિઝ અબૂલ કાસિમ તિબરાની અને ઈમામ રાફેઈ હઝરત

ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હુમાની રિવાયત સનદ સહિત લખે છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે :

"જેને આ સારૂં લાગે છે કે મારી રીત (પધ્ધતિ) પ્રમાણે જીવન પસાર કરે અને મારી જેમ દુનિયાથી ઉઠે અને અદન જન્નતના બગીચામાં રહે જેમાં અલ્લાહ તઆલાએ વિશેષતાની સાથે સજાવટ કરી છે;એણે એવું કરવું જોઈએ કે મારા પછી પણ અલીથી મેલજોલ અને મોહબ્બત રાખે અને એમના વારસદારોથી પણ અને મારા પછી મારા અહલેબૈતનું અનુકરણ કરે કેમકે આ લોકો મારા ખમીર અને માટીમાંથી પેદા થયા છે અને એમને મારી સમજબૂઝ અને મારા ઈલ્મમાંથી હિસ્સો (ભાગ) મળ્યો છે. મારા એ ઉમ્મતી માટે વેલ (જહન્નમના સૌથી ભયંકર અઝાબની ખીણ) અને વિનાશ છે જે એમની શ્રેષ્ઠતાનો મુન્કર છે અને મને એમની જોડે જે સંબંધ છે તેને જે કાપવા માંગે છે; અલ્લાહ તઆલા આવા લોકોને મારી શફાઅતથી વંચિત રાખશે."

(૩) આ બુઝુર્ગોની વારસાગત માસૂમીયતનું એક કારણ આ પણ છે કે અલ્લાહના મહબૂબ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે એમના માટે
શયતાનથી સુરક્ષિત રહેવાની દુઆ ફરમાવી છે. ઉપર સહીહ ઈબ્ને હબ્બાને રજૂ કરેલી હદીસ લખવામાં આવી ગઈ છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે જ્યારે હઝરત ફાતિમાની શાદી હઝરત અલીથી કરી કીધી તો હઝરત ફાતિમા અને હઝરત અલી બંને સાહેબો માટે વ્યક્તિગત દુઆ ફરમાવીઃ

"હે અલ્લાહ ! હું આ બંનેને તારી પનાહમાં આપું છું કે મલ્ઊન શયતાનથી બચેલા રહે."

(૪) હઝરત અલી કર્રમલ્લાહુ તબારક વ તઆલા વજ-હહુલ કરીમના

તમામ કાર્યો, અમલો અને ફેઅ્લો નર્યા હક છે; સદંતર સચ્ચાઈને વરેલા છે, નખશીશ સાચા છે. બલ્કે અલી જ્યાં જાય છે; હક પણ ત્યાં જાય છે અને આપની એ ફાતિમી આલ-ઔલાદ જે આપના સમસ્ત આંતરિક તેમજ બાહ્ય કમાલો, ખૂબીઓ, વિશિષ્ટતાઓ અને ખૂસુસિયાતોના વારસદારો, નાયબો, ઉત્તરાધિકારીઓ છે એટલે કે અહલેબૈતના ઈમામો, તેઓ પણ આપની આ ખૂબીના આભૂષણથી સુશોભિત છે.

[ફૂટનોટ : આનું સબૂત એ છે કે રસૂલની આ આલ-ઔલાદ હિદાયતના મર્કઝ છે, ઉપદેશોના કેન્દ્ર છે, નસીહતોના વર્તુળ છે; કેમકે તેઓ કુર્આનમજીદના સાથીદારો છે જેવું કે "ફરમાન છે કે હું કુર્આન અને અહલેબૈત છોડીને જાઉં છું." અને આ કે જે એમની જોડે જોડાયેલો રહેશે એ કદી ભટકશે નહિં, એ ક્યારેય ગુમરાહ નહીં થાય, એ કદી સાચા માર્ગેથી પદભ્રષ્ટ નથી થઈ શકતો. આ એક સુસ્પષ્ટ, સુંદર, પ્રકાશિત દલીલ છે કેમકે આ લોકો સૈયદના અલી કર્રમલ્લાહો વજ-હહુલ કરીમની જેમ સદાકતના કેન્દ્રબિંદુ છે અને એમના કાર્યો અને કથનો નર્યા હક છે, સચ્ચાઈને વરેલા છે.]

સૈયદના હઝરત અલીની આ ખૂબીની જેમ આ હદીસે ઈર્શાદ ફરમાવ્યું છે જેમાં જિકર છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે આપને આ દુઆ આપી છે :

اللّٰهم ادر الحق حيث دار علي

"હે અલ્લાહ ! અલી જે તરફ જાય, હક (સત્ય, સદાકત, સચ્ચાઈ)ને એ જ તરફ ઘુમાવી (ફેરવી) દે."

અને આપ શાહ વલીયુલ્લાહ સાહેબનું બયાન વાંચી ચૂક્યાં છો કે, "જ્યારે અસ્મત (માસૂમીયત, પવિત્રતા) સંપૂર્ણ થઈ જાય છે તો બધા કામો નર્યા હક બની જાય છે અને આ જ કામોથી હક (સચ્ચાઈ)નું એવી રીતે પ્રતિબિંબ પડે છે જેવી રીતે સૂરજથી પ્રકાશનું પ્રતિબિંબ પડે છે.

હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે પોતાની આ ઉપરોક્ત દુઆમાં આ જ હકીકતની તરફ ઈશારો ફરમાવ્યો છે.

હું (લેખક) સ્પષ્ટ લખું છું કે આ અસ્મતથી કાયમી, પૂરેપૂરી અસ્મતનો આશય નથી જે નબીઓ જોડે ખાસ છે બલ્કે વારસાગત અને તબીયત સંબંધિત અસ્મતનો આશય છે. આ હસ્તીઓની માસૂમીયત (એટલે કે વારસાગત માસૂમીયત) આ કારણે પણ છે કે આ લોકો હિદાયતના કેન્દ્રબિંદુ છે તે એવી રીતે કે જે લોકો એમનાથી જોડાયેલા રહે એ કદી ભટકી ન શકે જેવું કે હદીસે સકલૈનનું બયાન છે. હિદાયતની આ કેન્દ્રીય સ્થિતી એમની અસ્મતની દલીલ છે. આનું સમર્થન હદીસે સફીનાથી પણ થાય છે.

## હદીસે સફીના

ઈમામ હાકિમે હઝરત અબૂઝર રદિયલ્લાહો અન્હોથી સનદ સહિત રિવાયત કરી છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે :

ان مثل اهل بيتى فيكم مثل سفينة نوح،
من ركبها نجا، ومن تخلف عنها هلك۔

"તમારા લોકોમાં મારા અહલેબૈતનું ઉદાહરણ એવું છે જેમકે નૂહનું વહાણ કે એની ઉપર જે સવાર થાય છે એને માટે નજાત છે અને જે એનાથી અલગ છે એ બરબાદ થઈ જાય છે.

(કન્ઝુલ ઉમ્માલ, ભાગ-૬, પેજ-૨૧૫)

સ્પષ્ટ છે કે નૂહ અલૈહિસ્સલામનું વહાણ (નજાત, સફળતા, છૂટકારો, બચાવ, સુરક્ષા)નું કેન્દ્ર છે. અને એની ઉપર જે સવાર છે એજ સચ્ચાઈ અને હિદાયત પર છે અને એ જ ડૂબવાથી સુરક્ષિત રહેશે. અને એ જ નજાતના કાંઠે પહોંચશે. હદીસ બતાવે છે કે અહલેબૈતની પણ આ જ હાલત છે, જે લોકો એમની જોડે જોડાયેલા છે એ જ સચ્ચાઈ અને હિદાયતને વરેલા છે. અને એ જ નજાતના મંઝિલે પહોંચનારા છે. અહલેબૈતની આ શાન એમની અસ્મતની દલીલ છે. સ્પષ્ટ થાય કે એમની આ અસ્મત કાયમી અને મૂળભૂત અસ્મત નથી જે નબીઓ માટે ખાસ છે.

નોટ : આ બુઝુર્ગોની અસ્મત જણાવે છે કે એમના કાર્યો અને કથનો સાચા છે. તેથી સૈયદાના હઝરત અબૂબક્ર, સૈયદના હઝરત ઉમર અને, સૈયદના હઝરત ઉસ્માન રદિયલ્લાહો અન્હુમ અજ-મઈનની ખિલાફત ચોક્કસ સાચી છે કેમકે અહલેબૈતે પણ આ હસ્તીઓની ખિલાફતને સાચી માની છે અને પ્રશંસા તથા વખાણ પણ કર્યા છે.

# પંજેતન પાક અને આયતે મુબાહિલા

પંજેતન પાક આ છે :

(૧) રસૂલે અકરમ મુહમ્મદ મુસ્તફા
સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમ

(૨) હઝરત અલી મુર્તઝા

(૩) હઝરત ફાતિમા ઝહરા

(૪) હઝરત ઈમામ હસન મુજ-તબા

(૫) હઝરત ઈમામ હુસૈન મુક-તદા અલૈહિમુસ્સલામ

## આયતે મુબાહિલા

આ છે :

فَمَنْ حَآجَّکَ فِيْهِ مِنْ م بَعْدِ مَا جَآءَکَ مِنَ الْعِلْمِ
فَقُلْ تَعَالَوْا نَدْعُ اَبْنَآءَنَا وَاَبْنَآءَکُمْ وَنِسَآءَنَا وَنِسَآءَ
کُمْ وَاَنْفُسَنَا وَاَنْفُسَکُمْ قف ثُمَّ نَبْتَهِلْ
فَنَجْعَلْ لَّعْنَتَ اللّٰهِ عَلَى الْکٰذِبِيْنَ ۝

"ફમન હાજ્જ-ક ફીહિ મિમ બઅ્-દિ મા-જા- અ-ક મિનલ ઈલ્મિ ફકુલ તઆલવ નદ-ઉ અબ્ના-અના વ અબ્ના-અકુમ વ નિસા-અના વ નિસા-અકુમ વ અન્ફુ-સના વ અન્ફુ-સકુમ સુમ-મ નબ્તહિલ ફનજ-અલ લઅ-નતલ્લાહિ અલલ કાઝિબીન"

(આલે ઈમરાન, રુકૂઅ-૬, આયત-૬૧)

અનુવાદ : (મસીહના માણસ હોવા બાબત) તમારી પાસે વહીનું ઈલ્મ આવ્યા પછી જે તમારાથી ઝગડો કરે એનાથી કહી દો : આવો ! (આનો ફેંસલો આપણે આ રીતે કરીએ કે) અમે પણ અમારા દીકરા-દીકરી અને ખાસુલ ખાસ સગા-વ્હાલાને બોલાવીએ, અને તમે પણ તમારા દીકરા-દીકરી અને ખાસુલ ખાસ સગા-વ્હાલાને બોલાવો, પછી આપણે સૌ અલ્લાહ તઆલાથી (સાચા દિલથી) વિનમ્રતાપૂર્વક દુઆ કરીએ, અને જુઠ્ઠાઓ પર અલ્લાહની લાનત (ફિટકાર, તિરસ્કાર) કરીએ (કે મસીહ વિષે જે જુઠ્ઠો દાવો કરે છે એની ઉપર અલ્લાહની લાનત)

### શાને નુઝૂલ (આ આયત ઉતરવાનું કારણ)

નજરાન મક્કાશરીફથી યમન ભણી સાત કોસ દૂર એક વિશાળ

જિલ્લો છે જ્યાં ખ્રિસ્તી આરબો વસતા હતા. અરબસ્તાન પ્રાંતમાં ખ્રિસ્તીઓનું સૌથી મોટું સેન્ટર (કેન્દ્ર) આ જ હતું. અહીં એક ભવ્ય ગિરજાઘર (ચર્ચ) હતું, જેને તેઓ (પોતાનો) કાબા કહેતા હતા અને કાબાના હરમના મુકાબલે સમજતા હતા. એમાં (એમના) ધર્મના મોટા-મોટા આગેવાનો રહેતા હતા. જેમનો લકબ (પ્રચલિત ઉપનામ) સૈયદ અને આકિબ હતો. હિજરી સન ૯માં હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે એમને ઈસ્લામના આમંત્રણનો પત્ર લખ્યો. તો એમના ધર્મના ઈમામો, આગેવાનો અને પ્રતિષ્ઠિત લોકોનું એક પ્રતિનિધિમંડળ જે સાઈઠ (૬૦) માણસોનું હતું, મદીનાશરીફમાં આવ્યું. એમાં લોર્ડ બિશપ પણ હતો, જેનું નામ અબૂ હારેસા હતું. એ લોકોએ હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમને જાતજાતની ધાર્મિક વાતો પૂછી. આપે ખુદાઈ વહીના આધારે જવાબ આપ્યો. આ સંબંધમાં સૂ-રએ આલે ઈમરાનની શરૂઆતની આ જ ઉપરોક્ત આયતો ઉતરી છે. પ્રતિનિધિમંડળનો મુખ્ય મસ્અલો આ હતો કે મસીહ (હઝરત ઈસા અલૈહિસ્સલામ) ખુદા છે. આપે જવાબમાં કુર્આનની આયતો પઢી જેમાં પ્રબળ દલીલો સાથે બતાવવામાં આવ્યું છે કે મસીહ અલ્લાહના બંદા છે. ખુદા નથી બાપ વિના પેદા થવું એ આનું સબૂત નથી કે એ ખુદા છે. છેવટે હઝરતે આદમના પણ કોઈ બાપ નથી. મસીહનું પેદા થવું, જન્મ લેવો, એ જ એક સબૂત છે કે તેઓ ખુદાની સૃષ્ટિ છે; સર્જન છે; ખુદા નથી.

[ફૂટનોટ : એ દલીલો, આ છેઃ (૧) મસીહ મરયમના પેટથી પેદા થયા છે. (૨) એમને તૌરેત અને ઈન્જીલનો ઈલ્મ બક્ષવામાં આવ્યો જે પહેલાં તેમની પાસે ન હતો. (૩) ખુદ એમનું પોતાનું બયાન છે કે તેઓ મડદાંઓને જે જીવતા કરે છે અને જન્મજાત આંધળા અને કોઢીઓ, એમના મોજિઝાઓથી સાજા થાય છે, આ બધું ખુદાનો હુકમ મળયા પછી જ કરે છે, એના વિના નથી કરી શકતા. (૪) એમનું કથન છે કે અલ્લાહ મારો પણ પરવરદિગાર છે અને તમારા લોકોનો પણ. (૫) અલ્લાહ કોઈનો બાપ નથી, કેમ કે સગપણ અને સગાવ્હાલાપણું ખુદાની શાનની

વિરૂધ્ધ છે (૬) મસીહનું બાપ વગર પેદા થવું એ વાતનું સબૂત નથી કે એ ખુદા છે. છેવટે હઝરત આદમ પણ તો માંબાપ વિના પેદા થયા છે. અને વળી, જે પેદા થાય એ ખુદા ક્યાંથી? (૭) કોઈ માનવી જેને અલ્લાહ તઆલા પુસ્તક અને હિકમત અને નબુવ્વતથી નવાજે, શું એ આવી ખોટી વાત બોલી શકે છે કે મારા બંદા બનો? અથવા મને અથવા કોઈ રસૂલને અથવા કોઈ ફરિશ્તાને ખુદા માનો?

અમનકે માનનેવાલે અમનકી હી સદા દેંગે
વતનકે વાસ્તે અપના સબકુછ લુટા દેંગે
ખુદા પૈદા નહીં હોતા, ખુદા ભક્તિ નહીં કરતા
યે કેહકર બાબરી મસ્જિદકા ઝગળા હમ મિટા દેંગે]

પણ ખ્રિસ્તીઓનું આ પ્રતિનિધિમંડળ કુર્આની દલીલો સાંભળવા છતાં પણ પોતાની વાતનું રટણ કર્યા કરતું હતું. જીદ પકડી લીધી. પોતાની વાત પર અડીખમ રહ્યા. તો આની પર આયતે મુબાહેલા ઉતરી કે જો તમને તમારા દાવા પર પૂરો વિશ્વાસ છે કે તમારો દાવો સાચો અને ખરો છે તો આવો અમે અને તમે પોત-પોતાના બાળબચ્ચાંને લઈને અલ્લાહ સામે દુઆ કરીએ કે જે પોતાના દાવામાં જુઠ્ઠો છે એની ઉપર અલ્લાહ લાનત મોકલે. જો તમને તમારી વાતની સચ્ચાઈ પર ભરોસો છે તો આ મુબાહેલા (અંતિમ ધાર્મિક ફેંસલો કરનાર મુકાબલા) માટે તૈયાર થઈ જાવ.

અને આપે આયતે મુબાહેલા પઢી જે ઉપર જિકર થયેલ છે, જેનું નિષ્કર્ષ આ છે કે તમે લોકો મસીહને માણસને બદલે ખુદા માનો છો તો આવો મુબાહેલા કરી લો, અમે પણ અમારા છોકરા છૈયાને લાવીએ અને તમે પણ. પછી આપણે બધા અલ્લાહથી દુઆ માંગીએ કે મસીહના વિષે જે માણસ જુઠ્ઠો દાવો કરે છે એની ઉપર અલ્લાહની લાનત એટલે કે છોકરાછૈયા સહિત એ સર્વનાશ પામે.

હવે હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ, પવિત્ર અહલેબૈત એટલે કે હઝરત અલી, હઝરત ફાતિમા, હસન અને હઝરત હુસૈનને ઘરેથી લઈ પધાર્યા, અને એમને ફરમાવ્યું કે જ્યારે હું મુબાહેલાની

દુઆ માંગુ ત્યારે તમે લોકો આમીન કહેજો.

પ્રતિનિધિમંડળમાં નજરાનનો અસ્તઅફ એટલે કે બિશપ પાદરી પણ હતો, એણે પંજતન-પાકને જોઈને પ્રતિનિધિમંડળથી કહ્યું,

"આ એ લોકો છે કે જો એમનાથી મુબાહેલો કર્યો તો દુનિયામાંથી ઈસાઈયત (ખ્રિસ્તી ધર્મ) નેસ્ત નાબૂદ થઈ જશે."

## મુબાહેલાનું બયાન

આ બયાન ઘણી બધી રિવાયતોમાં છે. એક રિવાયત આ છે કે :

નજરાનના બિશપ પાદરીએ જોયું કે મોહમ્મદ (સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ) પોતાનું કુટુંબ અલી, ફાતિમા, હસન, હુસૈનને લઈને મુબાહેલા માટે આવ્યા છે, તો (એની ઉપર આ સચ્ચાઈ ઉઘાડી થઈ ગઈ કે જો આ લોકો મુબાહેલાની દુઆ માંગશે તો વિશ્વભરમાંથી ખ્રિસ્તી ધર્મનો જનાઝો નીકળી જશે તેથી) તેણે પ્રતિનિધિમંડળને કહ્યું,

"હે ખ્રિસ્તીઓ ! હું એવા ચહેરાઓ જોઈ રહ્યો છું કે જો આ લોકો અલ્લાહથી આ દુઆ માંગે કે પહાડ પોતાની જગ્યાએથી ખસી જાય તો અલ્લાહ એમની દુઆથી પહાડને પોતાની જગ્યાએથી ખસેડી દેશે, માટે એમનાથી મુબાહેલો ન કરતા, નહિતર ખતમ થઈ જશો."

આમ વિચારીને છેવટે ખ્રિસ્તીઓ મુબાહેલાથી દૂર હટી ગયા અને આપથી કહ્યું કે મુબાહેલાને બદલે અમે આપથી આ શરતે સમાધાન કરીએ છીએ કે:

"અમે લોકો દર વર્ષે બે હજાર જોડ કપડાં, ત્રીસ ઝિર્હા (બખ્તરો), ૩૩ ઊંટ અને ૩૪ ઘોડા આપતા રહીશું."

સહીહ મુસ્લિમ (ભાગ-૧, પેજ-૨૭૮)માં છે કે જ્યારે આયતે મુબાહેલા ઉતરી તો હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે અલી, ફાતિમા, હસન અને હુસૈનને બોલાવીને ફરમાવ્યું:

"હે અલ્લાહ ! આ લોકો મારા અહલેબૈત છે. " આખી રિવાયત આ છેઃ

امر معاوية بن ابی سفیان سعدا فقال : ما منعك ان تسب اباتراب فقال : اماما زکرت ثلاثاقالهن له رسول الله صلی الله علیه وسلم فلن اسبه لان تکون لی ولعدة منهن احب الیَ من حمر النعم سمعت رسول الله صلی الله علیه وسلم یقول له و خلفه فی بعض مغازیه فقال له علی ۔ یا رسول الله خلفتنی مع النساء والصبان ۔ فقال له رسول الله صلی الله علیه وسلم اماترضیٰ ان تکون منی بمنزلة هارون من موسیٰ ۔ الانه لا نبوة بعدی وسمعته یقول یوم خیر الاعظین الرایه وجلا یحب الله و رسوله ویحبه الله و رسوله ۔ قال فتطادلنا لها فقال : ادعوا الی علیا ، فانی به ارمد فبصق فی عینیه ، ودفع الرایه الیه ، ففتح الله علیه ، ولمانزلت هذه الآیة ندعُ اَبنَاءَ نَا وَاَبنَاءَ کُمْ دعارسول الله صلی الله علیه وسلم علیا و فاطمة و حسنا و حسینا فقال : اللّٰهم هولاء اهلی ۔

"મુઆવિયા ઇબ્ને અબી સુફિયાને સઅદને હુકમ આપ્યો, પછી કહ્યું : અબૂ તુરાબને ગાળ આપવાથી આપને કઈ ચીજ રોકી રહી છે ? સઅદે કહ્યું : મને યાદ છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે એમના વિષે ત્રણ એવી વાતો ફરમાવી છે જેના કારણે હું કદાપિ એમને ગાળ નહીં આપું. એ ત્રણ ચીજોમાંથી કોઈ એક પણ મને મળી હોત તો હું એને લાલ ઊંટ કરતાં પણ વધારે વ્હાલી ગણતો. (એ ત્રણે વાતો આ છે:)

(૧) મેં અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમથી હદીસ સાંભળી છે (તે આ છે કે) આપ અલીને મદીનામાં પોતાની જગ્યાએ મૂકીને કોઈ લડાઈમાં જઈ રહ્યા હતા તો અલીએ યુદ્ધની ધાર્મિક (જિહાદના જઝબાથી) કહ્યું : આપ મને સ્ત્રીઓ અને બાળકોમાં છોડીને જઈ રહ્યો છો ? તો આપે ફરમાવ્યું : અલી ! શું તમે આ વાત (ગૌરવ) ઉપર રાજી નથી કે તમને મારી તરફથી એવી જ પ્રતિષ્ઠા અને માન-મર્તબો હાંસિલ છે જેવી પ્રતિષ્ઠા મૂસાની તરફથી હારૂનને હાંસિલ

હતી, પણ મારા પછી નબુવ્વત નથી.

(૨) અને મેં ખૈબરમાં અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમને ફરમાવતા સાંભળ્યા છે કે, "હું એને અવશ્ય ઝંડો (ધજા, ધ્વજ) આપીશ જે અલ્લાહ-રસૂલથી મોહબ્બત કરે છે, અને અલ્લાહ-રસૂલ પણ જેનાથી મોહબ્બત કરે છે." સઅદનું કથન છે કે આથી અમે લોકો, પોતપોતાને ઊંચા થઈને દેખાડવા લાગ્યા. (જેથી અમારી ઉપર નજર પડે અને અમને ઝંડો મળી જાય, પણ) આપે ફરમાવ્યું, "અલીને બોલાવો." લોકો બોલાવી લાવ્યા. એમની આંખોમાં દર્દ હતું. આપે આંખોમાં લુઆબે દહન (પવિત્ર મોઢા મુબારકનું પવિત્ર થૂંક મુબારક) લગાવી દીધું અને એમને ઝંડો અર્પણ ફર્માવ્યો. અને અલ્લાહે એમના હાથે જ વિજય અપાવ્યો.

(૩) અને જ્યારે આ આયત ઉતરી, نَدْعُ اَبْنَاءَ نَا وَ اَبْنَاءَ كُمْ "નદ-ઉ અબ્ના-અના વ અબ્ના-અકુમ" તો અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે અલી, ફાતિમા, હસન-હુસૈનને બોલાવીને ફરમાવ્યું, "આ લોકો મારા અહલેબૈત છે."

નોંટ : અહીં اهلى "અહલી"નો અર્થ છે મારા અહલેબૈત કેમકે અમુક પુસ્તકોમાં "અહલબયતી" આવેલ છે અને મિશ્કાત (પેજ ૫૬૮)માં પણ મુસ્લિમના હવાલાથી "અહ-લ બયતિ" છે.

[ફૂટનોટ : કદાચ આનું કારણ નુસ્ખાઓ (તસ્નીફાત, પ્રકાશનો)નું જુદાપણું છે, સહીહ મુસ્લિમનો જે નુસ્ખો અમારી સામે છે એમાં તો "અહલી" છે પણ મિશ્કાતના લેખક સામે જે નુસ્ખો હશે એમાં "અહલ બયતિ" રહ્યુ હશે.]

## આયતે મુબાહેલાના આ શબ્દો : "અબ્ના-અના વ નિસા-અના વ અન્ફ-સના" થી આશય ક્યા લોકો છે ?

اَبْنَاءَ نَا "અબ્ના-અના" એટલે કે રસૂલના પુત્રોથી આશય હસન-હુસૈન છે અને نِسَاءَ نَا "નિસા-અના" એટલે કે નબીના ઘરની સૌથી વધારે

શ્રેષ્ઠતા ધરાવતી સ્ત્રીથી આશય હઝરત ફાતિમા છે અને أَنْفُسَنَا "અન્ફુ-સના" થી આશય હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ અને હઝરત અલી છે.

આ તફસીર હઝરત જાબિર રદિયલ્લાહો અન્હોએ રિવાયત ફરમાવેલ છે. (અદ દુર્રુલ મન્સૂર, ભાગ-૨, પેજ-૩૯) મુફસ્સિર ઈબ્ને કસીરનું બયાન છે કે, હઝરત ઈબ્ને અબ્બાસ અને હઝરત બર્રાઅથી પણ આ જ તફસીર રિવાયત થયેલ છે. અને મુસ્નદે અબી દાઊદ તૈયાસીમાં શેઅબીથી પણ આ જ તફસીર લખાયેલ છે.

ખરેખર તો આ તફસીર ખુદ અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની અમલી તફસીર છે. આપ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે :

● أَبْنَاءَنَا "અબ્ના-અના" એટલે પોતાના પુત્રોના નામે હસનૈન કરીમૈનને મુબાહેલા માટે રજૂ ફરમાવ્યા છે.

● અને نِسَاءَنَا "નિસા-અના" એટલે પોતાના ઘરની સૌથી શ્રેષ્ઠ સ્ત્રીની જગ્યાએ હઝરત ફાતિમાને જ રાખ્યા છે.

● أَنْفُسَنَا "અન્ફુ-સના"ની જગ્યાએ ખુદ પોતાને અને હઝરત અલીને ઠેરવ્યા છે.

હવે અંદાજો લગાવો કે કુર્આન મજીદ અને હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની અમલી તફસીરે અલી, ફાતિમા અને હસન-હુસૈનને કેટકેટલી અને કેવી-કેવી ફઝીલતો (શ્રેષ્ઠતાઓ) અર્પી છે ? એમની શાન કેટલી ઊંચી છે અને એમનો હોદ્દો (દરજ્જો) કેટલો ઊંચો છે ? જરા શાનની આ બુલંદી જુઓ કે એમનામાં:

● હસનૈન કરીમૈન હુઝૂરના શેહઝાદાઓ છે. આખી ઉમ્મતમાં આ બંને સિવાય આવી શ્રેષ્ઠતા કોને મળી છે ?

● હઝરત ફાતિમા રસૂલના બૈત (ઘર) ની બધી જ સ્ત્રીઓમાં સૌથી

શ્રેષ્ઠ અને ઉચ્ચ છે. સમસ્ત જગતમાં આવી શ્રેષ્ઠતા અને મહત્તા કોને નસીબ થઈ છે ?

● હઝરત અલી એ છે કે હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમના સૌથી વધારે નજીકના, નિકટવર્તી, ખાસુલ ખાસ વ્હાલા અને શ્રેષ્ઠતા ધરાવનારા છે. આવી અમૂલ્ય, અજોડ, અદ્વિતીય, અનન્ય, લાજવાબ, બેમિસાલ, બે-નઝીર, અસામાન્ય, અસાધારણ, અકલ્પનીય અને અનુપમ શ્રેષ્ઠતા અલી સિવાય બીજા કોને મળી છે ? ઈર્શાદે ઈલાહી છે : ذَالِكَ فَضْلُ اللّٰهِ يُؤْتِيْهِ مَنْ يَّشَاءُ

"ઝાલિ-ક ફદલુલ્લાહિ યુઅતીહિ મંયશા-ઉ

(અલ્માએદહ, પારા-૬, રુકૂઅ-૧૨)

"આ અલ્લાહનો ફઝલ છે, જેને ઈચ્છે એને અર્પણ ફરમાવે."

[નોટ : ઉપરોક્ત લખાણથી સ્પષ્ટ છે કે "અન્ફુ-સના"ની સાચી તફસીર જે હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની અમલી તફસીરથી સંબંધિત છે, આ જ છે કે આનાથી આશય હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ અને હઝરત અલી કર્રમલ્લાહો વજ-હહૂ જ છે. આના આધારે આ શબ્દનો અર્થ થાય છે : અમે અને અમારા અત્યંત ખાસુલ-ખાસ પરિચિતો (ઘરવાળાઓ) "અન્ફુસ" શબ્દ ખાસુલ ખાસ અને પરિચિત ઘરવાળાઓના અર્થમાં ઘણો જ વપરાયો છે. અને ખુદ કુર્આનશરીફમાં ઘણી જગ્યાએ આવ્યું છે, દા.ત.

وَلَا تُخْرِجُوْنَ اَنْفُسَكُمْ مِّنْ دِيَارِكُمْ۔

"વલા તુખ-રિજૂ-ન અન્ફુ-સકુમ મિન દયા-રિકુમ" અને પોતાના ખાસ પરિચિતોને એમના ઘરમાંથી બહાર ન કાઢતા. (બકરહ, રુકૂઅ-૧૦, પારા-૧)]

આવશ્યક હદ ઓળંગનારા અમુક લોકો અન્ફૂસના શબ્દથી એમ સમજે છે કે હઝરત અલી નફસે રસૂલ એટલે કે રસૂલનો જ જીવ છે; પણ એ ખોટું છે.

આનું ખોટું હોવું આનાથી સ્પષ્ટ છે કે જો હઝરત અલીને નફસે રસૂલ

(સાક્ષાત રસૂલ) માનવામાં આવે એટલે રસૂલની જાત, તો તદન અશક્ય વાત છે કેમકે એક ચીજની એક જ જાત હોય છે; બે નથી હોતી, અને જો નફસે રસૂલથી આશય એ હોય કે અલી રસૂલના સમકક્ષ છે એટલેકે અલી ફઝલો કમાલ અને હોદ્દા તથા દરજ્જામાં રસૂલે આઝમની બરોબર છે તો એનો અર્થ એ થયો કે અલી બધા જ નબીઓ અને રસૂલોથી શ્રેષ્ઠ છે, આ કેટલી મોટી ભૂલ છે ? જેની કોઈ સીમા જ નથી. અરે, જે નબી નથી એ નબીથી વધીને અથવા નબી સમાન કેવી રીતે હોઈ શકે છે ? અહલે બૈતે કિરામથી મોહબ્બતનો અર્થ એ નથી કે એમને નબી બનાવી દેવામાં આવે અથવા નબી કરતાંયે આગળ વધારી દેવામાં આવે, અથવા એમની એવી પ્રશંસા કરવામાં આવે જે કુર્આનની વિરૂદ્ધ છે. વધારવું પણ ખરાબ છે અને ઘટાડવું પણ ખરાબ છે. જેમકે અહલેબૈતને શિયા લોકો અતિશયોક્તિ કરી અને ખારજી લોકો અપમાનિત કરી ગુમરાહ થયા. આપણે અહલે સુન્નત મર્તબાને વધારવા અને ઘટાડવા બંનેથી અળગા રહીએ છીએ, આપણો મસ્લક વચલો માર્ગ છે અને આ જ છે સિરાતે મુસ્તકીમ-સીધો રસ્તો.

## અહલેબૈતની ગરીબ-નવાઝી અને કુર્આને મજીદ

પવિત્ર અહલે બૈત નબવી ખમીરમાંથી બનેલા છે અને મુસ્તફાના ખમીરમાંથી એમની રચના થયેલી છે; આ ઉપરાંત રસૂલે અકરમ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમના ખોળામાં પાલનપોષણ મેળવ્યું છે તેથી મોહમ્મદી સંસ્કારોના બેહતરીન નમૂનાઓ છે અને ખુદાઈ કુદરતે એમના પવિત્ર જીવનચરિત્રને કુર્આને મજીદના સ્વરૂપમાં ઢાળી દીધેલ છે. એમ તો એમના સંસ્કારની એક-એક અદા માણસાઈના પુસ્તકનું સોનેરી મુખપૃષ્ઠ છે, પણ આ વિભાગમાં અમે એમની ગરીબ-નવાઝીનો એ નમૂનો રજૂ કરીએ છીએ જેની ઉપર અલ્લાહને એટલો પ્રેમ હોય કે એમની શાનમાં ઘણી બધી આયતો ઉતારી દીધી. મુફસ્સિર સઅલ્બીની રિવાયત પ્રમાણે, એ પ્રસંગ આ રીતે બન્યો :

હસનૈન કરીમૈન અલૈહિમુસ્સલામ બીમાર થઈ ગયા. હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે હઝરત અલીથી ફરમાવ્યું : (હસનૈનની) શિફા માટે નઝર (મન્નત, બાધા) માનો.'' એમણે અને ખાતૂને જન્નતે એમની શિફા માટે ત્રણ રોઝા (રાખવા) ની નઝર માની. અલ્લાહે શિફા બક્ષી. નઝરનો રોઝો શરૂ થયો. હઝરત અલી કર્રમલ્લાહો વજ-હહુલ કરીમ થોડાક જવ ઉધાર લાવ્યા. ત્રણે રોઝાના ઈફતાર માટે બસ આ જ જવ માત્ર હતા. હઝરત સૈયદાએ દળ્યા. ત્રણે દિવસોએ અનાયાસ એવું થયું કે હઝરત સૈયદાએ રોટલીઓ રાંધીને ઈફતાર માટે મૂકી તો કોઈ ને કોઈ જરૂરમંદ સામે હતો. એ બંને હસ્તીઓએ અને એમની સાથે બાળવયના નાનકડા જન્નતી ફૂલો-હસનૈન કરીમૈને પણ પોતપોતાની રોટલીઓ દરેક દિવસે જરૂરતમંદને આપી દીધી. ઘરની કનીઝ (સેવિકા, ખાદિમા) ફિઝઝાએ પણ આવુંજ કર્યું. પહેલા દિવસે મિસ્કીન આવ્યો હતો, બીજા દિવસે યતીમ, ત્રીજા દિવસે કેદી મોકલી દેવામાં આવ્યો હતો. (એટલે કે તે ગૈરમુસ્લિમ કે જે મુશરિકોના લશ્કરમાં હતો, મુસ્લિમોથી લડવા આવ્યો હતો અને હારીને પકડવામાં આવ્યો હતો.) ચારે અહલેબૈત અને ફિઝઝાએ એવી ગરીબનવાઝી, ગરીબપરવરી, માણસાઈ, ઈન્સાનિયત, સખાવત અને દાનશીલતા દેખાડી કે એ લોકોને પોતપોતાની રોટલીઓ આપી દઈને ત્રણે દિવસ, પોતે માત્ર પાણીથી ઈફતાર કરતા રહ્યા. અને માત્ર પાણી જ પીને આગલો રોઝો પણ રાખતા રહ્યા.

રહકે ફાકોંમેં ફકીરોંકો ખિલાનેવાલે
ઐસે હોતે હૈં મુહમ્મદકે ઘરાનેવાલે

અહલેબૈતની નાદારી અને ગરીબી એવી હતી કે થોડાક જવ ઉધાર લીધા તો રોટલી રાંધી શકાઈ પણ દરિયાદિલી અને ગરીબ-નવાઝી એવી કે નાનકડા જન્નતી ફૂલો હસનૈન કરીમૈને પણ પોતાના માંબાપની સાથે ત્રણે દિવસે પોતપોતાનું ખાવાનું મોહતાજોને આપી દીધું. દરરોજ પાણીથી ઈફતાર કર્યું અને માત્ર પાણી જ પીને આગલો રોઝો રાખ્યો.

[ફૂટનોટ : હઝરત અલી અને હઝરત સૈયદાનો રોઝો નઝરનો હતો, પણ ઈમામ હસન-હુસૈનનો રોઝો માંબાપની પૈરવી માટે હતો.]

રોઝા ઉપર રોઝા છે અને ફાકા (ભૂખ્યા રહેવું) ઉપર ફાકા છે. બધું જ મોહતાજોને આપી દઈને પોતે ભૂખ્યા રહી જવું એ ઘણી જ મોટી ફઝીલતનું કામ છે જે અલ્લાહને ઘણું જ પસંદ અને વ્હાલું છે. અને આ હસ્તીઓ અલ્લાહની મોહબ્બતથી છલોછલ છે. જે એને પસંદ એ જ આ લોકોને પણ વહાલું. આમ, માત્ર અલ્લાહ વાસ્તે અને એની મોહબ્બતમાં જ આ ગરીબનવાઝી ફરમાવી રહ્યા છે. ન બદલો મળવાની ખેવના, ન કોઈ આભાર પામવાની મહેચ્છા. કેટલી ઉચ્ચ કક્ષાની અને લાલચવિહીન છે આ ગરીબ-નવાઝી? કેટલા ખુલૂસથી તરબતર છે મોહતાજોની આ સહાયતા ? કેટલું ભવ્ય છે પોતે ભૂખ્યા રહીને મોહતાજોને બધું જ આપી દેવાનું આ સમર્પણ ?

આ શ્રેષ્ઠ ચારિત્ર્ય, આ અજોડ સમર્પણ, આ અદ્વિતીય સજ્જનતા અને હમદર્દી અને પોતાની આગવી શૈલીની આ અલૌકિક ગરીબનવાઝી એલાન ફરમાવે છે કે જુઓ પવિત્ર અહલેબૈત કેવા નિખાલસ અને મોહતાજ-નવાઝ ઈન્સાન છે અને એમનું ચારિત્ર્ય મોહતાજોની નિખાલસ સેવાચાકરી અને સહાયતાનો કેવો ઈન્સાનિયત-નવાઝ, માણસાઈપ્રેરક ઉપદેશ આપે છે ? મોટાઓ પણ આ બોધપાઠ આપે છે અને નાનકડા માસૂમ જન્નતી ફૂલડાંઓ પણ ! આ છે કુર્આનશરીફની માણસાઈની તાલીમનો પરિપૂર્ણ ફૈઝ અને પ્રભાવક અસરો. અને આ છે મુસ્તફાએ કરેલ પાલનપોષણનું શ્રેષ્ઠ, પરિપૂર્ણ અને બેહતરીન નિષ્કર્ષ.

પવિત્ર અહલેબૈત મિસ્કીન અને યતીમને તો સર્વકાંઈ આપી દઈને પોતે ભૂખ્યા તો રહી જ જાય છે, જરા એની ઉપર પણ દૃષ્ટિપાત કરો કે ગૈરમુસ્લિમ કે જે મુશ્રિકો સાથે ભળીને મુસલમાનોના અને શેરે ખુદા, શેરે ઈસ્લામ અલી મુર્તઝાનું ગળું કાપવાના ઈરાદાથી આવ્યો અને હારી જતાં પકડાઈ જાય છે તો અલી મુર્તઝા, ફાતિમા ઝોહરા અને હસનૈન

અલૈહિસ્સલામ એની જોડે પણ આવું સદ્‌વર્તન આચરે છે કે બધું જ એને આપી દે છે અને પોતે માત્ર પાણીથી ઈફતાર કરી લે છે અને ભૂખ્યા છે, છતાં ગૈરમુસ્લિમ જોડે અને એ પણ લોહી-તરસ્યા બિનમુસ્લિમ જોડે આટલો સારો વર્તાવ ?

શું માણસાઈના સમસ્ત ઈતિહાસમાં આનું દૃષ્ટાંત છે ? પવિત્ર અહલેબૈતનું આ ભવ્યાતિભવ્ય કારનામું, ઈસ્લામ રહમતનો ધર્મ છે એની સ્પષ્ટ અને મજબૂત દલીલ છે, જેના શિક્ષણે આ સર્વશ્રેષ્ઠ ઉદાહરણો પેશ ફરમાવ્યા છે અને રસૂલે આઝમ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ માણસાઈના સૌથી મહાઉપકારક હોવાનું અસાધારણ સબૂત છે જેમના પાલનપોષણે માણસાઈ અને ઈન્સાનિયતના આવા ઉચ્ચ અને ભવ્યાતિભવ્ય નમૂનાઓ અને આવા ઉમદા વ્યક્તિત્વ ધરાવતા મહાનુભાવો દુનિયાને અર્પણ ફરમાવ્યા છે.

સારૂં હવે આ પણ જુઓ કે સૈયદના અલી મુર્તઝા, ખાતૂને જન્નત, મલિકાએ ફિરદૌસ, બહિશ્તની રાણી ફાતિમા ઝહરા, ફિરદૌસના સરદારો, જન્નતી નવજવાનોના બાદશાહો હઝરત ઈમામહસન -ઈમામ હુસૈન અલૈહિમુસ્સલામ અને અહલેબૈતની કનીઝ, મહાન સેવિકા, મોહતરમા ખાદિમા હઝરત ફિઝઝાની આ દિલની વિશાળતા, આ માણસાઈ, આ ઈન્સાનીયત, આ હમદર્દી, આ અજોડ નિખાલસતા, આ અદ્વિતીય સમર્પણ-ભાવના અને આ આકાશથી ઊંચી ગરીબનવાઝી અલ્લાહ તઆલાને એટલી સારી લાગી, એટલી પસંદ પડી કે એમની શ્રેષ્ઠતામાં, ફઝીલતમાં, તારીફમાં, વખાણમાં, પ્રશસ્તિમાં, પ્રશંસામાં આયત મોકલી દીધી. એમાં આ બોધપાઠ છે કે એમના ડગલે-ડગલે ચાલનારો પણ ઉચ્ચ ચારિત્ર્યશીલ સજ્જન પુરૂષ બની જશે અને એની ગણત્રી પણ અબરાર (નેક સજ્જનો)માં થવા લાગશે. રાવીનું બયાન છે કે આના અનુસંધાનમાં જે આયત ઉતરી એ આ છે :

وَيُطْعِمُوْنَ الطَّعَامَ عَلٰى حُبِّهٖ مِسْكِيْنًا وَّيَتِيْمًا وَّ اَسِيْرًا۔

**''વયુત્ઈમૂ-નત તઆ-મ અલા હુબ્બેહી મિસ્કીનંવ વ યતીમંવ વ અસીરા.''**

"અને આ લોકો અલ્લાહની મોહબ્બતમાં મિસ્કીન અને યતીમ અને કેદીને ખાવાનું ખવડાવે છે."

આનાથી એમ ન સમજશો કે માત્ર આટલો જ ભાગ મુરાદ (આશય) છે; લગભગ આની પહેલાની અને પછીની એ આયતો મુરાદ છે જે આ સિલસિલાને સાંકળતી કડીઓ છે. આ સૂ-રએ દહરની ૧૭ આયતો છે (પાંચમીથી એકવીસમી આયત સુધી) જે નીચે પ્રમાણે છે :

اِنَّ الْاَبْرَارَ يَشْرَبُوْنَ مِنْ كَاْسٍ كَانَ مِزَاجُهَا كَافُوْرًا ۚ عَيْنًا يَّشْرَبُ بِهَا عِبَادُ اللّٰهِ يُفَجِّرُوْنَهَا تَفْجِيْرًا ۞ يُوْفُوْنَ بِالنَّذْرِ وَيَخَافُوْنَ يَوْمًا كَانَ شَرُّهٗ مُسْتَطِيْرًا ۞ وَ يُطْعِمُوْنَ الطَّعَامَ عَلٰى حُبِّهٖ مِسْكِيْنًا وَّيَتِيْمًا وَّاَسِيْرًا ۞ اِنَّمَا نُطْعِمُكُمْ لِوَجْهِ اللّٰهِ لَا نُرِيْدُ مِنْكُمْ جَزَآءً وَّلَا شُكُوْرًا ۞ اِنَّا نَخَافُ مِنْ رَّبِّنَا يَوْمًا عَبُوْسًا قَمْطَرِيْرًا ۞ فَوَقٰهُمُ اللّٰهُ شَرَّ ذٰلِكَ الْيَوْمِ وَلَقّٰهُمْ نَضْرَةً وَّسُرُوْرًا ۞ وَجَزٰهُمْ بِمَا صَبَرُوْا جَنَّةً وَّحَرِيْرًا ۞ مُّتَّكِـِٕيْنَ فِيْهَا عَلَى الْاَرَآئِكِ ۚ لَا يَرَوْنَ فِيْهَا شَمْسًا وَّلَا زَمْهَرِيْرًا ۞ وَدَانِيَةً عَلَيْهِمْ ظِلٰلُهَا وَذُلِّلَتْ قُطُوْفُهَا تَذْلِيْلًا ۞ وَيُطَافُ عَلَيْهِمْ بِاٰنِيَةٍ مِّنْ فِضَّةٍ وَّاَكْوَابٍ كَانَتْ قَوَارِيْرَا ۞ قَوَارِيْرَا مِنْ فِضَّةٍ قَدَّرُوْهَا تَقْدِيْرًا ۞ وَيُسْقَوْنَ فِيْهَا كَاْسًا كَانَ مِزَاجُهَا زَنْجَبِيْلًا ۞ عَيْنًا فِيْهَا تُسَمّٰى سَلْسَبِيْلًا ۞ وَيَطُوْفُ عَلَيْهِمْ وِلْدَانٌ مُّخَلَّدُوْنَ ۚ اِذَا رَاَيْتَهُمْ حَسِبْتَهُمْ لُؤْلُؤًا مَّنْثُوْرًا ۞ وَاِذَا رَاَيْتَ ثَمَّ رَاَيْتَ نَعِيْمًا وَّمُلْكًا كَبِيْرًا ۞ عٰلِيَهُمْ ثِيَابُ سُنْدُسٍ خُضْرٌ وَّاِسْتَبْرَقٌ ۫ وَّحُلُّوْٓا اَسَاوِرَ مِنْ فِضَّةٍ ۚ وَسَقٰهُمْ رَبُّهُمْ شَرَابًا طَهُوْرًا ۞ اِنَّ هٰذَا كَانَ لَكُمْ جَزَآءً وَّكَانَ سَعْيُكُمْ مَّشْكُوْرًا ۞

(અનુવાદ) : "સાચું છે કે સારો વ્યવહાર કરનારાઓ (જન્નતમાં) એ પ્યાલો (જામ) પીશે જેમાં કાફૂરના ઝરણાનું મિશ્રણ હશે, આ એક ઝરણું છે જેનું પાણી ભેળવીને (મિલાવીને) અલ્લાહના ખાસ બંદાઓ પીશે. એમાંથી ન્હેરો કાઢીને (મરજી પ્રમાણે) પોતાને ત્યાં લઈ જશે. આ એ લોકો છે જે પોતાની નઝર (મન્નત, બાધા) પૂરી કરે છે...

[ફૂટનોટ : હઝરત અલી અને હઝરત ફાતિમાએ નઝર (મન્નત) ના રોઝાઓ કેવા સમર્પણ, ખૂબી, નિખાલસતા અને મોહબ્બતથી અદા ફરમાવ્યા છે આ શબ્દોમાં એની તરફ ઈશારો છે.]

..... અને એ દિવસનો ડર એમની ઉપર છવાયેલો રહે છે જેની સખ્તાઈ દરેક બાજુએ વિસ્તરેલી હશે, અને આ લોકો મિસ્કીન, યતીમ અને કેદીને અલ્લાહની મોહબ્બતમાં ખાવાનું ખવડાવે છે કે અમે તો માત્ર અલ્લાહ વાસ્તે જ તમને ખાવાનું ખવડાવીએ છીએ; ન તો તમારાથી આનો (કોઇ) બદલો ઇચ્છીએ છીએ ન આભાર (ના શબ્દો); અમને અમારા પાલનહાર તરફથી એ દિવસનો ડર લાગે છે જે ઘણો જ ભયજનક અને ઘણો જ સખત દિવસ છે. તો અલ્લાહ એમને એ દિવસની સખ્તાઈથી બચાવશે અને એમને ચહેરાની પ્રફુલ્લતા (તાજગી) અને દિલની શાંતિ અર્પણ ફરમાવશે અને ધીરજ (સબર) અને નફસ (જીવ)ની સહનશીલતાના બદલામાં એમને જન્નતના બગીચાઓ અને રેશમી પોશાક અર્પણ ફરમાવશે. જન્નતમાં તેઓ સિંહાસન (તખત) પર તકિયો લગાવીને બેઠા હશે, ત્યાં ન તડકાની ગરમી જોશે ન ઠંડીની તીવ્રતા, જન્નતી વૃક્ષો એમની ઉપર છાંયડો કરતા હશે, જેના ફળો અને મેવાઓના ઝૂમખાં લટકી રહ્યાં હશે, એમની ઉપર ચાંદીના વાસણો અને કાચના પ્યાલાઓ (જામ, ગ્લાસ)નો દોર ચાલશે. આ કાચ પણ ચાંદીનું જ હશે. વાસણો અને પ્યાલાઓ યોગ્ય બાંધણી પ્રમાણે બનેલા હશે. જન્નતમાં એમને સ્વાદિષ્ટ અદરકના ઝરણાનો જામ પણ પિવડાવવામાં આવશે, આ જન્નતમાં એ ઝરણું છે જેનું નામ સલસબીલ છે અને

એમની પાસે એ તરુણોની આવન-જાવન રહેશે જેઓ હંમેશ તરુણાવસ્થામાં જ રહેશે, એમને જુઓ તો એમ સમજશો કે વિખરાયેલા મોતી છે, ત્યાં જ્યાં પણ તમારી નજર ઉઠશે, અસંખ્ય ભેટસોગાત અને જાજરમાન સલ્તનત જોશો. એમના શરીર પર બારીક રેશમના કપડાં પણ હશે અને દબીઝ રેશમ પણ. આ લોકોને (કાચની જેમ પારદર્શક) ચાંદીના કંગન પણ પહેરાવવામાં આવ્યા હશે. અને પીવડાવી એમના પાલનહારે એમને પાક-પવિત્ર અને સાફ-સુથરી શરાબ. આ તમારો સવાબ (પૂણ્ય, બદલો, અજર) છે અને તમારી મહેનત વસૂલ (કબૂલ, સ્વીકૃત) થઈ.''

ખુલાસો : મુફસ્સિર સેઅલ્બીની રિવાયત જે ઉપર આવી છે કે આયત "વયુત્એમૂ-નત તઆ-મ અલા હુબ્બેહી મિસ્કીનંવ વ યતીમંવ વ અસીરા." હઝરત અલી, હઝરત ફાતિમા અને હઝરાત હસનૈન કરીમૈન તેમજ અહલેબૈતની સેવિકા ફિઝઝાના ખાવાના દાન કરવા વિષે ઉતરેલ છે કે એમણે જ્યારે તબક્કાવાર મિસ્કીન, યતીમ અને કેદીને પોતપોતાનું ખાવાનું આપી દઈને પાણી વડે ઈફતાર કર્યું, તો આની ઉપર મોહદિસ ઈબ્ને જૌઝીએ ઘણા તીવ્ર પ્રત્યાઘાત આપ્યા છે, ત્યાં સુધી કે આને મનઘડત (બનાવટી) કહી દીધું છે પણ બધાને ખબર છે કે અલ્લામા ઈબ્ને જૌઝીના પ્રત્યાઘાત જરાયે સ્વીકારપાત્ર નથી. તેઓ આ મામલામાં હદથી ઘણા વધારે આગળ નીકળી જાય છે ત્યાં સુધી કે સહીહ રિવાયતો અને હદીસોને પણ (મનઘડત) (બનાવટી) કહી દે છે જેની ફરિયાદ બધા જ મોહદિસોને છે.

શૈખ ઈબ્ને તયમીયાએ પણ આ રિવાયત પર ઘણો તીવ્ર પ્રત્યાઘાત આપ્યો છે પણ અહલેબૈતની શ્રેષ્ઠતાઓની રિવાયતો પર એમનો પ્રત્યાઘાત ખારજી વિચારશરણીથી પ્રભાવિત છે જેની સ્પષ્ટતા એક દેવબંદી, તબ્લીગી, વહાબી લેખક મૌલ્વી અહમદ રઝા બિજનોરીએ અન્વારૂલ બારી (ભાગ-૬, પેજ-૨૧)માં કરી છે. જો કે આ મહાશય શૈખ ઈબ્ને તયમીયાના ઈલ્મી પ્રભાવ અને જાણકારીની વિશાળતાના મહાપ્રશંસક બલ્કે શ્રધ્ધાળુ છે. આ

મહાશય એ જ પાનામાં એમ પણ લખે છે કે :

"અહીં આ વાત જિકર કરવા પાત્ર છે કે હાફિઝ ઈબ્ને તયમીયા બીજા તુમાખી લોકોની જેમ જ્યારે કોઇ અભિપ્રાય બાંધી લે છે તો એની વિરૂધ્ધ અન્યોને નાહક (ખોટા) જ માને છે અને એમના રદમાં આવશ્યકતાથી વધુ શક્તિ વેડફી નાખે છે. આનું પરિણામ આ આવે છે કે અધ્યયન કરનાર સંશોધનના સાચા નિષ્કર્ષ સુધી પહોંચી શકતો નથી અને કોઈ અણસમજનો શિકાર અવશ્ય થઈ જાય છે."

બિજનોરી સાહેબના આ લખાણનો શબ્દે શબ્દ સાચો છે. જો કે તેઓ ઈબ્ને તયમીયાના અતિ શ્રધ્ધાળુ છે તેથી કોઇ વિરોધાભાસી બયાન નથી, બલ્કે ખરી હકીકતનું સ્પષ્ટીકરણ છે.

જ્યારે ઈબ્ને તયમીયાના એ લખાણથી જે કોઈના રદમાં લખવામાં આવેલ છે, માણસ અણસમજનો શિકાર અવશ્ય થઈ જાય છે, તો એમના પ્રત્યાઘાત અને વિરોધ પ્રભાવશાળી રહયા જ ક્યાં ? અને એમની ઉપર કાન કેમ ધરવામાં આવે ? ખાસ કરીને એમના એવા પ્રત્યાઘાતને સાંભળવામાં જ કેમ આવે જે અહલેબૈતની શ્રેષ્ઠતાઓની રિવાયતો અને હદીસો પર એમણે આપ્યા છે, તેઓ તો આ પ્રકારની હદીસો ભલેને કેટલીયે સાચી હોય, આવી હદીસો પરત્વે ખોટા અભિપ્રાયો બાંધી જ લે છે, જેવું કે અન્વારૂલ બારી ના લેખક મહોદયના કથનાનુસાર, એમનો દૃષ્ટિકોણ ખારજીયતથી પ્રભાવિત છે (જુઓ અન્વારૂલ બારી, ભાગ-૬, પેજ-૨૧) અને એટલા માટે જ એમણે મુવાખાતની એ હદીસને પણ રદ કરી દીધી છે જેમાં જિકર છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે હઝરત અલીને પોતાનો ભાઈ ઠેરવેલ છે. જો કે આ હદીસ કોઈ પણ રીતે રદ કરવા પાત્ર નથી. આથી જ હદીસના ઈમામ હાફિઝુદ-દુન્યા શૈખુલ ઈસ્લામ અહમદ બિન અલી પ્રખ્યાત હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની (વ.હિ.૮૫૨) ને પણ આની ઘણી ફરિયાદ છે, અને સ્પષ્ટીકરણ કર્યું છે કે وهذا ارد النص با لاقياس ઈબ્ને તયમીયાએ આ હદીસને માત્ર પોતાના

અભિપ્રાય અને ધારણાના ધોરણે રદ કરેલ છે, આ ઈમામ ફત્હુલ બારી શર્હે સહીહ બુખારી, ભાગ-૧, પેજ-૧૯૨માં લખે છે :

وانكر ابن تيمية فى كتاب الرد على ابن مطهر الرافضى
المواخاة بين المهاجرين و خصوصاً مواخاة النبى صلى الله
عليه وسلم لعلى قال لان المواخاة شرعت لا رفاق بعضهم بعضاً :
ولبتالف قلوب بعضهم بعضاً فلامعنى لمواخاة النبى لا
حد منهم ولا لمواخاة مهاجرى لمهاجرى-

"ઈબ્ને મુતહર અલી રાફઝીના રદમાં ઈબ્ને તયમીયાએ જે પુસ્તક લખ્યું છે (એટલે કે મિન્હાજુસ્સુન્નહ) એમાં મુહાજિરોનો પરસ્પર ભાઈચારો ખાસ કરીને નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે હઝરત અલીને જે પોતાના ભાઈ ઠેરવ્યા છે એનો ઈન્કાર કર્યો છે અને એમ કહ્યું છે કે શરીઅતમાં ભાઈચારો એટલા માટે છે કે અમુક લોકો અમુક લોકોથી સહકાર પ્રાપ્ત કરે અને એમના દિલ પરસ્પર હળીમળી જાય. માટે આનો કોઈ અર્થ જ નથી.

[ફૂટનોટ : હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમના કોઈ કથન અથવા કાર્યમાં ધારણાઓ કરવી, પછી એમ કહીને રદ કરી દેવા કે, આનો કોઈ અર્થ નથી, મહાન ગુસ્તાખી (અપમાન, પાપ) છે અને બેહૂદાપણું છે અને પોતાના અભિપ્રાયને મોટાઈ આપવી અને એના મુકાબલે કુર્આન-હદીસને રદ કરી દેવા છે, આ નાપાક હરકતને રદ્દુન્નસ્સે બિલ કયાસ કહેવામાં આવે છે.]

કે નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ કોઈને પોતાનો ભાઈ બનાવે અને એનો પણ કોઈ અર્થ નથી કે કોઈને મુહાજિરનો ભાઈ બનાવવામાં આવે."

وهذا ارد النص با لاقیاس واغفال عن حکمة
المواخاة لان بعض المهاجرین القوی
كان اقوىٰ من بعض با لمال والعشیرة و فاخی بین الاعلى
والادنی لیرتفق الادنی بالاعلی، ویستعین الاعلیٰ بالادنی،
وبهذ انظهر مواخاة النبی صلی اللّٰه علیه وسلم لعلی لانه
هوا الذی كان یقوم به من عهد الصبا من قبل البعثة،
و استمر وكذامواخاة حمزة و زید بن حارثة، لان
زیدا مولاهم فقد ثبت اخوتهما وهمامن المهاجرین۔

ઈબ્ને તયમીયાની આ વાત (ખરેખર તો) (કુર્આન-હદીસને) પોતાની ધારણા માત્રથી રદ કરવું છે, અને ભાઈચારાની અગત્યતા તથા હિકમતથી ગફલત વર્તવું છે, કેમકે અમુક મુહાજિરો અમુક મુહાજિરોના મુકાબલે ધનદૌલત, શકિત-સામર્થ્ય અને ખાનદાનમાં વધારે મજબૂત છે તેથી હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ નાના-મોટા બધામાં ભાઈચારો અને સમાનતા બીજ રોપ્યાં જેથી નાનો માણસ મોટાથી લાભ મેળવે અને મોટો માણસ નાનાનો સહકાર પ્રાપ્ત કરે.

આનાથી જાહેર છે કે હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે હઝરત અલીને પોતાના ભાઈ બનાવ્યા છે એમાં શું હિકમત છે ! કેમકે હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ હઝરત અલીની કફાલત (સંપૂર્ણ દેખભાળ) એમના નાનપણથી જ ફરમાવતા હતા. (અને) જન્મ પછી તરત જ આ સિલસિલો નિરંતર ચાલુ હતો. આવી જ રીતે હઝરત હમઝા અને હઝરત ઝૈદ બિન હારસાનો પરસ્પર ભાઈચારો પણ છે કેમકે ઝૈદ બિન હારસા ગુલામ હતા અને એમનો ભાઈચારો પોતાની જગ્યાએ સાબિત છે જો કે આ બંને સાહેબો મુહાજિરો પૈકી છે."

હાફિઝ ઈબ્ને હજરે મુહાજિરોના પરસ્પર ભાઈચારાના અન્ય

ઉદાહરણો પણ રજૂ કર્યા છે અને હદીસના પુસ્તકોના હવાલા પણ આપ્યા છે અને નબી સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે હઝરત અલીને જે પોતાના ભાઈ ફરમાવ્યા છે એની એકજ નહિં, બલ્કે બે-બે રિવાયતો બયાન કરી છે, આ રીતે એની સનદોનો હોદ્દો અતિશય વધી જાય છે.

આપે શૈખ ઈબ્ને તયમીયાનો હાલ વાંચી લીધો કે એમના ઈલ્મ અને પ્રતિભાઓના શ્રધ્ધાળૂઓમાં, જે લોકો અસલીયત છુપાવવાને સારૂં નથી સમજતા દા.ત. "અનવારુલ બારી"ના કર્તા, એમનું બયાન છે કેઃ

"હાફિઝ ઈબ્ને તયમીયા પણ બીજા ગરમ પ્રકૃતિના લોકોની જેમ જ્યારે કોઈ અભિપ્રાય બાંધી લે છે તો એની વિરૂધ્ધ બીજા લોકોને ના-હક (ખોટા) જ માની લે છે અને એમને રદબાતલ કરવામાં જરૂરથી વધારે શક્તિ વાપરી નાખે છે જેનું પરિણામ આ આવે છે કે અધ્યયન કરનાર સાચા સંશોધનની તેહ સુધી નથી પહોંચી શકતો. અને કોઈ ગેરસમજનો શિકાર તો અવશ્ય થઈ જ જાય છે.

(અન્વારુલ બારી, ભાગ-૬, પેજ-૨૧)

અન્વારુલ બારીના લેખક સાહેબ આમ પણ લખે છે :

"ઈબ્ને તયમીયાનો દૃષ્ટિકોણ ખારજીયતથી પ્રભાવિત છે."

(અન્વારુલ બારી, ભાગ-૬, પેજ-૨૧)

ઈમામ હાફિઝ ઈબ્ને હજર જેમના પછી દુનિયામાં આ દરજ્જાનો કોઈ મોહદ્દિસ પેદા જ નથી થયો, એમનું બયાન આપે હમણાં વાંચ્યું છે કે રસૂલે અકરમ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ અને હઝરત અલી મુર્તઝા કર્રમલ્લાહો વજ-હહુલ કરીમની પરસ્પર ભાઈચારાની હદીસનો (જેનાથી શેરે ખુદાની ઘણી જ મોટી ફઝીલત જાહેર થાય છે.) ઈબ્ને તયમીયાએ ઈન્કાર કર્યો અને ધારણાઓ, કયાસો, ગુમાનો કરવા લાગ્યા તો હઝરતે ફરમાવ્યું : وهذا ارد النص با لاقياس

"આ ઈબ્ને તયમીયા તો (પોતાની મનઘડત) ધારણાથી હદીસને રદ કરી રહ્યા છે."

જ્યારે મામલો અહીં સુધી છે કે અલી મુર્તઝાની ફઝીલતની હદીસથી ઈબ્ને તયમીયાને આટલી ઘૃણા ઉપજે છે કે એને રદ ઠેરવવા કયાસો અને ધારણાઓ કરવા લાગી જાય છે; જો કે નસ (કુર્આન-હદીસ)ના મુકાબલે આવી ધૃષ્ટતા કરવી હરામ છે.

[ફૂટનોટ : કારણ કે કુર્આન-હદીસના મુકાબલે ચૂં-ચાં કરવી અને ધારણાઓ, ગુમાન અને કયાસો ઘડવા એ ઘણું જ નુકસાનકારક છે. આનાથી દીનમાં ફેરબદલ પેદા થાય છે. જો સમયસર મજબૂતાઈથી રોકવામાં ન આવે તો દીનની મૂળ રૂપરેખા જ બગડી જાય છે. તેથી જ ઈસ્લામના વિચારકોએ ફરમાવ્યું છે :

والتعليل فى مقابلة النص مردود

દીન વિષે ખોટો બકવાસ કરવો એ ફિટકારને પાત્ર છે. (શામી, ભાગ-૧, પેજ-૧૧૯)]

આનાથી સારી રીતે સમજી શકાય છે કે શેરે ખુદાની ફઝીલતવાળી હદીસ પર એમના પ્રત્યાઘાતની હેસીયત જ શી?

[ફૂટનોટ : જો ઈબ્ને તયમીયા ખારજી-સિફત ન હોત અને નબવી રોજા મુબારકની પવિત્ર ઝિયારત વિષે અવળચંડાઈ ન કરતા, તો ઘણા કામના માણસ હતા. એમના ઈલ્મની વિશાળતાને કોણ નકારે છે? પણ અહલે બૈત વિષે એમની ખારજી વિચારશરણી, મહાન બુઝુર્ગો વિષે એમનું બેહુદાપણું અને અકીદાઓમાં એમની ફિત્નાગિરીએ એમના પુસ્તકોમાં ખતરનાક કિટાણૂઓ પણ રાખી દીધા છે. હકીકતમાં તેઓ ઈલ્મી વિશાળતાના એક અફાટ દરિયા છે જેમાં ઠેકઠેકાણે એવા ભંવર પણ છે કે જે હોડી એમના ચક્કરમાં પડી, તે ડૂબીને જ રહી.

દેવબંદી વિચારશરણીના સૌથી મોટા વિદ્વાન શાહ અનવર સાહેબ કશ્મીરી શૈખ ઈબ્ને તયમીયાની ઈલ્મી વિશાળતાના મહાપ્રશંસક અને શ્રધ્ધાળુ છે છતાં પોતાની પાઠશાળામાં એમના માટે પ્રવેશબંધી ફરમાવે છે. સબૂત માટે આ શાહ સાહેબ મહાશયનું એ બયાન જુઓ જે એમના પ્રખ્યાત ચેલા અને જમાઈ ઉપરાંત એમના ઈલ્મો અને વિચારોના પ્રતિબિંબ સમા વહાબી ફાઝિલ અહમદ રઝા સાહેબ બિજનોરી પોતાના પ્રખ્યાત પુસ્તક (અન્વારુલ બારીની પ્રસ્તાવના ભાગ-૨, પેજ-૨૫૨)માં

લખે છે કે, શબ્દો આ છે :

"ઇબ્ને તયમીયા ઇલ્મોના વિચાર પૈકી છે. એમની જાહોજલાલી અને પ્રતિભા-સંપન્ન વ્યક્તિત્વની એ સ્થિતી છે કે જો હું એમની શ્રેષ્ઠતાની ઊંચાઈને માથું ઊંચકીને જોવા લાગું તો મારી ટોપી નીચે પડી જશે, તેમ છતાં પણ જોઈ નહીં શકું. પણ, આ બધું હોવા છતાં, અર્શના ઇસ્તવાના મસ્અલામાં જો તેઓ અહીં આવવાનો ઈરાદો કરશે તો પાઠશાળામાં ઘૂસવા નહિં દઊં."

વિચાર કરો, આ કોનું બયાન છે ? એમના કોઇ વિરોધીનું નથી, બલ્કે એમના મહાપ્રશંસક અને મહાન શ્રધ્ધાળુનું બયાન છે જે એટલા જોશભેર એમની પ્રશંસા કરે છે કે મહામુસીબતે એનું ઉદાહરણ કદાચ મળી શકે.

છેવટે ઇબ્ને તયમીયાને પાઠશાળામાં પ્રવેશ આપવા કેમ નથી માંગતા?

એટલા માટે કે વિદ્યાર્થીઓ અને ઇલ્મમાં ઢીલાપોચા શિક્ષકો એમની રદ કરવાની અવળચંડાઈ અને ખોટી શ્રધ્ધાઓ તથા નાપાક દૃષ્ટિકોણના શિકાર ન થઈ જાય !!

હકીકત આ છે કે ઇબ્ને તયમીયા ઘણા સારો કાબૂ ધરાવતા લેખક અને કલમના જાદૂગર છે. ત્યાં સુધી કે ખોટી વાત પણ લખે છે તો કાચી-જાણકારીવાળા લોકો સમજે છે કે કુર્આન અને હદીસથી જ તો બોલી રહ્યાં છે. અને જે લોકો જાદૂઈ લેખનશૈલીથી પ્રભાવિત થઈ જાય છે તેઓ ઇબ્ને તયમીયાની જાદૂઈ બયાનબાઝીની માયાજાળમાં ફસાઇને ખોટી વાતમાં પણ એમના આધીન થઈ જાય છે. અને એમની જ બોલી બોલવા માંડે છે. અને જ્યાં તેઓ ખારજીયતથી પ્રભાવિત થઈને કંઇક લખે છે ત્યાં આ લોકોના મોઢેથી પણ એજ વાતો નીકળવા લાગે છે.

ઇબ્ને તયમીયાની અસંખ્ય મોટી-મોટી ભૂલો છે જેની અસરો ઘણા બધા ઉપર પડી છે. એ જ ભૂલો પૈકી એમનું આ કથન પણ છે કે નબવી રૌઝાની ઝિયારતના ઈરાદાથી મુસાફરી કરવી હરામ અને ગુનો છે. અને આમાં એવું જક્કી વલણ અપનાવ્યું છે કે ચારે મઝહબોના મહાન આલિમો કે જેઓ દીની ઇલ્મોના ઇમામ હતા, એમણે ઇબ્ને તયમીયાને બધી રીતે સમજાવ્યા પણ તેઓ પોતાની જીદ પર અડીખમ રહ્યા. મુનાઝરા (દીની વાદવિવાદ, ચર્ચા, મુકાબલો) માં પણ હાર્યા છતાં જીદ ન છોડી. નબવી રોઝાની ઝિયારતના ઈરાદાથી મુસાફરી કરવાને હરામ તથા ગુનો કહેતા હતા જેની અસરો ભયંકર વિનાશકારી હતી તેથી હૂકૂમતે જેલના સળિયા પાછળ ધકેલી દીધા. છૂટ્યા પછી ફરી પાછી એ જ વાત ચાલુ કરી દીધી. તેથી ફરીવાર

જેલમાં નાખી દેવામાં આવ્યા. કાશ ! જીદ ઉપર અડીખમ ન રહેતા અને દીનના ઈમામોની વાત માની લેતા.

ઈબ્ને તયમીયાની સ્થિતીનું મૂલ્યાંકન નીચેની વાતો ઉપરથી કરો :

(૧) ઈલ્મી ગુફતગોમાં પણ તેઓ જીદ પકડી લે છે ત્યાં સુધી કે એમના અતિ શ્રધ્ધાળુ શાહ અનવર સાહેબ કશ્મીરીને પણ આની ફરિયાદ છે. શાહ સાહેબનું કથન છે :

તેઓ (ઈબ્ને તયમીયા) પોતાની જ કહે છે, બીજાની સાંભળતા જ નથી.

(અન્વારુલ બારી, ભાગ-૯, પેજ-૯૩)

વહાબી ફાઝિલ અહમદ રઝા સાહેબ બિજનોરી જે પોતાના ગુરૂ શાહ અનવર સાહેબ કશ્મીરીની જેમ ઈબ્ને તયમીયાના મહાપ્રશંસક અને શ્રધ્ધાળુ છે, શાહ સાહેબનો ઉપરોક્ત અભિપ્રાય લખ્યા પછી લખે છે :

એટલે કે બીજાની દલીલોને નજરઅંદાઝ કરી દે છે. ન તો એમનો પૂરેપૂરી રીતે જિકર કરે છે ન એમનો જવાબ આપવાની તસ્દી લે છે. આ વાત ઈલ્મી સંશોધનની શાનની વિરૂદ્ધ છે.

આ જીદનું પરિણામ જૂઓ કે કોઈ મહાન હસ્તીની ઉત્તમ વાત ઉપર પણ કાન નથી ધરતા, બસ પોતાની જ પીપૂડી વગાડતા રહે છે. વિચારો તો ખરા કે એમના પુસ્તકોની વાંચકો ઉપર કેવી અસરો વર્તાશે ? ખાસ કરીને કે જ્યારે એમની વાત ઈલ્મી સંશોધનની શાનની પણ વિરૂધ્ધ છે.

(૨) આ ફરિયાદ પણ સર્વવ્યાપી છે કે તેઓ સચ્ચાઈથી આંખ-મિંચામણા કરી દે છે, ફાઝિલ અહમદ રઝા બિજનોરી હકીકત જાહેર કરવાને સારૂં સમજે છે, તેથી ઈબ્ને તયમીયાના મહાપ્રશંસક અને શ્રધ્ધાળુ હોવા છતાં આમ પણ લખે છે :

મહોદય હાફિઝ સાહેબ (એટલે કે ઈબ્ને તયમીયા) કદી-કદી લખવાના જોશમાં પોતાની વાતના સમર્થનમાં સચ્ચાઈ અને ઈન્સાફને પણ કોરાણે મૂકી દે છે.

(અન્વારુલ બારી, ભાગ-૯, પેજ-૨૪)

આ ઘણી જ મોટી (અફસોસજનક) વાત છે. હવે વિચારો કે એમનામાં સચ્ચાઈને બિરદાવવાની અને ન્યાયની ખેલ-ભાવના કેટલી છે ?!!

(૩) જે મસ્અલાઓનો હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ જોડે પ્રખર ઈમાની સંબંધ અને નાતો છે અને મોહબ્બતના જોશ જોડે સંબંધ છે એમનામાંથી અમુક અગત્યના મસ્અલાઓ વિષે ઈબ્ને તયમીયા ખૂબ જોરશોરથી

એવું અનાપ-સનાપ બકી દે છે જેનાથી હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમથી અપાર મોહબ્બતની ભાવનાઓ, આપથી પવિત્ર શ્રધ્ધા અને અકીદતના જઝબાઓ અને ઈમાનઅફરોઝ પ્રેમાવસ્થા ઉપર કારમા ઘા અને બર્યકર જખમી પડે છે, અને આપની આશિક પ્રજાઓમાં ઉથલપાથલ અને અકલ્પનીય બેચેનીના વાયરા વાતા થઈ જાય છે.

એમાં સૌથી મહત્ત્વનો મસ્અલો નબવી રૌઝા મુબારકની ઝિયારત માટે મુસાફરી ખેડવાનો મસ્અલો છે.

ઉમ્મતની સર્વસંમતિ છે કે આ પાક-પવિત્ર ઝિયારત હોદાઓ અને દરજ્જાઓ પ્રાપ્ત કરવા માટેની સૌથી મોટા માધ્યમો, પૈકી છે. સર્વશ્રેષ્ઠ પૈરવી, અનુકરણ અને સૌથી સફળ નેક પ્રયત્નોમાં શામેલ છે. અને વાજિબની લગોલગ છે, બલ્કે એમ પણ કહી દેવામાં આવ્યું છે કે વાજિબ છે. (ઈર્શાદે કારી, પેજ-૩૨૪)

જ્યારે પવિત્ર રૌઝા મુબારકની ઝિયારત વાજિબ અથવા વાજિબની લગોલગ છે તો એના માટે મુસાફરી કરવી પણ વાજિબ અથવા વાજિબની લગોલગ છે, કેમ કે જે વસ્તુ વાજિબ છે એનો વસીલો (જરીયો, માધ્યમ) પણ વાજિબ છે, અને જે વસ્તુ વાજિબની લગોલગ છે એનો વસીલો પણ વાજિબની લગોલગ છે. (મતલબ કે જે ચીઝ જે પ્રકારની છે એનો વસીલો પણ એવા જ પ્રકારનો છે.)

અલ્લામા હાફિઝ ઈબ્ને હજર મક્કી (વફાત હિ. ૯૭૩) અલ્જૌહરૂલ મુનઝઝમ, પેજ-૨૧માં લખે છે :

اجمع العلماء على مشروعية الزيارة والسفر اليها۔

આલિમોની સર્વસંમતિ છે કે આ ઝિયારત અને એના માટે મુસાફરી કરવી એક શ-ર-ઈ કામ છે. (શરીઅતવિરોધી નથી.)

વળી, આ ઝિયારત માટે ઉમ્મતનું એક કાયમીપણું છે જે સહાબાના જમાનાથી નિરંતર ચાલુ છે અને ઉમ્મતનું કાયમીપણું વાજિબ હોવાની દલીલ છે. આનાથી અંદાજો લગાવો કે પવિત્ર રોઝા મુબારકની ઝિયારત માટે મુસાફરી કરવી કેટલું મહત્વનું શરઈ કાર્ય છે. જ્યારે ઉમ્મતની સર્વસંમતિ છે કે નબવી રૌઝા મુબારકની ઝિયારત દરજ્જાઓ મેળવવા માટેના સૌથી મોટા વસીલાઓમાં, સર્વશ્રેષ્ઠ પૈરવીઓમાં અને સૌથી વધુ સફળ પ્રયત્નોમાં શામેલ છે તો એના માટે મુસાફરી કરવી પણ આવી જ મહત્તા ધરાવે છે. કેમ કે આ મુસાફરી આ પવિત્ર ઝિયારતનો જરીયો છે અને કોઈ વસ્તુની જે પ્રકારની મહત્તા હોય છે એ જ પ્રકારની મહત્તા

એના વસીલાની પણ હોય છે.

ક્યાં નબવી રોઝા મુબારકની પવિત્ર ઝિયારત માટેની મુસાફરીની ભવ્યાતિભવ્ય શાન, આ દરજ્જો અને આટલી મોટી અગત્યતા, અને ક્યાં ઇબ્ને તયમીયાનું એ નિરર્થક કથન કે : "નબીની કબરની ઝિયારત માટે મુસાફરી ખેડવી હરામ અને ગુનાઓની મુસાફરી છે."

પોતાના આ સૌથી ખરાબ દ્દષ્ટિકોણને એમણે ખૂબ જ તીવ્રતાથી બયાન કર્યો છે. હદીસથી ખોટી દલીલ તારવી છે. જેનાથી ચોતરફ એમના વિરોધનો વંટોળ ઊભો થયો.

એમના આ હદઉપરાંતના ખોટા દ્દષ્ટિકોણે અને એમાં જબરદસ્ત તીવ્રતાએ નબવી ઝિયારતના ચાહકોને અને રસૂલના જાંનિસાર આશિકોના નાજુક એહસાસ, કૂણી લાગણીઓ, પવિત્ર જઝબાઓ, પરિપૂર્ણ અકીદતમંદી અને ઈમાનવર્ધક પ્રેમને ખૂબ જ ભયંકર ઘા અને કારમા જખમો લગાવ્યાં, જેનાથી સુન્ની આલમમાં ઘણીજ બેચેનીની લ્હેર દોડી ગઈ પણ એમણે આની જરાયે નોંધ ન લીધી. જેવું કે ઉપર લખવામાં આવ્યું છે કે ચારે મઝહબોના દીની ઈમામો અને પવિત્ર આલિમોએ એમને બધી રીતે સમજાવ્યા પણ તેઓ પોતાની જીદ્દી વલણ પર અડીખમ રહ્યા, એકના બે ન થયા. મુનાઝરામાં પણ હાર ખાધી પણ જીદ હેઠે ન મૂકી. વાત ઘણી મહત્વની હતી, બધા જ મુસલમોના દિલ ઘાયલ થઈ ગયા હતા. બધા આકુળ-વ્યાકુળ હતા. હુકૂમતને ધ્યાન આપવું પડ્યું અને ઇબ્ને તયમીયા કેદખાનાના સળિયા ગણવા લાગ્યા.

આના અનુસંધાનમાં ઇબ્ને તયમીયાને ચોમેર વખોડવામાં આવ્યા. હાફિઝ ઈબ્ને હજર મક્કીનું બયાન છે કે દીનના ઈમામોની એક જમાતે એમને મોટા ગુમરાહ અને ભટકી ગયેલા લખેલ છે.

(અલ જવાહિરુલ મુનઝ્ઝમ પેજ-૧૫)

શૈખુલ ઈસ્લામ ઈમામ તકીયુદ્દીન સુબૂકીએ ઇબ્ને તયમીયાના આ નાપાક દ્દષ્ટિકોણના રદમાં એક વ્યવસ્થિત પુસ્તક શિફાઉલ સિકામ લખ્યું, જેનો અનુવાદ મૌલાના શાહ અઝીઝુદ્દીન સાહેબ મુજીબી ફૂલવારીએ કર્યો છે, આ અવસરે દેવબંદી વિચારશરણીવાળા પ્રખ્યાત લેખક ફાઝિલ અહમદ રઝા બિજનૌરી બતાવવા માંગે છે કે જીદ પર અડીખમ રહેવું ઇબ્ને તયમીયાની કુટેવ હતી. એ મહાશયના શબ્દો આ છે :

"હાફિઝ ઇબ્ને તયમીયાએ શદ્દે રિહાલની હદીસના કારણે પવિત્ર રોઝા

મુબારકની ઝિયારતની મુસાફરીને હરામ ઠેરવી છે જેને એમના સૌથી ખરાબ કથનો અને બકવાસોમાં ગણવામાં આવેલ છે. પણ એમની કુટેવ હતી કે એક તરફ ચાલી નીકળ્યા તો પછી પાછું વળીને જોતા ન્હોતા.'' (અન્વારુલ બારી, ભાગ-૬, પેજ-૨૫)

(૪) ઈબ્ને તયમીયાએ પવિત્ર રૌઝા મુબારકની ઝિયારત માટેની મુસાફરીને એટલા માટે હરામ ઠેરવી છે કે એમના દિલમાં આવી બાબતોની આમન્યા જ નથી. આ ઉપરાંત એમનું અરબી ભાષાનું જ્ઞાન બહુ જ કાચું છે તેથી શદ્દે રિહાલની હદીસને સમજી ન શક્યા. અને જે ખોટી વાત એમના મસ્તિષ્કમાં ઘર કરી ગઈ એની ઉપર હંગામાનો પાયો ઊભો કરી દીધો.

(૫) ઝિયારત માટેની મુસાફરીના જિકર થયેલ ઉપરોક્ત મસ્અલા પર ઈબ્ને તયમીયાએ પોતાનો જે ખોટો દૃષ્ટિકોણ રજૂ કર્યો છે એ ઉપરાંત કબ્રે નબવીના એ ભાગની ભવ્યાતિભવ્ય શાન ઉપર, કે જે હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમના પવિત્ર શરીરમુબારકથી અડેલો છે, ન માત્ર નુકતેચીની કરી છે બલ્કે અન્વારુલ બારીના કર્તાના કથનાનુસાર, ઘણી જ નવાઈ પમાડે એવી વાત લખી ગયા છે. આની આખી રૂપરેખા એ છે કે :

હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલૈહે વઆલેહી વસલ્લમની પવિત્ર કબ્રશરીફનો એ ભાગ જેનાથી પવિત્ર શરીરમુબારક અડેલ છે એ ભાગ સમગ્ર જમીનના બધા જ ભાગોથી શ્રેષ્ઠ છે અને આની ઉપર આખી ઉમ્મત એકમત છે, ત્યાં સુધી કે કાબા શરીફથી પણ શ્રેષ્ઠ છે, જેવું કે ઇમામે મનાસિક અલ્લામા રહમતુલ્લાહ સુનરી (વફાત હિ. ૯૯૪)એ લુબાબમાં લખેલ છે અને મુલ્લા અલી કારીએ એની શર્હ (પેજ-૩૫૨, પ્રિન્ટેડ ઈર્શાદુલ કારી સાથે) માં વધુ વિગતો દર્શાવી છે જેને અલ્લામા શામીએ પણ રદદુલ મુખ્તાર (ભાગ-૨, પેજ-૨૫૭)માં નકલ કરી છે. મુલ્લા અલી કારી પણ લખે છે અને અલ્લામા શામી પણ નકલ કરે છે, જેનો ભાવાર્થ એ છે કે કબ્ર શરીફનો એ ભાગ જેનાથી હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમના મુબારક અંગો અડેલા છે એના વિષે કાઝી અયાઝ વગેરેએ સર્વમાન્ય નકલ કરેલ છે કે એ ભાગ સમસ્ત ધરતીથી શ્રેષ્ઠ છે બલ્કે કાબા શરીફથી પણ. શૈખ ઈબ્ને તયમીયા આના પ્રત્યુત્તરમાં કહે છે કે કબ્રશરીફનો એ ટુકડો કાબાથી શ્રેષ્ઠ નથી બલ્કે કાબા શ્રેષ્ઠ છે. ખૈર, આ તો એમનું માનવું હતું. પણ કાઝી અયાઝના લખેલા ઉપરોક્ત કથન પર જે વાત એમણે કહી છે એ હદઉપરાંતની હેરતઅંગેજ વાત છે. એમણે તો

કહી દીધું કે "કાઝી અયાઝથી પહેલાં કોઇએ આ વાત નથી કહી, અને કોઇએ એમના પછી એમનું સમર્થન પણ નથી કર્યું."

(અન્વારુલ બારી, ભાગ-૬, પેજ-૨૧)

ઈબ્ને તયમીયા બોલી શું રહ્યા છે ? ખરેખર કાઝી અયાઝ પહેલાં કોઈએ આ વાત નથી કહી ? શું એમના પછી કોઇએ એમનું સમર્થન નથી કર્યું ? હકીકત તો એ છે કે એમની પહેલાં આની ઉપર સર્વસંમતિ સધાઈ ચુકી છે. ઈમામ અબૂલ વનુદ બાજી (વફાત હિ. ૪૭૪) જે કાઝી અયાઝ (વફાત હિ. ૫૪૪)થી પહેલાં થયા છે એમનું પણ આ જ કથન છે. અને ઈમામ ઈબ્ને અસાકિર (વફાત હિ. ૪૭૪) જેઓ કાઝી અયાઝના જમાનામાં હતા એ પણ આવુંજ કહે છે અને પછીના આલિમો પણ આવુંજ કહે છે. જુઓ મનાસિકના પુસ્તકો. આ વિષય પર અલ્લામા ઝરકાનીએ મવાહિબુલ લદુન્નિયાની શર્હમાં ઘણી જ જાણકારી પીરસતી માહિતી એકત્ર કરી દીધી છે.

આ પ્રકાશમાં જુઓ તો નજર આવે છે કે ઈબ્ને તયમીયાથી ઘણું કાચું કપાઈ ગયું છે. બલ્કે જે એમની ખોટી છાપ ધરાવે છે એ તો નિઃસંકોચ કહી દેશે કે તેઓ ખોટું બયાન કરી ગયા છે. પણ આ લેખક મહોદય માત્ર એટલું જ કહે છે કે આ અવસરે શૈખ ઈબ્ને તયમીયાના એક મહાપ્રશંસક અને શ્રધ્ધાળુએ પોતાના પુસ્તક અન્વારુલ બારી (ભાગ-૬, પેજ-૨૧) માં લખી જ નાંખ્યુ કે :

"હાફિઝ ઈબ્ને તયમીયાની કલમથી આવી કાચી વાત વાંચીને ઘણી નવાઈ પણ ઉપજી કેમકે પોતાનો અભિપ્રાય રજૂ કરવાનો તો દરેકને અધિકાર છે પણ આવા પ્રકારના દાવાઓ માટે લખેલ જવાઝ (સબૂત, દલીલ, પ્રૂફ પણ) તેમની સમજમાં ન આવ્યું."

(૬) આગળ આવી ગયું કે ઈબ્ને તયમીયા, અલીની શ્રેષ્ઠતા દર્શાવતી હદીસોને પોતાના અનુમાનથી રદ કરવાની કૃતધ્નતા પણ કરી ચૂક્યા છે, કેમકે ખારજીયતના પ્રભાવ હેઠળ છે. આ જ પ્રભાવના ધોરણે એમણે રદ્દુશ શમ્સવાળી હદીસને પણ રદ કરેલ છે અને એમાં એટલા (હદથી) આગળ વધી ગયા છે કે ઈમામ તહાવી જેવા લા-જવાબ ઈમામ અને દીની ઈલ્મોના એક આલીશાન સુતૂન (સ્થંભ, થાંભલો)ની શાનમાં પણ અયોગ્ય વાત બોલી ગયાં છે અને આ એટલા માટે કે તહાવીએ આ હદીસને સહીહ ફરમાવી છે જ્યારે ઈબ્ને તયમીમા એને રદબાતલ ઠેરવવા આતૂર છે. વિગત આ છે એક રિવાયત અનુસાર :

ખંદકની લડાઈ વખતે હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે હઝરત અલીને એના નજીકના વિસ્તાર સેહબા પ્રાંતમાં કોઈ આવશ્યકતાનુસાર મોકલ્યા હતા. પરત આવ્યા તો અસરની નમાઝ થઈ ચૂકી હતી. થોડી વાર પછી સૂરજ અસ્ત થઈ ગયો. હઝરત અલીએ હજી અસર પઢી ન્હોતી. હુઝૂરે અનવર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે એમના માટે સૂરજ નીકળી આવવાની દુઆ ફરમાવી, સૂરજ પાછો નીકળી આવ્યો. હઝરત અલી મુર્તઝાએ અસરની નમાઝ અદા કરી. આ બનાવથી હઝરત અલીની મહત્તા, અગત્યતા, શ્રેષ્ઠતા, અઝમત, ફઝીલત, મહબૂબીયત, મકબૂલીયત (સ્વીકારત્વ) અને બુઝુર્ગીનો ડંકો વાગી ગયો.

ઈમામ તહાવી આ હદીસને સહીહ ફરમાવે છે પણ આ હદીસ ઈબ્ને તયમીયાના દૃષ્ટિકોણથી વિરૂધ્ધ છે જે ખારજીયતથી પ્રભાવિત છે, કેમકે આનાથી હઝરત અલીની મહબૂબીયત, મકબૂલીયત અને ફઝીલતનું એલાન થાય છે, તેથી ઈબ્ને તયમીયાએ આને નીચે પાડવાની નાપાક હરકત કરી છે અને આના અનુસંધાનમાં ઈમામ તહાવી જેવા મોહદ્દિસોના પેશવાની સહીહ બતાવવાની વાતને બેઅસર બનાવવા માટે એમની હદીસની જાણકારી અને મહારત તથા જ્ઞાનવિદ્યાને અપૂરતા અને અધૂરા ઠેરવવાની ચેષ્ટા સુધી પહોંચી ગયા છે અને અહીં સુધી કહી દીધું કે :

"તહાવી જો કે અસંખ્ય હદીસવેત્તા, ફિકહ શાસ્ત્રના વિદ્વાન છે પણ અન્ય ઈલ્મવાળાઓની જેમ સનદશાસ્ત્રથી જોઈએ એટલા જાણકાર ન્હોતા."

આની ઉપર ઈમામ હઝરત અલ્લામા ઝાહિદુલ કૌસરી મિસરી રહમતુલ્લાહે અલૈહે અલ્હાદી ફી સીરતે તહાવીમાં લખે છે :

"ઈમામ તહાવી વિષે ઈબ્ને તયમીયાનો આટલો તીવ્ર પ્રત્યાઘાત એટલા માટે છે કે એમણે રદ્દુશ્શમ્સવાળી હદીસને સહીહ ઠેરવી છે જે હદીસથી હઝરત અલીની પ્રશસ્તિના ધોધ ફૂટી નીકળે છે. તેથી ઈબ્ને તયમીયાના એ દૃષ્ટિકોણ પર અસર પડે છે જે દૃષ્ટિકોણ હઝરત અલી વિષે તેઓ ધરાવે છે."

બિજનોરી સાહેબ અન્વારુલ બારીમાં આને નકલ કરીને લખે છે :

"કેમકે એમનો દૃષ્ટિકોણ ખારજીયતની વિચારશરણીથી પ્રભાવિત છે અને આનું સબૂત એમના જ લખાણોથી મળે છે. (પેજ-૨૦-૨૧)આ કોણ લખી રહ્યું છે ? ઈબ્ને તયમીયાનો વિરોધી નહીં, બલ્કે એમનો મહાપ્રશંસક અને શ્રધ્ધાળુ લખી રહેલ છે, અને એનું બયાન છે કે ઈબ્ને તયમીયામાં ખારજીયત છે અને આનું સબૂત

એમના પુસ્તકોથી મળે છે.

ઇબ્ને તયમીયાની એક આદત એ હદીસો અને ઐતિહાસિક હકીકતોનો ઈન્કાર કરવાની છે જેમનાથી પવિત્ર અહલેબૈતની ઊંચી શાન જાહેર થાય છે. જેવું કે પાછલી લાઈનોથી સ્પષ્ટ છે. આના અનુસંધાનમાં અલ્લામા શિબ્લીના કથનાનુસાર, તેઓ ગુસ્તાખી અને આંધળુંકીઓ કરી રહ્યાં છે. આ અલ્લામા મહોદય સીરતુન્નોમાન પેજ-૩૯માં લખે છે :

"અબૂ હનીફા એક (લાંબી) મુદત સુધી ફૈઝ મેળવવા માટે એમની (એટલે કે હઝરત ઈમામ બાકિરની) સેવામાં હાજર રહ્યા અને ફિકહ તેમજ હદીસ વિષે ઘણી બધી અસાધારણ વાતો હાંસિલ કરી. શીઆ અને સુન્ની બંનેએ માન્યું છે કે ઈમામ અબૂ હનીફાની જાણકારીનો મોટો હિસ્સો ઈમામ બાકિરની સેવાચાકરીનું પરિણામ અને ફૈઝાન છે. ઈમામ અબૂ હનીફાએ ઈમામ બાકિરના પાકદામન શેહઝાદા ઈમામ જાફર સાદિક રદિયલ્લાહો અન્હોની નેક સોબતના ફૈઝાનથી પણ ઘણો બધો ફાયદો હાંસિલ કર્યો, જેનો જિકર ઈતિહાસના પાનાઓમાં જગમગે છે. ઈબ્ને તયમીયાએ આનો ઈન્કાર કર્યો છે અને આનું કારણ એ છે કે તે એમ વિચારે છે કે ઈમામ અબૂ હનીફા હઝરત જાફર સાદિકના સમોવડીયા અને સમકક્ષ હતા, પછી એમની શાગિર્દી કેમ ધારણ કરતા ?

પરંતુ આ ઈબ્ને તયમીયાની ગુસ્તાખી અને આંધળુંકી છે. ઈમામ અબૂ હનીફા એક લાખ વાર મુજ-તહિદ અને ફકીહ હોય પણ ફઝલો કમાલ (બુઝુર્ગી, જલાલત)માં એમને હઝરત ઈમામ જાફર સાદિકથી શું નિસ્બત છે ? હદીસ બલ્કે બધા જ મઝહબી ઈલ્મો અહલેબૈતના ઘરથી નીકળ્યા છે.]

જ્યારે એક-બે પ્રખ્યાત ટીકાકારો કોઈ હદીસમાં વાંધા ઉઠાવવા લાગે છે તો એમની દેખાદેખી અમુક બીજા લોકો પણ વાંધા ઉઠાવવા લાગે છે જેનો પાયો સંશોધન પર નથી હોતો. તેથી તેની કોઈ ઈલ્મી હેસીયત નથી. મુફસ્સિર સેઅલ્બીની જિકર કરેલ રિવાયત પર જે ટીકા કરવામાં આવી છે એ પણ આ જ પ્રકારની છે.

મોહદિસો ટીકા અને વિવેચનામાં સામાન્યતઃ ચાર ચીજો ધ્યાનમાં રાખે છેઃ

(૧) રવાહે (વર્ણન કરનાર) સકકા (વિશ્વાસપાત્ર) અને મો'તબર

છે કે નહીં (૨) પેઢી દર પેઢી ક્રમઅનુસાર રાવીની રિવાયતના સિલસિલાની કોઈ કડી (બાકી) રહી તો નથી ગઈ ને, કેમકે રાવીઓને જાણવા માટે એ પણ આવશ્યક છે કે દરેક જણ જેનાથી રિવાયત લઈ રહ્યો છે તેનું નામ પણ બતાવે જેથી ચેક કરી શકાય કે આ માણસ સક્કા અને ભરોસાપાત્ર છે કે નહીં. જો આ રીતની કાળજી રાખવામાં નથી આવી તો રિવાયત પર ઈત્મીનાન (ભરોસો) કરી શકાતો નથી. શક્ય છે કે જે રાવીનું નામ બતાવવામાં નથી આવ્યું એ ભરોસાપાત્ર ન હોય. (૩) આ રિવાયતના મુકાબલે કોઈ એવી રિવાયત ન હોય જેના રવાહ (વર્ણનકર્તા) એના રાવીઓથી વધુ વિશ્વસનીય હોય. (૪) આ વ્યવસ્થા ઉપરાંત એની ઉપર પણ નજર રહે કે એની તેહ (પેટાળ)માં કોઈ એવી વાત તો નથી જેનાથી રિવાયત, ભરોસાની બુનિયાદથી પડી જાય છે.

મોહદ્દિસો અને મિલ્લતના ફકીહો ફિકહના મસ્અલાઓવાળી હદીસોની તપાસ તથા શોધખોળમાં તો આ વ્યવસ્થા પર સખ્તાઈથી અમલ કરે છે પણ જે હદીસોમાં ફિકહના મસ્અલાઓ નીકળતા નથી હોતા એમાં એટલી બધી તપાસ તથા શોધખોળ જરૂરી નથી સમજતા, બસ એટલું જાણવું પૂરતું સમજે છે કે રિવાયત મનઘડત (બનાવટી) તો નથી.

મુજતહિદ ફકીહોએ અહીં આ હકીકતને પણ ધ્યાનમાં લીધી છે કે રિવાયતના આ નિયમોમાં જો બધા માટે એકસરખાપણું કરી દેવામાં આવ્યું કે દરેક જગ્યાએ એમને વાપરવામાં આવ્યા અને જે રિવાયતો એમની કસોટી પર પૂરી ન ઉતરે એમને છોડી દેવામાં આવે તો ઉમ્મત ઘણી બધી એવી હદીસો અને રિવાયતોથી વંચિત થઈ જશે જે સાચી હોવા છતાં મોહદ્દિસોનો બનાવેલ આ નિયમ આંગળી ચીંધે છે તેથી એમણે અત્યંત મહત્ત્વનો નિયમ રજૂ ફરમાવ્યો છે એ આ છે કેઃ

કોઈ રિવાયતને રદ અથવા તેની સખત ટીકા ત્યારે જ યોગ્ય લેખાશે જ્યારે એ રિવાયતને યોગ્ય અને વિશ્વાસપાત્ર સમજવાના સમર્થનમાં,

કુર્આનની કોઈ આયત અથવા કોઈ વિશ્વસનીય હદીસ અથવા સૌની સર્વસંમતિ અથવા ઉમ્મતનું મૌન તથા ખામોશી અથવા આવી જ કોઈ ભારે અને શક્તિશાળી ચીજ ન હોય. જો આમાંથી કોઈ ચીજ, રિવાયતનું સમર્થન કરી રહી હોય તો રિવાયત સ્વીકારપાત્ર છે અને એને છોડી દેવાનું કોઈ કારણ નથી. માટે આવી રિવાયતને રદ કરવી અથવા એની સખત શબ્દોમાં ટીકા કરવી બેકાર માત્ર છે, બલ્કે ઉમ્મતને એક ફાયદાકારક ચીજથી મેહરૂમ કરવા સમાન છે. એવું જોવામાં આવે છે કે આવી સાચી રિવાયતોનું સખત શબ્દોમાં ખંડન કરવા પાછળ માત્ર પોતાનો ઈલ્મ, મહારત, કાબેલીયત, લાયકાત અને ફન (હુનર) દેખાડવાનો આશય હોય છે.

આ વ્યવસ્થા રજૂ કર્યા પછી કહેવું એ છે કે મુફસ્સિર સેઅલ્બીની રિવાયત વિશ્વાસપાત્ર છે જેમાં જિક્ર છે કે હસનૈન બીમાર થયા અને એમના પ્રતિભાશાળી માંબાપે નબવી ફરમાન મુજબ એમના સાજા થવા માટે જિક્ર થયેલ ત્રણ રોઝા રાખ્યા. બંને રાજકુંવરોએ પણ માંબાપની પેરવી ફરમાવી. ઘરની ખાદિમાએ પણ રોઝો રાખ્યો., ઈફતાર માટે કરજ કરી કંઈક જવ આવ્યા હતા, સૈયદાએ દળ્યા (પીસ્યા), ત્રણે દિવસે એવું અનાયાસ થયું કે ઈફતારની પહેલાં કોઈ જરૂરતમંદ સામે હતો. હઝરત અલી, હઝરત ફાતિમા, હઝરાતે હસનૈન અને ઘરની સેવિકા, એટલે કે બધાએ પોતપોતાનું ખાવાનું એને આપી દીધું અને પાણીથી ઈફતાર કરીને આગલા દિવસનો રોઝો પણ માત્ર પાણી પીને રાખી લીધો. પહેલા દિવસે એક મિસ્કીન આવ્યો હતો, બીજા દિવસે યતીમ, ત્રીજા દિવસે કેદી. આ બનાવ પર આ આયત નાઝિલ થઈ. وَ يُطْعِمُوْنَ الطَّعَامَ عَلٰى حُبِّهٖ مِسْكِيْنًا وَّ يَتِيْمًا وَّ اَسِيْرًا ـ

(અનુવાદ) : "અને આ લોકો અલ્લાહના ઈશ્કમાં મિસ્કીન અને યતીમ અને કેદીને ખાવાનું ખવડાવે છે."

આ રિવાયત પર જે તીવ્ર ટીકાઓ કરવામાં આવી છે; એ જ્ઞાનવિદ્યાની

દૃષ્ટિએ ધારો કે સાચી પણ હોય તો પણ આ રિવાયતના સમર્થનમાં પણ ઘણી બધી રિવાયતો છે તેથી આને અવગણી શકાય નહીં અને કબૂલ કરવામાં આવે એ જ સારૂં છે, કેમકે આ રિવાયત અમલી દૃષ્ટિકોણથી સ્વીકારપાત્ર, કબૂલ કરવા લાયક, ભરોસાને યોગ્ય, વિશ્વાસપાત્ર, વિશ્વસનીય છે. અહીં ઈમામ સુબુકીનું આ ફરમાન યાદ રાખવાની વાત છે કે મોહદ્દિસો કોઈ હદીસને ગરીબ કહે તો સામાન્યતઃ કોઈ ખાસ રવાહ (વર્ણન કરનાર રાવી)ના સિલસિલાના ધોરણે કહે છે તેથી એના આ કથનને કારણે મૂળ હદીસ, વિશ્વાસના વર્તુળથી બહાર નથી થઈ જતી (અલ બહરુન્નઝ્મ, પેજ-૯)

આ રિવાયતના સમર્થનમાં એક રિવાયત એ છે જેને ૧૩મી સદીના ઘણા મોટા મોહદ્દિસ, રિવાયતોના ઉચ્ચ કોટિના વિવેચક અને પારખૂ અલ્લામા મોહમ્મદ બિન અલી શૌકાની (વફાત હિ. ૧૨૫૦)એ પોતાની તફસીર "ફત્હુલ કદીર" (ભાગ-૫, પેજ-૩૩૮)માં લખી છે, શબ્દો આ છે :

"(હાફિઝ) ઈબ્ને મરદૂયાએ ખુદાના ફરમાન "વયુત્એમૂ-નત તઆ-મ" (પૂરી આયત)ના વિષે ઈબ્ને અબ્બાસનું ફરમાન નકલ કર્યું છે કે એમણે ફરમાવ્યું છે:

واخرج ابن مردويه عن ابن عباس فى قوله تعالى :
وَ يُطْعِمُوْنَ الطَّعَامَ الآيته ـ قال نزلت فى على بن ابى
طالب وفاطمة بنت رسول الله صلى الله عليه وسلم ـ

આ આયત અલી બિન અબી તાલિબ અને ફાતિમા બિન્તે રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમ વિષે નાઝિલ થઈ છે."

આ રિવાયત મુફસ્સિર સેઅલ્બીની ઉપરોક્ત રિવાયત જેવી જ છે. ફરક માત્ર એ છે કે સંક્ષિપ્ત છે અને વિગતમાં ફરક છે. આ રિવાયત સંક્ષિપ્ત

છે જ્યારે મુફસ્સિર સેઅલ્બીની રિવાયતમાં બનાવની પૂરેપૂરી વિગત છે. આવી રિવાયતો અને હદીસો અસંખ્ય છે જે ટૂંકાણમાં છે અને એની સામે બીજી રિવાયતો અને હદીસો લંબાણમાં છે. ખુદ સહીહ બુખારી અને સહીહ મુસ્લિમમાં ટૂંકી અને લાંબી એમ બંને જાતની રિવાયતો અને હદીસો મોજૂદ છે. સિહાહ સિત્તામાં એમનો મોટો જથ્થો છે.

મુફસ્સિર સેઅલ્બીની આ રિવાયત તેમજ એના જેવી રિવાયતો પર આ ટીકા પણ કરવામાં આવે છે કે "એમનામાં જે બનાવ બયાન કરવામાં આવ્યો છે એ મક્કા શરીફમાં નથી હોઈ શકતો કેમકે હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમની મક્કી જિંદગીમાં ન હઝરત ફાતિમા અને હઝરત અલીની શાદી થઈ છે અને ન તો હસનૈન કરીમૈનનું વજૂદ છે, જો કે એ આયત જેના ઉતરવાનું કારણ આ બનાવ બતાવવામાં આવે છે, એ સૂ-રએ દહરની આયત છે અને સૂ-રએ દહર મક્કી સૂરત છે. તેથી આ આયત પણ મક્કી છે. આ સ્થિતીમાં ઉપરોક્ત બનાવને આ આયત ઉતરવાનું કારણ કેવી રીતે કહી શકાય?

સ્પષ્ટ છે કે આ ટીકા તદ્દન બેજાન (બેકાર, ફાલતૂ) છે કેમકે એવું પણ થાય છે કે સૂરત મક્કી હોય પણ એની કોઈ આયત મદની હોય.

વળી, આ આયત પોતે જ બતાવે છે કે એ મદની છે કેમકે એમાં કેદીનો શબ્દ આવ્યો છે અને કેદી એટલે એ મુશરિક જે મુસલમાનોથી લડવા આવ્યો હતો અને હારી જઈને કેદ પકડાયો છે, મક્કામાં ક્યાં? આ તો મદીનાનો બનાવ છે કે મુશરિકો લડવા આવ્યા અને કેદી બન્યા. અહીં એમને રાખવામાં આવ્યા. અને અહીં જ ખાતાપીતા રહ્યા. આમ, કેદીને ખાવાનું ખવડાવવાની બીના જે આયતમાં વર્ણવેલી છે એ મક્કાનો બનાવ હોઈ જ નથી શકતો. તો આ આયતમાં મદની પ્રસંગનું વર્ણન છે અને આ આયત મદની છે.

## અહલે બૈતની મોહબ્બત અને કુર્આનશરીફ

જ્યાં સુધી મુસલમાનોના હાથોમાં કુર્આન શરીફ અને અહલેબૈતનું દામન (પાલવ, પૈરવી, પ્રેમ, અદબ) રહેશે, તેઓ ગુમરાહ (પદભ્રષ્ટ, માર્ગ ભૂલેલા, ભટકી જનારા) હોઈ જ નથી શકતા, જેવું કે હદીસે સકલૈને ફરમાવ્યું છે અને પ્રસંગોએ હંમેશ સમર્થન કર્યું છે. તેથી જરૂરી છે કે મુસલમાનો અહલેબૈતની મોહબ્બતથી છલોછલ રહે. આનું મહત્વ એટલું બધું છે કે ખુદ કુર્આન શરીફે પોતે જ આની ઉપર ખૂબ ભાર આપ્યો છે. ખુદાનું ફરમાન છે.

(અનુવાદ) : અય મહબૂબ ! ફરમાવી દો : હું તમારા લોકોથી આ (દીનની તાલીમ-તરબીયત)ની ઉપર બદલો નથી માંગતો, અલ્બત્ત જે મોહબ્બત મારા સગા-વ્હાલાઓના વિષે સાબિત થઈ ચુકેલ છે બસ એ જ. (જોઈએ)

(અસ્સૂરા, ૪)

પવિત્ર આલ-ઓલાદની મોહબ્બતના બયાનમાં આવી ગયું છે કે આ આયતે કરીમા આખી ઉમ્મતને શીખામણ આપે છે કે પવિત્ર અહલે બૈત અને પાક આલ-ઔલાદની મોહબ્બત ફર્ઝ છે.

ઈમામ ઈબ્ને મુન્ઝર, ઈમામ ઈબ્ને જરીર, ઈમામ ઈબ્ને અબી હાતિમ, ઈમામ તિબરાની, હાફિઝ મરદૂયા વગેરે હઝરત ઈબ્ને અબ્બાસથી રિવાયત કરે છે કે જ્યારે આ આયત "કુલ લા અસ્અલુકુમ અલૈહે અજ-રન ઈલ્લલ મવદ્દતા ફિલ્કુર્બા" (અસ્સૂરા-૪) નાઝિલ થઈ તો સહાબાએ કિરામે વિનંતી કરી, "હે અલ્લાહના રસૂલ ! આપના એ સગા-વ્હાલા કોણ છે જેમની મોહબ્બત અમારી ઉપર ફર્ઝ છે ?" આપે ફરમાવ્યું, "તેઓ છે : અલી, ફાતિમા અને એમના બંને સાહબઝાદાઓ." કુર્બા શબ્દના ઘણા અર્થો છે અને જેવું કે ઉપર લખવામાં આવી ગયું છે કે એ બધા અર્થો પોતપોતાની રીતે સાચા જ છે પણ એમનામાં આ અર્થ સર્વોપરિતા ધરાવે છે કે કુર્બાથી આશય હઝરત અલી, હઝરત ફાતિમા અને હસનૈન કરીમૈન છે. આની

ઉપર વિગતવાર ચર્ચા "પવિત્ર આલ-ઓલાદની મોહબ્બત"ના વિભાગમાં આવી ગઈ છે.

અહલેબૈતની ફઝીલતનો વિભાગ ઘણો વિશાળ છે. ઘણી બધી ચર્ચાઓ છોડી દઈને આ વિભાગ અહીં જ પૂરો કરીએ છીએ. લાંબી-લાંબી ચર્ચાઓ છોડીને અત્રે માત્ર એક હદીસ રજૂ કરીએ છીએ જેમાં વધારાની ચર્ચાઓનો ટૂંકાસાર સંપૂર્ણતઃ આવી જાય છે. જો કે આ હદીસ પહેલાં પણ લખાઈ ચુકી છે પણ હવે દિલમાં ઉતારી લેશો.

## અહલે બૈતની ફઝીલતની એક મહત્ત્વપૂર્ણ હદીસ

કાઝી અયાઝ, શિફા (ભાગ-૨ પેજ-૩૭,૩૮)માં લખે છે :

قال صلى الله عليه وسلم معرفة آل محمد

صلى الله عليه وسلم برائة من النار، وحب آل محمد

جواز على الصراط و لولا ية لآل محمد امان من العذاب۔

"અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું છે : મોહમ્મદની આલ-ઔલાદની ઓળખ હાંસિલ કરવી દોઝખથી છૂટકારો છે અને મોહમ્મદની આલ-ઔલાદથી મોહબ્બત રાખવી પુલ સિરાતથી પાર થઈ જવું છે અને મોહમ્મદની આલ-ઔલાદની મદદ તથા સહાયતા કરવી અઝાબથી રક્ષણ પામવું છે."

કાઝી અયાઝ હદીસના સર્વસ્વીકૃત ઈમામ છે. ઈમામ નૂદીની શર્હ એમના મોહદિસાના ફરમાનો તથા સંશોધનોથી છલોછલ છે. આવા ઉચ્ચ કક્ષાના હદીસના ઈમામને આ હદીસ પર એવો ભરોસો છે કે તેઓ આને એવી રીતે રજૂ નથી કરતા કે રાવી કહે છે કે રસૂલલ્લાહ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમનું આ ફરમાન છે; બલ્કે રાવી પર જવાબદારી નાખી દેવાના બદલે પોતેજ જવાબદારી ઉઠાવી લે છે અને પોતાની પૂરી

જવાબદારી સાથે કહે છેઃ "કા-લ સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમ" એટલે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો તઆલા અલૈહે વઆલેહી વસલ્લમે આ ફર્માવ્યુ છે. હદીસના ઈમામો આ જવાબદારી સાથે કોઈ હદીસ ત્યારે જ બયાન કરે છે જ્યારે એ એમની નજરોમાં તદન સહીહ અને બિલ્કુલ સાફસુથરી (અને પૂરેપૂરી રીતે વિશ્વાસપાત્ર) હોય.

એટલે કે કાઝી અયાઝની બયાનની આ રીત બતાવે છે કે આ હદીસ એમની નજરોમાં બિલ્કુલ સહીહ અને તદન સાફ-સુથરી છે.

[ફૂટનોટ : કોઈ હદીસના ઈમામનું હદીસોને સહીહ ફરમાવવું, ચાહે એ ખુલ્લેખુલ્લી રીતે હોય કે ઈશારા સ્વરૂપે, માની લેવાની ચીજ છે. પણ આ દષ્ટિકોણ પણ હંમેશ યાદ રાખવો જોઈએ કે કાઝી અયાઝ હોય, અથવા એમનાથી પણ ઉચ્ચ શ્રેણીના હદીસના ઈમામ હોય, માત્ર હદીસના સહીહ હોવા તથા ઝઈફ (કમઝોર) હોવા જેવા કામોમાં એમની વાતો અને એમના ફન્ની (ઈલ્મી) ઈશારાઓને સનદ માની શકાય છે પણ ભાવાર્થ કાઢવો અને બીજા ફિકહી તથી ઈલ્મી મસ્અલાઓમાં સનદ નથી અને એમને માનવા કાંઈ જરૂરી નથી. આથી જ મોહક્કિકો (સંશોધકો) એ ફરમાવ્યું છે અને હકીકતનું પણ એલાન છે કે, "દરેક ફન (ઈલ્મ)ના અલગ-અલગ માણસો છે."

● હદીસમાં મોહદ્દિસોના ફરમાનો સનદ છે ● ફિકહમાં મુજ-તહિદ ઈમામોના ફરમાનો સનદ છે ● ઈતિહાસમાં મોઅર્રિખો (ઈતિહાસવેત્તાઓ)ના ફરમાનો સનદ છે. ● અરબી ઈલ્મો (વ્યાકરણ, શબ્દકોષ, અર્થો, બયાન)માં અરબીયતના ઈમામોના ફરમાનો સનદ છે.

જો કોઈ અરબીયતનો ઈમામ હોય તો એનો મતલબ એ નથી તફસીર, હદીસ, ફિકહ અને ઈતિહાસમાં પણ એના ફરમાનો અને ઈલ્મી ઈશારાઓ સનદ ગણાશે. આવી જ રીતે દરેક ફનના ઈમામોનો મામલો છે. પણ મુજ-તહિદ ઈમામોના ફરમાનો અને ઈશારાઓ હદીસ અને તફસીરમાં પણ સનદ છે કારણકે આ સાહેબો આ ઈલ્મોના પણ ઈમામ છે, બલ્કે હદીસ સહીહ હોવા વગેરે વિષેનો એમનો ફેંસલો, હદીસના ઈમામો બલ્કે બુખારી અને મુસ્લિમના ફેંસલાથી પણ વધારે ભારે છે કેમકે મોહદ્દિસો કોઈ હદીસને સહીહ અથવા ઝઈફ અથવા બનાવટી સામાન્યતઃ સનદોના ઈલ્મના આધારે જ કહેતા હોય છે, પણ મુજતહિદ ઈમામો આ આધારો ઉપરાંત

બીજી પણ ઘણી બધી રીતે ચકાસે છે. જ્યારે સંશોધનનો દરેક પાસો એને મનઘડત(બનાવટી) કહે છે ત્યારે જ આ સાહેબો કોઈ હદીસને બનાવટી કહે છે. આથી જ મોહદિસો કોઈ હદીસને રદ કરી દે તો માત્ર સનદોના ઈલ્મથી જ રદ કરેલ હોય છે. જેનું માનવું કાંઈ જરૂરી નથી, પરંતુ જ્યારે મુજ-તહિદો કોઈ હદીસને બનાવટી ઠેરવે તો એનો અર્થ એ છે કે આ હદીસ સનદોના ઈલ્મના આધારે પણ બનાવટી છે અને બીજા સંશોધનાત્મક દ્દષ્ટિકોણોના આધારે પણ બનાવટી છે; આમ એ બધી રીતે બનાવટી છે. તેથી એને બનાવટી માનવું જરૂરી થઈ જાય છે.]

# શાને અહલે બૈત

## અઝ : હઝરત અલ્લામા
## હસન રઝાખાન ફાઝિલે બરેલ્વી

બાગે જન્નતકે હૈં બહરે, મદ-હ-ખ્વાને અહલે બૈત
તુમકો મુઝદા નારકા, અય દુશ્મનાને અહલે બૈત
કિસ ઝબાંસે હો બયાં ઇઝ્ઝો શાને અહલે બૈત
મદ-હ-ગોએ મુસ્તફા હૈં, મદ-હ-ખ્વાને અહલે બૈત
ઉનકી પાકીકા ખુદાએ પાક કરતા હૈ બયાં
આ-યતે તતહીરસે ઝાહિર હૈ શાને અહલે બૈત
બે-ઇજાઝત, જિનકે ઘર જિબરીલ ભી આતે નહીં
કદ-રવાલે જાનતે હૈં કદરે શાને એહલે બૈત
ફૂલ ઝખ્મોંકે ખિલાએ હૈં હવાએ દશ્તાને
ખૂનસે સીંચા ગયા હૈ ગુલસિતાને અહલે બૈત
રઝ-મકા મૈદાં બના હૈ જલ્વાગાહે હુસ્નો ઇશ્ક
કરબલામેં હો રહા હૈ ઇમ્તિહાને અહલે બૈત

હો ગઈ તહકીકે ઈદ, દીદે આબો તેગસે
અપને રોઝે ખોલતે હૈં સાઇમાને અહલે બૈત
હૂરેં કરતી હૈં ઉરુસાને શહાદતકા સિંગાર
ખૂબરૂ દૂલ્હા બના હૈ હર જવાને અહલે બૈત
જુમ્આકા દિન હૈ, કિતાબેં ઝીસ્તકી તૈ કરકે આજ
ખેલતે હૈં જાન પર શહઝાદગાને અહલે બૈત
અય શબાબે ફસ્લે ગુલ, યે ચલ ગઈ કૈસી હવા
કટ રહા હૈ લહ-લહાતા બોસ્તાને અહલે બૈત
ખુશ્ક હો જા, ખાક હોકર ખાકમેં મિલ જા ફુરાત
ખાક તુઝ પર, દેખ તૂ સૂખી ઝબાને અહલે બૈત
બાગે જન્નત છોળ કર આએ હૈં મહબૂબે ખુદા
અય ઝહે કિસ્મત તુમ્હારી, કિશ્તગાને અહલે બૈત
મુસ્તફા ઇઝઝત બળ્હાનેકે લિયે તા'ઝીમ દેં
હૈ બુલંદ ઇકબાલ તેરા, દૂદમાને અહલે બૈત
હૂરેં બે-પર્દા નિકલ આઈ હૈં સર ખોલે હુવે
આજ કૈસા હશ્ર બર્પા હૈ મિયાને અહલે બૈત

ઘર લુટાના, જાન દેના કોઈ તુઝસે સીખ લે
જાને આલમ હો, ફિદા-એ-ખાનદાને અહલે બૈત
કોઇ ક્યોં પૂછે કિસીકો, ક્યા ગરઝ અય બેકસી !
આજ કૈસા હૈ મરીઝે નીમ જાને અહલે બૈત
ઝખ્મ ખાનેકો તો આબે તેગ પીનેકો દિયા
ખૂબ દા'વત કી બુલાકર, દુશ્મનાને અહલે બૈત
કિસ શકીકી હૈ હુકૂમત ? હાય ! ક્યા અંધેર હૈ
દિન દહાળે લુટ રહા હૈ કારવાને અહલે બૈત
દૌલતો દીદાર પાઈ, પાક જાનોં બેચકર
કરબલામેં ખૂબ હી ચમકી દુકાને અહલે બૈત
અપના સૌદા બેચકર, બાઝાર સૂના કર ગયે
કૌનસી બસ્તી બસાઈ ? તાજિરાને અહલે બૈત
તેરી કુદરત, જાનવર તક, આબસે સૈરાબ હોં
પ્યાસકી શિદ્દતમેં તળપે, બે-ઝબાને અહલે બૈત
ખાક પર ઉસ્માનો અબ્બાસે અલમ-બરદાર હૈં
બેકસી, અબ કૌન ઉઠાએગા નિશાને અહલે બૈત

અહ્લે ફૌજે દુશ્મનાંમેં, અય ફલક ! યૂં ડૂબ જાય
ફાતિમાકા ચાંદ, મહરે આસ્માને અહલે બૈત
કિસ મઝેકી લઝ્ઝતોં હૈં આબો તેગો ચારમેં
ખાકો ખૂં મેં લોટતે હૈં તિશ્નગાને અહલે બૈત
ફાતિમાકે લાડલેકા આખરી દીદાર હૈ
હશ્રકા હંગામા બર્પા હૈ મિયાને અહલે બૈત
કાફિલા સાલાર મંઝિલકો ચલે હૈં સોંપકર
વારિસો બેવારિસોંકો કારવાને અહલે બૈત
વક્તે રુખસત કેહ રહા હૈ, ખાકમેં મિલતા સુહાગ
લો સલામે આખરી, અય બેવાગાને અહલે બૈત
સર શહીદાને મુહબ્બતકે હૈં નેઝોં પર બુલંદ
ઔર ઊંચી કી ખુદાને કદરે શાને અહલે બૈત
અહલે બૈતે પાકસે ગુસ્તાખિયાં, બેબાકિયાં
લઅ-નતુલ-લાહી અલય-કુમ, દુશ્મનાને અહલે બૈત
બે-અદબ ગુસ્તાખ ફિર્કોંકો સુના દે અય 'હસન'
યૂં કહા કરતે હૈં સુન્ની દાસ્તાને અહલે બૈત

# કલામે મૌલાના શકીલ સાબરી સંભલી (મુરાદાબાદ)

જિન્હેં આલે નબીસે હૈ મુહબ્બત દેખતે રહના
ઉન્હેં મહશરમેં ઢૂંઢેગી શફાઅત દેખતે રહના

કરેંગે જબ વો મહશરમેં શફાઅત દેખતે રહના
અલીકે સાથ હોગી સારી ઉમ્મત દેખતે રહના

હમારા હૈ હમારા હૈ યે ભારત દેખતે રહના
રહેગી ઈસપે ખ્વાજાકી હુકૂમત દેખતે રહના

ખુદાકે સામને જબ પેશ હોંગે હિંદકે સુન્ની
કરેંગે ખ્વાજાજી આકર વકાલત દેખતે રહના

હકીકત હૈ હકીકત હૈ હકીકત દેખતે રહના
બિના સૈયદકે જાઓગે ન જન્નત દેખતે રહના

તુમ્હારી અકલ, આંખે, ઇલ્મો ઈમાં છિન ભી સકતે હૈં
અગર સૈયદસે હૈ દિલમેં કદૂરત દેખતે રહના

શકીલે સાબરી ભી ઈન્શાઅલ્લાહ બઝમે મહશરમેં
પળ્હેગા ઝૂમકર નાતે રિસાલત દેખતે રહના

---

શહીદે કરબલાકી શાન-શૌકત દેખતે રહના
રહેગી ખુલ્દમેં ઉનકી હુકૂમત દેખતે રહના

હુસૈની થે, હુસૈની હૈં, હુસૈની હી રહેંગે હમ
બરોઝે હશ્ર કામ આએગી નિસ્બત દેખતે રહના

■ *અશરફ અહમદાબાદી*

**જાણી લેજો કે...**

પરવરદિગારની અપાર કૃપાથી,
રસૂલે આઝમની અસીમિત રહમતથી,
પાક પંજતનના સદકામાં બઝમે કાદરિયહનું
આ ૧૭મું પ્રકાશન, **'શાને અહલે બૈત'** (ભાગ-૧) છે.
ઈન્શાઅલ્લાહ આ સીરીઝના અન્ય ભાગ
ક્રમાનુસાર અમારી અનુકૂળતાએ નજીકના ભવિષ્યમાં
પ્રગટ કરીશું. આ પવિત્ર પ્રોજેક્ટ માટે આપની
આર્થિક મદદ અનિવાર્ય છે. આ પ્રકાશન તથા
આગામી અનેક પ્રકાશનો માટે તન-મન-ધનથી
અમને સહયોગ આપનારા તમામ મુસલમાનોના
અમે ખૂબ આભારી છીએ.

હઝરત મુહિબ્બે મિલ્લત અલ્લામા સૈયદ દાદામિયાં બાપુ રૂપાલવાલે
સર-પરસ્ત : બઝમે કાદરિયહ

**બઝમે કાદરિયહ (કડી)ની મેનેર્જિંગ કમીટી (કારોબારી સભ્યો)**

(૧) સૈયદ યાકૂબમિયાં અબ્દુલ કાદરમિયાં કાદરી (પ્રમુખ)
(મો) ૯૭ ૨૭૪ ૭૫ ૪૮૬

(૨) સૈયદ સૈયદમિયાં હુસૈનમિયાં કાદરી (ઉપપ્રમુખ)
(મો) ૯૭૩ ૭૮૬ ૯૪ ૯૨

(૩) હૈદરઅલી અલાઉદ્દીન મુદર્રિસ (સેક્રેટરી) (મો) ૯૬ ૨૪૬ ૬૦ ૨૨ ૮

(૪) મુહમ્મદમિયાં અલીમિયાં કુરૈશી બજાજ (ખજાનચી)
(મો) ૯૯ ૨૪૨ ૧૧ ૯૮૦

(૫) સૈયદ જૈનુમિયાં હુસૈનમિયાં કાદરી (સભ્ય)

(૬) હસનખાન રસૂલખાન પઠાણ (સભ્ય)

(૭) હાજી આમીરખાન એસ. ખોખર (સભ્ય)

(૮) મલેક આદિલભાઈ ઐયૂબભાઈ (સભ્ય)

(૯) મલેક તૌફીકભાઈ બચુભાઈ (સભ્ય)

(૧૦) પઠાણ મુબીનખાન ઈમામખાન (સભ્ય)

(૧૧) શેખ આસિફભાઈ અહમદભાઈ (સભ્ય)

પ્રિન્ટેડ એન્ડ ડિઝાઈન બાય
**MP:મદની પ્રિન્ટર્સ**
(અહમદાબાદ-૧) M. 93 28 786 92 0